## મ. ગ. શાસ્ત્રી સ્મારકમાળામાં પ્રકટ થએલા ગ્રન્થો.

શુદ્ધાદ્વૈતસિદ્ધાન્તપ્રદીપ ( કર્તા:-મ. ગ. શાસ્ત્રી ): સંશોધક પ્રો. ગોવિન્દલાલ હરગોવિન્દ ભટ્ટ. ૧-૮-૦

૨ રાજસ પ્રમાણ પ્રકરણ સુબોધિની (દશમસ્કન્ધ અધ્યાય ૩૩-૩૯) મૂળ સંસ્કૃત : સંશોધક વા. ન. શાહ ૧-૦-૦

૩ પ્રથમ સ્કન્ધ સુબોધિની (ગુજરાતી અનુવાદ): અનુવાદક. વે. શા. સં જટાશંકર કાનજી શાસ્ત્રી નથી.

૪ રાજસ પ્રમેય પ્રકરણ સુબોધિની (દશમસ્કન્ધ અધ્યાય ૪૦-૪૬) (ગુજરાતી અનુવાદ): અનુવાદક વે. શા. સં. કલ્યાણજી કાનજી શાસ્ત્રી ૨-૮-૦

૫ યુગલગીત સુબોધિની (ગુજરાતી અનુવાદ): અનુવાદક શ્રી. નાનુલાલ નારણદાસ ગાંધી, એમ. એ. એલ. એલ. બી. ૦-૪-૦

૬ દ્વિતીયસ્કન્ધ સુબોધિની (ગુજરાતી અનુવાદ): અનુવાદક વે. શા. સં કલ્યાણજી કાનજી શાસ્ત્રી ૩-૦-૦

૭ તામસ ફલ પ્રકરણ સુબોધિની: (દશમસ્કન્ધ અધ્યાય ૨૬-૩૨) (મૂળ સંસ્કૃત અને ગુજરાતી અનુવાદ:) અ. પ્રો. ગોવિન્દલાલ ભટ્ટ ૪-૦-૦

૮ સાત્ત્વિક સાધન પ્રકરણ સુબોધિની : (દશમસ્કન્ધ ઉતરાર્ધ અધ્યાય ૨૨-૨૮) (ગુજરાતી અનુવાદ:) અનુવાદક શ્રી. નાનુભાઇ ના. ગાંધી ૩-૦-૦

૯ ગુણપ્રકરણસુબોધિની (દશમસ્કન્ધ ઉતરાર્ધ અધ્યાય ૩૬-૪૧) (ગુજરાતી અનુવાદ) : અનુવાદક શ્રી. નાનુલાલ ના. ગાંધી ૫-૦-૦

૧૦ ષોડશગ્રન્થ અનુવાદક શ્રી. હીરાલાલ મોહનલાલ પરીખ ૪-૦-૦

## પુસ્તકો મળવાનાં સ્થળો

૧ રા. રા. ગિરધરલાલ જગજીવદાસ શાહ, બુકસેલર, મોટામંદિર, ભુલેશ્વર મુબઇ-૨

૨ ભારતમાર્તણ્ડ પણ્ડિત ગટ્ટૂલાલજીનું મંદિર, કેથિડ્રલ સ્ટ્રિટ, ભુલેશ્વર, મુંબઇ-૨

૩ પુષ્ટિમાર્ગીય પુસ્તકાલય, નડીઆદ

૪ ચોકસી બુક ડેપો, માંડવી, વડોદરા.

૫ રા. રા. લલ્લુભાઇ છગનલાલ દેસાઇ, બુકસેલર, ટેમલાપોળ, કાળુપુર, અમદાવાદ.



## ષોડશગ્રન્થની અનુક્રમણિકા.


| નંબર | લેખ | પાન | નંબર | લેખ | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રકાશકનું નિવેદન | | ૨૩ | પંચપદ્ય | ૧૫૭- ૬૧ |
| ૨ | સંપાદકનું આમુખ | | ૨૪ | સંન્યાસનિર્ણય | ૧૬૨- ૮૦ |
| ૩ | અર્પણપત્રિકા | | ૨૫ | નિરોધલક્ષણ | ૧૮૧- ૯૫ |
| ૪ | અનુવાદકનું વિજ્ઞાપન | | ૨૬ | સેવાફલ | ૧૯૬-૨૦૯ |
| ૫ | ભૂમિકા | | ૨૭ | પંચશ્લોકી | ૨૧૦- ૧૨ |
| ૬ | ષોડશગ્રંથની સંગતિ | | ૨૮ | શિક્ષાશ્લોક | ૨૧૩- ૧૫ |
| ૭ | શ્રીમહાપ્રભુજીનું જીવનચરિત્ર | | ૨૯ | તત્ત્વદીપનિબંધ | ૨૧૬- ૧૭ |
| ૮ | શ્રી. મગનલાલ શાસ્ત્રીનું જીવનવૃત્તાન્ત | | | સર્વનિર્ણય પ્રકરણનો ભાગ | |
| ૯ | મંગલાચરણ | ૧- ૫ | ૩૦ | રાજા કૃષ્ણદેવ પ્રતિ ઉપદેશ | ૨૧૮- ૧૯ |
| ૧૦ | સ્વરૂપધ્યાન | ૬- ૧૦ | | | |
| ૧૧ | યમુનાષ્ટક | ૧૧- ૨૦ | ૩૧ | શ્રીસર્વોત્તમ સ્તોત્ર | ૨૨૦- ૩૬ |
| ૧૨ | બાલબોધ | ૨૧- ૨૬ | ૩૨ | વલ્લભાષ્ટક | ૨૩૭- ૪૬ |
| ૧૩ | સિદ્ધાન્તમુકતાવલી | ૩૭- ૫૫ | ૩૩ | સપ્તશ્લોકી | ૨૪૭- ૫૪ |
| ૧૪ | પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ | ૫૬- ૭૭ | ૩૪ | ત્રિવિધનામાવલી | ૨૫૫- ૭૪ |
| ૧૫ | સિદ્ધાન્તરહસ્ય | ૭૮- ૮૭ | ૩૫ | યમુનાજીની આર્તિ | ૨૭૫- ૭૭ |
| ૧૬ | નવરત્ન | ૮૮- ૯૫ | ૩૬ | કૃષ્ણાશ્રય (ગૂજરાતી) | ૨૭૮ |
| ૧૭ | અંતઃકરણપ્રબોધ | ૯૬-૧૦૩ | ૩૭ | શ્રીગોવર્ધનવાસીનું પદ | ૨૭૯- ૮૦ |
| ૧૮ | વિવેકધૈર્યાશ્રય | ૧૦૪- ૧૫ | | | |
| ૧૯ | કૃષ્ણાશ્રય | ૧૧૬- ૨૫ | ૩૮ | ષોડશગ્રન્થ મૂલ | ૨૮૧-૩૦૪ |
| ૨૦ | ચતુઃશ્લોકી | ૧૨૬- ૩૦ | ૩૯ | શ્રીમદ્ ભાગવતની આર્તિ | ૩૦૫-૩૦૭ |
| ૨૧ | ભકિતવર્ધિની | ૧૩૧- ૩૮ | ૪૦ | શુદ્ધિપત્ર | ૩૦૮-૩૧૦ |
| ૨૨ | જલભેદ | ૧૩૯- ૫૬ | | | |

# નિવેદન

પુષ્ટિમાર્ગીય સાહિત્યમાં શ્રીમહાપ્રભુજીએ રચેલા ષોડશગ્રન્થોનું સ્થાન અતિ મહત્ત્વનું છે. શુદ્ધાદ્વૈત વેદાન્તનો બધો સાર આ ગ્રંથોમાં આપવામાં આવેલો છે આજે પણ વૈષ્ણવો તેનો પુણ્યપાઠ કરે છે. સામાન્ય વૈષ્ણવો આ ગ્રન્થોનું અને બીજા એવા મહત્ત્વના ગ્રન્થોનું રહસ્ય સમજે એ હેતુથી ખંભાતના પરમ ભગવદીય શ્રી. ભાઇ હીરાલાલ મોહનલાલ પરીખે બહુ શ્રમ લઇને પદચ્છેદ, અન્વયાર્થ, શબ્દાર્થ અને વિવરણ તૈયાર કર્યાં; અને તેને મ. ગ. શાસ્ત્રી સ્મારક-માલામાં આજે પ્રસિદ્ધ કરતાં અમને ઘણો આનન્દ થાય છે.

શ્રી. હીરાલાલ પરીખ વ્હેપારના ક્ષેત્રમાં કાર્ય કરતા હોવા છતાં સાંપ્રદાયિક ગ્રન્થોનો સારો અભ્યાસ કરે છે એ બહુ આનન્દની વાત છે. સમ્પ્રદાયના મર્મજ્ઞ પણ્ડિત માતરવાળા શાસ્ત્રીજી વલ્લભરામભાઇના સમાગમ અને પ્રેરણાથી શ્રી. હીરાલાલભાઇએ આ ગ્રન્થ તૈયાર કર્યો છે. બન્ને ભગવદીયોએ વૈષ્ણવો ઉપર જે ઉપકાર કર્યો છે તેને માટે તેમને ધન્યવાદ આપવો ઘટે છે.

આ ગ્રન્થ છપાવવાનો બધો ખર્ચ ખંભાતના વૈષ્ણવ શ્રીયુત મૂળજી-ભાઈ સુન્દરલાલે આપ્યો છે. આ સત્કાર્યને માટે સમસ્ત વૈષ્ણવ સમાજ શ્રીયુત મૂળજીભાઇનો આભારી છે. શ્રીયુત મૂળજીભાઈ બહુ નિરભિમાની પુરુષ હોવાથી આ ગ્રન્થમાં પોતાનો બ્લૉક છાપવાની પણ તેમણે ના પાડી. તેમની દીનતા વૈષ્ણવોને પ્રેરણા આપે એવી છે. સમ્પ્રદાયના ધનિક વૈષ્ણવો આ માર્ગે જઈ નામસેવા કરે એ ઇચ્છવા જેવું છે. આ સમયમાં રૂપસેવાનો પ્રબન્ધ લાંબો વખત ચાલે એમ લાગતું નથી, કારણ કે મન્દિરોની સંસ્થા હવે લુપ્ત થવા આવી છે. કેવલ સામ્પ્રદાયિક સાહિત્ય સનાતન છે, અને તેથી નામસેવાની અત્યારે ઘણી આવશ્યકતા છે. ભારતીય દર્શનના ઇતિહાસમાં આપણે જોઇએ છીએ કે આજે વેદાન્તની કેટલીક શાખાઓમાં મૂર્ત સ્વરૂપે કાંઈ પણ જોવામાં આવતું નથી, પણ તેમનું સાહિત્ય અસ્તિત્વમાં છે, અને તે દ્વારા જિજ્ઞાસુ અને મુમુક્ષુ પુરુષો તેનો ઉપયોગ કરી કૃતાર્થ થાય છે.

આ ગ્રન્થ છાપવામાં વડોદરાના પટવા પ્રિન્ટિંગ પ્રેસના વિદ્વાન સંચાલ-કોએ ઘણી કાળજી રાખી છે અને સૌજન્ય દર્શાવ્યું છે તેને માટે હું તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

વૈષ્ણવ જનતાને આ અનુવાદ બહુ ઉપયોગી થશે એવી અભિલાષા સાથે તેને શ્રીમદાચાર્યચરણના અનન્ય ભક્ત ગોલોકવાસી શાસ્ત્રીજી મગન-લાલદ્વારા શ્રીમદાચાર્યચરણના ચરણકમલમાં સમર્પી હું કૃતાર્થ થાઉં છું.

૬૮, ત્રીજો ભોઇવાડો, ભુલેશ્વર,
મુંબઈ ૨.
ચૈત્ર શુંક્લ ૧૧, ૨૦૦૬.

**વાડીલાલ નગીનદાસ શાહ.**



# આમુખ

શુદ્ધાદ્વૈત વેદાન્તમાં ચાર પ્રમાણો સ્વીકારવામાં આવ્યાં છે, (૧) વેદ, (૨) ગીતા, (૩) બ્રહ્મસૂત્ર અને (૪) ભાગવત. આ ચાર પ્રસ્થાનોને આધારે શ્રીમહાપ્રભુજીએ પોતાના તત્ત્વજ્ઞાનની ઇમારત ચણી છે. ચાર પ્રસ્થાનોમાં બે વિભાગ થઇ શકે છે: એક વેદ અને બ્રહ્મસૂત્ર, અને બીજો ગીતા અને ભાગવત. બ્રહ્મસૂત્ર એ વેદનું—ઉપનિષદોનું—એક પ્રકારે વ્યાખ્યાન કરનારો ગ્રન્થ છે, અને તેથી તે બેને એક સાથે ગોઠવી શકાય છે. ભાગવત એ તો ગીતાનું સવિસ્તર ભાષ્ય છે, અને તેથી તે બેનો સંબન્ધ બહુજ ગાઢ છે. ઉપનિષદોનું રહસ્ય સમજવા માટે બ્રહ્મસૂત્ર, અને ગીતાનું રહસ્ય સમજવા માટે ભાગવત કેટલાં મહત્ત્વનાં છે એ આ ઉપરથી સહજ સમજી શકાય છે. આથી બ્રહ્મસૂત્ર અને ભાગવતનું યથાર્થ તાત્પર્ય સમજવાની આવશ્યકતા રહે છે; અને તેજ કારણથી અનેક આચાર્યોએ આ બન્ને પ્રસ્થાનો ઉપર ભાષ્ય રચીને પોતાની વિચારસરણી જગત આગળ મૂકી છે.

શ્રીમહાપ્રભુજીના પહેલાં બ્રહ્મસૂત્ર અને ભાગવત ઉપર અનેક ટીકાઓ રચાએલી હતી. આ બધા પુરોગામી વિચારકોમાં શંકરાચાર્ય મહત્ત્વનું સ્થાન ભોગવે છે. તેમનું તત્ત્વજ્ઞાન તર્કપ્રધાન છે. તેમણે તે તર્કપ્રધાન વિચારસરણીને શ્રુતિ અને સ્મૃતિનાં વાક્યોથી સમર્થન કરવા પ્રયત્ન કરેલો છે. આ સમર્થન કરવાની ક્રિયામાં શ્રુતિ, ગીતા અને બ્રહ્મસૂત્ર જેવાં પ્રસ્થાનોના વ્યાખ્યાનમાં ખેંચતાણ કરવાની ફરજ પડી છે. તેને પરિણામે શંકરાચાર્યને હાથે પ્રસ્થાનોને પૂર્ણ ન્યાય મળી શક્યો નથી. રામાનુજાચાર્ય વગેરે આચાર્યોના વિચારો જો કે શંકરાચાર્યના વિચારો જેવા તર્કપ્રધાન નથી અને તેટલે અંશે તેમાં શ્રુતિવિરુદ્ધ અંશ ઓછો છે, છતાં પણ પ્રસ્થાનોની વ્યાખ્યાનપદ્ધતિમાં જે સ્વાભાવિક્તા જોઇએ તે જોવામાં આવતી નથી. એટલે આ વિષયમાં યોગ્ય પ્રકાશ નાખવાની આવશ્યકતા હતી.

શ્રીમહાપ્રભુજીના ગ્રન્થો ઉપરથી જણાય છે કે શંકરાચાર્યે કરેલા બ્રહ્મસૂત્રવ્યાખ્યાનથી વ્યાસ ભગવાનને પણ ઘણો કલહ થયો અને તેમણે શંકરાચાર્યને શાપ આપ્યો. શંકરાચાર્યના વ્યાખ્યાનનું ખણ્ડન કરવાને માટે અગ્નિસ્વરૂપ શ્રીવલ્લભાચાર્યજીએ બ્રહ્મસૂત્ર ઉપર ભાષ્ય રચ્યું અને સર્વ મોહનું નિરાકરણ કર્યું.

(અણુભાષ્ય ૨-૧.૧૪; ૨.૨.૨૬). ભાગવતની બાબતમાં પણ એજ પ્રમાણે હતું. તેથી ભગવાને પોતે વૈશ્વાનર વાક્પતિ શ્રીવલ્લભાચાર્યજીને ભાગવતના અર્થનું વિવેચન કરવાની આજ્ઞા કરી; અને શ્રીમદાચાર્યચરણે ઘણા હર્ષથી ભાગવતના સાત અર્થ—ત્રણ અર્થ સુબોધિનીમાં અને ચાર અર્થ નિબન્ધમાં—દર્શાવી પ્રતિપાદન કર્યું કે ભાગવતનો અર્થ કેવલ ભગવાન્ છે. (પ્રથમ સ્કન્ધ સુબોધિની અને નિબન્ધના આરંભમાં શ્લોકો). આ પ્રમાણે અણુભાષ્ય, તત્ત્વદીપનિબન્ધ અને સુબોધિની એ શ્રીમહાપ્રભુજીના ત્રણ ગ્રન્થો અસ્તિત્વમાં આવ્યા. બ્રહ્મસૂત્ર-અણુભાષ્યદ્વારા ઉપનિષદોનું રહસ્ય, અને નિબન્ધ અને સુબોધિની દ્વારા ગીતાનું રહસ્ય પણ સ્વાભાવિક રીતે સમજાવવામાં આવ્યું. વેદનો પૂર્વકાણ્ડ ભગવાનના યજ્ઞાત્મક—ક્રિયાત્મક—સ્વરૂપનું પ્રતિપાદન કરે છે એ દર્શાવવા શ્રીમદાચાર્યચરણે જૈમિનિસૂત્રભાષ્ય પણ રચ્યું, અને સમગ્ર વેદનું તાત્પર્ય ભગવાનમાં છે એમ દર્શાવ્યું. આમ શુદ્ધાદ્વૈત વેદાન્તની રચના થઇ.

જગતના બધા આચાર્યો પરમાત્માની વિભૂતિઓ હોય છે, અને તેમને પરમાત્માની આજ્ઞા પ્રમાણે વિશ્વમાં કાર્ય કરવાનું હોય છે. ભગવાનની આજ્ઞાનું પરિપાલન એજ આચાર્યોના આવિર્ભાવનું મુખ્ય પ્રયોજન છે. શ્રીમહાપ્રભુજી પોતે અગ્નિનું સ્વરૂપ છે એમ એમનું પોતાનું વચન છે. ગોસ્વામી શ્રી વિઠ્ઠલનાથજીના અભિપ્રાયે તો શ્રીમહાપ્રભુજી ભગવાન્ કૃષ્ણનું મુખારવિન્દ છે; એટલું જ નહિ પણ ભગવાન્ કૃષ્ણજ શ્રીવલ્લભાચાર્યસ્વરૂપે પ્રકટ થએલા છે. અગ્નિનું કાર્ય દહન કરવાનું છે, શોધન કરવાનું છે. મલિન અને અશુદ્ધ તત્ત્વોનું દહન કરીને સત્યને શુધ્ધ સ્વરૂપમાં પ્રકટ કરવાનું કાર્ય અગ્નિનું છે, શ્રીમહાપ્રભુજીનું છે. સર્વ જીવોને ભગવાન્ પ્રતિ વાળવા, તેમની જોડે સંબન્ધ કરાવવો અને શાસ્ત્રોનું યથાર્થ વ્યાખ્યાન કરીને વિશ્વને કલ્યાણને માર્ગે લઈ જવું એ પ્રમાણે ભગવાનની આજ્ઞાનું પરિપાલન કરવુ એજ શ્રીમહાપ્રભુજીના પ્રાકટ્યનું પ્રયોજન છે.

શ્રીમહાપ્રભુજીએ પોતાના જીવનમાં ભગવાનની આજ્ઞાનું પરિપાલન કરવાને માટે ભારતવર્ષની ત્રણ વાર યાત્રા કરી અને અનેક શરણે આવેલા જીવોનો ઉદ્ધાર કર્યો. ચોરાશી વૈષ્ણવોની વાતો આ વિષય ઉપર સારો પ્રકાશ પાડે છે. શ્રીમદાચાર્ય-ચરણે અસંખ્ય જીવોને બ્રહ્મસંબન્ધ આપી તેમની બહિર્મુખતા દૂર કરી અને ભગવાનની સમ્મુખ બનાવ્યા. ગરીબ અને શ્રીમંત, બાલક અને વૃદ્ધ, સ્ત્રી અને પુરુષ, બ્રાહ્મણ અને અબ્રાહ્મણ એ સર્વ વર્ગના જીવોનો શ્રીમહાપ્રભુજીએ અંગીકાર કર્યો છે અને પોતાના માર્ગની વ્યાપકતા અને સરલતા જગતને દર્શાવી છે. સામાન્ય



જનસમાજ શાસ્ત્રીય ગ્રન્થો સમજી શકતા નથી અને તેને પરિણામે જ્ઞાનના અમૃતનું પાન કરી શકતા નથી. આ પરિસ્થિતિનો વિચાર કરીને શ્રીમહાપ્રભુજીએ ષોડશગ્રન્થો રચ્યા છે. આ ગ્રન્થોદ્વારા સાધારણ લોકો પણ શુદ્ધાદ્વૈત પુષ્ટિમાર્ગની સુધાનું પાન આનન્દથી કરે છે. આ રીતે પુષ્ટિમાર્ગ સર્વલોકભોગ્ય બને છે, વિશ્વધર્મ બને છે; અને વિશ્વ શ્રીમહાપ્રભુજીને જગદ્ગુરુ તરીકે અતિઆદરભાવે નમન કરે છે.

ષોડશગ્રન્થોમાં કેટલાક ગ્રન્થો પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તનું વર્ણન કરે છે, તો બીજા કેટલાક ગ્રન્થો અમુક વૈષ્ણવ સેવકોને ઉદ્દેશીને રચાએલા છે. દા. ત. ‘નવરત્ન’ ગ્રન્થ ગોવિન્દ દુવે સાચોરાને ઉદ્દેશીને રચાએલો છે, અને ‘સંન્યાસ નિર્ણય’ ગ્રન્થ નરહરિ સંન્યાસીને ઉપદેશ આપવા માટે રચાએલો છે. કેટલાક ગ્રન્થો શ્રીમહાપ્રભુજીએ પોતાને ઉદ્દેશીનેજ રચેલા છે; અને ‘યમુનાષ્ટક’ જેવા ગ્રન્થમાં પૃથ્વી છન્દમાં બહુ જ મનોહર રીતે શ્રીયમુનાજીની સ્તુતિ કરવામાં આવેલી છે. આ પ્રમાણે ષોડશગ્રન્થો પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તો સમજવા માટે બહુ ઉપયોગી છે. ષોડશ ગ્રન્થો ઉપર જે અનેક ટીકાઓ રચવામાં આવેલી છે તે પણ આ ગ્રન્થોનું મહત્ત્વ દર્શાવે છે. ષોડશ ગ્રન્થો એ તો પુષ્ટિમાર્ગના સિદ્ધાન્તોની લોકોપયોગી આવૃત્તિ છે.

ષોડશગ્રન્થો કયા ક્રમમાં રચાયા એ વિષે સમ્પ્રદાયમાં વિચાર કરવામાં આવેલો છે. શ્રીહરિરાયજી, શ્રીપુરુષોત્તમજી અને પ્રથમ ગૃહના શ્રીદ્વારકેશજી (પ્રાકટ્ય સં. ૧૮૫૨) એ ત્રણે વિદ્વાનોએ આ વિષય ઉપર પ્રકાશ નાખ્યો છે. શ્રીદ્વારકેશજીએ શ્રીયમુનાષ્ટક ઉપરની શ્રીવિઠ્ઠલનાથજીની વિવૃતિ ઉપર ટિપ્પણ લખેલું છે, અને તેમાં ષોડશગ્રન્થોનો ક્રમ આપેલો છે. આ ક્રમ શ્રીપુરુષોત્તમજીના ક્રમને અનુસરે છે. એટલે વાસ્તવિક રીતે બે પ્રકારનાજ ક્રમો છે, એક શ્રીહરિરાયજીનો અને બીજો શ્રીપુરુષોત્તમજીનો.

શ્રીહરિરાયજી ષોડશગ્રન્થોનો ક્રમ આ પ્રમાણે આપે છે. પ્રથમ **યમુનાષ્ટક**નું રહસ્ય સમજવાથી સ્વરૂપયોગ્યતા પ્રાપ્ત થાય છે. પછી (૨) **બાલબોધ** ગ્રન્થથી સ્વકીયતા સિદ્ધ થાય છે; પછી (૩) **સિદ્ધાન્તમુક્તાવલી**માં શુદ્ધાદ્વૈતપુષ્ટિમાર્ગનો ઉપદેશ કરવામાં આવ્યો છે. પછી (૪) આ માર્ગમાં કેટલા પ્રકારના જીવો છે એ જણાવવાને માટે **પુષ્ટિપ્રવાહ મર્યાદા ગ્રન્થ** રચવામાં આવેલો છે. (૫) ત્રણ પ્રકારના જીવોનું સ્વરૂપ જાણ્યા પછી જીવે શું કરવું એ જણાવવાને માટે સાક્ષાત્

ભગવાને ઉપદેશેલો **સિદ્ધાન્ત રહસ્ય** નામનો ગ્રન્થ છે. (૬) બ્રહ્મસંબન્ધ થયા પછી જીવને ભગવાને મારો અંગીકાર કર્યો છે કે નહીં એવી ચિન્તા થાય છે. તે ચિન્તા દૂર કરવાને માટે **નવરત્ન** ગ્રન્થની યોજના કરવામાં આવેલી છે. (૭) પછીથી અન્તર ઉપદેશ આપવાને માટે **અન્તઃકરણ પ્રબોધ** ગ્રન્થ છે. (૮) આજ ઉપદેશના અંગ તરીકે વિવેક, ધૈર્ય અને આશ્રયનો ઉપદેશ આપવાને માટે **વિવેકધૈર્યાશ્રય** છે. (૯) વિવેક, ધૈર્ય અને આશ્રય એ ત્રણ ન હોય તો પણ ભગવાન્ કૃષ્ણનું જ શરણ કરવું એ દર્શાવવા માટે **કૃષ્ણાશ્રયની** રચના થએલી છે. (૧૦) ભગવાન્ કૃષ્ણનું શરણ એ ધર્મ વિના બીજા ધર્મો નથી જ એ સિધ્ધાન્ત **ચતુઃશ્લોકી**માં નિરૂપણ કરવામાં આવેલો છે. (૧૧) આ પ્રમાણે ભક્તિનો ઉપદેશ કર્યો. હવે તે ભકિત કેવી રીતે વધે એને માટે **ભક્તિવર્ધિની** ગ્રન્થ રચેલો છે. (૧૨) ભક્તિની વૃધ્ધિને માટે ભગચ્છાસ્ત્રના ગૂઢ તત્ત્વનું નિરૂપણ કર્યા પછી ભગવચ્છાસ્ત્રનો ઉપદેશ કરનાર અને તેનું શ્રવણ કરનાર એ વિષય વિચારવાનો હોય છે. જગતમાં અનેક પ્રકારના ઉપદેષ્ટાઓ—વક્તાઓ—,અને શ્રોતાઓ હોય છે. આ વિવિધ ઉપદેશકોની પરીક્ષા કરવાને માટે તેમના સર્વ પ્રકારોનું વર્ણન આવશ્યક છે; અને તે વર્ણન **જલભેદ**માં આપેલું છે. (૧૩) **પંચપદ્ય**માં ભકતજનોના—સેવકોના—પ્રકારો આપવામાં આવેલા છે. (૧૪) જ્યારે ભગવાન્ કૃષ્ણમાં ભકતને વ્યસન થાય છે ત્યારે તેના જીવનની કૃતાર્થતા થાય છે અને ગૃહમાં અરુચિ ઉત્પન્ન થાય છે. કૃષ્ણમાં લગની લાગવાથી તે ભકત ઘરનો ત્યાગ કરે છે. આ ત્યાગ કયારે કરવો અને કોણે કરવો એ વિચાર **સંન્યાસ નિર્ણય**માં કરવામાં આવેલો છે. (૧૫) ત્યાગના સાધનનો ઉપદેશ **નિરોધલક્ષણ**માં છે. (૧૬) આ બધા ઉપદેશ પ્રમાણે જીવન ગાળનાર પરમભાગ્યવાન ભકતને જે ફલ મળે છે તેનુ વર્ણન **સેવાફલ** ગ્રન્થમાં કરવામાં આવેલું છે.

અણુભાષ્યપ્રકાશકાર શ્રીપુરુષોત્તમજી ષોડશગ્રન્થોનો પરસ્પર સંબન્ધ આ પ્રમાણે દર્શાવે છે. શાસ્ત્રનું જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી મન, વાણી અને દેહ એ ત્રણ વડે ભગવાન્ કૃષ્ણની સેવા કરવી એ પ્રકારનો સિધ્ધાન્ત શ્રીજગન્નાથજીએ એક શ્લોકમાં ઉપદેશ્યો. આ શ્લોક નીચે પ્રમાણે છેઃ—

एकं शास्त्रं देवकीपुत्रगीतमेको देवो देवकीपुत्र एव ।
मन्त्रोप्येकस्तस्य नामानि यानि कर्माप्येकं तस्य देवस्य सेवा ॥

( તત્ત્વદીપનિબન્ધ, શાસ્ત્રાર્થ પ્રકરણ, શ્લોક ૪ )



આ સિધ્ધાન્તના પ્રતિપાદન માટે (૧) પ્રથમ **યમુનાષ્ટકમાં** જણાવવામાં આવ્યું કે યમુનાષ્ટકસ્તોત્રના પાઠથી જીવનાં પાપો નાશ થાય છે અને ભગવાન્ મુકુન્દમાં તેની રતિ થાય છે. (૨) **બાલબોધમાં** સર્વ શાસ્ત્રોના અર્થનો સંક્ષેપમાં નિર્ણય કરવામાં આવ્યો છે. (૩) **સિધ્ધાન્તમુકતાવલી**માં એમ કહેવામાં આવ્યું કે કૃષ્ણની સેવા એજ સિધ્ધાન્ત, સત્ય છે. (૪) સેવા બે પ્રકારની હોય છે, બાહ્ય અને અભ્યન્તર. બાહ્ય સેવામાં બાહ્ય પદાર્થોની શુધ્ધિની આવશ્યકતા છે. તે શુધ્ધિ સિધ્ધ કરવાને માટે **સિધ્ધાન્ત રહસ્ય** ગ્રન્થ રચવામાં આવ્યો છે. (૫) આન્તર સેવામાં ચિત્તની સ્વસ્થતાની અપેક્ષા રહે છે. ચિત્તસ્વાસ્થ્યને માટે **નવરત્ન** અને **અંતઃકરણપ્રબોધ** એ બે ગ્રન્થોની યોજના કરવામાં આવે છે. (૭) બાહ્ય અને આન્તર એ બે પ્રકારની સેવાનું નિરૂપણ કરવાને માટે **વિવેકધૈર્યાશ્રય** ગ્રન્થ લખવામાં આવ્યો છે. (૮) આશ્રય સ્થિર કરવાને માટે **કૃષ્ણાશ્રય** ગ્રન્થ છે (૯) **ચતુઃશ્લોકી** ગ્રન્થમાં સર્વ પુરુષાર્થનું સંક્ષેપમાં નિરૂપણ કરવામાં આવ્યું છે. (૧૦) **પુષ્ટિપ્રવાહમર્યાદા** ગ્રન્થમાં જીવના પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદા એ ત્રણ પ્રકારો **સમજાવવામાં** આવેલા છે. (૧૧) આ પ્રમાણે ઉપદેશ કરવામાં આવે તો મનુષ્યના હૃદયમાં ભક્તિ ઉત્પન્ન થાય છે. હવે આ ભક્તિ કેવી રીતે વધે એ **ભક્તિવર્ધિની** ગ્રન્થમાં દર્શાવવામાં આવ્યું છે. ભકિત વધારવાના સાધન તરીકે શ્રવણ વગેરેનું નિરૂપણ કરવામાં આવ્યું છે. શ્રવણને અંગે શ્રોતા અને વકતાનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. (૧૨) વક્તાઓના જુદા જુદા પ્રકારો **જલભેદ** ગ્રન્થમાં વર્ણવવામાં આવ્યા છે. જ્યારે (૧૩) શ્રોતાઓના–ભકતોના–પ્રકારો અને તેમનાં લક્ષણો **પંચપદ્ય** અથવા **ભક્તલક્ષણ**માં આપવામાં આવેલાં છે. (૧૪) કૃષ્ણમાં વ્યસનવાળા ભકતે ઘરનો ત્યાગ કરવો એમ ભકિતવર્ધિનીમાં કહેવામાં આવ્યું છે. હવે એ ત્યાગ કેવા પ્રકારનો, કોણે કરવો વગેરે પ્રશ્નોનો વિચાર **સંન્યાસ નિર્ણય**માં કરવામાં આવ્યો છે. (૧૫) ભાવનાથી જ ભાવ સિદ્ધ થાય છે, બીજા કોઇ સાધનની જરૂર નથી, એમ સંન્યાસનિર્ણયમાં કહ્યા પછી **નિરોધલક્ષણ**માં વ્રજસ્થ ભકતોના ભાવના સ્વરૂપનું વર્ણન કરવામાં આવ્યું છે. અને અન્તે (૧૬) **સેવાફલ** ગ્રન્થમાં ભગવાનની સેવાનું જે ફલ પ્રાપ્ત થાય છે તેનું વર્ણન છે.

શ્રીદ્વારિકેશજી ષોડશગ્રન્થોના ક્રમ અને તાત્પર્યની બાબતમાં શ્રીપુરુષોત્તમજીને અનુસરે છે. ગ્રન્થોનું પ્રયોજન દર્શાવ્યા પછી શ્રીદ્વારિકેશજી કહે છે કે શ્રીમહાપ્રભુજીએ ષોડશગ્રન્થોદ્વારા સિદ્ધ કર્યું છે કે પુરુષોત્તમની સેવા એ જ ફલ છે અને આ ઉપદેશ

આપીને તેઓશ્રીએ અનેક જીવોનો ઉદ્ધાર કર્યો છે. અવતારદશામાં ભગવાન્ અને ભગવાન્‌ની વિભૂતિઓ પોતાના સ્વરૂપનાં દર્શન આપીને જીવોનો ઉદ્ધાર કરે છે. પણ હમ્મેશને માટે જીવોનો ઉદ્ધાર થાય એ હેતુથી શ્રીમદાચાર્યચરણે આ નામાત્મક ગ્રન્થો રચ્યા છે. અન્તમાં શ્રીહરિરાયજી કહે છે કે સર્વ દૈવી જીવોએ સર્વ પ્રયત્નથી ભગવાન વ્રજેશની સેવા કરવી અને શ્રીમદાચાર્યચરણનો ગ્રન્થોનો પાઠ કરવો.

આ પ્રમાણે ષોડશગ્રન્થોની રચનામાં એક પ્રકારની તર્કબદ્ધ વિચારસરણી રહેલી છે. તે ઉપરથી શ્રીમહાપ્રભુજીના ચિન્તનનો પ્રકાર કેવો હશે તેનો ખ્યાલ આવી શકે છે. હવે આ ગ્રન્થોમાં રહેલા તત્ત્વજ્ઞાનનો સંક્ષેપમાં વિચાર કરીએ.

બ્રહ્મ, પરમાત્મા અને ભગવાન્ એ શબ્દો જે એક પરમ તત્ત્વ કૃષ્ણ છે તેને ઉદ્દેશીને વાપરવામાં આવે છે. પરમાત્મા અને તેને અંગે ઉપસ્થિત થતા પ્રશ્નોનો વિચાર કેવલ શ્રુતિ અને તેને અનુકૂલ સ્મૃતિને આધારે કરવાનો હોય છે એમ ચારેય પ્રસ્થાનો આગ્રહપૂર્વક જણાવે છે. શ્રીમહાપ્રભુજીએ આ સિદ્ધાન્તનો સોએ સો ટકા સ્વીકાર કર્યો છે, અને તેથી તટસ્થ વિચારકોને પણ મુક્તકંઠે કહેવું પડે છે કે શ્રીમહાપ્રભુજીએ વેદનો અર્થ શુદ્ધ પ્રકારે કર્યો છે અને તેને પરિણામે તેઓ સાચેસાચા વૈદિક-વેદના સિદ્ધાન્તને અનુસરનારા-બન્યા છે.

ભગવાન્ સચ્ચિદાનન્દ, રસમય, આનન્દમય, આનન્દવિગ્રહ, અને અનેક અલૌકિક ગુણોવાળા છે. જગતમાં જે પ્રાકૃત ગુણો જોવામાં આવે છે તે ભગવાનમાં નથી, અને આ દૃષ્ટિએ ભગવાનને નિર્ગુણ કહેવામાં આવે છે. ભગવાનમાં અનેક વિરુદ્ધ ધર્મો રહેલા છે; અને તે ભગવાન પરમકાષ્ઠાપન્ન પદાર્થ છે એમ દર્શાવવા પર્યાપ્ત છે એ પ્રમાણે આજના પાશ્ચાત્ય તત્ત્વચિન્તકો પણ કહે છે.

ભગવાન રસમય અને આનન્દમય હોવાથી તેમની સર્વ ક્રિયામાં રસ અને આનન્દનો અનુભવ થાય છે. લીલાને માટે ભગવાને આ જગતની રચના કરી છે. હું બહુ રૂપ ધારણ કરૂં અને પ્રકટ થાઉં એ પ્રમાણે ભગવાને ઇચ્છા કરી, અને આ જગત અસ્તિત્વમાં આવ્યું. જગતની ઉત્પત્તિના પ્રકારો અનેક છે. પરમાત્માએ પોતે જ પોતાનામાંથી જગત્ ઉત્પન્ન કર્યું છે, એટલે પરમાત્મા જગતનું નિમિત્ત કારણ અને ઉપાદાન કારણ બને છે. પરમાત્મા જગદ્રૂપે પરિણામ પામે છે છતાં તેમનામાં કોઇપણ જાતનો વિકાર થતો નથી. આને અવિકૃતપરિણામવાદ કહેવામાં આવે છે. જગત્ એ પરમાત્માનો સત્ અંશ છે અને તેથી સત્ય છે,



વામનજ

શંકરાચાર્યના મતમાં માનવામાં આવે છે તે પ્રમાણે જગત્ ભ્રાન્તિ અથવા મિથ્યા નથી. આ થઇ જડ પદાર્થની વાત.

પરમાત્માએ પોતાના ચિત અંશમાંથી અનેક જીવો પ્રકટ કર્યા છે. જેમ અગ્નિમાંથી વિસ્ફુલિંગ-તણખા-નીકળે છે, તેમ બ્રહ્મમાંથી જીવો નીકળે છે. તેથી જીવ એ બ્રહ્મનો અંશ છે. તે નિત્ય અને અણુ છે. તેનામાં પરમાત્માના સત્ અને ચિત એ બે ધર્મો પ્રકટ થએલા છે, જ્યારે આનન્દ ધર્મ અપ્રકટ રહેલો છે. ઐશ્વર્ય વીર્ય, શ્રી, યશ, જ્ઞાન અને વૈરાગ્ય એ છ ધર્મો તિરોહિત થઈ ગયા છે, અને તેથી જીવને બન્ધ અને વિપર્યય પ્રાપ્ત થાય છે. જીવ પોતાનું સ્વરૂપ ભૂલી જાય છે; અજ્ઞાનથી અહંતા અને મમતાવાળો સંસાર ઉત્પન્ન કરે છે ને તેમાં બદ્ધ થઇને પડે છે. સંસાર એ અવિદ્યાનું કાર્ય છે, તેથી તે મિથ્યા છે, એ પ્રકારનો સૂક્ષ્મ ભેદ શ્રીમહાપ્રભુજીએ બહુ સારી રીતે દર્શાવ્યો છે.

ભગવાને ફક્ત ઇચ્છાથી મનવડે પ્રવાહસૃષ્ટિ ઉત્પન્ન કરી છે, વેદરૂપી વચનથી મર્યાદાસૃષ્ટિ ઉત્પન્ન કરી છે અને પોતાના સ્વરૂપમાંથી જ પુષ્ટિસૃષ્ટિ ઉત્પન્ન કરી છે. પુષ્ટિસૃષ્ટિનું મુખ્ય કર્તવ્ય ભગવાનના સ્વરૂપની સેવા કરવાનું છે. જેમ જીવોના સાત્ત્વિક, રાજસ, અને તામસ એ ત્રણ પ્રકારે ભેદ પાડવામાં આવે છે તેમ પ્રવાહ, મર્યાદા અને પુષ્ટિ એ ત્રણ પ્રકારના ભેદો પણ પાડવામાં આવ્યા છે. અને આ બાબતમાં શ્રીમહાપ્રભુજીની વિશિષ્ટતા રહેલી છે.

જગતમાં કેટલાક જીવોને સુખી અને કેટલાકને દુઃખી બનાવવાથી પરમાત્મામાં વિષમતા-પક્ષપાત-નો દોષ આવે છે. જગતને ઉત્પન્ન કરીને લોકોનો પ્રલયકાળે સંહાર કરવામાં પરમાત્માની નિર્દયતા જણાય છે. આ પ્રમાણે કોઇને શંકા થાય એ સ્વાભાવિક છે. પણ જરા સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારીશું તો આપણને જણાશે કે પરમાત્મા જીવોને તેમના કર્મ પ્રમાણે ફલ આપે છે, એટલે તેમનામાં પક્ષપાત અને નિર્દયતાના દોષો આવી શકતા નથી. જરા બહુ સૂક્ષ્મ દૃષ્ટિથી વિચાર કરવામાં આવે તો આપણને જણાય છે કે જગત-જડ અને ચેતન-પરમાત્માની પોતાની જ સૃષ્ટિ છે, આત્મસૃષ્ટિ છે; તો પછી વિષમતા અને નિર્દયતાને અવકાશ જ ક્યાં રહ્યો? જ્યાં ભેદ હોય ત્યાં આ દોષો આવી શકે છે; પણ જ્યાં શુદ્ધ અદ્વૈત જ છે ત્યાં આ દોષો કેવી રીતે આવી શકે? ઉપનિષદમાં જેમ યાજ્ઞવલ્કય મૈત્રેયીને ઉપદેશ આપતાં કહે છે કે જ્યાં બધું આત્મા જ થાય ત્યાં કોને કોનાથી જોવાનું, કોને કોનાથી

શ્રવણ કરવાનું, તેમ આ વિષયમાં પણ તત્ત્વચિન્તકો કહી શકે છે કે જ્યાં જગત એ પરમાત્માની આત્મસૃષ્ટિ છે ત્યાં કોણ કોના તરફ વિષમતા અને નિર્દયતા દર્શાવી શકે? જગત્ એ ક્રીડાભાણ્ડ છે, જીવો એ નટ છે, અને ભગવાન્ નટવર છે. ભગવાન્ આ જગતની લીલામાં અનિર્વચનીય આનંદ અનુભવે છે અને બીજાઓને અનુભવ કરાવે છે.

પરબ્રહ્મ કૃષ્ણ આનન્દમય છે. આ આનન્દ માપી શકાય નહિ એવો–અગણિત–છે. અક્ષર બ્રહ્મમાં જે આનન્દ છે તે મર્યાદિત–ગણિત–છે. તૈત્તિરીય જેવા ઉપનિષદોમાં આનન્દની મીમાંસા કરવામાં આવેલી છે. આનન્દની પરાકાષ્ઠા પરબ્રહ્મ કૃષ્ણ છે અને તેથી જ તે સર્વોત્કૃષ્ટ પદાર્થ તરીકે સ્વીકારવામાં આવે છે. અક્ષરબ્રહ્મ એ ભગવાન્ કૃષ્ણથી ન્યૂન–ઉતરતી કોટિનો–પદાર્થ છે. આ પ્રમાણે જગતમાં વિવિધતા, ભેદ, જણાય છે, છતાં વાસ્તવિક રીતે અદ્વૈત છે. જે ભેદ છે તે ભગવાનની ઇચ્છાને લીધે થએલો છે. ભેદ ઐચ્છિક છે, માયિક કે સોપાધિક કે વાસ્તવિક નથી.

જીવો પોતપોતાના સ્વભાવ પ્રમાણે જીવન વ્યતીત કરે છે. પ્રવાહી જીવો ભમરાની માફક જગતમાં બધે રખડે છે, સંસારના પ્રવાહમાં તણાય છે અને જન્મ-મરણના ચક્રમાં ફર્યા કરે છે. તેમની સ્થિતિ ઘણી દયાજનક છે. મર્યાદાના જીવો વેદ વગેરે શાસ્ત્રોનું અધ્યયન કરીને તે પ્રમાણે સદાચાર પાળે છે, અને કર્મ, જ્ઞાન અને ભક્તિથી મોક્ષ મેળવે છે. પુષ્ટિ જીવો સર્વથી ઉત્તમ છે. તેમનું સમસ્ત જીવન ભગવાનની સેવામાં જ વ્યતીત થાય છે. દિવસની બધી ક્રિયાઓ કરતી વખતે પણ આ જીવો ભગવાનનું જ ચિન્તન, એક પ્રકારે કે બીજે પ્રકારે, કર્યા કરે છે તેઓ ખરેખર ભગવન્મય બની જાય છે; અને જીવનને અન્તે ભગવાનની પૂર્ણ કૃપાના બળે ભગવાનના સ્વરૂપાનન્દનો આનન્દ ભોગવે છે, ભગવાનની રાસલીલામાં નિરન્તર રાસ રમ્યા કરે છે.

જગતમાં ઘણા ખરા જીવો પ્રવાહી હોય છે. મર્યાદાના જીવો જ્ઞાની અને ભક્તો તરીકે જીવન ગાળે છે. પુષ્ટિના જીવોમાં પ્રવાહ, મર્યાદા, પુષ્ટિ અને શુદ્ધ એ પ્રમાણે ચાર પ્રકારો પાડવામાં આવેલા છે. પ્રવાહપુષ્ટિવાળા જીવો ભગવાનના સંબન્ધવાળી અનેક ક્રિયાઓમાં પોતાનો બધો સમય ગાળે છે. મર્યાદા પુષ્ટિ જીવો ભગવાનના સર્વ ગુણોનું જ્ઞાન મેળવીને ભજન કરે છે. પુષ્ટિપુષ્ટિ જીવો સર્વજ્ઞ હોય છે; જ્યારે શુદ્ધ પુષ્ટિ જીવો ભગવાનના પ્રેમમાં મસ્ત રહે છે. આવા જીવો



બહુ વિરલ હોય છે. શ્રીગોપીજન આ કોટિનાં ભક્ત હતાં. તેમણે પોતાના દૃષ્ટાન્તથી પ્રેમમાર્ગ અને શરણમાર્ગનો ઉપદેશ કર્યો છે અને સમસ્ત પુષ્ટિ જીવોનાં ગુરુ બન્યાં છે.

મર્યાદા માર્ગના જીવો સર્વ બ્રહ્મ છે એ પ્રમાણે બ્રહ્મવાદનું જ્ઞાન પ્રાપ્ત કરે છે. તેમના જ્ઞાનનો વિષય અક્ષર બ્રહ્મ હોય છે, તેથી તેમનો મોક્ષકાળમાં અક્ષર-બ્રહ્મમાં જ લય થાય છે. જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી શાસ્ત્રમાં જણાવેલી શ્રવણ વગેરે ભક્તિ કરવાથી તે જ્ઞાની ઉચ્ચ કક્ષાએ આવે છે. ભક્તિ કૃષ્ણની–પૂર્ણ પુરુષોત્તમની–કરાય છે; તેથી મોક્ષ સમયે જ્ઞાની ભક્તનો લય પૂર્ણ પુરુષોત્તમમાં થાય છે. જ્ઞાની કરતાં જ્ઞાની ભક્ત ઉત્તમ છે તેનો આ પૂરાવો છે. સામાન્ય રીતે જ્ઞાની પુરુષોની વૃત્તિ ભક્તિ તરફ વળતી નથી, એટલે તેઓ અક્ષરબ્રહ્મ સુધી જ જઈ શકે છે. પણ જ્યારે જ્ઞાનની સાથે ભક્તિ જોડાય છે ત્યારે તે જ્ઞાની ભક્ત અક્ષરબ્રહ્મ–ભગવાનનું ધામ અથવા ચરણ–ની આગળ જઈ પૂર્ણ પુરુષોત્તમમાં સાયુજ્ય પ્રાપ્ત કરે છે. આ કારણથી શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે જો જ્ઞાની પુરુષ કૃષ્ણને ભજે તો તેનાથી બીજો કોઈ અધિક નથી.

પુષ્ટિમાર્ગમાં ભગવાનની કૃપા–અનુગ્રહ–જ નિયામક છે. કોઈ પણ પ્રકારના સાધનથી ભગવાન્ પ્રાપ્ત થતા નથી, પણ જેના ઉપર ભગવાન કૃપા કરે છે તે જ જીવ ભગવાનને પ્રાપ્ત કરે છે એમ ઉપનિષદો કહે છે. જ્યાં ભગવાનનો અનુગ્રહ જ સર્વ કાર્ય કરે છે ત્યાં કાલ વગેરે પદાર્થો બાધ અથવા નિયમન કરી શકતા નથી.

જીવોમાં ભગવાનના છ ગુણો ભગવદિચ્છાથી જ તિરોહિત થઈ ગયા છે અને આનન્દ પણ તિરોહિત થઈ ગયો છે, એટલે સ્વાભાવિક રીતે તેમનામાં દોષો આવે છે. દોષવાળા જીવો તરફ તિરસ્કાર દર્શાવવાનો હોતો નથી, પણ સહાનુભૂતિ, દયા અને મમતા દર્શાવવાનાં હોય છે. શ્રીમહાપ્રભુજીએ આ દૃષ્ટિએ વિચાર કર્યો છે. ભગવાને શ્રીમહાપ્રભુજીને આજ્ઞા કરી કે આ દુષ્ટ જીવોના દોષો બ્રહ્મસંબન્ધ દ્વારા દૂર કરો. સનાતન સુખ અને આનન્દ ભગવાનની પાસે છે, અને જીવો ભગવાનથી છૂટા પડેલા હોવાથી અને તેથી પોતાનામાં આનન્દ તિરોહિત થઈ જવાથી તેઓ દુ:ખી થાય છે. માતાની પાસેથી નાના બાળકને ખસેડી લેવામાં આવે છે ત્યારે બાળક બહુ રડે છે, પણ જ્યારે પાછો તેને માતાના ખોળામાં મૂકવામાં આવે છે ત્યારે તે બહુ હર્ષ પામે છે. આ જ પ્રમાણે જીવને જ્યારે ભગવાનની પાસે મૂકવામાં આવે ત્યારે તેનાં બધાં દુ:ખો કુદરતી રીતે દૂર થઈ જશે અને તે આનન્દ ભોગવશે.

દુઃખ અને દોષનું કારણ ભગવાનથી થએલો વિયોગ છે. કારણ દૂર કરવાથી કાર્ય એકદમ દૂર થઇ જશે. આ વિચારથી શ્રીમહાપ્રભુજીએ શરણે આવેલા જીવોને બ્રહ્મની સાથે સંબન્ધ બાંધી આપ્યો. તે વખતે જીવે પ્રતિજ્ઞા કરી કે 'હું ઘણા સમયથી ભગવાનથી છૂટો પડેલો છું, તેથી અનેક પ્રકારનાં દુઃખ ભોગવું છું; આ ત્રિવિધ તાપ દૂર કરવાને માટે હે કૃષ્ણ! હું મારો આત્મા, દેહ, પત્ની, પુત્ર, ઘર વગેરે અન્ય સર્વ નિવેદન કરૂં છું. હે કૃષ્ણ! હું આપનો દાસ છું.'

શ્રીમહાપ્રભુજી બ્રહ્મસંબંધ દ્વારા જીવમાં આ પ્રકારની ભાવનાની પ્રતીતિ અને સ્વીકાર કરાવે છે, અને તેની સાથે જીવનપલટો થાય છે. બ્રહ્મસંબન્ધથી જીવના બધાં દોષો દૂર થઈ જાય છે. જીવ જે કાંઈ કરે છે તે ભગવાનને સમર્પીને કરે છે. આત્મનિવેદન અને સર્વવસ્તુસમર્પણનો ઉદાત્ત સિધ્ધાન્ત પુષ્ટિ જીવના જીવનમાં પ્રકટ થાય છે. ભગવાન સ્વામી છે, શેઠ છે, અને હું દાસ છું એ પ્રકારની ભાવના વ્યક્ત થાય છે, અને શ્રીમહાપ્રભુજીએ દર્શાવેલા માર્ગે જવાથી તે ભાવના બહુ દૃઢ થઈ જીવને કૃતાર્થ બનાવે છે.

જ્યાં સુધી અહંતા અને મમતા રહે છે ત્યાં સુધી સંસાર રહે છે, અને જ્યાં સુધી સંસાર રહે છે ત્યાં સુધી જીવ તેમાં ડુબેલો રહે છે. એટલે સંસારના પાયા—અહંતા અને મમતા—ને હલાવીને નાશ કરવાની જરૂર છે. અહંતા દેહને વિષે હોય છે, જ્યારે મમતા આપણી સર્વ પ્રકારની મિલ્કતને વિષે હોય છે. અહંતાનો નાશ કરવાને માટે દેહને ભગવાનની સેવામાં યોજવાની જરૂર છે, અને મમતાનો નાશ કરવાને માટે સ્ત્રી, પુત્ર, ધન વગેરે સર્વ પદાર્થોનો વિનિયોગ ભગવાનની સેવામાં કરવાનો હોય છે. જ્યારે અહંતા અને મમતાના આધારો ભગવત્સેવામાં જોડી દેવામાં આવે છે ત્યારે અહંતા અને મમતા આધાર વિનાની બનતાં સ્વાભાવિક રીતે નાશ પામે છે.

ભગવાનમાં ચિત્ત પરોવવું તેનું નામ સેવા છે. માનસી સેવા ઉત્તમ છે; અને તેને સિદ્ધ કરવાને માટે ઉપર જણાવેલી તનુજા અને વિત્તજા સેવા સાધન બને છે. મહાનુભાવી ભક્તોના જીવનમાં માનસી સેવા બહુ મહત્ત્વનું સ્થાન ભોગવે છે.

ચિત્ત બહુ ચંચલ છે. તેને સ્થિર રાખવાનું કાર્ય ઘણું કઠિન છે. ચિત્તની સ્થિરતા માટે શાસ્ત્રમાં અનેક પ્રકારનાં સાધનો દર્શાવવામાં આવ્યાં છે. ભગવાનને શરણે જવાથી આપણાં સર્વ દુઃખો દૂર થઈ જાય છે એ વાતનું



અનેકવાર સ્મરણ કરવાની જરૂર છે, અને જ્યાં ભગવાન્ આપણો સ્વામી, શેઠ, બન્યો છે અને આપણે તેના દાસ બન્યા છીએ ત્યાં ચિન્તાનું કશું કારણ હોતું નથી. ભગવાનમાં સંપૂર્ણ વિશ્વાસ રાખવાની ખાસ જરૂર છે. અવિશ્વાસ આપણને બાધક થઈ પડે છે. ચાતકવ્રતનું પાલન કરવાથી મનનું સમતોલપણું જળવાઈ રહે છે, અને ભગવત્સેવા સારી રીતે થાય છે.

આ બધી ભગવાનની લીલા છે. ભગવાન્ પોતાની ઇચ્છા પ્રમાણે સર્વ કર્યાં કરે છે, એમ માનીને જે કાંઈ દુઃખ જગતમાં અનુભવવાં પડે તે શાન્તિથી સહન કરી ભગવાનનો જ આશ્રય કરવો. આ વિવેક, ધૈર્ય અને આશ્રય આપણી પાસે ન હોય તો સર્વાત્મભાવે ભગવાન્ કૃષ્ણને શરણે જઈ પ્રપત્તિમાર્ગનો સ્વીકાર કરવો. જીવનમાં કોઇ પણ પ્રકારનો આગ્રહ કરવો નહિ. અને જે મળી આવે તે મમતા વિના સ્વીકારી લેવું. ભગવાન્ કૃષ્ણ જ મારૂં શરણ છે એ ભાવના રાખી સર્વ જીવન વ્યતીત કરવાથી જીવાત્મા કૃતાર્થ થાય છે એ સિદ્ધાન્ત ભગવાનની લીલાઓમાં સ્પષ્ટ રીતે ફલિત થાય છે. ભગવાને વ્રજમાં કરેલી સર્વ લીલા પુષ્ટિલીલા છે. તેમાં સર્વ નિસ્સાધન જનોનો ઉદ્ધાર કરવામાં આવ્યો છે. નિસ્સાધન જીવનો ઉધ્ધાર કરવાનું સામર્થ્ય ફકત ભગવાન્ કૃષ્ણનું છે, અને તેથી જ તેમને શરણે જવાનો આપણો ધર્મ છે.

ભગવાનને શરણે ગયા પછી જીવને ભગવાનમાં પ્રેમ, આસકિત અને વ્યસન પ્રાપ્ત થાય છે. પ્રેમ, આસકિત અને વ્યસન એ ભકતની ચઢતી ભૂમિકાઓ છે. ભગવાનમાં આસકિત થતાં ઘર વગેરે પદાર્થોમાં રુચિ થતી નથી અને તેનો ત્યાગ કરવાનું મન થઈ જાય છે. ઘરનો ત્યાગ કરવો અને સંન્યાસ લઇને ગંગાતટે બેસવાનું કાર્ય વર્તમાન યુગમાં સંભવિત નથી; અને જો આગ્રહ કરીને તે પ્રમાણે કરવામાં આવે તો પરિણામે દુઃખનો અનુભવ કરવો પડે છે. જ્યારે ભગવાનનાં દર્શન કરવાની અતિ તીવ્ર ઇચ્છા થઈ જાય, અને એમ લાગે કે આ દેહ ભગવાનને મળવામાં અન્તરાયરૂપ છે ત્યારે જ દેહનો ત્યાગ કરવા સંન્યાસ લેવાનો હોય છે. આવા ભક્તજનો બહુ વિરલ હોય છે. તેથી સામાન્ય ભક્તોએ પોતાના ઘરમાં રહીને ભગવત્સેવા કરવી, ઘરનાં બધાં માણસોને સેવામાં યોજવાં અને આખા ઘરને ભગવન્મય બનાવવું. અથવા તો હરિના કોઈ સ્થાનમાં રહીને બીજા ભકતોનો સમાગમ કરી ભગવાનની સેવા અને કથા કરવાં. જે ભકતને સેવામાં અને કથામાં આસકિત થએલી છે તેનો જીવનપર્યન્ત નાશ થતો નથી.

ભગવાનની કથા કરનારાઓનો અનેક પ્રકારો હોય છે. તેવી જ રીતે કથાનું શ્રવણ કરનારાઓના પણ અનેક પ્રકારો હોય છે. આ બધા પ્રકારોને જલના જુદા જુદા પ્રકારો સાથે સરખાવવામાં આવેલા છે. આ વિચાર સરણી વૈદિક સાહિત્યમાંથી લેવામાં આવેલી છે.

જીવ દીનતાથી ભગવાનની કૃપા ભોગવવા ભાગ્યશાળી બને છે. મહાનુભાવી પુરુષોની કૃપાથી પણ ભગવાન ભક્ત ઉપર દયા કરે છે. ભગવત્કૃપાને લીધે જીવને જગતની વિસ્મૃતિ થઇ ભગવાનમાં આસક્તિ થાય છે. એને નિરોધ કહેવામાં આવે છે. નિરોધનું સ્વરૂપ શ્રીગોપીજન અને વ્રજભકતોના જીવનમાંથી બહુ સ્પષ્ટ રીતે વ્યકત થાય છે. ભગવાને જેમનો ત્યાગ કર્યો છે તેઓ ભવસાગરમાં ડૂબે છે, અને જેમનો નિરોધ સિદ્ધ કર્યો છે તેઓ અહર્નિશ ભગવદાનન્દનો અનુભવ કરે છે. જેમનો દેહ વિષયથી ઘેરાયેલો છે તેમનામાં હરિનો પ્રવેશ કોઈ દિવસ થતો નથી. અર્થાત્ જગતના સર્વ પદાર્થોની યોજના ભગવાનમાં જ કરવાથી સંસારના વિરહ અને કલેશ દૂર થાય છે અને સર્વદા અલૌકિક સુખ ભોગવે છે. જે પદાર્થનો વિનિયોગ ભગવાનમાં ન થઈ શકે તેનો સર્વથા ત્યાગ કરવો.

શ્રીમહાપ્રભુજીએ સર્વ પ્રકારનાં સાધનો દર્શાવીને આજ્ઞા કરી કે કલિયુગમાં આ બધા માર્ગો દુર્લભ છે. અરે ! પુષ્ટિમાર્ગ પણ દુર્લભ છે એમ એક તત્ત્વચિન્તક કહે છે. તેથી પ્રપત્તિમાર્ગ–શરણમાર્ગ–વિના બીજું કશું સાધન આપણને મળી શકે એમ નથી. બહિર્મુખ થવાથી કાલ વગેરે આપણું ભક્ષણ કરી જશે. બહિર્મુખતા દૂર કરવાને માટે શ્રીયમુનાજીના સેવનની ખાસ જરૂર છે. શ્રીયમુનાજીના સેવનથી–મનથી, વાણીથી અને પાનથી–આપણાં સર્વ પાપો નષ્ટથઇ જશે, ભગવાન મુકુન્દમાં રતિ થશે અને સ્વભાવનો વિજય થશે વસ્તુતઃ આદર્શ શુદ્ધપુષ્ટિભકતો તો શ્રીગોપીજનો જ થઈ ગયાં, અને તેમની શ્રેષ્ઠતાનો સ્વીકાર ઉદ્ધવ જેવા પુષ્ટિપુષ્ટિભકતે વિના સંકોચે કર્યો અને અન્તમાં કહ્યું કે

> वन्दे नन्दव्रजस्त्रीणां पादरेणुमभीक्ष्णशः ।
> यासां हरिकथोद्गीतं पुनाति भुवनत्रयम् ॥

શ્રીગોપીજનોના માર્ગમાં રહીને ભગવાનની શરણભાવના દઢ કરી સેવા અને કથામાં આપણું જીવન જાય એવી આપણે પ્રાર્થના કરીએ.

શાકુન્તલ,
ખારીવાવ, વડોદરા
રામનવમી, સંવત્ ૨૦૦૬

ગોવિન્દલાલ હરગોવિન્દ ભટ્ટ.



શ્રીકૃષ્ણ.

# અર્પણપત્રિકા

શ્રીશુદ્ધાદ્વૈત સિદ્ધાન્તોના પ્રવર્તક, શ્રીમદ્ભાગવતના ગૂઢાર્થના પ્રકાશક, પુષ્ટિભક્તોના પ્રિય, શરણે આવેલા સ્ત્રીશૂદ્રાદિના સમર્પણને અંગીકાર કરનારા, સ્વાનંદથી પૂર્ણ, સુધારસની મૂર્તિરૂપ, શ્રીવલ્લભ એવા નામાભિધાનવાળા પરમવંદનીય શ્રીમદાચાર્યચરણ–શ્રીમહાપ્રભુજી; પુષ્ટિભકિતવિકાસક, દયાનિધિ, સત્યપરાયણ, ગીતસંગીતસાગર, ગોબ્રાહ્મણપ્રતિપાલ, વિદ્વત્કેસરી પૂજ્ય શ્રીવિઠ્ઠલનાથજી–શ્રીગુસાંઇજી; આચાર્યશ્રીના માહત્મ્યસ્થાપિત કરેલ તેમના પવિત્ર વંશજ બાલકો; આચાર્યજીની વાણીના મર્મજ્ઞ, અનન્યશરણવૃત્તિ, પુષ્ટિસુધારસવ્યાપ્ત, સંપ્રદાયના બ્રહ્મર્ષિ માનનીય શાસ્ત્રીજી શ્રીમગનલાલ ગણપતિરામ ડેક્કન કોલેજના સંસ્કૃતના પ્રોફેસર; ભગવત્કીર્તનાનુરાગી, સેવાભાવી પૂજ્ય પિતૃચરણ; અને શ્રીપ્રભુના લાડિલા ભગવદીય જનોના પવિત્ર ચરણકમલોમાં, શ્રીમહાપ્રભુજીના મુખારવિન્દથી પ્રકટ થયેલ વાણીરૂપ અમૃત, જે સર્વ જગતના નિઃસાધન જીવોના ઉદ્ધારાર્થ સંજીવનસુધા સમાન છે તે ગ્રન્થરૂપ રત્ન સહૃદય સમર્પણ.

ખંભાત
સંવત્ ૨૦૦૬
શ્રીગોસ્વામીજીનો
ઉત્સવદિન.

ભગવત્કિંકરચરણરજ,
**હીરાલાલ મોહનલાલ પરિખના**
સપ્રેમ ભગવત્સ્મરણ.

———

# વિજ્ઞાપન

વૈષ્ણવમાત્રને પોતાના સાંપ્રદાયિક સિદ્ધાન્તો જાણવાની જરૂર છે. શ્રીમદાચાર્યચરણ, તેમના વંશજ બાલકો, દૌહિત્રો, સંપ્રદાયના વિદ્વાનો અને ભગવદીય જનોએ નિસ્સાધન જીવો પર કૃપા કરી પારાવાર પરિશ્રમ કરી સહસ્રાવધિગ્રન્થો પ્રકટ કર્યાં છે, જે જોવાથી ધર્મનું જ્ઞાન થાય છે; પરન્તુ બહુધા વૈષ્ણવ સમાજ સાંસારિક વ્યવહાર તથા લૌકિક સુખસંપત્તિ જે નાશવંત છે તેની પ્રાપ્તિ સારૂ પોતાનું આયુષ્ય વ્યતીત કરે છે અને અલૌકિક આનન્દ મેળવવામાં આળસ કરી કાંઇ ધ્યાન આપતા નથી. સૂક્ષ્મદષ્ટિથી જોવામાં આવે તો લૌકિક વિષય, દ્રવ્યાદિસુખ અનિત્ય છે. તેમાં રચ્યાપચ્યા રહેવું અને પારમાર્થિક પદાર્થનો આનન્દ જે સદા અવિચલ છે તેને માટે પ્રયત્ન ન કરવો અને તેમાં રુચિ ન રાખવી એ કેટલી મોટી ભૂલ છે! કેટલાક અજ્ઞાનતાને લીધે કહે છે કે ધર્મનાં પોથાં વાંચી અમારે ક્યાં પંડિત થવું છે, કે ક્યાં વાદવિવાદ કરી સભાઓ જીતવી છે? આવું કથન વાસ્તવિક ન ગણાય, કારણ કે મોટાઓએ આપણા સારૂ અથાગ પરિશ્રમ કરી ગ્રન્થો કર્યાં છે. તેમનો તે શ્રમ આથી વ્યર્થ થાય છે. બીજું જ્ઞાનાદિ વિનાની અંધપરંપરાથી કરવામાં આવતી કેવલ ક્રિયાથી પદાર્થનું યથાર્થજ્ઞાન અને રસાસ્વાદ આવતો નથી. દેખાદેખી કરવું તે ધર્મ નથી, પણ અંધપરંપરાની રીત છે. પોતાના સંપ્રદાયના સિધ્ધાંતો અને ધર્મ ન જાણે તેવાને કોઈ કહે કે અમુક કામ કરો તેથી પુણ્ય થશે. તે કામ કર્યું તો ખરૂં પણ પાછળથી તે ભગવન્માર્ગ-વિરુધ્ધ જણાય ત્યારે "નહીં ઘરના અને નહીં ઘાટના" જેવું થાય, અને સર્વ પ્રકારની હાનિ થાય. વળી કોઈ પુછે કે તેમનો સંપ્રદાય, તેના સિધ્ધાન્તો, પ્રણાલિકા આદિ શું છે, તો કહેશે કે તે જાણતા નથી. તો જે સંપ્રદાયના સિધ્ધાન્તાદિ જાણે નહી તે તેને શી રીતે અનુસરે? માટે પોતાના સંપ્રદાયસંબંધી આવશ્યક ધર્મ જાણવા જોઇએ એ પ્રત્યેક વૈષ્ણવનો ધર્મ છે. જ્યાં સુધી પ્રભુના સ્વરૂપનું અને ગુણનું જ્ઞાન નથી ત્યાં સુધી પ્રભુમાં પ્રેમથી વૃધ્ધિ અને દઢતા થાય નહીં. આવું જ્ઞાન, સાંપ્રદાયિક ગ્રન્થો જોવાથી અને વિચારવાથી મળી શકે, અથવા ભગવદીય-જનોના સત્સંગથી પ્રાપ્ત થઈ શકે, પણ તેવા ભગવદીયનો સંગ અત્યારે દુર્લભ છે. તે તો પ્રભુની પૂર્ણ કૃપા થાય ત્યારેજ મળે છે. તેથી ગ્રન્થોનું અવલોકન અત્યન્ત આવશ્યક છે. શ્રીમહાપ્રભુજીએ પ્રકટ કરેલા ષોડશગ્રન્થોદ્વારા ધર્મનું જ્ઞાન થાય છે. પ્રવેશક માટે તેમજ નિત્ય પાઠાદિ સારૂ તેનું વાચન ઉત્તમ સાધન છે. તેમના એકેકા



ગ્રન્થ પર અનેક ટીકાઓ લખાઈ મોટામોટા ગ્રન્થો પ્રસિધ્ધ થયેલા છે, પણ તે વધુ અભ્યાસવાળાઓ માટે છે. તેથી પ્રવેશક માટે નિત્ય પાઠ સારૂ તેમજ સાંપ્રદાયિક બાલકોને પાઠશાળામાં ઉપયોગી થાય તેવી રીતે ષોડશગ્રંથ પર કાંઈક લખવાની પ્રભુકૃપાથી મને સ્ફુરણા થઈ અને મનના બોધ સારૂ તથા સમયનો સદુપયોગ કરવાના હેતુથી સામ્પ્રદાયિક ગ્રંથોની સહાયથી તે કામ હાથ પર લીધું. જેમ જેમ લખતો ગયો તેમ તેમ પૂજ્ય શાસ્ત્રી ભદ્રશંકરભાઇને બતાવતો રહેલો, અને તે પૂર્ણ સ્નેહપૂર્વક જોઇ આપતા. તે અરસામાં શ્રીગુસાંઇજીની જયન્તી પ્રસંગે માતરવાળા પૂજ્ય શાસ્ત્રીજી વલ્લભરામભાઈ ખંભાત પધારેલા. તેમને આ સબંધમાં વાત કરતાં જણાયું કે તે પોતે તેવો ગ્રંથ લખી પ્રસિદ્ધિમાં મૂકવાની યોજના વિચારી રહેલા છે, અને એવા ગ્રંથની જરૂરીઆત ઘણીજ છે. આથી મેં તેમને ષોડશગ્રન્થ ઉપરનું મારૂં લખાણ જોવા સારૂ આપ્યું. કામના અનેક વ્યવસાયો હોવા છતાં તેમણે મારા લખેલા સર્વ ગ્રંથો જોઈ આપવાની સાથે સૂચના કરી કે બાલકોને અભ્યાસ સારૂ આ ગ્રંથ પૂર્ણ રીતે ઉપયોગમાં આવે તે દષ્ટિથી શ્લોકના અન્વયાર્થ પહેલાં પદચ્છેદ પણ રાખવા જોઇએ. આ યોજના મને ઠીક લાગવાથી તેમણે જોવા સારૂ મોકલાવેલા હિંદીમાં પદચ્છેદવાળા ષોડશ ગ્રંથ પ્રમાણે સુધારો કર્યો. ત્યાર પછી શાસ્ત્રીજી વલ્લભરામભાઈની સૂચનાથી આખું હસ્તલિખિત પુસ્તક વડોદરે પ્રો. ગોવિંદલાલ ભટ્ટને જોવા મોકલ્યું. તેમને પણ પુસ્તક બહુ ગમ્યું અને છપાવવાની સંમતિ આપી. ભગવત્કૃપાથી ગ્રંથ છપાવવાની યોજના પણ સફળ થઈ. પરમ ભગવદીય શ્રીયુત મૂળજીભાઈ સુંદરલાલે બધો ખર્ચ આપવા ઇચ્છા દર્શાવી મને બહુ પ્રોત્સાહન આપ્યું. આ રીતે આ બધા સ્નેહીઓએ આ કાર્યમાં ઘણો પરિશ્રમ લીધેલો છે, તેમનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું

આ ગ્રંથ લખવામાં શ્રીનૃસિંહલાલજી મહારાજકૃત વ્રજભાષાની ટીકાવાળા ષોડષ ગ્રન્થ, ભગવદીય તેલીવાલા મૂલચંદભાઈ તરફથી પ્રસિધ્ધ થયેલા ષોડશ ગ્રંથ, નડીયાદવાળા ત્રિભોવનદાસ પીતાંબરદાસના ષોડશ ગ્રંથ, તેમજ બીજા પણ સાંપ્રદાયિક ગ્રંથોની સહાય લેવામાં આવી છે. ભગવદીય ગોરધનદાસ ડાહ્યાભાઈ સોલીસીટરકૃત યમુનાષ્ટકના અનુવાદની આર્તિ અને ભાગવતનો આર્તિ આ ગ્રંથમાં લેવામાં આવેલી છે. તે સારૂ તેમનો ઋણી છું.

વૈષ્ણવજનતા આ ગ્રંથનો સદુપયોગ કરી સારો લાભ લેશે તો સર્વનો પ્રયત્ન સફલ થયો સમજીશ.

**ખંભાત** — સેવક

સંવત્ ૨૦૦૬ — **હીરાલાલ મોહનલાલ પરિખ.**

શ્રીગોસ્વામીજીનો ઉત્સવ.

# ભૂમિકા.

## (લેખક:—હીરાલાલ મોહનલાલ પરીખ)

ભગવાને જગતમાં અનેક પ્રકારના જીવ ઉત્પન્ન કર્યાં છે અને આ જીવોના મોક્ષ તથા ભગવત્પ્રાપ્તિ સારૂ વેદ, શાસ્ત્ર, પુરાણ આદિમાં અનેક ઉપાયો અને સરળમાર્ગો દર્શાવ્યા છે. તે પ્રમાણે જેવો જેમનો અધિકાર હોય છે તેમને તેવો સંગ મળે છે, અને તેમાં કહ્યા પ્રમાણેનાં ધર્માચરણ કરે છે. ભક્તિમાર્ગ અનાદિ છે અને શ્રીમદાચાર્યચરણોએ ભગવદાજ્ઞાનુસાર તેનો પ્રાદુર્ભાવ કરેલો છે. તેઓશ્રીએ શ્રીમદ્ભાગવત સાથે પ્રસ્થાનચતુષ્ટય માન્ય રાખેલાં છે અને તે પ્રમાણેના તેમના સંપ્રદાયના સિદ્ધાન્તો છે. વેદનો આશ્રય લઈ ઉત્પન્ન થયેલાં સર્વ શાસ્ત્રાદિનો ઉત્તમ આશય ભગવત્સંબંધમાં યોજીને તે સર્વને તેઓશ્રીએ સાર્થક કર્યાં છે. જેમકેઃ-

**નિગમ**—ચાર વેદની શ્રુતિઓ, તે શ્રુતિરૂપા વ્રજભક્તનાં ચાર યૂથ છે. તે ભગવલ્લીલામાં અનેક ભાવના કરે છે. આગમથી મંત્રશાસ્ત્રાદિ ભગવન્નામરૂપી મહામંત્રનું સદા ઉચ્ચારણ કરે છે અને પ્રાતઃકાલથી પ્રભુને જગાવે છે, ઝારી ભરે છે, સ્નાન કરાવે છે અને પુરુષસૂકતના મંત્ર ઉચ્ચારી અભિષેક કરીને તુલસી સમર્પે છે.

**ઉપવેદો-આયુર્વેદ-વૈદકશાસ્ત્ર**—હેમન્ત, શિશિર, વસન્તાદિ ષડ્ઋતુ અનુસાર ગુણકારી અને સુખદ સામગ્રી કરી પ્રભુને ભોગ ધરાવવામાં આવે છે. શીતકાલમાં ઉષ્ણપદાર્થ, ઉષ્ણકાલમાં શીતલ પદાર્થની રચના કરી પ્રભુની સેવા થાય છે. ઉનાળામાં ખસ ફુવારા ચંદન, ગુલાબ પંખા આદિ સિદ્ધ કરે છે. શીતકાલમાં સર્વ ઉષ્ણ પદાર્થોનો વિનિયોગ થાય છે. વસ્ત્રાદિ પણ તે તે ઋતુ અનુસાર ધરાવાય છે.

**ધનુર્વેદ**—કામવેદનો મદ ઉતારવા પ્રભુએ તેને સર્વ યુદ્ધસામગ્રી રાસલીલાના પ્રબંધ વડે પૂરી પાડી તેના પર વિજય કરેલો છે. પ્રભુની રાજલીલામાં શસ્ત્રાદિનું શિક્ષણ અને ઉપયોગની ભાવના છે, તેમ વિજયાદશમીના ઉત્સવમાં પ્રભુને કટાર આદિ આયુધ ધરાવીને તે ભાવના દર્શાવવામાં આવે છે.

**ગંધર્વવેદ**—સંગીત વડે પ્રભુની સમીપ મંગલાથી શયનપર્યન્ત યથા-સમયાનુસાર રાગ, રાગણી, તાલસૂરથી કીર્તન વિગેરેમાં યોજાય છે.

**શિલ્પવેદ**—પ્રભુની ફુલ મંડલી, હિંડોળા, પલના, છઠ્ઠી, મંડપ જુદીજુદી આરતીઓ, રંગ બેરંગી સાંઝીની રચના વિગેરેમાં ઉપયોગ છે.



**વેદાંગ**—વ્યાકરણ શબ્દની શુદ્ધતાથી ભગવત્સેવામાં સંસ્કૃત તથા વ્રજભાષા આદિ બોલવાનો વિચાર કરવામાં ઉપયોગી છે.

**જ્યોતિષ**—સારૂં મુહૂર્ત, ચંદ્ર આદિ જોઇ પ્રભુને હીંડોળા, ડોલ, રથાદિમાં પધરાવવા અને દિવસ, તિથિનો નિર્ણય કરી, સર્વ વ્રત અને ઉત્સવો થાય છે.

**છંદ**—અનેક કાવ્ય, કીર્તનની રચના કરી પ્રભુનાં ગુણગાન થાય છે.

**ઉપનિષદો**—પ્રભુના સ્વરૂપનું જ્ઞાન અને હું જીવું છું, પ્રભુનો દાસ છું, પ્રભુ પૂર્ણ છે, મારા સ્વામી છે, સર્વસત્તા પ્રભુની છે તે બધું વિચારાય છે.

**સ્મૃતિઓ**—ખાસા, અપરસ, ગ્રાહ્ય, અગ્રાહ્ય, વસ્તુનો નિર્ણય આદિ સર્વવસ્તુના વિચારનું પ્રયોજન સિદ્ધ છે.

**મીમાંસા શાસ્ત્ર**—યજ્ઞાદિની વિધિ છે; તેમ અહીં સાત્વિક ઉત્તમ **યજ્ઞ**-અન્નકૂટ, છપ્પન ભોગની રચના કરી પ્રભુને ભોગ ધરાવવામાં આવે છે.

**ન્યાય અને વૈશેષિકશાસ્ત્ર**—પદાર્થનો વિચાર કરી જે ઉત્તમ પદાર્થ પ્રભુયોગ્ય હોય તેનો શ્રીપ્રભુને વિનિયોગ થાય છે.

**વેદાન્તશાસ્ત્ર**—બ્રહ્મનો વિચાર છે. બ્રહ્મમય :જગતછે તેમ અહીં પ્રભુનું મંદિર, સિંહાસન, શય્યા, ઝારી આદિ સર્વ ભગવદ્રૂપ છે તે વિચારાય છે, અને ઉપાધિ—અપરાધથી ડરતા રહેવાનું છે અને સાવધાનતાથી રહેવાનો વિચાર કરાય છે.

**સાંખ્ય અને યોગશાસ્ત્ર**—ઇંદ્રિયોનો નિગ્રહ કરી આહારનિદ્રાનો સંયમ રખાય છે કે જેથી તે સેવામાં બાધક થાય નહીં.

**પુરાંણ તથા ઉપપુરાણ**—સર્વમાં ભગવલ્લીલાઓ દર્શાવેલી છે, તેમાં પણ શ્રીમદ્ ભાગવતમાં તો વિશેષરૂપમાં તેનું નિરૂપણ કર્યું છે, તેથી તે અનુસાર પ્રભુની લીલાનો અનુભવ કરી સેવા કરવામાં આવે છે.

આ પ્રમાણે નિગમ, આગમ, મંત્ર, તંત્ર, પુરાણ, નારદપંચરાત્રાદિ, ઇતિહાસ, સંહિતા, કલાઓ આદિ સર્વ વિદ્યાઓ છે તે સર્વેને ભગવત્સંબંધમાં ફુલગુંથણી જેમ યોજી દીધેલાં છે. ભગવાનની સેવા કરતાં સર્વ વેદ, શાસ્ત્ર, પુરાણ એ સર્વનું તત્ત્વ પ્રાપ્ત થાય છે. પુષ્ટિસંપ્રદાયનું રહસ્ય આવા પ્રકારનું છે અને તેનો બોધ સંપ્રદાયના આચાર્યશ્રીના ભાષ્યાદિ ગ્રન્થો જોવાથી મળે છે. એવો આ પુષ્ટિ-પ્રભુના અનુગ્રહનો-માર્ગ અપૂર્વ અને અલૌકિક છે એમ સિદ્ધ થાય છે.

---

# ષોડશગ્રન્થની સંગતિ.

(લેખક:—**હીરાલાલ મોહનલાલ પરીખ**)

૧ **યમુનાષ્ટક**—શ્રીયમુનાજીના માહાત્મ્યનું વર્ણન, તેમનું સામર્થ્ય, આવિર્ભાવનો પ્રકાર કહી ગ્રન્થનો નિત્ય અર્થાનુસંધાનપૂર્વક પાઠ કરનારાને પાપોની નિવૃત્તિ, મુકુન્દ ભગવાનમાં રતિ અને ઐશ્વર્યપ્રાપ્તિરૂપ સિધ્ધિઓ મળે છે, તે તથા આચાર્યશ્રીએ શ્રીયમુનાજીના સ્વરૂપનું જેવું દર્શન કર્યું છે તેવું વર્ણવેલું છે.

૨ **બાલબોધ**—પ્રવેશકો સારૂ ઈશ્વરવિચારિત અને જીવવિચારિત ચાર પુરુષાર્થનું સત્યસ્વરૂપનું નિરૂપણ કરેલું છે.

૩ **સિધ્ધાંત મુક્તાવલી**—સેવાના પ્રકાર, બ્રહ્મનું સ્વરૂપ અને સાધનની કક્ષાઓનું દિગ્ દર્શન કરાવે છે.

૪ **પુષ્ટિ, પ્રવાહ, મર્યાદાના ભેદ**—પૂર્વે કોઇથી નહીં સમજાયેલા પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદા એ ત્રણ ભિન્ન માર્ગના તારતમ્યનું નિરૂપણ છે. પ્રવાહી જીવનાં લક્ષણ પોતામાં ન આવે તે સારૂ આ ગ્રંથનું મનન નિત્ય આવશ્યક છે.

૫ **સિધ્ધાંતરહસ્ય**—પ્રભુઆજ્ઞા પ્રમાણે આત્મનિવેદન અને સમર્પણના પ્રકાર પ્રકટ કરેલા છે. બ્રહ્મસંબંધ મંત્રનું સ્મરણ નિત્ય નિરંતર જરૂરનું છે.

૬ **નવરત્ન**—ચિંતાની નિવૃત્તિના ઉપાયો ઉપદેશેલા છે.

૭ **અંતઃકરણ પ્રબોધ**—શ્રીકૃષ્ણ પરબ્રહ્મ, સર્વસમર્થ અને સર્વજ્ઞ છે એમ સમજી શરણભાવના રાખવાનો બોધ છે.

૮ **વિવેકધૈર્યાશ્રયનિરૂપણ**—ભકિતની દઢતા સારૂ વિવેકનાં નવ સ્વરૂપ, ત્રણ પ્રકારનાં દુઃખોમાં ધૈર્ય રાખવા ધૈર્યનું સ્વરૂપ, દુઃખોની નિવૃત્તિનો ઉપાય અને આશ્રયનું સ્વરૂપ સમજાવેલું છે.

૯ **શ્રીકૃષ્ણાશ્રય**—ધર્મનાં સાધનો નષ્ટ થવાથી અને ચાર પુરુષાર્થ દુઃસાધ્ય હોવાથી આ સાધનો અને પુરુષાર્થરૂપ શ્રીભગવાનજ છે જેથી શ્રીકૃષ્ણનોજ



આશ્રય કરવાનું અને આ સ્તોત્રના પાઠથી શ્રીકૃષ્ણ પોતે આશ્રયરૂપ થઇ પરમફલ આપે છે એવો બોધ આપે છે.

૧૦ **ચતુઃશ્લોકી**—ભક્તિમાર્ગમાં ચારપુરુષાર્થઃ ધર્મ-પ્રભુનું દાસ્ય, અર્થ-પ્રભુઇચ્છાને આધીન થવું તે, કામ—કૃષ્ણદર્શનલાલસા, અને મોક્ષ—સંયોગવિયોગાત્મક વિરહ એ પ્રમાણેના માનેલા છે. શ્રીપુરુષોતમની સેવા સર્વોપરિ સાધન અને ફલ છે તેનો નિર્દેશ છે.

૧૧ **ભકિતવર્ધિની**—ભક્તિની વૃદ્ધિ સારૂ શ્રવણ કીર્તન સાધન છે. પ્રભુમાં પ્રેમ થયા પછી આસક્તિ થાય અને તેમના વિના એક ક્ષણ પણ ન રહેવાય તેવું વ્યસન થાય ત્યારે પૂર્ણત્યાગ થયો કહેવાય, તેથી પ્રભુના ફલરૂપ સંબંધ થાય છે અને સુદઢભક્તિ થયે સાક્ષાતસ્વરૂપના અનુભવનું ફલ પ્રાપ્ત થાય છે ગ્રન્થના પાઠથી ભકિત સુદઢ થાય છે એમ દર્શાવેલું છે.

૧૨ **જલભેદ**:—સત્સંગ સારૂ વકતાના ભેદ જલના ભેદથી બતાવે છે. જેમ જલ રસરૂપ છે પણ તે જે આધારમાં પડે છે તેવા સ્વભાવવાળું થઇ તેવા ગુણદોષ ઉત્પન્ન કરે છે. તેમ ભગવાનમાં ગુણો સહજ રીતે આનંદરૂપ છે, તો પણ તે જેમનામાં રહેલા છે તેમના સ્વભાવ અને ગુણદોષ પ્રમાણેના તે ગુણો થાય છે તેનું નિરૂપણ કરે છે.

૧૩ **પંચપદ્યો**—પુષ્ટિ અને મર્યાદા વડે શ્રોતાના ભેદ અને તેમનાં લક્ષણોનું વર્ણન કરેલું છે.

૧૪ **સંન્યાસ નિર્ણય**—પુષ્ટિમાર્ગીય સંન્યાસની વિચારણા કરેલી છે. પ્રભુ-વિરહાનુભવ માટે ગોપીજનો પ્રમાણેનો સંન્યાસ કર્તવ્યરૂપ છે, નહીં તો તનુજા, વિત્તજા સેવા કરીને જ સ્વમર્યાદામાં રહેવાનું કહી સંન્યાસનું શુધ્ધ સ્વરૂપ પ્રકટ કરેલું છે.

૧૫ **નિરોધ લક્ષણ**—પ્રપંચને ભૂલી જઈ પ્રભુમાં આસકિત કેમ થાય તે જણાવવા નિરોધની દશા, તેનાં સાધન અને ફલ દર્શાવે છે.

૧૬ **સેવાફલ**—સેવાફલનો પ્રકાર, તેમાં આવતા પ્રતિબન્ધો અને તેના નિવારણના ઉપાયો નિરૂપણ કરેલા છે.

———

# શ્રીમદ્‌વલ્લભાચાર્યજીનું સંક્ષિપ્ત જીવનચરિત્ર.

( લેખક—**હીરાલાલ મોહનલાલ પરીખ** )

**શ્રીમદ્‌વલ્લભાચાર્યજી**--પુષ્ટિમાર્ગના સંસ્થાપક અને આદ્ય પ્રવર્તકનો પ્રાદુર્ભાવ ઉત્તમ તૈલંગ બ્રાહ્મણ જ્ઞાતિમાં, ચંપારણ્ય જીલ્લા રાયપૂર, મધ્ય પ્રાંતમાં વિ. સંવત ૧૫૩૫ (અન્ય મતે ૧૫૨૯) ચૈત્ર વદી ૧૧ ના દિવસે થયો હતો.

એમણે નાની ઉમરમાં વેદ, ઉપનિષદ, સ્મૃતિ, પુરાણ, ઇતિહાસ તેમજ બ્રહ્મસૂત્રો પરનાં 'ભાષ્યોનો અભ્યાસ કર્યો હતો. પોતાના અભ્યાસક્રમમાં શંકરાદિ આચાર્યોના સિદ્ધાન્તોનું નિરીક્ષણ કરી લીધું હતું. અગીયાર વર્ષની વયે અભ્યાસ પૂરો કર્યો. આ વર્ષમાં તેમના પિતા લક્ષ્મણ ભટ્ટજી ભગવદ્ધામસ્થ થયા પછી પોતે કાશી જઈ બ્રહ્મવાદનો ઉપદેશ કરવાનો પ્રારંભ કર્યો. છેક કન્યાકુમારીથી હિમાલય અને જગન્નાથજીથી દ્વારકા સુધીનાં વિદ્યાકેન્દ્રોની તથા મુખ્ય શહેરોની ત્રણ વખત પગે ચાલી યાત્રા કરી આર્યાવર્તના વિદ્વાનો આગળ પોતાના વાદ અને સિદ્ધાન્તોનો લાગલગટ ૧૬ વર્ષ સુધી બોધ આપ્યો. યાત્રા કરતાં વચમાં વ્યંકટગિરિમાં રહી લક્ષ્મણબાલાજીના મંદિરની પુસ્તકશાળા તપાસી ભક્તિશાસ્ત્રોનો અભ્યાસ કર્યો હતો.

૨૮ વર્ષની ઉમ્મરે લગ્ન કર્યા પછી પણ ઉપદેશનું કામ ચાલુ રાખ્યું અને ઘણા નાનામોટા ગ્રંથો પણ લખ્યા. પોતે શ્રીગોકુલગામમાં પુષ્ટિભકિત–નિર્ગુણ–શુધ્ધ ભકિતમાર્ગ–ની સ્થાપના કરી.

બનારસ પાસે ચરણાદ્રિ અને અડેલ જેવા નાના ગામડામાં રહી પ્રભુસેવા કરતા, સેવા કેમ કરવી તે બીજાને શીખવતા, સર્વત્ર સમભાવ રાખતા. પ્રભુ તરફનો તેમનો પ્રેમ નિઃસીમ હતો તેથી પૂર્ણ ભકિતમાં પોતાનું સાદું અને જ્વલંત જીવન ગાળી ૫૨ વર્ષની વયે ભગવત્સ્વરૂપને પામ્યા હતા.

આપશ્રીએ નાનામોટા મળી ૮૪ ગ્રંથો પ્રકટ કર્યા છે. તેમાંના મુખ્ય

(૧) તત્ત્વદીપનિબંધ. તેનાં ૩ પ્રકરણો. પ્રથમ પ્રકરણમાં ગીતાનું તાત્પર્ય, બીજામાં સર્વ પ્રકારના તત્ત્વજ્ઞાનનું નિરૂપણ, ત્રીજામાં ભાગવતાર્થ.

(૨) અણુભાષ્ય–બ્રહ્મસૂત્રો પરની ટીકા.

(૩) પૂર્વમીમાંસાભાષ્ય–જૈમિનિ મહર્ષિના સૂત્રો પર ટીકા.





(૪) શ્રીસુબોધિનીજી–શ્રીમદ્‌ભાગવત પરની ટીકા.

(૫) ષોડશગ્રંથ-બાલબોધ, સિધ્ધાન્તમુકતાવલી, સંન્યાસનિર્ણય વિ. શુધ્ધાદ્વૈતસિધ્ધાન્ત અને શ્રીમદાચાર્યજીનો ઉપદેશ.

(૧) **બ્રહ્મ અને બ્રહ્મવાદનું સ્વરૂપ—**

**બ્રહ્મનું સ્વરૂપ**—દોષ વિનાનું છે. સર્વ સદ્‌ગુણયુકત છે, સ્વતંત્ર છે અને પ્રાકૃત શરીર અને તેના ગુણ વગરનું છે. તે પૂર્ણ આનંદ છે, એના હાથપગાદિ આનંદમાત્ર છે, સર્વવ્યાપક છે, અને જડ, જીવ અને અંતર્યામિ એ ત્રિવિધ ભેદ રહિત છે.

બ્રહ્મ અનંતમૂર્તિ છે, કૂટસ્થ તેમજ ચલાયમાન છે, વિરુધ્ધ ધર્મોના આશ્રયરૂપ છે, માત્ર બુધ્ધિથી જાણી શકાય તેમ નથી. બ્રહ્મ સચ્ચિદાનંદરૂપ છે. સર્વ–વ્યાપક અને અવ્યય છે, સર્વશકિતયુકત અને સ્વતંત્ર છે, સર્વજ્ઞ પણ છે. તેના ઉપર સાત્ત્વિક, રાજસ અને તામસ ગુણોની સત્તા ચાલતી નથી.

આ જે સઘળું દેખાય છે તે ખરેખર આત્માજ છે. તે સરજે છે અને સૃજાય છે. વિશ્વાત્મા રક્ષણ કરે છે અને વિશ્વાત્માનું રક્ષણ કરાય છે. તે હરે છે અને તે હરણ થાય છે.

આ બધું આત્મા છે, તેજ પ્રમાણે આ બધું બ્રહ્મ છે. આજ બ્રહ્મવાદ–બીજું બધું મોહરૂપ છે. જેને બ્રહ્મ–પરમાત્મા–ભગવાન કહેવામાં આવે છે તે શ્રીકૃષ્ણ સચ્ચિદાનંદ પૂર્ણબ્રહ્મ પૂર્ણપુરુષોત્તમ છે.

(૨) **જગત**--જ્યારે બ્રહ્મ અનેક થવાની ઇચ્છા કરે છે ત્યારે તેના સદંશમાંથી જડ પદાર્થો, ચિદંશમાંથી જીવો, અને આનંદાંશમાથી અંતર્યામી થાય છે. આ સઘળા સત્યરૂપ બ્રહ્મમાંથી નીકળે છે તેથી તે સત્ય છે. જીવ પરમાણુ જેવો છે.

આવિર્ભાવ–તિરોભાવ એ બ્રહ્મની શકિતઓ છે. જ્યારે આવિર્ભાવશકિતની ક્રિયા ચાલે છે ત્યારે જગત્ અસ્તિત્વમાં આવે છે, અને તિરોભાવશકિત ક્રિયાવાન થાય ત્યારે માત્ર ભગવાનજ રહે છે અને જગત્ બ્રહ્મમાં લીન થાય છે.

(૩) **ભક્તિ**--ભગવાનના માહાત્મ્યજ્ઞાનસહિત ભગવાન વિષે આ જગત્‌ના જે જે પદાર્થો પર સ્નેહ હોય છે તે સર્વ કરતાં અધિક અને સુદૃઢ સ્નેહ તે ભકિત. ભગવાનને વિષે મનની અવિચ્છિન્ન જે ગતિ તે ભકિત અને તેનાથીજ મુકિત છે.

ભકિતના પ્રકાર--સગુણ ભકિત ત્રણ પ્રકારની–તામસ, રાજસ અને સાત્ત્વિક. આચાર્યજી જે ભકિતનો ઉપદેશ કરે છે તે નિર્ગુણ અથવા પુષ્ટિભકિતનો છે. પુષ્ટિ શબ્દ ભગવાનની કૃપા, અનુગ્રહના અર્થમાં વાપરેલો છે ભકિતના પ્રારંભમાં આનંદ રહેલો છે, તેમજ અંતમાં પણ અનહદ આનંદ છે. એ પ્રમાણે ભકિત એ જ્ઞાન અને કર્મ કરતાં શ્રેષ્ઠ છે. પરબ્રહ્મના ગુણાવતાર બ્રહ્મા, વિષ્ણુ, શિવજી છે. માયા એ પરબ્રહ્મની ઇચ્છાશકિત છે. સત્ત્વ, રજ અને તમોગુણ એ માયાની સત્તા છે. એ

ગુણની અસર ઉપરના ત્રણ દેવો ઉપર થોડી અથવા ઘણી થાય છે, પણ એ ગુણોની પરમાત્મા ઉપર કાંઈ અસર થતી નથી, માટેજ ભગવાન નિર્ગુણ કહેવાય છે.

(૪) **બ્રહ્મસંબંધ**--ભગવાનને વિષે સંપૂર્ણ આત્મનિવેદન, ભગવાનને શરણે થવું તે. જગત્માં જે વસ્તુઓને જીવ પોતાની કહે છે તે સઘળી વસ્તુઓ, માલ મિલકત વગેરે સર્વ, ભગવાનનેજ ( કોઈ ગુરુ કે વ્યક્તિને નહીં ) અર્પણ કરવાની છે. આ ક્રિયાનેજ બીજી રીતે આત્મનિવેદન, શરણ, કહે છે, અને તે નિત્ય નિરંતર સ્મરણ કરવાનો અને તે પ્રમાણે વર્તવાનો ઉપદેશ છે.

(૫) **ભગવાનની સેવા**--ભગવાનમાં મન પરોવવું તે. સેવા ત્રણ પ્રકારની છે. તનુજા-શરીરથી થતી, વિત્તજા-પૈસાથી થતી, માનસી-મનથી થતી. તેમાં માનસી સેવા ઉત્તમ છે. તનુજા વિત્તજા એ માનસી સેવાનાં સાધન છે.

શ્રવણ, કીર્તન અને સ્મરણથી ભકિત ઉત્પન્ન થાય છે. જ્ઞાનસહિત શુધ્ધ ભાવથી અને વસ્તુનું તત્ત્વ જાણીને બુદ્ધિપૂર્વક ભગવાનનાં નામ લેવાં જોઈએ. ભગવાનની કીર્તિ સાંભળવાથી અને તેમનું ગાન કરવાથી પાપોનો નાશ થાય છે. ભગવાનનું કીર્તન કર્ણદ્વારા હૃદયમાં પ્રવેશ કરે છે અને હૃદયમાં રહેલાં પાપોને વલોવી મુખદ્વારા બહાર કાઢી નાખે છે અને અંતઃકરણ નિર્મળ કરે છે. ભગવદ્વાચક શબ્દોની શક્તિનો અને તાત્પર્યનો બીજાને બોધ કરવો અથવા પોતે તે તાત્પર્ય જાણવું તેનું નામ કીર્તન.

(૬) **બોધ**--જે મનમાં દુનીયાદારીના વિષયોના વિચાર હોય તેમાં શ્રીહરિનો આવેશ આવી શકતો નથી. ભકિતમાં શાસ્ત્રીય ક્રિયાઓ અને નિયમોને બહુ વજન અપાતું નથી. ભકતના લૌકિક, અલૌકિક ધર્મસંબંધી સર્વ કર્મોમાં પ્રેમ-વિશ્વવ્યાપી પ્રેમ-જ નિયામક હોવો જોઇએ. દુનીયાદારી ઇચ્છાઓના ગંધ કે સ્પર્શ વિનાના પ્રેમ-સર્વોપરિ પ્રેમ-ઉપરજ ઘણો ભાર અપાય છે. આ તેમનો બોધ અમુક જાત અથવા મતવાળાને માટે નથી, પણ સમસ્ત દુનીયા માટેનો હતો. ઇન્દ્રિયોથી પ્રાપ્ત કરેલું જ્ઞાન ઇશ્વરને પહોંચી શકતું નથી. ભગવાન માત્ર અંતઃકરણથી પહોંચી શકાય એવા છે.

(૭) **આચરણ**--વર્ણાશ્રમમાં રહેલા ધર્મ શકિત પ્રમાણે પાળવા, વિધર્મથી દૂર રહેવું, ઈંદ્રિયો પર સંયમ કેળવવો, સ્વાર્થરહિતપણાથી ભગવાનના ઉપર સ્નેહ, પ્રેમ, રાખી તેમની કૃપા, અનુગ્રહ, સંપાદન કરવાં.

શ્રીમદાચાર્યજીનું જીવન સર્વાંશે ભગવદીય અને ભગવન્મય હતું. તેમના ઉપદેશામૃતને હૃદયમાં ધારણ કરી તે પ્રમાણે વ્યવહારમાં મૂકી કૃતાર્થ થવું એજ મનુષ્યમાત્રનું કર્તવ્ય છે. આવા જગદ્વન્દ્ય શ્રીમદાચાર્યજી શ્રીમહાપ્રભુજીને અમારાં અનેકવાર વંદન હો, વંદન હો, વંદન હો.

---



ભગવચ્છાસ્ત્રનિષ્ણાત પ્રો. મગનલાલ ગણપતરામ શાસ્ત્રી, એમ. એ.
[ ગોલોકવાસ : સંવત ૧૯૯૧, આષાઢ કૃષ્ણ ૨
જન્મ : સંવત ૧૯૩૦, માર્ગશીર્ષ કૃષ્ણ ૪ ]

# ભગવદ્ધામસ્થ શાસ્ત્રી મગનલાલ ગણપતરામનું ટુંકું જીવનવૃત્તાન્ત

(લેખક—હીરાલાલ મોહનલાલ પરીખ)

ભગવદ્ધામપરાયણ શાસ્ત્રી મગનલાલભાઇનો જન્મ સંવત ૧૯૩૦ માગશર વદ ૪ ના પવિત્ર દિવસે ઉદીચ્ય ટોળકીયા બ્રાહ્મણજ્ઞાતિના વૈષ્ણવ કુટુંબમાં થયો હતો. તેમને વૈષ્ણવતાનો વારસો તેમના પિતા તરફથી મળેલો એટલે અનન્યતા વિગેરે સદ્‌ગુણો, માર્ગનો આગ્રહ જન્મસિદ્ધ હતા. સાંપ્રદાયિક પ્રણાલિકાનું જ્ઞાન પણ સાથે સાથે હતું જ. તેઓ સ્વરૂપે સૌન્દર્યવાન્, નીરોગી અને પ્રતિભાશાળી હતા. શાસ્ત્રીજીને પ્રભુદત્ત બ્રાહ્મણત્વ અને આચાર્યદત્ત વૈષ્ણવત્વ મળેલાં, એટલે જ્ઞાન અને ભક્તિનો સંગમ તેમનામાં સર્વાંશે હતો. પોતે પ્રખર વિદ્વાન આદર્શ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ અને સંપ્રદાયના મુકુટમણિ હતા.

શાસ્ત્રીજીએ વ્યાકરણ, સાહિત્ય, વેદાન્ત, મીમાંસાદિ શાસ્ત્રોનો અભ્યાસ શાસ્ત્રીય પધ્ધતિથી કર્યો હતો. શાંકર, રામાનુજ, મધ્વ, નિમ્બાર્કાદિ સામ્પ્રદાયિક ભાષ્યોનું અવલોકન કરેલું. તેઓ શુદ્ધાદ્વૈત વેદાન્તના પ્રખર અભ્યાસી હતા, એટલું જ નહિ પણ તેને સર્વાંશે આચરણમાં ઉતારેલાં હતાં. આ ઉપરાંત તેમણે આંગ્લ વિદ્યાની એમ. એ. ની ડીગ્રી મેળવી હતી.

પોતે સ્વભાવે મીલનસાર સત્યવકતા હોવાથી કોઈ પ્રસંગે પ્રતિવાદી પ્રતિ કેસરી સમાન ઉગ્ર, પણ ચિત્તના સરલ અને શાંત હતા. દુનિયાદારીની બાબતોમાં નિર્દોષ, અતિ વિશ્વાસુ અને ઉદ્યોગી હતા. અનન્યતા, મહાપ્રભુજીમાં વિશ્વાસ અને તેમનેજ પોતાનું સર્વસ્વ માનતા હતા. રહેણી કરણી તદ્દન સાદી, ચારિત્ર અને જીવનવ્યવહારમાં મક્કમતા, નિર્મળતા, નિઃસ્વાર્થતા, વિનમ્રતા, કર્તવ્યનિષ્ઠા અને તપોમયતા તેમના મુખમંડળ પર તરી આવતી હતી. વિદ્યાર્થીઓને સંસ્કૃત બહુજ સરળ પધ્ધતિથી શીખવાડતા. જીજ્ઞાસુ, પછી તે ગમે તે હોય—પારસી—સંન્યાસી કે હર કોઈને શાંકર વેદાન્ત પોતે ચુસ્ત શાંકર હોય તેમ શીખવતા હતા. આવી રીતે પોતાના જ્ઞાનનો લાભ બીજાને આનંદપૂર્વક આપતા.

તેઓ પ્રખર વકતા અને વ્યાખ્યાતા પણ હતા. તેમનાં વ્યાખ્યાન સ્પષ્ટ, સરળ અને અસરકારક હતાં. લખાણ ગૂઢભાષી અને ઉચ્ચભાષામાં આવતાં હતાં.

સંપ્રદાયની ઉન્નતિ માટે તેમનાં પ્રવચનો પુના, મુંબાઈ, વડોદરા, સૂરત, મથુરા, કાશી વિગેરે અનેક સ્થળોએ થએલાં છે. ગીતા પર પ્રવચન, મુંબાઇમાં લાગલગટ દર અઠવાડીયે એક વખત પુનાથી પોતાના ખર્ચે આવી કરેલાં છે.

તેમણે શુદ્ધાદ્વૈતમાર્તંડનો ઉપોદ્‌ઘાત લખેલો છે જે શુદ્ધાદ્વૈતસિદ્ધાન્ત-પ્રદીપના નામથી સ્વતંત્ર ગ્રંથ તરીકે તેમની સ્મારક માળાના પ્રથમ ગ્રંથ તરીકે પ્રસિદ્ધ થયેલો છે. શ્રીસુબોધિનીજી, સપ્રદીપ અણુભાષ્ય, ગાયત્રીભાષ્યવિવરણ વિગેરે નાના મોટા ઘણા ગ્રંથોના અનુવાદ કર્યાં છે. પુષ્ટિભકિતસુધા, પુષ્ટિસુધા આદિ માસિકોમાં અનેક લેખો આપ્યા છે. આવી રીતે સાહિત્યની ઉણપ પૂરી કરી વૈષ્ણવ સમાજમાં જાગૃતિ આણી છે.

વૈષ્ણવ પરિષદની લોકપ્રિય સંસ્થા સ્થાપવાનું માન પણ તેમને છે. સાંપ્રદાયિક જ્ઞાનમાં વૃદ્ધિ કરવી અને પ્રસંગ આવ્યે તેનો લાભ બીજાઓને આપવો એ તેમનું મહાસૂત્ર હતું, જેના પરિણામે શ્રી. તેલીવાલા, શ્રી. ધીરજ-ભાઈ સાંકળીયા, શ્રી. વાડીલાલભાઈ, પ્રિ. જેઠાલાલભાઈ, પ્રો. ગોવિન્દલાલભાઈ, પ્રો. નાગરદાસ બાંભણીઆ જેવા અનેક ગ્રેજ્યુએટ ભાઇઓએ, અને શ્રી. વસંતરામ શાસ્ત્રી, ચીમનલાલશાસ્ત્રી જેવા શાસ્ત્રીઓએ સાંપ્રદાયિક તત્ત્વજ્ઞાન તેમની પાસે મેળવી માર્ગના સાહિત્યના પ્રકાશમાં અજોડ ફાળો આપ્યો છે, અને તે કાર્ય ચાલુ છે તે તેમને આભારી છે. ગોસ્વામી બાલકોને અણુભાષ્યાદિ ગ્રંથોનું અધ્યાપન કરાવતા; અને નડીઆદના ગોસ્વામી શ્રીઅનિરુદ્ધલાલજી મહારાજ, અને સુરતના ગોસ્વામી શ્રીવ્રજરત્ન-લાલજી મહારાજ માટે બહુ અભિમાન ધરાવતા હતા. જીજ્ઞાસુ મંડળને ગીતા, ભાગવતાદિ ગ્રંથોના અર્થો ઝીણવટથી સમજાવતા હતા. તેમનું જીવન ઋષિ મુનિઓના જીવનનો ખ્યાલ આપે તેવું હતું. ભગવત્સેવાપરાયણ રહેવું, સત્સંગનો બીજાને લાભ આપવો, અધ્યયન–અધ્યાપન, અભણને પણ રુચે એવી કથાવાર્તા તેમની યોગ્યતા અનુસાર કરવી, એવી તેમની દિનચર્યા હતી. પોતે નામસેવાપરાયણ જીવન વ્યતીત કરતા. તેમનું નિવેદન માત્ર નામનું ન હોતું, પણ સર્વસ્વ પ્રભુનું માની પોતાનું સર્વ પ્રભુને નિવેદન કરતા. તેમની ભકિત અને ભગવદ્‌ભાવ સેવામાં અજોડ હતાં. તેઓ નામસેવાસાથે સ્વરૂપસેવા પણ કરતા અને સેવાનો આદર્શ વૈષ્ણવ



સૃષ્ટિ સમક્ષ બતાવતા. તેમણે સરકારી નોકરીમાં પોતાના જીવનનો મોટો ભાગ ગાળેલો હતો. પુના ડેક્કન કોલેજના સંસ્કૃતના પ્રોફેસર તરીકેના ઉચ્ચ હોદ્દા પર લગભગ ૧૬ વર્ષ સુધી રહેવા છતાં સ્વધર્મપાલનમાં ઘણાજ દઢ હતા. ૫૫ વર્ષની વયે નોકરીમાંથી માન સાથે નિવૃત્ત થયા પછી આયુષ્યનો બાકી રહેલો ભાગ અધ્યયન–અધ્યાપન, નામસેવા રૂપસેવામાં આનંદપૂર્વક ગાળેલો. તેઓ ૬૨ વર્ષની વયે પોતાની પાછળ બે પુત્રીઓ મુકી સંવત ૧૯૯૧ આષાઢ વદી ૨–તા. ૧૮–૭–૧૯૩૫ ના રોજ શ્રીહરિની નિત્યલીલામાં પ્રવેશ પામ્યા છે, અને પુષ્ટિમાર્ગના અને વૈષ્ણવવૃંદના સ્તંભરૂપ તેમની નામસેવા-રૂપ દિવ્ય વારસો સૃષ્ટિને અર્પણ કરી સદાને માટે અમર થયા છે.

તેમણે બજાવેલી માર્ગની સેવાનું ઋણ અદા કરવા, અને તેમની સ્મૃતિ ચિરસ્થાયી રાખવા તેમના નામની સ્મારક માળાનું પ્રકાશન કરેલું છે. તેમના સ્મરણમાં ‘ અનુગ્રહ ’ માસિક પણ ચલાવવામાં આવ્યું છે. તેમાં વૈષ્ણવ બંધુ-ઓએ ખરા દીલથી સહાય કરી જ્ઞાનવૃદ્ધિનાં સાધનો વધારવાં જોઇએ. આવા ધર્મવીર, નરરત્નને અમારાં શતશઃ વંદન હો.

। श्रीकृष्णाय नमः ।

। श्रीगोपीजनवल्लभाय नमः ।

॥ श्रीमदाचार्यचरणकमलेभ्यो नमः ॥

# ॥ मंगलाचरणम् ॥

श्रीगोवर्धननाथपादयुगलं हैयङ्गवीनप्रियं
नित्यं श्रीमथुराधिपं सुखकरं श्रीविट्ठलेशं मुदा ।
श्रीमद्द्वारवतीशगोकुलपती श्रीगोकुलेन्दुं विभुं
श्रीमन्मन्मथमोहनं नटवरं श्रीबालकृष्णं भजे ॥ १ ॥

पदच्छेदः–श्रीगोवर्धननाथ–पादयुगलम्, हैयङ्गवीनप्रियम्,
नित्यम्, श्रीमथुराधिपम्, सुखकरम्, श्रीविट्ठलेशम्, मुदा।
श्रीमद्द्वारवतीशगोकुलपती, श्रीगोकुलेन्दुम्, विभुम्,
श्रीमन्मन्मथमोहनम्, नटवरम्, श्रीबालकृष्णम्, भजे ॥ १ ॥

**अन्वयार्थः**–**सुखकरम्**–સુખ આપનારાં, **श्रीगोवर्धननाथ–पादयुगलम्**–શ્રીગોવર્ધનનાથજી–શ્રીનાથજીનાં બન્ને ચરણકમલોને, **हैयङ्गवीनप्रियम्**–તાજું માખણ જેમને પ્રિય છે એવા શ્રીનવનીતપ્રિયજીને, **श्रीमथुराधिपम्**–શ્રીમથુરેશજીને **श्रीविठ्ठलेशम्**–શ્રીવિઠ્ઠલેશરાયજીને, **श्रीमद्द्वारवतीशगोकुलपती**–શ્રીદ્વારકાનાથજી અને શ્રીગોકુળનાથજીને, **श्रीगोकुलेन्दुम्, विभुम्**–પ્રભુ શ્રીગોકુલચંદ્રમાજીને **श्रीमन्मन्मथमोहनम्**–શ્રીમદનમોહનજીને, **नटवरम्**–શ્રીનટવરલાલજીને **श्रीबालकृष्णम्**–શ્રીબાલકૃષ્ણજીને, **नित्यम, मुदा**–સદા, હર્ષથી **भजे**–હું ભજુ છું.

**શ્લોકાર્થ** :—સુખ આપનારા શ્રીનાથજીનાં બન્ને ચરણકમલોને, શ્રીનવનીતપ્રિયજીને, શ્રીમથુરેશજીને, શ્રીવિઠ્ઠલેશરાયજીને, શ્રીદ્વારકાનાથજી અને શ્રીગોકુલનાથજીને, પ્રભુ શ્રીગોકુલચંદ્રમાજીને, શ્રીમદનમોહનજીને, શ્રીનટવરલાલજીને, શ્રીબાલકૃષ્ણજીને સદા હર્ષથી હું ભજુ છું.

૧ ટીકા-શ્રીકૃષ્ણ ભગવાને આઠ સ્વરૂપ કરી શ્રી વ્રજમાં જે પુષ્ટિલીલા કરેલી છે તે સ્વરૂપોના ભાવ :—

૧ શ્રીગોવર્ધનનાથજી-ડાબો શ્રીહસ્ત ઉંચો કરી નિકુંજમાં ભક્તોને બોલાવે છે, જમણો શ્રીહસ્ત બધા ભક્તોનાં મન મૂઠીમાં રાખી કટિ પર ધરેલો છે. તે પ્રમેય પ્રકરણની શ્રીવૃન્દાવનની લીલાનું સ્વરૂપ છે, અને તે શ્રીનાથદ્વારમાં બિરાજે છે.

૨. શ્રીનવનીતપ્રિયજી-જેમના એક શ્રીહસ્તમાં તાજું માખણ છે. તે પ્રમાણ પ્રકરણની શ્રીનંદરાયજીના ઘરની બાલલીલાનું સ્વરૂપ છે તે પણ શ્રીનાથદ્વારમાં બિરાજે છે, તે શ્રીગોવર્ધનનાથજીની ગોદના ઠાકુરજી છે.

૩. શ્રીમથુરેશજી-ગોચારણ આદિ ૧૪, રસની લીલાનો વ્રજભક્તોને અનુભવ કરાવ્યો તે પ્રમેય પ્રકરણનું સ્વરૂપ છે, જે કોટામાં બિરાજે છે.

૪. શ્રીવિઠ્ઠલેશરાયજી-વ્રજભક્તોને રાસપંચાધ્યાયીની લીલામાં શ્રીયમુનાજીનાં દર્શન કરાવી ભગવત્સ્ફૂર્તિ કરાવી અને શ્રીગોપીજનોએ ગીત ગાયું તે વખતે પોતે રસમગ્ન થઇ કટિ પર બન્ને શ્રીહસ્તો ધરી ઉભા રહ્યા તે-ફલ પ્રકરણની લીલાનું સ્વરૂપ છે. તે શ્રીનાથદ્વારમાં બિરાજે છે.

૫. શ્રીદ્વારકાનાથજી-શ્રીકૃષ્ણ પોતાના બન્ને શ્રીહસ્તથી શ્રીસ્વામિનીજીનાં નેત્ર મીંચે છે. તે સ્વામિનીજી જાણે નહીં તે સારૂ પોતે બીજા બે શ્રીહસ્તો કરી વેણુનાદ કરે છે, તે પ્રમેય પ્રકરણની લીલાનું સ્વરૂપ શ્રીકાંકરોલીમાં બિરાજે છે.

૬. શ્રીગોકુલનાથજી-શ્રીગોવર્ધનધારણની લીલા કરતી વખતે એક શ્રીહસ્તથી શ્રીગોવર્ધનને ધારણ કર્યો, બીજા એક શ્રીહસ્તથી શંખ ધારણ કરી જલની વૃષ્ટિનું નિવારણ કર્યું અને બીજા બે શ્રીહસ્તથી વેણુનાદ કર્યો. તે સાધન પ્રકરણની લીલાનું સ્વરૂપ શ્રીગોકુલમાં બિરાજે છે.

૭. શ્રી ગોકુલચંદ્રમાજી-વ્રજભક્તોની સાથે રાસલીલા કરી તે ફલ પ્રકરણની લીલાનું સ્વરૂપ છે જે શ્રીકામવનમાં બિરાજે છે.

૮. શ્રીમદનમોહનજી-રાસપંચાધ્યાયીમાં પ્રથમ વેણુનાદ કરી વ્રજભક્તોને બોલાવ્યા તે ફલ પ્રકરણની લીલાનું સ્વરૂપ પણ શ્રીકામવનમાં બિરાજે છે.



શ્રીનટવરલાલજી-શ્રીમથુરેશજીની ગોદના ઠાકુરજી છે. વેણુગીતના આશયનું આ સ્વરૂપ છે જે અમદાવાદમાં બિરાજે છે.

શ્રીબાલકૃષ્ણજી-શ્રીદ્વારકાનાથજીની ગોદના ઠાકુરજી છે. બાલ્ય ભાવના આશયનું આ સ્વરૂપ છે જે સૂરતમાં બિરાજે છે.

श्रीमद्वल्लभविट्ठलौ गिरिधरं गोविन्दरायाभिधं
श्रीमद्बालककृष्णगोकुलपती नाथं रघूणां तथा ।
एवं श्रीयदुनायकं किल घनश्यामं च तद्वंशजान्
कालिन्दीं स्वगुरून्गिरिं गुरुविभूंस्वीयप्रभूँश्च स्मरेत् ॥ २ ॥

श्रीमद्वल्लभविट्ठलौ, गिरिधरम्, गोविन्दरायाभिधम्,
श्रीमद्बालककृष्णगोकुलपती, नाथम्, रघूणाम्, तथा । एवं,
श्रीयदुनायकम्, किल, घनश्यामम्, च, तद्वंशजान्, कालिन्दीम्,
स्वगुरून्, गिरिम्, गुरुविभून्, स्वीयप्रभून्, च, स्मरेत् ॥ २ ॥

**श्रीमद्वल्लभविट्ठलौ**-શ્રીમદ્વલ્લભાચાર્યજી અને શ્રીવિઠ્ઠલનાથજી, **गिरिधरम्**-શ્રીગિરિધરજી, **गोविन्दरायाभिधम्**-શ્રીગોવિન્દરાયજી, **श्रीमद्बालककृष्णगोकुलपती**-શ્રીબાલકૃષ્ણજી અને શ્રીગોકુલનાથજી, **नाथं रघूणाम्, तथा**-અને શ્રી રઘુનાથજી, **एवं, श्रीयदुनायकं**-એવી રીતે શ્રી યદુનાથજી, **किल**-નિશ્ચય, **घनश्यामम्**-શ્રીઘનશ્યામલાલજી, **च, तद्वंशजान्**-અને તેમના વંશજ, **कालिन्दीम्**-શ્રીયમુનાજી, **स्वगुरून्**-પોતાના ગુરુદેવ, **गिरिम्**-શ્રીગિરિરાજજી, **गुरुविभून्**-શ્રીગુરુના સેવ્યસ્વરૂપ, **स्वीयप्रभून्, च**,-અને પોતાના સેવ્ય સ્વરૂપને, **स्मरेत्**-સ્મરણ કરવા

શ્રીમદાચાર્યજી અને શ્રીગુસાંઇજી, શ્રીગિરિધરજી, શ્રીગોવિન્દરાયજી, શ્રીબાલકૃષ્ણજી અને શ્રીગોકુલનાથજી, શ્રીરઘુનાથજી, શ્રીયદુનાથજી, શ્રીઘનશ્યામલાલજી, અને તેમના વંશજ, શ્રીયમુનાજી, પોતાના ગુરુદેવ, શ્રીગિરિરાજજી, શ્રીગુરુદેવના સેવ્યસ્વરૂપ અને પોતાના સેવ્યસ્વરૂપને સ્મરણ કરવાં. ૨

चिन्तासन्तानहन्तारो यत्पादाम्बुजरेणवः ।
स्वीयानां तान्निजाचार्यान् प्रणमामि मुहुर्मुहुः ॥ ३ ॥

चिन्तासन्तानहन्तारः, यत्पादाम्बुजरेणवः,
स्वीयानाम्, तान्, निजाचार्यान्, प्रणमामि, मुहुः, मुहुः ॥ ३ ॥

**यत्पादाम्बुजरेणवः**-જેમના ચરણકમલની રેણુ-રજકણો, **स्वीयानाम्**-પોતાના સેવકોની **चिन्तासन्तानहन्तारः**-ચિંતાની પરંપરાના વારંવાર ઉત્પન્ન થતા તરંગોના નાશ કરનારા છે, **तान्निजाचार्यान्**-તે પોતાના આચાર્ય-શ્રીમન્ મહાપ્રભુજીને, **मुहुः, मुहुः**-વારંવાર **प्रणमामि**-હું પ્રણામ કરૂં છું.

જેમના ચરણકમલની રજ, પોતાના સેવકોની ચિન્તાઓને નાશ કરનારી છે તેવા પોતાના આચાર્યચરણ-શ્રીમન્ મહાપ્રભુજીને હું વારંવાર પ્રણામ કરૂં છું.-૩.

यदनुग्रहतो जन्तुः सर्वदुःखातिगो भवेत् ।
तमहं सर्वदा वन्दे श्रीमद्वल्लभनंदनम् ॥ ४ ॥
यदनुग्रहतः, जन्तुः, सर्वदुःखातिगः, भवेत् ।
तम्, अहम्, सर्वदा, वन्दे, श्रीमद्वल्लभनंदनम् ॥ ४ ॥

**यदनुग्रहतः**-જેમની કૃપાથી, **जन्तुः**-પ્રાણીમાત્ર, **सर्वदुःखातिगः**-સર્વ દુઃખોનું ઉલ્લંઘન કરનારા, **भवेत्**-થાય, **तम्**, **श्रीवल्लभनन्दनम्**-તે શ્રીમદ્‌-વલ્લભાચાર્યજીના કુમાર શ્રીમદ્‌વિઠ્ઠલનાથજી-શ્રીગુંસાંઇજીને **अहम्**-હું, **सर्वदा**-સદૈવ, **वन्दे**-વન્દન કરૂં છું.

જેમની કૃપાથી પ્રાણીમાત્ર સર્વ દુઃખોનું ઉલ્લંઘન કરનારા થાય તે, શ્રીમદ્‌ વલ્લભાચાર્યજીના કુમાર શ્રીમદ્‌વિઠ્ઠલનાથજી શ્રીગુસાંઇજીને હું, સદૈવ વંદન કરૂં છું ૪.

अज्ञानतिमिरान्धस्य ज्ञानाञ्जनशलाकया ।
चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः ॥ ५ ॥
अज्ञानतिमिरान्धस्य, ज्ञानाञ्जनशलाकया ।
चक्षुः, उन्मीलतम्, येन, तस्मै, श्रीगुरवे, नमः ॥ ५ ॥



**येन**-જેમણે, **ज्ञानाञ्जनशलाकया**-જ્ઞાનરૂપ અંજનની શલાકા, સળી, વડે **चक्षुः** નેત્ર, **उन्मीलितम्**-ઉઘાડેલાં છે, **तस्मै**-તે, **श्रीगुरवे**- શ્રીગુરુદેવને **नमः**-નમન હો.

જેમણે જ્ઞાનરૂપ અંજનની સળીવડે અજ્ઞાનરૂપ અંધકારથી અંધ બનેલાનાં નેત્ર ઉઘાડેલાં છે તે શ્રીગુરુદેવને નમન હો. ૫

नमामि हृदये शेषे लीलाक्षीराब्धिशायिनम् ।
लक्ष्मीसहस्रलीलाभिः सेव्यमानं कलानिधिम् ॥ ६ ॥
नमामि, हृदये, शेषे, लीलाक्षीराब्धिशायिनम् ।
लक्ष्मीसहस्रलीलाभिः, सेव्यमानम्, कलानिधिम् ॥ ६ ॥

**हृदये, शेषे**,-શેષરૂપી હૃદયમાં **लीलाक्षीराब्धिशायिनम्**-લીલારૂપી ક્ષીર-સાગરમાં શયન કરતા **लक्ष्मीसहस्रलीलाभिः**-હજારો લક્ષ્મીઓ અને તેઓની લીલાઓથી, **सेव्यमानम्**-સેવાતા, **कलानिधिम्**-કલાના નિધિને, **नमामि**-હું નમન કરૂ છું.

શેષરૂપી હૃદયમાં લીલારૂપી ક્ષીરસાગરમાં શયન કરતા, હજારો લક્ષ્મીઓ અને તેઓની લીલાઓથી સેવાતા કલાનિધિરૂપ શ્રીપૂર્ણપુરુષોત્તમને હું નમન કરૂં છું. ૬

શ્રીભગવાન જેમ વૃન્દાવનમાં પ્રવેશ કરી વેણુનાદ કરવા વગેરે લીલાઓ કરે છે તેમ સર્વાત્મભાવવાળા મારા હૃદયમાં નિરંતર ભાવનાથી રસાત્મક પુષ્ટિમા-ર્ગીય લીલાસાગર જે પ્રકટ થએલો અને શ્રી ભગવાને પોતે જ કરેલો છે તે લીલા-સાગરમાં હજારો વ્રજ ભક્તોથી અને તેઓની લીલાથી સેવાતા શ્રીપ્રભુને હું નમું છું.

चतुर्भिश्च चतुर्भिश्च चतुर्भिश्च त्रिभिस्तथा ।
षड्भिर्विराजते योऽसौ पञ्चधा हृदये मम ॥ ७ ॥
चतुर्भिः, च, चतुर्भिः, च, चतुर्भिः च, त्रिभिः, तथा,
षड्भिः, विराजते, यः, असौ, पञ्चधा, हृदये, मम ॥ ७ ॥

**चतुर्भिः, च**-ચારથી અને **चतुर्भिः, च**- ચારથી અને **चतुर्भिः, च** ચારથી અને, **त्रिभिः** ત્રણથી **तथा**- અને **षड्भिः**- છથી એમ **पञ्चधा**- પાંચ પ્રકારે

**च,-असौ** જે આ, **मम, हृदये**-મારા હૃદયમાં **विराजते**-બિરાજે છે ( તેમને નમન કરૂં છું. )

(૧) ચારથી (૨) ચારથી (૩) ચારથી (૪) ત્રણથી તથા (૫) છથી એમ પાંચ પ્રકારે જે મારા હૃદયમાં બિરાજે છે તેમને નમન કરૂં છું.

શ્રીમદ્‌ભાગવતમાં દશમસ્કંધમાં નિરોધલીલાનાં પાંચ પ્રકરણો છે જે પ્રકરણના અર્થરૂપ (શ્રીભગવાન) પાંચ પ્રકારે છે. પહેલું જન્મ પ્રકરણ ચાર અધ્યાયોનું છે, બીજું તામસ પ્રકરણ, પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલરૂપ ચાર (પેટા) પ્રકરણોનું છે. તેના સાત સાત અધ્યાય પ્રમાણે ૨૮ અધ્યાય છે. ત્રીજું રાજસ પ્રકરણ બીજા જેવું ચાર (પેટા) પ્રકરણોનું છે. તે દરેકના સાત અધ્યાય પ્રમાણે ૨૮ અધ્યાય છે. ચોથું સાત્ત્વિક પ્રકરણ પ્રમેય સાધન અને ફલરૂપ ત્રણ (પેટા) પ્રકરણનું છે. તેના સાત સાત અધ્યાય પ્રમાણે ૨૧ અધ્યાય છે. પાંચમુ ગુણ પ્રકરણ છ અધ્યાયોનું છે. એમ ૪+૨૮+૨૮+૨૧+૬ મળી ૮૭ અધ્યાયયુકત પાંચ પ્રકારના અર્થરૂપ ભગવાન મારા હૃદયમાં બિરાજે છે તેમને નમન કરૂં છુ. દશમસ્કંધના ૯૦ અધ્યાય છે, પણ અધ્યાય ૧૨-૧૩-૧૪ ક્ષેપક માનેલા હોવાથી તે બાદ કરતાં નિરોધ લીલાના ૮૭ અધ્યાય ગણેલા છે.

---

# स्वरूपध्यानम् ।

बर्हापीडं नटवरवपुः कर्णयोः कर्णिकारं
बिभ्रद्वासः कनककपिशं वैजयन्तीं च मालाम् ।
रन्ध्रान् वेणोरधरसुधया पूरयन् गोपवृन्दै-
र्वृन्दारण्यं स्वपदरमण प्राविशद् गीतकीर्तिः ॥ ८ ॥

बर्हापीडम्, नटवरवपुः, कर्णयोः, कर्णिकारम्, बिभ्रद्, वासः, कनककपिशं, वैजयन्तीम्, च, मालाम् । रन्ध्रान्, वेणोः, अधर-सुधया, पूरयन्, गोपवृन्दैः, वृन्दारण्यम्, स्वपदरमणम्, प्राविशत्, गीतकीर्तिः ॥ ८ ॥



**बर्हापीडम्**-મયૂરપિચ્છના મુકુટને **कर्णयो. कर्णिकारम्**-કાનમાં કનેરનાં પીળાં પુષ્પને **वैजयन्तीम्, च, मालाम्**-અને પાંચ પ્રકારના સુગન્ધિત પુષ્પોની બનેલી વનમાલા **बिभ्रद्**-ધારણ કરનારા, **नटवरवपु**.-નટ અને વરવત્ જેમનું સ્વરૂપ છે તેવા, **वेणो. रन्ध्रान्**-વેણુના છિદ્રોને, **अधरसुधया**-અધરામૃતથી **पूरयन्**-પૂરતા **गोपवृन्दैः**-ગ્વાલબાલથી, **गीतकीर्तिः**-કીર્તિથી ગાન ગવાતા **वृन्दारण्यम्**-શ્રી વૃન્દાવનમાં, **स्वपदचरणम्**-પોતાના ચરણચિહ્નોથી રમણીય બનાવતા શ્રીકૃષ્ણે, **प्राविशत्**-પ્રવેશ કર્યો.

શ્યામસુંદર શ્રીકૃષ્ણ ભગવાનના શ્રીમસ્તક પર મયૂરપિચ્છનો મુકુટ, શ્રી કર્ણમાં કનેરનાં પીળાં પુષ્પો, શ્રીઅંગ પર સોનેરી પીતામ્બર, અને શ્રીકંઠમાં વૈજયન્તી વનમાલા શોભે છે. નટ અને વરવત્ જેમનું સ્વરૂપ છે એવા, વેણુના છિદ્રોને પોતાના અધરામૃતથી પૂરી રહેલા, ગ્વાલમંડળીથી યશોગાન ગવાતા એવા, શ્રીવૈકુણ્ઠથી પણ શ્રેષ્ઠ શ્રીવૃન્દાવનમાં પોતાના ચરણચિહ્નોથી રમણીય બનાવતા પોતે પધાર્યા. ૮.

सौन्दर्यं निजहृद्गतं प्रकटितं स्त्रीगूढभावात्मकं
पुँरूपश्च पुनस्तदन्तरगतं प्रावीविशत्स्वप्रिये ।
संश्लिष्टावुभयोर्बभौ रसमयः कृष्णो हि यत्साक्षिकं
रूपं तत्त्रितयात्मकं परमभिध्येयं सदा वल्लभम् ॥ ९ ॥

सौन्दयम्, निज-हृद्गतम्, प्रकटितम् स्त्रीगूढभावात्मकम्
पुंरूपम्, च, पुनः, तत्, अन्तरगतम् प्रावीविशत्, स्वप्रिये ।
संश्लिष्टौ, उभयोः, बभौ, रसमयः, कृष्णः, हि, यत्साक्षिकम्,
रूपम्, तत्, त्रितयात्मकम्, परम्, अभिध्येयम्, सदा, वल्लभम् ॥ ९ ॥

**निजहृद्गतम्**-પોતાના-શ્રી ભગવાનના હૃદયમાં બિરાજતું **स्त्रीगूढभावात्मकम्**-સ્ત્રીગૂઢ ભાવાત્મક **पुँरूपम्, च,**-અને પુમ્ભાવાત્મક **सौन्दर्यम्**-સૌંદર્ય **प्रकटितम्**-પ્રકટ કર્યું તે **तत्, अन्तरगतम्**-તેમજ સ્ત્રીપુમ્ભાવાત્મક સૌન્દર્ય શ્રીસ્વામિનીજીના હૃદયમાં બિરાજતું **पुनः**-ફરી (પ્રકટ કર્યું તે) એમ બન્ને સ્થલનું, બન્ને પ્રકારનું, સ્ત્રીગૂઢાત્મક અને પુમ્ભાવાત્મક સૌન્દર્ય પોતાના વલ્લભાચાર્યજીમાં **प्रावीविशत्**-શ્રીકૃષ્ણે પ્રવેશાવ્યું **उभयोःसंश्लिष्टौ**-તે બન્ને પ્રકારના સ્ત્રીપુમ્ભાવનો સંયોગ થતાં **रसमयः, कृष्णः हि**-રસાત્મક શ્રીકૃષ્ણ જ **बभौ**-શોભ્યા-અર્થાત્ સ્વપ્રિય સ્વરૂપ સાથે એકે રસ થઇ શોભ્યા **यत्, साक्षिकम्**-જેના સાક્ષી **तत्, त्रितयात्मकम्,**

### મંગલાચરણના શ્લોક ૭ માનું સ્પષ્ટીકરણ.

દશમસ્કંધ નિરોધલીલાનાં પાંચ પ્રકરણો છે અને તેના ૮૭ અધ્યાયો છે. તે યુક્ત પાંચ પ્રકારના અર્થરૂપ ભગવાનને નમન છે.

**નિરોધ-દશમસ્કન્ધ.**

- જન્મ પ્રકરણ, અધ્યાય ૪
  - વ્યૂહમાં—વાસુદેવ ૧
  - સંકર્ષણ ૨
  - પ્રદ્યુમ્ન ૩
  - અનિરુદ્ધ ૪
- તામસ પ્રકરણ, ચાર પેટા પ્રકરણ, અધ્યાય ૨૮
  - પ્રમાણ ૭
  - પ્રમેય ૭
  - સાધન ૭
  - ફલ ૭
- રાજસ, ચાર પેટા પ્રકરણ, અધ્યાય ૨૮
  - પ્રમાણ ૭
  - પ્રમેય ૭
  - સાધન ૭
  - ફલ ૭
- સાત્વિક, ત્રણ પેટા પ્રકરણ, અધ્યાય ૨૧
  - પ્રમેય ૭
  - સાધન ૭
  - ફલ ૭
- ગુણ પ્રકરણ, ૭ અધ્યાય
  - ઐશ્વર્ય ૧
  - વીર્ય ૨
  - યશ ૩
  - શ્રી ૪
  - જ્ઞાન ૫
  - વૈરાગ્ય ૬

આ રીતે પાંચ પ્રકરણો અને ૮૭ અધ્યાયો છે.

# ૧ श्रीयमुनाष्टकम्

**ગ્રન્થપરિચય**—શ્રીપ્રભુનું પ્રાકટય જેમ નિજજનોનો ઉદ્ધાર કરવા થયેલું છે તેમ શ્રીયમુનાજીનો પ્રાદુર્ભાવ પણ નિઃસાધન જીવોને ભગવત્સંબંધ કરાવવા સારૂજ છે, પરંતુ જીવો સ્વભાવથી અલ્પજ્ઞ અને દોષોવાળા હોવાથી તેમના દોષો નાશ થયા વિના તેમને ભગવત્સંબંધ થઈ શકતો નથી. આવા જીવોને અનાયાસે ભગવત્સંબંધ કરાવી શકે તેવાં એકલાં શ્રીયમુનાજીજ છે. તેમના અનુગ્રહ વિના બીજા કોઈપણ સાધનથી પોતે પ્રાપ્ત થઈ શકે નહીં એમ વિચારી શ્રીપ્રભુએ પોતાનાં ઐશ્વર્યો શ્રીયમુનાજીમાં સ્થાપન કર્યાં છે અને શ્રીયમુનાજી આ ઐશ્વર્યનું દાન પોતાના ભકતોને કરે છે, તેથી ભક્તિમાર્ગમાં પ્રવેશ થવા સારૂ શ્રીયમુનાજીનો આશ્રય કરવો જરૂરી છે. તેમની કૃપાથી જીવના દોષો નિવૃત્ત થાય છે. દિવ્ય તનુ પ્રાપ્ત કરી ભજનાનંદ અનુભવાય છે. તે કારણથી શ્રીમદાચાર્યચરણે ષોડશગ્રન્થમાં શ્રીયમુનાષ્ટકના સ્તોત્રથી આરંભ કરેલો છે અને તેમાં શ્રીયમુનાજીના સ્વરૂપનું વર્ણન કરેલું છે. પ્રથમ શ્રીયમુનાજીનું ઐશ્વર્યરૂપ સિદ્ધિઓ આપવાનું સામર્થ્ય જણાવી, પછી તેમના આવિર્ભાવનો પ્રકાર કહેલો છે, અને ભૂમિપર પધાર્યા પછીના તેમના ધર્મો જણાવી તેમનામાં શ્રીભગવાનના સમાન ધર્મો છે તેનું નિરૂપણ કરેલું છે. શ્રીયમુનાજી ભગવદીય જનોની મહત્તા વધારનારાં, ભકતોને અનુકૂલ અને શ્રીપ્રભુનાં અત્યંત પ્રિય છે. તૃષા મટાડવા કરેલું યમુનાજલનું પાન ઉત્તમ ગતિ કે યમયાતનામાંથી મુક્ત થવાના કારણરૂપ નથી છતાં તેનાથી યમયાતના છૂટી જાય છે, તો પછી ભક્તિપૂર્ણ થઇને માહાત્મ્યજ્ઞાનપૂર્વક યમુનાજલનું પાન થાય તો તે ઉત્તમ ફલ આપે અને જીવ હરિને પ્રિય થાય એમાં આશ્ચર્ય શું છે?

શ્રીયમુનાજીનો સંબંધ થયા પછી શ્રીપ્રભુમાં અધિક ભક્તિ થાય છે આવી રીતનું તેમનું અદ્ભુત ચરિત્ર છે. શ્રીયમુનાષ્ટકના આ સ્તોત્રનો પાઠ અર્થાનુસંધાનપૂર્વક જે કોઈ પ્રસન્ન ચિત્તથી નિત્ય કરે તેનાં પાપો નાશ થાય છે, શ્રીભગવાનમાં સ્નેહ થાય છે, સર્વ સિદ્ધિઓ મળે છે, શ્રીપ્રભુ પ્રસન્ન થાય છે, અંતઃકરણની વાસનાસહિત સ્વભાવ બદલાઈ દૈવી થાય છે અને આનંદનું દાન કરે છે. એમ શ્રીમહાપ્રભુજીએ આ ગ્રંથમાં નિરૂપણ કરેલું છે.

मूलम्—नमामि यमुनामहं सकलसिद्धिहेतुं मुदा

मुरारिपदपङ्कजस्फुरदमन्दरेणूत्कटाम् ।

तटस्थनवकाननप्रकटमोदपुष्पाम्बुना

सुरासुरसुपूजितस्मरपितुः श्रियं बिभ्रतीम् ॥ १ ॥

पदच्छेदः—नमामि, यमुनाम्, अहम्, सकलसिद्धिहेतुम्, मुदा, मुरारिपदपङ्कजस्फुरदमन्दरेणूत्कटाम्, तटस्थनवकाननप्रकट- मोदपुष्पाम्बुना, सुरासुरसुपूजितस्मरपितुः, श्रियम्, बिभ्रतीम् ॥ १ ॥

**अन्वयार्थ-सकलसिद्धिहेतुम्**-સર્વસિદ્ધિઓના કારણરૂપ, **मुरारिपदपङ्कज-स्फुरदमन्दरेणूत्कटाम्**-મુરદૈત્યના શત્રુ-શ્રીકૃષ્ણના ચરણકમલ વિષે પ્રકાશમાન તથા જલસમૂહથી વધારે રજથી ભરેલાં, **तटस्थनवकाननप्रकटमोदपुष्पाम्बुना**-કિનારા પર રહેલાં નવાં વનોમાં વિકસેલા હર્ષરૂપી સુગંધ વાળાં પુષ્પથી સુગંધિ-યુકત જલવડે, **सुरासुरसुपूजितस्मरपितुः**-દેવ-સર્વાત્મ-દૈન્ય ભાવનાના અને દૈત્ય-કામ-માનભાવવાળા ભકતોએ સારી રીતે પૂજાએલ, સ્મરપિતા-કામ-સ્મરણના પિતા-પ્રદ્યુમ્નજીના પિતા શ્રીકૃષ્ણ-ભગવાનને અનુસરનારાનું સ્મરણ કરાવનાર શ્રીકૃષ્ણની, **श्रियम्**-સુન્દરતાને, **बिभ्रतीम्**, **यमुनाम्**-ધારણ કરનારાં શ્રીયમુનાજીને. **अहम्**-હું--શ્રીવલ્લભાચાર્ય, **मुदा**, **नमामि**-આનન્દપૂર્વક નમું છું.

**શબ્દાર્થ**:—સર્વ સિદ્ધિઓના કારણરૂપ મુરારિ-શ્રીકૃષ્ણના ચરણકમલ વિષે તેજસ્વી અને જલ કરતાં વિશેષ રેણુને ધારણ કરનારાં, પોતાના કિનારા પર રહેલાં નવાં વનોમાં વિકસેલાં સુગન્ધિત પુષ્પમિશ્રિત-સુગન્ધિયુકત જલવડે, દૈન્યભાવવાળા અને કામ-માનભાવવાળા ભકતોથી સારી રીતે પૂજીત અને શ્રી-કૃષ્ણની સુન્દરતાને ધારણ કરનારાં શ્રીયમુનાજી મહારાણીજીને હું આનન્દપૂર્વક નમન કરૂં છું. ૧

**ટીકા**:—આઠ પ્રકારની સિદ્ધિઓ. ૧ પ્રભુની લીલાનું દર્શન કરાવવું, ૨ લીલાના આનન્દનો અનુભવ કરાવવો, ૩ સર્વાત્મભાવની સિદ્ધિ કરાવવી,



૪ ભગવાનના વિયોગમાં ભગવાનનો આવેશ થાય તેવા દેહને પ્રાપ્ત કરાવવો, ૫ અંતરમાં આવિર્ભાવ પામેલા ભગવાનની લીલાઓનું દિવ્ય ચક્ષુદ્વારા દર્શન કરાવવું, ૬ ભાવાત્મક ભગવાનના સ્વરૂપમાં તન્મય બનાવવું, ૭ વિરહ થતાં સર્વત્ર શ્રી-પ્રભુની સ્ફૂર્તિ કરાવવી, ૮ બહાર પ્રભુનું પ્રાકટય થાય એમ અપેક્ષા વિના અંતરમાં પ્રભુની ભાવના કરાવવી. આ પ્રમાણેની સિદ્ધિઓને શ્રીયમુનાજી પોતાના ભકતોને આપનારાં છે. શ્રીયમુનાજી શ્રીભગવાનની સુન્દરતાને ધારણ કરનારાં હોવાથી પોતાના જલનું દર્શન કરનારા ભગવદીયજનોને શ્રીપ્રભુનું સ્મરણ કરાવી આપે છે.

कलिन्दगिरिमस्तके पतदमन्दपूरोज्ज्वला

विलासगमनोल्लसत्प्रकटगण्डशैलोन्नता ।

सघोषगतिदन्तुरा समधिरूढदोलोत्तमा

मुकुन्दरतिवर्द्धिनी जयति पद्मबन्धोः सुता ॥ २ ॥

कलिन्दगिरिमस्तके, पतदमन्दपूरोज्ज्वला, विलासगमनोल्लसत्-प्रकटगण्डशैलोन्नता, सघोषगतिदन्तुरा, समधिरूढदोलोत्तमा, मुकुन्दरतिवर्द्धिनी, जयति, पद्मबन्धोः, सुता ॥ २ ॥

**कलिन्दगिरिमस्तके**-કલિન્દ પર્વતના શિખર ઉપર, **पतदमन्द-पूरोज्ज्वला**—પડતા પ્રવાહના વેગને લીધે ઉજ્જવલ દેખાતાં, **विलासगमनोल्लसत्-प्रकटगण्डशैलोन्नता**-વિલાસપૂર્વક ગતિ વડે શોભતાં અને પર્વતના ગંડસ્થલરૂપથી ઉંચાનીચા દેખાતા, **सघोषगतिदन्तुरा**—શબ્દપૂર્વક ગતિના કારણથી વિકારયુકત, **समधिरूढदोलोत्तमा**-ઉત્તમ ઝૂલામાં સારી રીતે બિરાજ્યાં હોય તેમ લાગતા, **मुकुन्दरतिवर्द्धिनी**-મુકિત આપનારા મુકુન્દભગવાનમાં પ્રીતિ વધારનારાં, **पद्मबन्धोः**-કમલના બન્ધુ, ખીલાવનાર, શ્રીસૂર્યનાં, **सुता**—પુત્રી શ્રીયમુનાજી, **जयति**-જય પામે છે.

કલિન્દપર્વતના શિખર પર પડતા મોટા પ્રવાહના વેગને લીધે ઉજળાં દેખાતાં, વિલાસપૂર્વક ગતિવડે શોભતાં અને પર્વતના ગંડસ્થલરૂપથી ઉંચાંનીચાં દેખાતાં, શબ્દપૂર્વક ગતિના કારણથી વિવિધ વિકારયુકત, ઉત્તમ ઝૂલામાં સારી રીતે બિરાજ્યાં હોય તેમ લાગતાં, શ્રીમુકુન્દભગવાનમાં પ્રીતિ વધારનારાં, શ્રીસૂર્યનાં પુત્રી શ્રીયમુનાજી જય પામે છે. ૨

જેમ શ્રીભગવાન આવિર્ભાવ પામીને મથુરાથી વ્રજમાં પધાર્યાં તેમ શ્રીયમુનાજી સૂર્યમંડલમાં બિરાજીત નારાયણના આનંદમય હૃદયમાંથી પ્રકટ થઈ દ્રવીભૂત થઇને ફરી કલિન્દ પર્વતના શિખર પર પડીને પૃથ્વીપર પધાર્યાં છે.

भुवं भुवनपावनीमधिगतामनैकस्वनैः
प्रियाभिरिव सेवितां शुकमयूरहंसादिभिः ।
तरङ्गभुजकंकणप्रकटमुक्तिकावालुका–
नितम्बतटसुन्दरीं नमत कृष्णतुर्यप्रियाम् ॥ ३ ॥

भुवम्, भुवनपावनीम्, अधिगताम्, अनेकस्वनैः प्रियाभिः, इव, सेविताम्, शुकमयूरहंसादिभिः, तरंगभुजकंकण प्रकटमुक्तिका वालुका, नितम्बतटसुन्दरीम्, नमत कृष्णतुर्यप्रियाम् ॥ ३ ॥

**भुवनपावनीम्**-ભૂમણ્ડલને પવિત્ર કરનારાં શ્રીયમુનાજી, **भुवमधिगताम्**-પૃથ્વીપર પધારતાં, **प्रियाभिः, इव, सेविताम्**-સખીઓએજ જેમ સેવન કરાતાં હોય તેમ, **अनेकस्वनैः**-વિવિધ શબ્દો કરાતાં, **शुकमयूरहंसादिभिः**-પોપટ, મોર, હંસ વગેરે પક્ષિઓથી ( સેવાતાં ), **तरंगभुजकंकणप्रकटमुक्तिकावालुका**-તરંગરૂપી શ્રીહસ્તમાં ધારણ કરેલાં કંકણપર જડેલાં મોતીરૂપી રેતીયુકત, **नितम्बतटसुन्दरीम्**-નિતમ્બરૂપ ઉભય તટોથી સુન્દર દેખાતાં, **कृष्णतुर्यप्रियाम्**-શ્રીકૃષ્ણનાં, ચતુર્થ પ્રિયાજી-શ્રીયમુનાજીને, **नमत**-તમે નમન કરો.

ભૂમણ્ડલને પવિત્ર કરનારાં શ્રીયમુનાજી પૃથ્વીપર પધારતાં સખીઓએ જેમ સેવન કરતાં હોય તેમ વિવિધ શબ્દો કરાતાં, પોપટ, મોર, હંસ પક્ષિઓથી સેવાતાં અને તરંગરૂપી શ્રીહસ્તમાં ધારણ કરેલાં કંકણ પર જડેલાં મોતીઓ જેમ ચમકતી રેતીયુકત અને નિતમ્બભાગરૂપ બંને બાજુનાં તટોથી સુન્દર દેખાતાં શ્રીકૃષ્ણનાં ચતુર્થ પ્રિયા શ્રીયમુનાજીને તમે નમન કરો. ૩

શ્રીકૃષ્ણનાં પ્રથમ પ્રિયા સ્વામિનીજી, બીજાં શ્રુતિરૂપા, ત્રીજાં ઋષિરૂપા, અને ચતુર્થપ્રિયા શ્રીયમુનાજી છે. શ્રીયમુનાજી પૃથ્વી પર પધારી ભકતને ભગવદ્ભાવ સંપાદન કરાવે છે. પોતે ભગવલ્લીલામાં ઉપયોગ આવે તેવી શોભા સ્નેહપૂર્વક ધારણ કરેલી છે, રસાવિષ્ટ થયેલાં છે અને પુષ્ટિસ્થ છે. શ્રીભગવાને તેમનો સર્વ રીતે નિરન્તર અંગીકાર કરેલો છે.



अनन्तगुणभूषिते शिवविरंचिदेवस्तुते
घनाघननिभे सदा ध्रुवपराशराभीष्टदे ।
विशुद्धमथुरातटे सकलगोपगोपीवृते
कृपाजलधिसंश्रिते मम मनः सुखं भावय ॥ ४ ॥

अनन्तगुणभूषिते, शिवविरंचिदेवस्तुते, घनाघननिभे, सदा, ध्रुव–पराशराभीष्टदे, विशुद्धमथुरातटे, सकलगोपगोपीवृते, कृपाजलधि-संश्रिते, मम, मनः, सुखम्, भावय ॥ ४ ॥

**अनन्तगुणभूषिते**–અસંખ્યગુણોવડે સુશોભિત (૧ ઐશ્વર્યધર્મનું નિરૂપણ), **शिवविरंचिदेवस्तुते**-શિવ, બ્રહ્માદિ દેવતાઓથી સ્તુતિ કરાયલાં (૨ વીર્ય, પરાક્રમ ધર્મનું નિરૂપણ), **घनाघननिभे**-ઘાટામેઘ સરખા સ્વરૂપવાળા-મેઘ-જેમ સર્વના જીવનરૂપ છે તેમ (ધર્મીનું સ્વરૂપ), **सदा**-નિરંતર, **ध्रुवपराशराभीष्टदे**-ધ્રુવ, પરાશર વગેરેને ઇચ્છિતવસ્તુનું દાન કરનારા. (દાનથી યશ પ્રસરે છે જેથી (૩ દાનધર્મનું નિરૂપણ). **विशुद्धमथुरातटे**-વિશુદ્ધ મથુરાજી જેમના તટ પર છે અને તે પ્રભુની લીલાનું સ્થાન છે તેથી ત્યાં ભક્તિ સિદ્ધ થાય છે. (ભકિત, જ્ઞાનનું કાર્ય હોવાથી (૪ જ્ઞાનધર્મનું નિરૂપણ), **सकलगोपगोपीवृते**--સર્વ ગોપ, ગોપીજનોથી ઘેરાયલા (૫ શ્રીધર્મનું નિરૂપણ), **कृपाजलधिसंश्रिते**-કૃપાસાગર શ્રીકૃષ્ણના આશ્રયમાં રહેલાં, (૬ વૈરાગ્યધર્મનું નિરૂપણ), **मम, मनः**--મારા મનને, **सुखम्**--સુખ થાય તેમ, **भावय**--વિચારો.

આ શ્લોક વડે શ્રીમહાચાર્યજીએ શ્રીપ્રભુમાં અને શ્રીયમુનાજીમાં સમાન, સજાતીય, ધર્મો છે તે દર્શાવી ષડ્ધર્મોનું નિરૂપણ કરી ધર્મીના સ્વરૂપને સ્પષ્ટ કર્યું છે.

અસંખ્ય ગુણો વડે સુશોભિત, શિવબ્રહ્માદિથી સ્તુતિ કરાયલાં, ઘાટા મેઘ સરખા સ્વરૂપવાળાં, ધ્રુવ પરાશર વગેરેને મનવાંછિત ફલનું દાન કરનારાં, વિશુદ્ધ મથુરા જેમના તટ ઉપર છે એવાં, સર્વ ગોપ, ગોપીજનોથી ઘેરાયલાં, કૃપાસાગર શ્રીકૃષ્ણના આશ્રયમાં રહેલાં, મારા મનને સુખ થાય તેમ વિચારો.

શ્રીકૃષ્ણના અર્થમાં-ઐશ્વર્ય, વીર્ય, યશ, જ્ઞાન, શ્રી અને વૈરાગ્ય એ રીતે ષડ્ગુણ ધર્મોવાળા શ્રીહરિમાં (હે શ્રીયમુનાજી) મારા મનને સુખ થાય તેમ વિચારો-૪

શ્રીહરિમાં ચિત્ત લાગે તે સારૂ શ્રીયમુનાજીનું શરણ લેવું જોઇએ, તેમના અનુગ્રહથી અનાયાસે ભગવદાનન્દ પ્રાપ્ત થઇ શકશે.

यया चरणपद्मजा मुररिपोः प्रियम्भावुका
समागमनतोऽभवत् सकलसिद्धिदा सेवताम् ।
तया सदृशतामियात् कमलजा सपत्नीव यत्
हरिप्रियकलिन्दया मनसि मे सदा स्थीयताम् ॥ ५ ॥

यया, चरणपद्मजा, मुररिपोः, प्रियम्भावुका, समागमनतः, अभवत्, सकलसिद्धिदा, सेवताम्, तया सदृशताम्, इयात्, कमलजा, सपत्नी, इव, यत्, हरिप्रियकलिन्दया, मनसि, मे, सदा, स्थीयताम् ॥ ५ ॥

**यया**–જેમના, **समागमनतः** સમ્મિલનથી, **चरणपद्मजा**- શ્રીહરિના ચરણ-
કમલમાંથી પ્રકટ થયેલાં- શ્રીગંગાજી, **मुररिपोः** મુરદૈત્યના શત્રુ–શ્રીકૃષ્ણનાં,
**प्रियम्भावुका**–પ્રિય કરનારાં, **अभवत्**–થયાં તથા, **सेवताम्**–સેવા કરનારને,
**सकलसिद्धिदा**–સમ્પૂર્ણ સિદ્ધિઓ આપનારાં થયાં, **तया, सदृशताम्**,–તે શ્રીયમુના-
જીની બરાબરીપણાને, **इयात्**–કોણ પામે ? જો બરાબરી કરી શકે તો, **यत्**–કદાચિત
**सपत्नी, इव**–સમાન સૌભાગ્યવાળાં જેવાં, **कमलजा**–શ્રીલક્ષ્મીજી છે. **हरिप्रिय-
कलिन्दया**–શ્રીહરિના પ્રિયભક્તોના દોષ નાશ કરવાવાળાં શ્રીયમુનાજી, **मे, मनसि**,–
**सदा**,–મારા મનમાં નિરંતર, **स्थीयताम्**–વાસ કરો.

જેમના સમ્મિલનથી શ્રીગંગાજી શ્રીકૃષ્ણના પ્રિય થયાં તથા સેવા કરનારા પોતાના ભક્તોને સર્વ ઐશ્વર્યો આપનારાં થયાં તે શ્રીયમુનાજીની સમાનતા કોણ કરી શકે છે ? જો કોઇ સમાનતા કરી શકતાં હોય તો શ્રીલક્ષ્મીજી છે. એવાં ભગવદ્-ભકતોના દોષ નાશ કરનારાં શ્રીયમુનાજી મારા મનમાં નિરંતર વાંસ કરો – ૫.

શ્રીગંગાજી ભગવચ્ચરણારવિંદમાંથી પ્રકટ થએલાં છે, ભક્તિમાર્ગીય અને નિર્દોષપૂર્ણગુણ છે તે, શ્રીયમુનાજીના પ્રયાગરાજમાં સમ્મિલનથી, પ્રયાગ મહાન તીર્થ ગણાય છે. ત્યાં સ્નાન કરવાથી જન્મમરણરહિત થાય છે. શ્રીગંગાજીનું માહાત્મ્ય પ્રથમ હતું તેના કરતાં પણ દિવ્ય પ્રકારનુ થયેલું છે શ્રીલક્ષ્મીજી શ્રીયમુનાજીના સ્વભાવથી વિરુદ્ધ સ્વભાવવાળાં છે, જો કે બન્ને સમાન સૌભાગ્યવાળાં છે, પણ લક્ષ્મીજી, ભગવાનના ભક્તોને અનુકૂલ નથી, જ્યારે શ્રીયમુનાજી ભકતોના દોષ નિવૃત્ત કરનારાં છે અને તેમને સાનુકૂલ છે એ તેમનામાં ઉત્કૃષ્ટપણું છે.



नमोऽस्तु यमुने सदा तव चरित्रमत्यद्भुतं
न जातु यमयातना भवति ते पयःपानतः ।
यमोऽपि भगिनीसुतान् कथमु हन्ति दुष्टानपि
प्रियो भवति सेवनात् तव हरेर्यथा गोपिकाः ॥ ६ ॥

नमः, अस्तु, यमुने, सदा, तव, चरित्रम्, अत्यद्भुतम्, न, जातु, यम-यातना, भवति, ते, पयःपानतः, अपि, भगिनीसुतान्, कथम्, उ, हन्ति, दुष्टान्, अपि, प्रियः, भवति, सेवनात्, तव, हरेः, यथा, गोपिकाः ॥ ६ ॥

**यमुने** !–હે શ્રીયમુનાજી ! આપને, **सदा**, **नमः**, **अस्तु**–નિત્ય નમન હો–
**तव चरित्रम्**–આપનું ચરિત્ર, **अत्यद्भुतम्**–અત્યન્ત આશ્ચર્યકારક છે, **ते पयः-
पानतः**–અપના જલપાનથી, **यमयातना**–યમની પીડા,, **जातु**–કયારે પણ **न**,
**भवति**–નથી, **यमः अपि**–યમરાજા પણ, **दुष्टान्**, **अपि**–ખરાબ પણ **भगिनी-
सुतान्**–બેનનાં છોકરાં–ભાણેજોને, **उ**–અરે, **कथम्**, **हन्ति**–કેમ મારે ! **तव
सेवनात्**--આપની સેવાથી **यथा, गोपिकाः**--જેવી રીતે ગોપીજનો, **हरेः प्रियः**–
શ્રીપ્રભુને પ્રિય, **भवति**--થાય છે તેમ ભકત પણ પ્રિય થાય છે.

હે શ્રીયમુનાજી ! આપને નિત્ય નમન હો. આપનું ચરિત્ર અત્યન્ત આશ્ચર્ય-કારક છે. આપના જલપાનથી યમની પીડા કયારેય પણ થતી નથી. યમરાજા પણ ખરાબ પણ પોતાના ભાણેજોને અરે કેમ મારે ! આપની સેવાથી જેવી રીતે શ્રીગોપીજનો શ્રીપ્રભુને પ્રિય થાય છે તેમ ભકત પણ પ્રિય થાય છે. ૬

શ્રીયમુનાજીને નમન કરવું પણ ભગવત્કૃપાધીન છે. શ્રીભગવાનની કૃપા થાય ત્યારે અંતઃકરણમાં તેમને નમન કરવાનું સ્ફુરે છે. શ્રીયમુનાજીનું સર્વાત્મભાવથી સેવન કરનાર જીવ નિર્દોષ થાય છે અને એકલા પયઃપાનથી પણ તેમના સંબંધી બને છે, પોતે તેના પર પ્રીતિ કરે છે. શ્રીયમુનાજીનો પ્રભુસાથે નિત્ય સંબંધ હોવાથી શ્રીપ્રભુ જીવનો અંગીકાર કરે છે. યમુનાપાનથી નરકવાસ થતો નથી, કેમકે યમરાજા પોતાની બેન શ્રીયમુનાજીનાં બાલકોને, પછી તે ખરાબ હોય તો પણ, શિક્ષા કરતા નથી, કેમકે યમની ઉત્પત્તિ થયા પછી તેના દોષની નિવૃત્તિસારૂ શ્રીયમુનાજીનો પ્રાદુર્ભાવ છે, તેથી તે યમરાજાને અતિ માન્ય છે. શ્રીભગવાનનું માહાત્મ્ય સર્વશાસ્ત્રોમાં

પ્રસિદ્ધ છે એટલે તેમને તો નમન થાય છેજ પણ શ્રીયમુનાજીનું માહાત્મ્ય તો જીવનો લીલાસૃષ્ટિમાં પ્રવેશ થાય તેમના પ્રત્યે ભાવ થાય, અને તેમનુ સ્વરૂપ જાણવામાં આવે ત્યાર પછી તેમને નમન થાય છે.

ममास्तु तव सन्निधौ तनुनवत्वमेतावता
न दुर्लभतमा रतिर्मुररिपौ मुकुन्दप्रिये ।
अतोऽस्तु तव लालना सुरधुनी परं सङ्गमात्
तवैव भुवि कीर्तिता न तु कदापि पुष्टिस्थितैः ॥ ७ ॥

मम, अस्तु, तव, सन्निधौ, तनुनवत्वम्, एतावता, न दुर्लभतमा, रतिः, मुररिपौ, मुकुन्दप्रिये, अतः, अस्तु, तव, लालना, सुरधुनी, परम्, सङ्गमात्, तव, एव, भुवि, कीर्तिता, न, तु, कदापि, पुष्टिस्थितैः ॥ ७ ॥

**मुकुन्दप्रिये**-સ્મરણમાત્રથી મુક્તિ આપનારાં હે શ્રીયમુનાજી, **तव**,- **सन्निधौ**-આપની સાન્નિધ્યમાં-સમીપમાં. **मम**-મારૂં, **तनुनवत्वम्**-શરીરતું નવાપણું- ભગવલ્લીલામાં ઉપયોગી થાય તેવો દેહ, **अस्तु**-થાઓ (એ પ્રાર્થના છે), **एतावता**-એટલાથી-શરીરપરિવર્તનમાત્રથી, **मुररिपौ**-શ્રીમુરારિ ભગવાનમાં, **रतिः**-પ્રીતિ, **दुर्लभतमा**, **न**-અતિશય દુર્લભ નથી, **अतः**, **तव**-એટલા માટે આપના, **लालना अस्तु**-સ્તુતિરૂપી લાડ હો, **सुरधुनी**-શ્રીગંગાજી, **परम्**-કેવલ, **तव**, **एव**-આપનાજ, **संगमात्**-સમ્મિલનથી, **भुवि**-પૃથ્વીમાં, **कीर्तिता**-કીર્તિ પામ્યાં છે, **पुष्टिस्थितैः** પુષ્ટિમાર્ગીય જીવોએ, **तु**, **कदापि**-તો કયારેય પણ, **न**-એકલાં ગંગાજીની સ્તુતિ કરી નથી.

હે શ્રીયમુનાજી! આપની સમીપમાં મારો દેહ ભગવલ્લીલામાં ઉપયોગી થાય એવો થાઓ, એટલાથી શ્રીભગવાનમાં પ્રીતિ દુર્લભ નથી, એટલા માટે આપનાં સ્તુતિરૂપી લાડ હો. શ્રીગંગાજી કેવલ આપનાજ સમ્મિલનથી પૃથ્વીમાં કીર્તિ પામ્યાં છે, પરંતુ આપના સમ્મિલનવિનાનાં શ્રીગંગાજીની સ્તુતિ પુષ્ટિસ્થ જીવોએ કયારેય પણ કરી નથી—૭

શ્રીગંગાજી શ્રીભગવાનની વિભૂતિ છે તેથી વિભૂતિના ઉપાસક વિભૂતિરૂપ



શ્રીગંગાજીની સ્તુતિ કરે, પણ શ્રીપૂર્ણપુરુષોત્તમના ભક્ત વિભૂતિરૂપ ગંગાજીની સ્તુતિ તો શ્રીયમુનાજીના સમ્મિલન પછી જ કરે છે, કેમકે તે પછી શ્રીયમુનાજીનાં સર્વ સામર્થ્ય તેમનામાં આવેલાં છે.

स्तुतिं तव करोति कः कमलजासपत्नि प्रिये
हरेर्यदनुसेवया भवति सौख्यमामोक्षतः ।
इयं तव कथाधिका सकलगोपिकासङ्गम-
स्मरश्रमजलाणुभिः सकलगात्रजैः सङ्गमः ॥ ८ ॥

स्तुतिम्, तव, करोति, कः, कमलजासपत्नि, प्रिये ! हरेः, यत्, अनुसेवया, भवति, सौख्यम्, आमोक्षतः, इयम्, तव, कथाअधिका, सकलगोपिकासङ्गमस्मरश्रमजलाणुभिः, सकलगात्रजैः, सङ्गमः ॥८॥

**कमलजासपत्नि**-શ્રીલક્ષ્મીજીના સમાનસૌભાગ્યવાળાં, **प्रिये**-હે શ્રીયમુનાજી? **तव**, **स्तुतिम्**-આપની સ્તુતિને, **कः**, **करोति**-કોણ કરી શકે છે! **हरेः**-શ્રી હરિસંબંધી સેવા પછીથી, **यत् अनुसेवया**-જે, લક્ષ્મીજીની અનુસેવાથી, **आमोक्षतः**-મોક્ષપર્યન્ત, **सौख्यम्**-સુખ, **भवति**-થાય છે ( પણ ), **तव**-આપની, **इयम्**, **कथा**-આ કથા, **अधिका**-સર્વ કરતાં વધારે છે (જે), **गात्रजैः**-શ્રી અંગોથી ઉત્પન્ન થયેલા, **सकलगोपिकासंगमस्मरश्रमजलाणुभिः**-સર્વ ગોપી જનોના સમ્મિલનથી થયેલા કેલીશ્રમના જલકણોવડે, **संगमः**-સમાગમ થાય છે.

શ્રીલક્ષ્મીજીના સમાન સૌભાગ્યવાળાં હે શ્રીયમુનાજી! આપની સ્તુતિને કોણ કરી શકે છે? અર્થાત્ કોઈ કરી શકતું નથી, કારણ પ્રથમ શ્રી હરિની સેવા કરીને પછીથી લક્ષ્મીજીની સેવા કરવામાં આવે તો મોક્ષપર્યન્ત સુખ થાય છે, પણ આપની આ કથા-માહાત્મ્ય સર્વથી અધિક છે કે જે આપની સેવાથી ભક્તોને શ્રીઅંગોથી ઉત્પન્ન થયેલા સર્વ ગોપીજનોના સંબંધ-સમાગમથી થયેલા કેલી-ક્રીડાના શ્રમના જલકણો સાથે સમાગમ થાય છે-લીલાની પ્રાપ્તિ અનુભવ સાથે થાય છે. ૮

કેવલ વિભૂતિરૂપ લક્ષ્મીજી તો દ્રવ્યાદિસંપત્તિદ્વારા વિષયાસક્ત કરી મોક્ષનો વિઘાત કરનારાં છે, જ્યારે શ્રીયમુનાજી તો દ્રવીભૂત બનીને પોતે રસ-મયજ થયેલાં છે અને નિરન્તર ભગવદ્રસમાં પરિપૂર્ણ હોઈ પોતાના ભક્તોને મોક્ષ કરતાં પણ અધિક સુખ-દિવ્ય અલૌકિક ભગવદ્રસના સુખનું દાન કરનારાં છે. આવી રીતનું તેમનું માહાત્મ્ય અધિક છે.

तवाष्टकमिदं मुदा पठति सूरसूते सदा
समस्तदुरितक्षयो भवति वै मुकुन्दे रतिः ।
तया सकलसिद्धयो मुररिपुश्च सन्तुष्यति
स्वभावविजयो भवेत् वदति वल्लभः श्रीहरेः ॥ ९ ॥

तव, अष्टकम्, इदम्, मुदा, पठति, सूरसूते, सदा, समस्त–दुरितक्षयः, भवति, वै, मुकुन्दे, रतिः, तया, सकलसिद्धयः, मुररिपुः, च, संतुष्यति, स्वभावविजयः, भवेत्, वदति, वल्लभः, श्रीहरेः ॥ ९ ॥

**सूरसूते** !–હે સૂર્યનાં પુત્રી શ્રીયમુનાજી, **तव इदम्**–આપના આ, **अष्टकम्** અષ્ટકને, **सदा, मुदा**–નિરંતર હર્ષથી, **पठति**–પાઠ કરે છે, **समस्तदुरितक्षयः**–તેનાં સઘળાં પાપોનો નાશ, **भवति**–થાય છે, **मुकुन्दे वै**–શ્રીમુકુન્દ ભગવાનમાં નિશ્ચય-પૂર્વક, **रतिः**–પ્રીતિ, સ્નેહ થાય છે, **तया**–તે, પ્રીતિ દ્વારા, **सकलसिद्धयः**–સર્વ પ્રકારનાં ઐશ્વર્યો મળે છે, **च**, **स्वभावविजयः**–અને સ્વભાવનો વિજય, **भवेत्**–થાય છે, **मुररिपुः**–શ્રીમુરારિ ભગવાન, **संतुष्यति**–પરમ પ્રસન્ન થાય છે એમ, **श्रीहरेः**–શ્રી-સ્વામિનીજી સહિત શ્રીહરિને, **वल्लभः**–વ્હાલા શ્રીવલ્લભાચાર્યજી, **वदति**–કહે છે.

હે સૂર્યનાં પુત્રી શ્રીયમુનાજી! આપના આ અષ્ટકને જે કોઇ નિરંતર પ્રસન્નતાપૂર્વક પાઠ કરે છે તેનાં સઘળાં પાપો નાશ થાય છે. શ્રીમુકુન્દ ભગવાનમાં નિશ્ચયજ સ્નેહ થાય છે. તે સ્નેહદ્વારા સર્વ પ્રકારનાં ઐશ્વર્યો મળે છે તથા સ્વભાવનો વિજય થાય છે. શ્રીમુરારિ ભગવાન પરમ પ્રસન્ન થાય છે એમ શ્રીસ્વામિનીજી સહિત શ્રીહરિને પ્યારા શ્રીમદ્‌વલ્લભાચાર્યજી કહે છે—૯

શ્રીમદાચાર્યચરણને શ્રીપ્રભુનો અને શ્રીયમુનાજીનો સાક્ષાત્ સંબંધ છે. આપશ્રીએ શ્રીયમુનાજીના સ્વરૂપનું જેવું દર્શન કરેલું છે તેજ પ્રમાણે નિજજનોને જણાવે છે. શ્રીયમુનાજીનાં બીજાં સ્તોત્રોમાં તેમનું આવા પ્રકારનું નિરૂપણ કરવામાં આવેલું નથી. તેથી આ સ્તોત્રના અર્થાનુસંધાનપૂર્વક નિત્ય પાઠ થાય તો ઉપર જણાવેલાં બધાં ફલ મળે છે.

इतिश्रीमद्वल्लभाचार्यप्रकटितं श्रीयमुनाष्टकस्तोत्रं सम्पूर्णम् ॥ १ ॥
**આ પ્રમાણે શ્રીવલ્લભાચાર્યજીએ પ્રકટ કરેલું શ્રીયમુનાષ્ટક સ્તોત્ર સંપૂર્ણ—૧**

॥ श्रीकृष्णार्पणमस्तु ॥

# २ बालबोध

**ગ્રન્થપરિચય**—શ્રીમદાચાર્યચરણોએ ધર્મશાસ્ત્ર સંબંધી જ્ઞાન મેળવવા ઇચ્છતા પ્રવેશકોને બોધ થવા પુરુષાર્થ દર્શાવનારાં શાસ્ત્રોના સિદ્ધાન્તોનો સંક્ષિપ્ત સંગ્રહ બાલબોધ નામના ગ્રન્થમાં કરેલો છે. પ્રથમ તો **મનુષ્યોના ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ કહેલા** છે. તે દરેકના બે વર્ગ છેઃ—

**૧ ઈશ્વરવિચારિત**—વેદોમાં રહેલા તે, આ અલૌકિક પુરુષાર્થ સાધ્ય અને સાધનથી યુક્ત છે અને તે વેદથી જાણી શકાય છે. તેની સિદ્ધિ સારૂ વેદમાં લખ્યા પ્રમાણે કરવું જોઇએ.

**૨ જીવવિચારિત**—ઋષિઓએ સ્મૃતિ શાસ્ત્રોમાં બતાવેલા તે, અલૌકિક પુરુષાર્થ પૈકીના ત્રિવર્ગ, ધર્મ અર્થ અને કામ, અનિત્ય છે. તે માટે ધર્મશાસ્ત્ર, નીતિશાસ્ત્ર અને કામશાસ્ત્ર અનુક્રમથી છે. તેમાં જણાવ્યા પ્રમાણે કરવાથી તે તે અર્થોની પ્રાપ્તિ છે, એવા હેતુથી તેનો નિર્ણય કહેવામાં આવ્યો નથી. શુદ્ધ ભાવવાળા અનન્ય ભક્તને તે પણ અર્થ પ્રભુ સિદ્ધ કરે છે. ચોથો પુરુષાર્થ મોક્ષ છે તે નિત્ય છે અને તેના બે પ્રકાર છેઃ—

**પ્રથમ પ્રકાર–સ્વતઃમોક્ષ**—૧ ત્યાગ અને ૨ અત્યાગદ્વારા થાય છે.

**૧ ત્યાગ વૈરાગ્યદ્વારા**—સાંખ્ય શાસ્ત્ર પ્રમાણે અહંતા મમતાનો નાશ થઈ અહંકારરહિત થતાં કર્તાપણું અને ભોકતાપણું જતું રહે ત્યારે જીવ પોતાના સ્વરૂપમાં રહેનારો થાય છે.

**૨ અત્યાગદ્વારા**—માનસિક ત્યાગ–દૈહિક ત્યાગ નહીં તે, યોગશાસ્ત્ર પ્રમાણે દેહાદિની પ્રવૃત્તિવાળો છતાં પ્રપંચને ભુલી જઈ ભગવાનમાં આસક્તિ થાય તેવો નિરોધ કરવો. તેવો યોગ સિદ્ધ થવાથી આત્માના સ્વરૂપમાં સ્થિતિરૂપ મોક્ષ છે.

**બીજો પ્રકાર—પરતઃમોક્ષ**—અન્યદ્વારા પરાશ્રય કરીને શિવ અને વિષ્ણુ એ દરેકના આશ્રયથી થાય છે. તે સારૂ પાશુપતાદિ અને પંચરાત્રાદિ શાસ્ત્રો છે. જેમને ધર્મના રસ્તે ચાલવાનું છે તે દરેકને, પછી ચાહે તો તે વિષ્ણુ ભકત હોય

કે પછી શિવભકત હોય, તેણે પોતાના ઇષ્ટદેવમાં બ્રહ્મપણાના ભાવથી શરણાગતિ,
આત્મસમર્પણ અને અનન્ય વ્રતથી સાધન ભકિત કરવી, તેથી તે દેવ ભકતના
અધિકાર પ્રમાણે તેનું ફલ આપે છે.

આ પ્રમાણે જીવવિચારિત મોક્ષનો નિર્ણય કરેલો છે. તે સમજવાથી
પુરુષાર્થવિષયક સર્વ સન્દેહ નિવૃત્ત પામે છે.

વસ્તુતાએ ભકિતજ મુખ્ય પુરુષાર્થ છે. ભક્તિમાર્ગીય જીવને પરબ્રહ્મ
શ્રીકૃષ્ણ વિના બીજું ફલ અને ભક્તિ વિના બીજું સાધન નથી. સાધનરૂપ અને
ફલરૂપ ભક્તિથીજ ભગવત્પ્રાપ્તિ છે એમ નિરૂપણ કરવામાં આવેલું છે.

શ્લોકઃ—नत्वा हरिं सदानन्दं सर्वसिद्धान्तसंग्रहम् ।
बालप्रबोधनार्थाय वदामि सुविनिश्चितम् ॥ १ ॥

પદચ્છેદઃ—नत्वा, हरिम्, सदानन्दम्, सर्वसिद्धान्त-
संग्रहम्, बालप्रबोधनार्थाय, वदामि, सुविनिश्चितम् ॥ १ ॥

**अन्वयार्थ**:—**हरिम्**-ભકતોના દુઃખ તથા પાપને હરનારા, **सदानन्दम्**-
સદાનન્દરૂપ શ્રીકૃષ્ણભગવાનને, **नत्वा**-નમન કરીને, **बालप्रबोधनार्थाय**-બાલકોને
સારી રીતે બોધ થવા સારૂ, **सुविनिश्चितम्**-સર્વ પ્રમાણોથી નિશ્ચય કરેલા,
**सर्वसिद्धान्तसंग्रहम्**-સર્વ સિદ્ધાન્તના સંગ્રહને-સ્વરૂપને, **वदामि**-હું શ્રીમદ્-
વલ્લભાચાર્યજી કહું છું.

**શબ્દાર્થ**:—ભકતોનાં દુઃખ તથા પાપને હરનાર સદાનન્દરૂપ શ્રીકૃષ્ણ-
ભગવાનને નમન કરીને બાલકોને સારી રીતે બોધ થવા સારૂ સર્વ પ્રમાણથી નિશ્ચય
કરેલા સર્વ સિદ્ધાન્તના સ્વરૂપને હું શ્રીમદ્વલ્લભાચાર્યજી કહું છું.

**ટીકાઃ**—નિઃસાધન જીવ શ્રીકૃષ્ણ વિના બીજું ફલ અને ભક્તિ વિના બીજાં
સાધન ગ્રહણ ન કરે તે માટે સર્વ સિદ્ધાન્ત બતાવી પોતાના અધિકાર પ્રમાણે તેને
ભક્તિમાં અથવા શરણાગતિમાં પ્રવેશ કરવાનું સામર્થ્ય આવે તેવો બોધ કરે છે. ૧

धर्मार्थकाममोक्षाख्याश्चत्वरोऽर्था मनीषिणाम् ।
जीवेश्वरविचारेण द्विधा ते हि विचारिताः ॥ २ ॥



धर्मार्थकाममोक्षाख्याः, चत्वारः, अर्थाः, मनीषिणाम्,
जीवेश्वरविचारेण, द्विधा, ते, हि, विचारिताः ॥ २ ॥

**मनीषिणाम्**-બુદ્ધિમાન પુરુષોના, **धर्मार्थकाममोक्षाख्याः**-ધર્મ, અર્થ, કામ
અને મોક્ષ નામના, **चत्वारः अर्थाः**-ચાર અર્થો છે તે, **जीवेश्वरविचारेण**-જીવ અને
ઇશ્વરવિચારિત, **ते हि**-તે નિશ્ચય કરીને, **द्विधा**-બે પ્રકારથી, **विचारिताः**-
વિચારાએલા છે.

બુદ્ધિમાન પુરુષોના ધર્મ, અર્થ, કામ અને મોક્ષ નામના ચાર અર્થો છે. તે
જીવ અને ઇશ્વરવિચારિત એમ નિશ્ચય કરીને બે પ્રકારથી વિચારાએલા છે. આ
અર્થો સાધારણ મનુષ્યને પ્રાપ્ત થાય નહીં તેવા છે. વેદોમાં વિધિનિષેધરૂપ જે
જે આજ્ઞાઓ છે તે ધર્મ કહેવાય છે. તેની વિરુધ્ધ હોય તે અધર્મ છે. માલા, ચંદન,
સ્ત્રી, પુત્ર, દેહ, પ્રાણ, આભરણ, ગૃહ, જમીન, ધન એ સર્વ અર્થ કહેવાય છે. શબ્દ
સ્પર્શ, રૂપ, રસ, ગંધ આદિ વિષયોમાં ઇન્દ્રિયોને ભોગવવાના ઉપભોગમાત્રમાં
પ્રવૃત્તિ થવી તે કામ કહેવામાં આવે છે, અને અહંતા મમતાદિ સંસારની નિવૃત્તિ
થઇ પોતાના સ્વરૂપમાં સ્થિતિ થવી તે મોક્ષ છે. આ ચારે નામોથી અર્થો કહેવામાં
આવે છે. વસ્તુતાએ ભક્તિજ મુખ્ય પુરુષાર્થ છે—૨

अलौकिकास्तु वेदोक्ताः साध्यसाधनसंयुताः ।
लौकिका ऋषिभिः प्रोक्तास्तथैवेश्वरशिक्षया ॥ ३ ॥

अलौकिकाः, तु, वेदोक्ताः, साध्यसाधनसंयुताः, लौकिकाः,
ऋषिभिः, प्रोक्ताः, तथा, एव, ईश्वरशिक्षया ॥ ३ ॥

**साध्यसाधनसंयुताः**-યજ્ઞાદિ અને તે સિદ્ધ કરવાનાં સાધનોથી યુકત એવા,
**अलौकिकाः**-ઇશ્વરવિચારિત અલૌકિક પુરુષાર્થ, **तु**-તો, **वेदोक्ताः**-વેદમાં કહેલા
છે, **तथा, एव**-તેમજ, **ईश्वरशिक्षया**-ઇશ્વરની પ્રેરણાથી, **ऋषिभिः**-ઋષિલોકોએ,
**लौकिकाः**-જીવે વિચારેલ લૌકિક પુરુષાર્થ, **प्रोक्ताः**-સ્મૃતિઓમાં કહેલા છે.

યજ્ઞાદિ અને તે સિદ્ધ કરવાનાં સાધનોથી યુકત એવા ઇશ્વરવિચારિત
અલૌકિક પુરુષાર્થ તો વેદમાં કહેલા છે, તેમજ ઇશ્વરની પ્રેરણાથી ઋષિલોકોએ
જીવે વિચારેલા લૌકિક પુરુષાર્થ સ્મૃતિઓમાં કહેલા છે.

અમુક અમુક સાધન વડે ધર્મ સિદ્ધ થાય છે તેવી રીતે અમુક અમુક વડે, અર્થ, કામ અને મોક્ષ સિદ્ધ થાય છે તેવું વેદમાં નિરૂપણ છે, અને વેદો ઈશ્વરના કહેલા છે તેથી તે અલૌકિક પુરુષાર્થ છે. ઋષિઓ જોકે વેદને જાણનારા છે તો પણ તેમણે ઈશ્વરની પ્રેરણા પ્રમાણે સ્મૃતિશાસ્ત્રોમાં જુદું નિરૂપણ કરેલું છે—૩

**लौकिकांस्तु प्रवक्ष्यामि वेदादाद्या यतः स्थिताः ।**
**धर्मशास्त्राणि नीतिश्च कामशास्त्राणि च क्रमात् ॥ ४ ॥**
**त्रिवर्गसाधकानीति न तन्निर्णय उच्यते । ४½ ।**

**लौकिकान्, तु, प्रवक्ष्यामि, वेदात्, आद्याः, यतः, स्थिताः,**
**धर्मशास्त्राणि, नीतिः, च, कामशास्त्राणि, च, क्रमात्,**
**त्रिवर्गसाधकानि, इति, न, तन्निर्णयः, उच्यते ॥ ४½ ॥**

**आद्याः**-પ્રથમના અલૌકિક પુરુષાર્થ, **वेदात्**-વેદનો આશ્રય કરીને **स्थिताः**-રહેલા છે, **तु**-અને, **लौकिकान्**-લૌકિક પુરુષાર્થને, **प्रवक्ष्यामि**-સારી રીતે સમજીશકાય તે રીતે કહું છું. **त्रिवर्गसाधकानि**-ત્રિવર્ગ-ધર્મ, અર્થ અને કામને પ્રાપ્ત કરાવનારાં, **धर्मशास्त्राणि**-ધર્મશાસ્ત્ર, **नीतिः, च**-અને નીતિશાસ્ત્ર, **कामशास्त्राणि च**-અને કામશાસ્ત્ર, **क्रमात्**-અનુક્રમથી છે, **इति**-**तन्निर्णयः**-તેથી તેનો ધર્મ, અર્થ, અને કામનો નિર્ણય, **न उच्यते**-કહેવામાં અવ્યો નથી.

પ્રથમના અલૌકિક પુરુષાર્થ વેદનો આશ્રય કરીને રહેલા છે, અને લૌકક પુરુષાર્થને સારી રીતે સમજી શકાય તે રીતે કહું છું. ધર્મ, અર્થ અને કામને પ્રાપ્ત કારાવનારાં ધર્મશાસ્ત્ર, નીતિશાસ્ત્ર અને કામશાસ્ત્ર અનુક્રમથી છે, એવા હેતુથી તેનો નિર્ણય કહેવામાં આવ્યો નથી. અલૌકિક પુરુષાર્થ કરવાની ઇચ્છા વાળાએ વેદમાં લખ્યા પ્રમાણે કરવું જોઇએ. ધર્મશાસ્ત્ર મન્વાદિ સ્મૃતિઓ, ગૃહ્યસૂત્ર વગેરે છે. તે ધર્મસિદ્ધ કરનાર છે. નીતિ-બૃહસ્પતિ વગેરેએ કહેલી છે તે અર્થ સાધક છે, અને કામશાસ્ત્ર--વાત્સ્યાયન સૂત્રાદિ છે, તે કામસાધક છે. તે શુદ્ધ ભાવનાવાળા અનન્ય ભક્તને શ્રીપ્રભુ સિદ્ધ કરે છે. સાધારણ ભકતોને સિદ્ધ કરે તો તે તેટલાથી અટકી જાય માટે તેમના પ્રેમનો પ્રભુ નાશ કરે છે. ૪½



**मोक्षे चत्वारि शास्त्राणि लौकिके परतः स्वतः ॥ ५ ॥**
**द्विधा द्वे द्वे स्वतस्तत्र साङ्ख्ययोगौ प्रकीर्तितौ ।**
**त्यागात्यागविभागेन साङ्ख्ये त्यागः प्रकीर्तितः ॥ ६ ॥**

**मोक्षे, चत्वारि, शास्त्राणि, लौकिके, परतः, स्वतः, द्विधा,**
**द्वे, द्व, स्वतः, तत्र, साङ्ख्ययोगौ, प्रकीर्तितौ, त्यागात्याग-**
**विभागेन, साङ्ख्ये, त्यागः, प्रकीर्तितः ॥ ६ ॥**

**लौकिके**-લૌકિક-જીવવિચારિત-**मोक्षे**-મોક્ષમાં, **चत्वारि शास्त्राणि**-ચાર શાસ્ત્રો છે, **परतः**-એક તો, અન્યદ્વારા મોક્ષ, **स्वतः**-બીજો, પોતાથી થવાનો મોક્ષ **द्विधा**-એમ બે પ્રકારના મોક્ષ છે. તેમાં પણ એક એક મોક્ષમાં, **द्वे, द्वे**-બે બે શાસ્ત્રો છે, **तत्र**-તેમાં, **स्वतः**-પોતાને આધીન મોક્ષની રીતે, **त्यागात्यागविभागेन**-ત્યાગ અને અત્યાગના ભેદે કરીને, **साङ्ख्ययोगौ**-સાંખ્ય અને યોગ એ બે શાસ્ત્રો, **प्रकीर्तितौ**-કહેલાં છે, **साङ्ख्ये**-તેમાંના સાંખ્યશાસ્ત્રમાં, **त्यागः, प्रकीर्तितः**- અનાત્મવસ્તુનો ત્યાગ કહેલો છે.

લૌકિક મોક્ષમાં ચાર શાસ્ત્રો છે. મોક્ષમાં, એક તો અન્યદ્વારા મોક્ષ, બીજો પોતાથી થવાનો મોક્ષ એમ બે પ્રકાર છે. તેમાં પણ એક એક મોક્ષમાં બે બે શાસ્ત્રો છે. તેમાં પોતાના આધીન મોક્ષની રીતે ત્યાગ અને અત્યાગના ભેદે કરીને સાંખ્ય અને યોગ એ બે શાસ્ત્રો કહેલાં છે. તેમાંના સાંખ્ય શાસ્ત્રમાં અનાત્મવસ્તુનો ત્યાગ કહેલો છે.

સ્માર્તમોક્ષવિષયક ચાર શાસ્ત્રો પૈકી સ્વતઃમોક્ષસાધકશાસ્ત્ર પ્રમાણે સાધન કરવાથી જીવ કૃતાર્થ થાય છે અને પરતઃમોક્ષસાધકશાસ્ત્રમાં કહેલી રીત પ્રમાણે સાધન કરવાથી બીજાદ્વારા બીજાની કૃપાથી જીવ કૃતાર્થ થાય છે. સ્વતઃમોક્ષ-જીવને સ્વાધીન મોક્ષમાં આટલો ત્યાગ કરવાથી મોક્ષ થાય તેવું પ્રતિપાદન કરનારૂં એક શાસ્ત્ર છે, અને ત્યાગ કર્યા વિના મોક્ષ સિદ્ધ થાય તેમ પ્રતિપાદન કરનારૂં એક શાસ્ત્ર છે. તેમાં સાંખ્ય શાસ્ત્રમાં ત્યાગ કહ્યો છે એટલે નિત્ય વસ્તુનો વિવેક થાય અને પછી વૈરાગ્ય થાય અને ત્યાગ કરે ત્યારે મોક્ષ થાય છે—૬

**अहंताममतानाशे सर्वथा निरहंकृतौ ।**
**स्वरूपस्थो यदा जीवः कृतार्थः स निगद्यते ॥ ७ ॥**

**अहंताममताृनाशे, सर्वथा, निरहंकृतौ, स्वरूपस्थः,**
**यदा, जीवः, कृतार्थः, सः निगद्यते ॥ ७ ॥**

**अहंताममतानाशे**—અહંતા મમતાનો નાશ થઇને, **सर्वथा**—બધી રીતે (હું કાંઇ કરતો નથી તેમ) **निरहंकृतौ**—અહંકારની નિવૃત્તિ થયે, **जीवः**—જીવાત્મા, **यदा**—જ્યારે, **स्वरूपस्थः**—સ્વરૂપમાં સ્થિતિ કરનારો થાય છે ત્યારે, **कृतार्थः**—મુકત, **निगद्यते**—કહેવાય છે.

અહંતા મમતાનો નાશ થઇને બધી રીતે અહંકારની નિવૃત્તિ થયે જીવાત્મા જ્યારે પોતાના સ્વરૂપમાં રહેલો હોય છે ત્યારે તે મુકત થયો કહેવાય છે. સ્થૂળ શરીર તથા લિંગ શરીરની અહંતા તથા તેના સાથી ગૃહાદિ પ્રાણ ઇન્દ્રિયો વગેરેમાં મમતાનો ત્યાગ થાય ત્યારે બુદ્ધિતત્ત્વમાં જે પ્રતિબિમ્બ છે તેમાં અભિમાન નાશ પામે. કર્તાપણું અને ભોકતાપણું મટી જાય ત્યારે જીવાત્મા પોતાના સ્વરૂપમાં પ્રકાશમાન થાય. તે જીવ કૃતાર્થ, આત્મજ્ઞાનમાં નિષ્ઠાવાળો, મુકત થયો કહેવાય—૭

**तदर्थं प्रक्रिया काचित् पुराणेऽपि निरूपिता ।**
**ऋषिभिर्बहुधा प्रोक्ता फलमेकमवाप्यतः ॥ ८ ॥**
**तदर्थम्, प्रक्रिया, काचित्, पुराणे, अपि, निरूपिता,**
**ऋषिभिः, बहुधा, प्रोक्ता, फलम्, एकम्, अवाप्यतः ॥ ८ ॥**

**तदर्थम्**—સાંખ્યમાં કહેલા મોક્ષ સારૂ, **ऋषिभिः**—ઋષિઓએ, **बहुधा**—ઘણા પ્રકારે કરીને, **प्रोक्ता**—કહેલી એવી, **काचित्**—કોઇ કોઇ, **प्रक्रिया**—સાંખ્યની સાધન કરવાની ક્રિયા-પધ્ધતિ, **पुराणे, अपि**—પુરાણોમાં, **निरूपिता**—નિરૂપણ કરેલી છે, તે બધી ક્રિયામાં, **अवाप्यतः**—સેશ્વર સાંખ્યથી, **फलम्, एकम्**—એક સરખુંજ ફલ થાય છે.

સાંખ્યમાં કહેલા મોક્ષ સારૂ ઋષિઓએ ઘણા પ્રકારે કરીને કહેલી એવી કોઇ કોઇ સાધન કરવાની ક્રિયા પુરાણોમાં નિરૂપણ કરેલી છે. તેમાં સેશ્વરસાંખ્ય ઇશ્વરનું સર્વકર્તાપણું માનનાર શાસ્ત્રથી એક સરખુંજ ફલ થાય છે.

અન્યથારૂપનો ત્યાગ કરીને પોતાના સ્વરૂપમાં સ્થિતિ કરવી તે મુકિત છે, અને તેના સાધનની પધ્ધતિ પુરાણોમાં છે, અને પુરાણ વેદના અર્થનો સ્પષ્ટ નિર્ણય



કરનારાં છે, અને તેને અનુકૂલ સેશ્વર સાંખ્યનો મોક્ષ છે જેથી તે આદર કરવા યોગ્ય છે. બાહ્યસાંખ્ય-નિરીશ્વર સાંખ્ય-આ જગતના કરનાર ઇશ્વરનોજ અનાદર કરે છે જે નિરીશ્વરવાદી છે. તેનું ફલ તો નરકપ્રાપ્તિરૂપ જ છે—૮

**अत्यागे योगमार्गो हि त्यागोऽपि मनसैव हि ।**
**यमादयस्तु कर्तव्याः सिद्धे योगे कृतार्थता ॥ ९ ॥**
**अत्यागे, योगमार्गः, हि, त्यागः, अपि, मनसा, एव, हि,**
**यमादयः, तु, कर्तव्याः, सिद्धे, योगे, कृतार्थता ॥ ९ ॥**

**अत्यागे**—ત્યાગ નહીં કરવામાં, **हि**—નિશ્ચયે કરીને, **योगमार्गः**—યોગ માર્ગ કહેલો છે **हि, त्यागः** આમાં ત્યાગ, **अपि-मनसा**—પણ મન વડેજ કરવા, **तु**—અને **यमादयः**—યમનિયમાદિ, **कर्तव्याः**—અવશ્ય કરવાં, **योगे**—મનની સઘળી વૃત્તિઓના નિરોધરૂપી યોગ, **सिद्धे**—સિધ્ધ થયે, **कृतार्थता**—જીવને કૃતાર્થપણું, પૂર્ણતા, છે.

ત્યાગ નહીં કરવો એવું સાધન કરવું હોય તેને માટે યોગમાર્ગ કહેલો છે. આમાં ત્યાગ પણ મન વડેજ કરવો. યમનિયમાદિયોગનાં સાધન અવશ્ય કરવાં. મનની સઘળી વૃત્તિઓના નિરોધરૂપી યોગ સિધ્ધ થયે જીવની પૂર્ણતા છે. અષ્ટાંગ યોગનાં સાધન યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, અને સમાધિ એ પ્રમાણે ક્રમાનુસાર છે.

**યમ**—અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ. આ મહાવ્રત છે.

**નિયમ**—પવિત્રતા, સંતોષ, તપ, સ્વાધ્યાય, ઇશ્વરપ્રણિધાન—બધી ક્રિયાફલની ઇચ્છા વગર ઇશ્વરને સમર્પણ કરવી તે. આથી ચિત્ત પ્રસન્ન રહે છે, કલેશનો નાશ થાય છે.

**આસન**—પદ્માસન, દંડાસન, સ્વસ્તિકાસન વગેરે આનાથી ક્ષુધા, તૃષા, તાપ, ટાઢનાં દુઃખ થતાં નથી

**પ્રાણાયામ**—પૂરક—શ્વાસ અંદર લેવો તે, કુંભક—શ્વાસને રોકવો તે, રેચક—શ્વાસ બહાર કાઢવો તે. ફલ—ચિત્તની સ્થિરતા.

**પ્રત્યાહાર**—ઇંદ્રિયો પોતાના રૂપાદિ વિષયોમાંથી પાછી ફરીને માત્ર સ્વરૂપમાં રહે તે. ફલ—ઇંદ્રિયો વશ થાય છે, અને ચિત્ત બહાર ભટકતું નથી.

**ધારણા**–બાહ્ય વૃત્તિમાંથી ચિત્તનો સ્થિર ભાવ.

**ધ્યાન**--ચિત્ત ભગવત્સ્વરૂપમાં રાખવું તે.—

**સમાધિ**–કોઈ પદાર્થનું ભાન ન રહે અને ભિન્ન ભાવ ન રહે તે. આ સાધન કરવામાં ગૃહાદિનો ત્યાગ કરવાની જરૂર નથી, પણ મનની સર્વ વૃત્તિઓનો નિગ્રહ રાખી આત્માના સ્વરૂપમાં સ્થિતિ થતાં અવિદ્યાનો નાશ થઈ સ્વરૂપાવસ્થાન મોક્ષ સિધ્ધ થાય છે. ૯

**पराश्रयेण मोक्षस्तु द्विधा सोऽपि निरूप्यते ।**
**ब्रह्मा ब्राह्मणतां यातस्तद्रूपेण सुसेव्यते ॥ १० ॥**
**पराश्रयेण, मोक्षः, तु, द्विधा, सः अपि, निरूप्यते,**
**ब्रह्मा, ब्राह्मणताम्, यातः, तद्रूपेण, सुसेव्यते ॥ १० ॥**

**पराश्रयेण**–પર–અન્યોદ્વારા બીજાના આશ્રયે કરીને, **मोक्षः, तु**–મોક્ષ તો, **द्विधा**–બે પ્રકારનો છે, **सः अपि**–તે બન્ને રીતનો મોક્ષ પણ, **निरूप्यते**–નિરૂપણ કરાય છે. **ब्रह्मा**–બ્રહ્માજી, **ब्राह्मणताम्**--બ્રાહ્મણપણાને **यातः**–પામેલા છે તેથી, **तद्रूपेण**–તે બ્રાહ્મણરૂપે કરીને, **सुसेव्यते**–વેદાધ્યયનને માટે સેવાય છે.

પર અન્યદ્વારા આશ્રયે કરીને મોક્ષ તો બે પ્રકારનો નિરૂપણ કરાય છે. બ્રહ્માજી બ્રાહ્મણપણાને પામેલા છે તેથી તે બ્રાહ્મણરૂપે કરીને વેદાધ્યયન માટે સેવાય છે.

પર એટલે સર્વશ્રેષ્ઠ વિષ્ણુ અને શિવ છે. જો કે ગુણાવતારમાં બ્રહ્માજી છે અને ગુણાભિમાનપણાથી ત્રણે સમાન છે. વેદાદિ જાણવા અથવા બ્રહ્મજ્ઞાન, બ્રહ્મતેજની પ્રાપ્તિ સારૂ બ્રહ્માજીની સેવા બ્રાહ્મણ રૂપથી થાય છે. મોક્ષને માટે બ્રહ્માજીનું સેવન કરાતું નથી કેમકે બ્રહ્માજીનું કાર્ય સૃષ્ટિ કરવાનું છે અને મોક્ષ સૃષ્ટિકાર્યથી વિરૂધ્ધ છે, તેથી બ્રહ્માજી મોક્ષ આપતા નથી. ૧૦

**ते सर्वाथा न चाद्येन शास्त्रं किञ्चिदुदीरितम् ।**
**अतः शिवश्च विष्णुश्च जगतो हितकारकौ ॥ ११ ॥**
**वस्तुनः स्थितिसंहारौ कार्यौ शास्त्रप्रवर्तकौ ॥ ११½ ॥**



**ते, सर्वार्थाः, न, च, आद्येन, शास्त्रम्, किञ्चित्, उदीरितम्,**
**अतः, शिवः, च, विष्णुः च, जगतः, हितकारकौ ॥ ११ ॥**
**वस्तुन, स्थितिसंहारौ, कार्यौ, शास्त्रप्रवर्तकौ ॥ ११½ ॥**

**ते**–તે આગળ કહેલા, **सर्वाथाः**–સર્વ પુરુષાર્થ, **आद्येन**–બ્રહ્માજી દ્વારા, **न**–સિદ્ધ થતા નથી, એમણે, **किञ्चित्, शास्त्रम्**–કંઈક શાસ્ત્ર, **उदीरितम्**–કહેલું છે, **अतः शिवः**–એ માટે શિવજી, **च, विष्णुः**–અને વિષ્ણુ **जगतः**–સર્વ જગતનું, **हितकारकौ**–હિત કરનારા છે, **वस्तुनः**–વસ્તુમાત્રની, **स्थितिसंहारौ**–સ્થિતિ અને સંહાર, **कार्यौ**–રક્ષા અને નાશરૂપી જેમનું કાર્ય છે તેવા તથા, **शास्त्रप्रवर्तकौ**–ચતુર્વર્ગવિષયક શાસ્ત્રના પ્રવર્તક છે.

આગળ કહેલા સર્વ પુરુષાર્થ બ્રહ્માજી દ્વારા સિદ્ધ થતા નથી. એમણે મોક્ષશાસ્ત્ર સંબંધમાં કાંઇક કહેલું છે, એ માટે શિવજી અને વિષ્ણુ સર્વ જગતનું હિત કરનારા છે. વસ્તુમાત્રની સ્થિતિ રક્ષા–પાલન કરવાનું કાર્ય વિષ્ણુનું છે અને સંહાર–નાશ–કરવાનું શિવજીનું કર્તવ્ય છે. તેમ ચતુર્વર્ગવિષયક શાસ્ત્રના પ્રવર્તક પણ એ બન્ને છે.

બ્રહ્માજીથી સર્વ અર્થ પ્રાપ્ત થતા નથી. અર્થાત્ મોક્ષ વિના બીજા અર્થ તેમનું સેવન કરવાથી મળે છે, અથવા બ્રહ્માજીનું સેવન કરનારા સર્વ અર્થવાળા હોતા નથી. પાલન કરવું એ સત્ત્વગુણનું કાર્ય છે જેથી સત્ત્વગુણના અધિષ્ઠાતા વિષ્ણુ છે. સંહાર કરવો એ તામસગુણનું કાર્ય છે જેથી શિવ તામસગુણના અધિષ્ઠાતા છે, જેથી વિષ્ણુપાસે સાત્ત્વિકગુણનાં અને શિવજીપાસે તામસ ગુણનાં સાહિત્યો હોય છે. ૧૧½

**ब्रह्मैव तादृशं यस्मात् सर्वात्मकतयोदितौ ॥ १२ ॥**
**ब्रह्म, एव, तादृशम्, यस्मात्, सर्वात्मकतया, उदितौ ॥ १२ ॥**

**यस्मात्**–તે કારણથી, **तादृशम्**–તેવું–શિવ વિષ્ણુરૂપે, **ब्रह्म, एव**–બ્રહ્મજ થયેલું છે, તેથી તેમને, **सर्वात्मकतया**–તેને શાસ્ત્રમાં સર્વાત્મકપણાએ કરીને, **उदितौ**–કહેલા છે.

તે કારણથી શિવવિષ્ણુરૂપે બ્રહ્મજ થયેલું છે તેથી તેમને તે તે શાસ્ત્રમાં સર્વાત્મકપણાએ કરીને કહેલાં છે.

કેટલાંક ઉપનિષદોમાં શિવજીને અને કેટલાકમાં વિષ્ણુને સર્વાત્મકપણાથી નિરૂપણ કરેલા છે, એટલેકે તે તે સ્થળે શિવ તથા વિષ્ણુરૂપથી બ્રહ્મનુંજ નિરૂપણ છે, તેથી બ્રહ્મ પણ તેજુંજ છે. કાંઈ ગુણાત્મક શિવ તથા વિષ્ણુનું સર્વાત્મકપણાથી વર્ણન કરેલું નથી. ૧૨

**निर्दोषपूर्णगुणता तत्तच्छास्त्रे तयोः कृता ।**
**भोगमोक्षफले दातुं शक्तौ द्वावपि यद्यपि ॥ १३ ॥**
**भोगः शिवेन मोक्षस्तु विष्णुनेति विनिश्चयः ॥ १३½ ॥**

**निर्दोषपूर्णगुणता, तत्तत्, शास्त्रे, तयोः, कृता,**
**भोगमोक्षफले, दातुम्, शक्तौ, द्वौ, अपि, यद्यपि,**
**भोगः, शिवेन, मोक्षः, तु, विष्णुना, इति, विनिश्चयः । १३½ ॥**

**तयोः**-તેઓનું-શિવ વિષ્ણુનું, **निर्दोषपूर्णगुणता**-નિર્દોષપણું અને પૂર્ણગુણપણું, **तत्तत् शास्त्रे** જેમના તેમના શાસ્ત્રોમાં, **कृता**-નિરૂપણ કરેલું છે. **यदि, अपि**-જો કે તે શ્રીભગવાનના ગુણાવતાર છે તેથી, **द्वौ**-શિવ, વિષ્ણુ બન્ને, **भोगमोक्षफले**-ભોગ અને મોક્ષ ફલ, **दातुम्**-આપવાને, **शक्तौ**-સમર્થ છે, **अपि**-તોપણ તેમના ગુણ વિચાર્યાથી, **शिवेन, भोगः, तु**-શિવજીદ્વારા ભોગ અને **विष्णुना**-વિષ્ણુ દ્વારા, **मोक्षः**-મોક્ષ સિધ્ધ થાય છે, **इति**-એવો **निश्चयः**-વિશેષ કરીને નિશ્ચય છે.

શિવ, વિષ્ણુનું નિર્દોષપણું અને પૂર્ણગુણપણું જેમના તેમના શાસ્ત્રોમાં નિરૂપણ કરેલું છે. જો કે શ્રીભગવાના ગુણાવતાર છે તેથી શિવ, વિષ્ણુ બન્ને ભોગ અને મોક્ષફલ આપવાને સમર્થ છે, તો પણ તેમના ગુણ વિચાર્યાથી શિવજીદ્વારા ભોગ અને વિષ્ણુદ્વારા મોક્ષ સિધ્ધ થાય છે એવો નિર્ણય કરેલો છે.

પાશુપતાદિક શાસ્ત્રમાં શિવજીને અને પંચરાત્રાદિકમાં વિષ્ણુને નિર્દોષ, પૂર્ણગુણ કહેલા છે, તેથી શિવરૂપથી અને વિષ્ણુરૂપથી પરબ્રહ્મરૂપનુંજ નિરૂપણ થાય છે. ગુણાવતારના અભિપ્રાયથી નથી શિવજી શક્તિયુક્ત છે, અને ગુણોવડે આવૃત છે, તેથી શિવજીના ભજનથી વિભૂતિઓના ભોગ મળે છે; અને વિષ્ણુ નિર્ગુણ માયાથી પર છે, તેમના ભજનથી નિર્ગુણ થવાય અર્થાત્ મોક્ષ મળે છે. શ્રુતિ તથા પુરાણોમાં શિવજી મોક્ષ આપે છે તથા વિષ્ણુ ભોગ આપે છે તેવું



પણ વર્ણન છે તે તેમનું સામર્થ્ય બનાવવા માટેજ છે. ૧૩½

**लोकोऽपि यत् प्रभुर्भुङ्क्ते तन्न यच्छति कर्हिचित् ॥ १४ ॥**

**लोके, अपि, यत्, प्रभुः, भुंक्ते, तत्, न, यच्छति, कर्हिचित् ॥१४॥**

**लोके, अपि**-લોકમાં પણ, **यत्**-જે, **प्रभु**-સ્વામી, **भुङ्क्ते**-પોતે ભોગવે છે, **तत्**-તે, **कर्हिचित्**-કોઈપણ વખતે, **न, यच्छति**-બીજાને આપતા નથી.

લોકમાં પણ જે સ્વામી પોતે ભોગવે છે તે કોઈપણ વખતે બીજાને આપતા નથી.

શિવજી સદા વૈરાગ્યયુકત રહી મોક્ષ ભોગવે છે, વિષ્ણુ સર્વદા લક્ષ્મીજી સાથે ભોગ ભોગવે છે. તેથી શિવજીની ભોગ્ય વસ્તુ મોક્ષ તે બીજાને આપે નહી, વિષ્ણુને ભોગ્ય ભોગ છે તે બીજાને આપે નહીં. વાસ્તવિક અભિપ્રાય એવો છે કે શિવજી તેમના જે ઉપાસક તામસ હોય છે તેમને મોક્ષ આપતા નથી. ભગવદ્ભકત જેઓ નિર્ગુણ હોય છે તેમને લૌકિક સમૃધ્ધિ આપવાથી, તેમનું પતન થાય છે એમ જાણી વિષ્ણુ તેમને ભોગ આપતા નથી. ૧૪

**अतिप्रियाय तदपि दीयते क्वचिदेव हि ।**
**नियतार्थप्रदानेन तदीयत्वं तदाश्रयः ॥ १५ ॥**
**प्रत्येकं साधनं चैतद् द्वितीयार्थे महान् श्रमः ॥ १५½ ॥**

**अतिप्रियाय, तत्, अपि, दीयते, क्वचित्, एव, हि,**
**नियतार्थप्रदानेन, तदीयत्वम्, तदाश्रयः ॥ १५ ॥**
**प्रत्येकम्, साधनम्, च, एतत्, द्वितीयार्थे, महान्, श्रमः ॥ १५½ ॥**

**तदपि**-તો પણ, **अतिप्रियाय**-અત્યન્ત પ્રિયભક્તોને, **क्वचित्**-કોઇ વખતે **हि, एव**-નિશ્ચયજ મોક્ષ, **दीयते**-આપવામાં છે, **नियतार्थप्रदानेन**-નિયમપૂર્વક મોક્ષના દાને કરી, **तदीयत्वम्**-તેનાપણું અને, **तदाश्रयः**-તેનો આશ્રય સિદ્ધ થાય છે, **प्रत्येकम्**-પ્રત્યેક દેવતા, **एतत्**-બન્ને ફલોના, **साधनम्**-સાધન છે, **द्वितीयार्थ**-બીજાના અર્થદાનમાં, **महान्, श्रमः** અત્યન્ત પરિશ્રમ છે.

તોપણ અત્યન્ત પ્રિયભકતોને કોઇક વખતે નિશ્ચય જ મોક્ષ આપે છે. નિત્ય પ્રતિ જે વસ્તુ પ્રાપ્ત થાય તે તેમને સમર્પણ કરવામાં આવે તો તેનાપણું અને તેનો આશ્રય સિદ્ધ થાય છે. પ્રત્યેક દેવતા બંને ફલોનાં સાધન છે, પણ મોક્ષનો લાભ મેળવવામાં અત્યન્ત પરિશ્રમ છે.

વિષ્ણુ જેમને સમૃદ્ધિનો મદ હોય નહીં તેમને શ્રીદામાની મફક ભોગ આપે છે. ઉપરિચર નામના વસુને પણ ભોગ આપેલો છે. તેમ શિવજીએ મયદાનવ તથા બાણને મોક્ષ આપેલો છે. આવી રીતે બંને જણા પોતાના અત્યન્ત પ્રિયને તેમના અધિકાર પ્રમાણે ભોગ અને મોક્ષ બન્ને આપે છે. લૌકિક મોક્ષની વ્યવસ્થા આ પ્રમાણે કહી. અલૌકિક મોક્ષ તો ભકિતમાર્ગીય છે, તેને માટે જે શ્રમ છે તે સાધનથી, ફલથી, તથા સ્વરૂપથી ઉત્તમ છે ૧૫½.

**जीवाः स्वभावतो दुष्टा दोषाभावाय सर्वदा ॥ १६ ॥**
**श्रवणादि ततः प्रेम्णा सर्वं कार्यं हि सिध्यति ।**
**मोक्षस्तु सुलभो विष्णोर्भोगश्च शिवतस्तथा ॥ १७ ॥**
**जीवाः, स्वभावतः, दुष्टाः, दोषाभावाय, सर्वदा ॥ १६ ॥**
**श्रवणादि, ततः, प्रेम्णा, सर्वम्, कार्यम्, हि, सिध्यति,**
**मोक्षः, तु, सुलभः, विष्णोः, भोगः, च, शिवतः, तथा ॥ १७ ॥**

**जीवाः** –જીવમાત્ર, **स्वभावतः**–સ્વભાવથી, **दुष्टाः**–દોષવાળા છે, ભગવત્સેવારૂપ પોતાનો સહજ ધર્મ નહીં કરવાથી, **दोषाभावाय**–તે દોષને નિવૃત્ત કરવા સારૂ, **सर्वदा**–સદા, **श्रवणादि**–શ્રવણ, કીર્તન, સ્મરણ વગેરે નવધા ભક્તિ, **प्रेम्णा**–પ્રેમપૂર્વક કરવી, **ततः**–તેનાથી, **सर्वम् कार्यम्**–આ લોક તથા પરલોક સંબંધી સર્વ કાર્ય, **सिध्यति**–સિદ્ધ થાય છે, **मोक्षः**, **तु**–મોક્ષ તો, **विष्णोः**, **सुलभः**, વિષ્ણુથી સુલભ છે, **तथा**, **भोगः**–અને ભોગ, **शिवतः**–શિવજીથી છે.

જીવમાત્ર સ્વભાવથી–ભગવત્સેવારૂપ પોતાનો સહજધર્મ નહીં કરવાથી–દોષવાળા છે. તે દોષને નિવૃત્ત કરવા સારૂ સદા શ્રવણ, કીર્તન, સ્મરણ વગેરે નવધા ભકિત પ્રેમપૂર્વક કરવી. તેનાથી આ લોક તથા પરલોક સંબંધી સર્વકાર્ય સિધ્ધ થાય છે. મોક્ષ તો વિષ્ણુથી સુલભ છે અને ભોગ શિવજીથી છે. જીવસ્વરૂપ દૃષ્ટિથી દોષવાળા નથી પણ સ્વભાવથી દોષવાળા છે અને તે, દેવ, મનુષ્ય અને આસુરી એમ



જીવ ભગવાનના દાસ છે. તેમણે ભગવત્સેવા કરવી એ પોતાનો ધર્મ
ત્રણ પ્રકારના છે. તે દોષની નિવૃત્તિ સારૂ તેમણે શ્રવણાદિ
છે, તે કરતા નથી તેથી દોષયુકત થયા છે.
કરવું, તેમ કરવાથી ભગવાનમાં પ્રેમ થાય છે અને પ્રેમસહિત ભકિતથી
સર્વકાર્યની સિદ્ધિ છે. ૧૭

શિવજીને ભોગ–વૈભવ આપવામાં તામસ ભક્તોનો સ્વભાવ ફેરવવા પડતા
નથી, પણ મોક્ષ આપવામાં તેમના તમસ, રજસ અને સત્ત્વ ગુણો નિવૃત્ત કરી તેમને
ગુણાતીત કરવામાં શ્રમ છે, જ્યારે વિષ્ણુને ભોગ આપવામાં સાત્ત્વિક ભક્તો ભોગમાં
આસક્ત થઇ તેમનામાં દોષ ઉત્પન્ન ન થાય એવો સ્વભાવ કરવામાં શ્રમ છે, અને
મોક્ષ આપવામાં તો તેમનો સત્ત્વગુણ નિવૃત્ત કરી તરત જ ગુણાતીત કરવામાં આવે
છે, તેથી વિષ્ણુથી મોક્ષ સુલભ છે એમ કહેવાનો આશય છે.

**समर्पणेनात्मनो हि तदीयत्वं भवेद् ध्रुवम् ।**
**अतदीयतया चापि केवलश्चेत् समाश्रितः ॥ १८ ॥**
**समर्पणेन, आत्मनः, हि, तदीयत्वम्, भवेत्, ध्रुवम्,**
**अतदीयतया, च, अपि, केवलः, चेत्, समाश्रितः ॥ १८ ॥**

**समर्पणेन**–પોતાના આત્મા વિગેરે સર્વ વસ્તુ પ્રભુને સમર્પણ કરવાથી, **आत्मनः**–જીવને, **हि**–નિશ્ચયે કરીને, **तदीयत्वम्**–તેનાપણું, **ध्रुवम्**–નિશ્ચલ, **भवेत्**, **च**,–થાય અને, **अतदीयतया**–તદીયપણું નહીં હોવાને લીધે, **अपि**–પણ, **केवलः**, **चेत्**–માત્ર જો, **समाश्रितः**–સારી રીતે પ્રભુનો આશ્રય રાખે તો સારી ગતિ થાય.

પોતાના આત્મા વિગેરે સર્વવસ્તુ પ્રભુને સમર્પણ કરવાથી જીવને નિશ્ચયે
કરીને તેનાપણું નિશ્ચલ થાય જેમણે આત્મનિવેદન નથી કર્યું અને તદીયપણું ન થયું
હોય, પણ માત્ર પ્રભુનો સારી રીતે આશ્રય રાખે તો પણ સારી ગતિ થાય.

આત્મનિવેદનમાં મારૂં અને મારાં એ મમતાવિષયક જે સર્વ છે તે
સર્વનું પ્રભુને સમર્પણ કરવાનું છે અને મનમાં એમ વિચારવાનું છે કે જે સર્વ
પોતાનું મનાતું હોય તેમાં મારૂં કાંઈ પણ નથી, જે કાંઈ છે તે સર્વ પ્રભુનું છે,
એટલે મારો તથા મારા પદાર્થોનો પ્રભુ અંગીકાર કરે એવી બુદ્ધિ થવી તે જ
કારણ છે. આત્માનું સમર્પણ થયું એટલે કોઇમાં સ્વસત્તા રહી નહીં, એટલે

તદીયપણું—ભગવદીયપણું દૃઢ થયું અને તેજ અતિપ્રિયપણું છે. શ્રવણાદિ ભક્તિ આત્મનિવેદનમાં ઉત્તરોત્તર હેતુભૂત છે; જેમકે પ્રથમ શ્રવણ ભક્તિ સિદ્ધ ન હોય તો કીર્તન કેમ થઈ શકે, શ્રવણ પછી કીર્તન, તે પછી પાદસેવન-પરિચર્યા સિદ્ધ થાય, તે પછી અર્ચન--પૂજન, પછી વંદન—નમન, ત્યાર પછી દાસ્ય ભક્તિ—જે કરવું તે ભગવદર્પણ કરવું તે, પછી સખ્ય ભક્તિ થાય. એટલા પ્રકાર થાય ત્યારે આત્મનિવેદન થાય અને ત્યારે ભગવદ્-અનુગ્રહ થાય છે. આત્મ-સમર્પણ ન થયું હોય ત્યાં સુધી તદીયપણું કહેવાતું નથી અને અને તદીય-પણું ન હોય ત્યાં સુધી અતિપ્રિયપણું ન થાય, તો પણ તદાશ્રય તો દૃઢ રાખવો, કેમકે આશ્રય દૃઢ હોય, અર્થાત્ સર્વાત્મભાવથી એમજ જાણે કે સર્વ પ્રકારથી એજ મારી રક્ષા કરનાર છે, બીજું કોઈ નથી એ રીતે દૃઢાશ્રય હોય, તો પણ કાર્ય સિદ્ધિ છે. ૧૮

**तदाश्रयतदीयत्वबुद्ध्यै किञ्चित् समाचरेत् ।**
**स्वधर्ममनुतिष्ठन् वै भारद्वैगुण्यमन्यथा ॥ १९ ॥**

**तदाश्रयतदीयत्वबुद्ध्यै, किञ्चित्, समाचरेत्,**
**स्वधर्मम्, अनुतिष्ठन्, वै, भारद्वैगुण्यम्, अन्यथा ॥ १९ ॥**

**तदाश्रय-तदीयत्वबुद्ध्यै**--ભગવાનનો આશ્રય, અને તદીયપણાને જાણવા સારૂ, **स्वधर्मम्**--પોતાના ધર્મને, **अनुतिष्ठन्**--પાલન કરતાં, **किञ्चित्**-શરણાગતિરૂપ કાંઈક સાધનને, **समाचरेत्**--સારી રીતે આચરે, **अन्यथा**, **वै**-તેમ ના કરે તો નિશ્ચયજ, **भारद्वैगुण्यम्**-બેવડો ભાર થાય.

ભગવાનનો આશ્રય અને તદીયપણાને જાણવા સારૂ સ્વધર્મ પોતાના વર્ણાશ્રમનું પાલન કરવું અને શરણાગતિરૂપ કાંઇક સાધન માટે શ્રવણાદિ કરવાં. તેમ ન કરે તો નિશ્ચયજ જીવનો ઉદ્ધાર કરવામાં પ્રભુને શ્રમ પડે અને બે પ્રકારનો ભાર થાય.

વર્ણાશ્રમધર્મનું આચરણ નહીં કરવાથી અધર્મ થાય તે એક ભાર અને જીવ સ્વભાવથી દોષવાળા છે તે બીજો ભાર. આ પ્રમાણે બેવડો ભાર થવાથી ફલમાં વિલંબ થાય. અથવા વર્ણાશ્રમ ધર્મ છોડી એકલું પ્રભુનું ભજન કરે તો પણ અપૂર્ણ રહે, જો કે તેનાથી જીવનું અકલ્યાણ થતું નથી. એકલો વર્ણાશ્રમ પાળે અને પ્રભુનું ભજન ન કરે તો તેનો ઉદ્ધાર થતો નથી. **અથવા** ભક્તિમાર્ગમાં



શ્રીઆચાર્યજી દ્વારા પ્રભુની શરણાગતિ લેવી એજ જીવનો સ્વધર્મ છે તે સ્વધર્મરૂપ શરણાગતિ લે અને આશ્રય અને તદીયત્વપણાની બુદ્ધિથી શ્રવણાદિ કરે તો ફલ સિદ્ધિ થાય છે. તેમ, ના કરે તો બેવડો ભાર થાય. ૧૯

**इत्येवं कथितं सर्वं नैतज्ज्ञाने भ्रमः पुनः ॥ १९½ ॥ ॥**

**इति, एवम्, कथितम्, सर्वम्, न, एतज्ज्ञाने, भ्रमः, पुनः ॥ १९½ ॥**

**इत्येवम्**--આ પ્રકારે, **सर्वम्**—સર્વ સિદ્ધાન્તનો સંગ્રહ, **कथितम्**—કહેવાયો છે, **एतज्ज्ञाने**--આ જાણ્યા પછી, **पुनः**:--ફરીથી, **भ्रमः**—**न** સંભ્રમ—સંદેહ થતો નથી.

આ પ્રકારે સર્વસિદ્ધાન્તના સંગ્રહરૂપ સર્વ કહેલું છે--તે જાણ્યા પછી ફરીથી કોઈ પ્રકારનો સંદેહ રહેતો નથી.

પૂર્વોક્ત પ્રકારથી સ્વમાર્ગીય અને બીજા સિદ્ધાન્તોના સંગ્રહરૂપ સર્વ કહેવામાં આવ્યું છે એટલે પુરુષાર્થનું સ્વરૂપ સમજવામાં સંદેહ ફરી ન થાય, અને જે સંદેહ હોય તે પણ નિવૃત્ત થાય છે.

વસ્તુતાએ ભક્તિજ મુખ્ય પુરુષાર્થ છે. નિસ્સાધન જીવને શ્રીકૃષ્ણ વિના બીજું ફલ અને ભક્તિવિના બીજું સાધન નથી. સાધનરૂપ અને ફલરૂપ ભક્તિથીજ ભગવત્પ્રાપ્તિ છે.

**इति श्रीमद्वल्लभाचार्यविरचितः बालबोधग्रन्थः सम्पूर्णः ॥ २ ॥**

**इति**—આ પ્રમાણે, **श्रीमद्वल्लभाचार्यविरचितः**—શ્રીમદ્વલ્લભાચાર્યજીએ રચેલો, **बालबोधग्रन्थः**—બાલબોધ નામનો ગ્રન્થ, **सम्पूर्णः**—સંપૂર્ણ થયો.

આ પ્રમાણે શ્રીમદ્વલ્લભાચાર્યજીએ રચેલો બાલબોધનામનો ગ્રન્થ સંપૂર્ણ થયો. ૨

**श्रीकृष्णार्पणमस्तु ।**




# ૩ सिद्धान्तमुक्तावली

**ગ્રન્થપરિચય**-શ્રીમદાચાર્યચરણે આ ગ્રન્થમાં સેવાના સિધ્ધાન્તો નિરૂપણ કરેલા છે. સેવાના પ્રકાર-૧. માનસી સેવા, શ્રીપ્રભુમાં સર્વાત્મભાવે ચિત્ત પરોવવું તે, ઉત્તમ અને ફલરૂપ છે. ૨. તનુજા અને ૩. વિત્તજા સેવા સાધન રૂપ છે, તેનાં અવાંતર ફલ સાંસારિક દુઃખની નિવૃત્તિ અને અક્ષર બ્રહ્મના જ્ઞાનની પ્રાપ્તિ છે.

બ્રહ્મનું સ્વરૂપ—૧. આધિદૈવિકરૂપ–પૂર્ણાનંદ શ્રીકૃષ્ણ અક્ષરબ્રહ્મ અને જીવાત્માથી પર. ૨. આધ્યાત્મિકરૂપ–અક્ષરબ્રહ્મ, ગણિતાનંદવાળું, જ્ઞાનીઓને ઉપાસના કરવાયોગ્ય, અને મુક્તિનું સ્થાન, શ્રીકૃષ્ણનું અધિષ્ઠાન. જીવનું સ્વરૂપ-અક્ષરબ્રહ્મનો અંશ, આત્માના ગુણથી અતિસૂક્ષ્મ, અણુ અને અવિદ્યાને લીધે જગતમાં અનેકપણું જોનાર ૩. આધિભૌતિક રૂપ–જગત, અક્ષરબ્રહ્મનો અંશ. ત્રિગુણાત્મક જગતના નિયામક ગુણાનુસાર ત્રણ દેવતા બ્રહ્મા, વિષ્ણુ અને શિવ છે. તે તેમના અધિકાર પ્રમાણે ઉપાસકોને ભોગ અને મુક્તિ આપનારા છે. આ દેવોના નિયામક શ્રીકૃષ્ણ છે.

સાધનની કક્ષાઓ–પ્રભુના અનુગ્રહથી જે જીવોની અહંતા–મમતારૂપ અવિદ્યા નાશ પામે અને જગત તથા પોતાના આત્માને અક્ષરબ્રહ્માત્મક જાણી અનન્ય મનથી અંતરાત્મા શ્રીકૃષ્ણને ભજે તે પહેલી ઉત્તમ કક્ષા. જે અક્ષરબ્રહ્મને શ્રીકૃષ્ણનું અધિષ્ઠાન છે અને તેમાં પ્રભુ બિરાજેલા છે એવું જ્ઞાન થવા પ્રયત્ન કરે છે, તે બીજી, મધ્યમ, કક્ષા. જેની અહંતા મમતા છૂટી નથી અને પ્રભુ-સેવામાં અંતરાયો આવવાથી દુઃખ પામે છે તેણે પ્રભુનું ચિન્તન કરવું તે ત્રીજી, હીન, કક્ષા. લૌકિક ઇચ્છા નિવૃત્ત ન થઇ હોય અને સેવાના ફલમાં વિલંબ થતાં કલેશ થતો હોય તેવા, ભગવત્સ્વરૂપના જ્ઞાન વિનાનાએ પ્રભુ-સ્મરણ, સેવા, કથા વાર્તામાં તત્પર રહેવું અને પોતાના સ્વરૂપના જ્ઞાન વિનાનાએ શ્રીગંગાજી સમીપ રહી શ્રીમદ્ ભાગવતનું પઠન, પાઠન, શ્રવણ વારંવાર કરવું એ ચોથી કક્ષા. મર્યાદાજ્ઞાની અને ભક્તને ભગવદ્અનુગ્રહ વડે ભક્તિમાર્ગમાં અંગીકાર થયા પછી માનસી સેવાની ક્રમેક્રમે પ્રાપ્તિ છે. પ્રભુ સમીપ રહેવા છતાં સેવામાં ઇચ્છા ન થાય તે આરૂઢપતિત છે. તેવાઓએ સારાં આચરણ રાખી ભક્તિ કરવી એ પાંચમી કક્ષા. તાત્પર્ય કે ભક્તિ વિના બીજું

કાંઈ પરમ કર્તવ્ય નથી, જેથી અહંતામમતાનો ત્યાગ કરી સતત શ્રીકૃષ્ણ ભગવાનની સેવા કરવી એવો ઉપદેશ આપેલો છે.

**नत्वा हरिं प्रवक्ष्यामि स्वसिद्धान्तविनिश्चयम् ।**
**कृष्णसेवा सदा कार्या मानसी सा परा मता ॥ १ ॥**

**पदच्छेद–नत्वा, हरिम्, प्रवक्ष्यामि, स्वसिद्धान्तविनिश्चयम्,**
**कृष्णसेवा, सदा, कार्या, मानसी, सा, परा, मता ॥ १ ॥**

**हरिम्**–પોતાનું સ્મરણ કરનારાઓના દુઃખને હરનારા શ્રીહરિ ભગવાનને, **नत्वा**–નમન કરીને, **स्वसिद्धान्तविनिश्चयम्**–પોતાના સિદ્ધાન્તનો વિશેષ નિશ્ચયને, **प्रवक्ष्यामि**–હું કહું છું, **कृष्णसेवा**–શ્રીકૃષ્ણની સેવા, **सदा**–નિરંતર, **कार्या**–અવશ્ય કરવી જોઇએ **सा मानसी**–તે, માનસી સેવા, **परा**–ઉત્તમ ફલરૂપ, **मता**–માનેલી છે.

શ્રીહરિ ભગવાનને નમન કરીને પોતાના સિધ્ધાન્તના વિશેષ નિશ્ચયને હું કહું છુ. શ્રીકૃષ્ણની સેવા નિરંતર અવશ્ય કરવી જોઇએ. સેવામાં માનસી સેવાને ઉત્તમ ફલરૂપ માનેલી છે. ૧

આત્મારૂપ ભગવાનમાં પ્રીતિ થાય એવું સાધન કરવું એ સમગ્ર વેદનો અભિપ્રાય છે તેથી શ્રીકૃષ્ણ પરબ્રહ્મ પૂર્ણપુરુષોત્તમની સેવા સદા દાસપણાનો ભાવ રાખીને કરવી. સેવા ત્રણ પ્રકારની છે–તનુજા, વિત્તજા અને માનસી. તેમાં માનસી સેવાને ફલરૂપ માનેલી છે. ભકિત નહીં લખતાં સેવા લખવાનું કારણ એ કે સેવા સેવકોનો ધર્મ છે અને જીવ એ ઈશ્વરના સહજ દાસ છે, એટલે ભગવાન સેવ્ય છે અને જીવ સેવક છે, અને જીવનું પ્રભુસેવા એજ કર્તવ્ય છે, અને તે ફલાત્મક છે, એમ સમજવું. સેવા કરીને કોઇ બીજા ફલની ઇચ્છા રાખવી નહીં. શ્રીભગવાનના ઉત્તમભકતોને ચાર પ્રકારના મોક્ષ. ૧. સાલોકય–વૈકુણ્ઠવાસ. ૨. સાર્ષ્ટિ મોક્ષ-પોતાનાજેવું ઐશ્વર્ય આપે. ૩. સામીપ્ય મોક્ષ–સદા પાસે રહેવાનું આપે ૪. સારૂપ્ય–પોતાના જેવું ચતુર્ભુજાદિરૂપ આપે. તો પણ ભકતો તેને લેતા નથી અને વખતે સાયુજ્ય–એકપણું આપે તો તેને પણ મુખ્ય ફલ માની લેતા નથી. ભકતો તો ભગવત્સેવાનેજ મુખ્ય ફલ માને છે, અને સેવા વિના બીજા કોઇ પદાર્થની ઇચ્છા રાખતા નથી.

**चेतस्तत्प्रवणं सेवा तत्सिद्धयै तनुवित्तजा ।**
**ततः संसारदुःखस्य निवृत्तिर्ब्रह्मबोधनम् ॥ २ ॥**



**चेतः, तत्प्रवणम्, सेवा, तत्सिद्धयै, तनुवित्तजा ।**
**ततः, संसारदुःखस्य, निवृत्तिः, ब्रह्मबोधनम् ॥ २ ॥**

**चेतः**–ચિત્તને, **तत्प्रवणम्**–તેમાં, શ્રીકૃષ્ણ ભગવાનમાં, પરોવવું તે, **सेवा**–માન-
સી સેવા દેહાનુસંધાન વિનાની છે, **तत्सिद्धयै**–તેની સિદ્ધિ સારૂ, **तनुवित्तजा**–તનુની
અને વિત્તની સેવા (સાધનરૂપ માનેલી છે,) **ततः**–તેનાથી–તનુજા વિત્તજા સેવાથી,
**संसारदुःखस्य**–સાંસારિક દુઃખની, **निवृत्तिः**-શાન્તિ અને, **ब्रह्मबोधनम्**–બ્રહ્મનું
જ્ઞાન (એ બે અવાંતર ફલ થાય છે).

ચિત્તને શ્રીકૃષ્ણ ભગવાનમાં પરોવવું તે માનસી–દેહાનુસંધાનવિનાની–સેવા છે.
તેની સિદ્ધિ સારૂ ૧. તનુજા–કાયિક સેવા, જેવી કે ઇંદ્રિયોથી ભગવદ્‌ગુણ સાંભળવા,
પ્રભુનું દર્શન વગેરે કરવું, પ્રભુસેવામાં પૂર્ણપ્રયત્નથી પરાયણ થવું તે. ૨. વિત્તજા–
દ્રવ્યથી–સેવામાં વિરોધી પોતાનાં સુખ સાધનનો અને સુખનો ત્યાગ કરવો, દ્રવ્યાદિકનો
શ્રીપ્રભુમાં વિનિયોગ કરવો તે છે. આ બન્ને પ્રકારની સેવા સાધનરૂપ માનેલી
છે. તેનાથી સાંસારિક દુઃખની શાન્તિ અને બ્રહ્મસબંધી જ્ઞાન થાય છે. ૨

શ્રીકૃષ્ણપ્રભુમાં પ્રથમ કાંઈક સ્નેહ થાય, પછી તેમને આધીન થાય, ત્યાર પછી
એકતાનરૂપ–તલ્લીન–થાય તેવી રીતે તેમનામાં ચિત્ત પરોવી દેવું–ઓતપ્રોત કરવું–તે,
એટલે કે ચિત્તની સઘળી વૃત્તિ પ્રભુમાંજ લાગે ત્યારે તે માનસી સેવા થઈ કહેવાય.
માનસીસેવાથી દીનતા પ્રાપ્ત થઈ પ્રભુ મળવામાં ફલરૂપ વિરહદશા પ્રાપ્ત થાય છે.
આવી વિરહ દશા અહર્નિશ અવિચ્છિન્ન રહે એવી સ્થિતિ થાય તો જ માનસી સેવા
થઈ ગણાય. બીજાને મૂલ્યરૂપ પૈસા આપીને સેવા કરાવે તે વિત્તજા સેવા થઈ, પણ
તેથી રાજસગુણ આવે અને માનસી સેવા સિધ્ધ ન થાય, અને મૂલ્યરૂપ પૈસા લઈ
શરીરથી સેવા કરે તે તનુજા થઈ તે પણ માનસી સેવા સિધ્ધ કરતી નથી. તેથી
ભગવાનમાં નિષ્કામ સ્નેહ રાખી શરીર અને દ્રવ્ય વડે પોતેજ સેવા કરે તેને માનસી-
સેવા સિદ્ધ થાય છે. તનુજા વિત્તજા સેવા અહંતામમતાત્મક સંસારના દુઃખોની
નિવૃત્તિ કરે છે, તથા સર્વ અક્ષરબ્રહ્મરૂપ છે એવું જ્ઞાન થાય છે. એ બે તેના અવાંતર
ફલને સિધ્ધ કરે છે.

**परं ब्रह्म तु कृष्णो हि सच्चिदानन्दकं बृहत् ।**
**द्विरूपं तद्धि सर्वं स्यादेकं तस्माद् विलक्षणम् ॥ ३ ॥**

**परम्, ब्रह्म, तु, कृष्णः, हि, सच्चिदानन्दकम्, बृहत् ।**
**द्विरूपम्, तत्, हि, सर्वम्, स्यात्, एकम्, तस्मात्, विलक्षणम् ॥ ३॥**

**हि**–કેમકે, **परम्**, **ब्रह्म**–પરબ્રહ્મ, **तु**, **कृष्णः**–તો, શ્રીકૃષ્ણ પ્રભુજ છે, **सच्चिदानन्दकम्**–સત્, ચિત, આનંદ જેમાં થોડાક છે, અર્થાત્ જેનો આનંદ ગણી શકાય છે એવું. **क** પ્રત્યયનો અર્થ નકલ કરવી, અલ્પ, ન્યૂન છે. **बृहत्**–અક્ષર બ્રહ્મ **तत्**–તે–અક્ષર બ્રહ્મ, **हि, एकम्**–નિશ્ચયજ એક, **सर्वम्**–સર્વ જગત્‌રૂપ છે, **तस्मात्**–તેનાથી–જગતરૂપથી, **विलक्षणम्**–બીજું–જ્ઞાનીઓને ઉપાસના કરવા યોગ્ય, **द्विरूपम्**–બે રૂપવાળું છે.

કેમકે પર બ્રહ્મ તો શ્રીકૃષ્ણપ્રભુ જ છે અને પોતે પૂર્ણાનંદ છે. અક્ષર બ્રહ્મના આનંદની તો ગણત્રી થઈ શકે છે. અક્ષરબ્રહ્મ બે રૂપવાળું છે. એક સર્વપ્રપંચાત્મક નામરૂપ સહિત સર્વ જગત રૂપ છે; અને પ્રપંચથી વિલક્ષણ, જ્ઞાનીઓને ઉપાસના કરવા યોગ્ય, મુકિતનું સ્થાન–શ્રીપૂર્ણ પુરુષોત્તમ નું ધામ–નિવાસ સ્થાન છે, તે અક્ષર બ્રહ્મનું બીજું સ્વરૂપ છે ૩

જીવ અથવા અક્ષર તે પરબ્રહ્મ ન ગણવા, પર બ્રહ્મ તો તે જ શ્રીકૃષ્ણ જેમને યશોદાજીએ લાડ લડાવ્યાં છે. એ સૂચવવા શ્રીકૃષ્ણ એ મૂલનામ કહ્યું છે. સત્, ચિત્ અને આનંદ એ ત્રણે ભગવાનના ધર્મ છે, અને તે ધર્મો આ પ્રપંચમાં દેખાય છે, તો આ પ્રપંચ બ્રહ્માત્મક છે, તેથી તેને અક્ષરબ્રહ્માત્મક જાણવો. જડમાં માત્ર સદંશ દેખાય છે, ચિદાનંદ તિરોહિત છે; અને જીવમાં સચ્ચિદ્ આ બે ધર્મ દેખાય છે અને આનંદ એ એક અંશ તિરોહિત થયો છે; અને અંતર્યામિમાં આ ત્રણે ધર્મ છે, તે સદા સચ્ચિદાનંદ છે, તેથી શ્રીકૃષ્ણ અક્ષરબ્રહ્મથી પર છે. અક્ષરમાંથી આ જગત થયેલું છે, છતાં અક્ષરબ્રહ્મના મૂળ સ્વરૂપમાં કાંઇ વિકાર થતો નથી, જેમ ચિંતામણિ, કલ્પવૃક્ષ ઇચ્છિત ફલ આપે છે છતાં તેમાં કાંઇ ન્યૂનતા થતી નથી. જગતના સ્વરૂપથી અક્ષર બ્રહ્મનું સ્વરૂપ વિલક્ષણ છે, તે એ કે જગત અક્ષરબ્રહ્મનો અંશ છતાં પ્રલય કાલમાં તે અક્ષરબ્રહ્મમાં મળી જાય છે, પણ અક્ષરબ્રહ્મ તો સર્વકાલમાં નિર્વિકાર કાયમ રહે છે.

**अपरं तत्र पूर्वस्मिन् वादिनो बहुधा जगुः ।**
**मायिकं सगुणं कार्यं स्वतन्त्रं चेति नैकधा ॥ ४ ॥**

**अपरम्, तत्र, पूर्वस्मिन्, वादिनः, बहुधा, जगुः ।**
**मायिकम्, सगुणम्, कार्यम्, स्वतन्त्रम्, च, इति, न, एकधा ॥४॥**



**तत्र**–તેમાં, **पूर्वस्मिन्**–પહેલાં કહેલા સર્વ જગત્‌રૂપ બ્રહ્મ વિષે, **वादिनः**–વિવાદ કરનારા, **अपरम्**–બીજા–વેદના મતથી ભિન્ન મતથી, **बहुधा**–ઘણા પ્રકારે, **जगुः**–કહે છે (તે એવી રીતે કે,) **मायिकम्**–(માયાવાદી) માયાનું બનાવેલું કહે છે, **सगुणम्**–(સાંખ્યવાળા) ગુણોનું કાર્ય કહે છે, **कार्यम्**–(નૈયાયિક) ઇશ્વરનું બનાવેલું કહે છે, **स्वतन्त्रम्**–(મીમાંસક) અનાદિ કાલથી આવુ ને આવુંજ છે, **च**–અને વેદથી વિરુદ્ધ મતવાળા, **इति**–આ પ્રકારે, **एकधा, न**–એક પ્રકારે નહીં કહેલાં અનેક પ્રકારે કહે છે.

પહેલાં કહેલા સર્વ જગત્‌રૂપ બ્રહ્મના વિષે વિચાર કરનારા વેદના મતથી ભિન્નમતમાં ઘણા પ્રકારે કહે છે; તે એવી રીતે કે માયાવાદી માયાનું બનાવેલું, સાંખ્ય મતવાળા ગુણોનું કાર્ય, નૈયાયિક મતવાળા ઇશ્વરનું બનાવેલું, મીમાંસક લોકો અનાદિકાલથી આવુંને આવુંજ છે, અને વેદથી વિરુદ્ધ મતવાળા, જેવા કે બૌદ્ધ, ચાર્વાક, વામ, શાકત આદિ લોકો પોતાની મરજી માફક અનેક પ્રકારે કહે છે. ૪

ખરૂં સ્વરૂપ છુપાવી બીજું સ્વરૂપ બતાવવું એ માયા. તેનો વાદ એ માયાવાદ. જેમ દોરડીમાં સાપની અને છીપમાં ચાંદીની ભ્રાન્તિ થાય છે તેમ નિર્ગુણ બ્રહ્મમાં જગતની ભ્રાન્તિ થાય છે અથવા માયાયુકત ઇશ્વરે જગત બનાવ્યું છે એમ માયાવાદીઓ માને છે.

સાંખ્ય મતવાળા ( પાતંજલયોગશાસ્ત્ર ) સત્વગુણ, રજોગુણ અને તમોગુણ વડે જગત થયું છે એવું માને છે. નૈયાયિક તર્કશાસ્ત્ર વાળા (ગૌતમ, કણાદ વગેરે) પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ એ બધાં પરમાણુનો એક બીજામાં સંયોગ અને તેમાં ક્રિયા થવાથી ઇશ્વરઇચ્છાથી આ કાર્યરૂપ જગત થયું છે એમ માને છે.

કર્મવાળા મીમાંસક જગત્ જેવું દેખાય છે તેવું પહેલેથીજ ચાલતું આવેલું છે, તેનો કોઇ કર્તા નથી એમ માને છે. આ પ્રમાણે બીજા અનેક પ્રકારે કહે છે. આ બધા સિધ્ધાન્ત વેદવિરુધ્ધ છે, તેથી શ્રુતિનો ખરો સિધ્ધાન્ત બતાવે છે.

**तदेवैतत्प्रकारेण भवतीति श्रुतेर्मतम् ।**
**द्विरूपं चापि गङ्गावज्ज्ञेयं सा जलरूपिणी ॥ ५ ॥**
**माहात्म्यसंयुता नृणां सेवतां भुक्तिमुक्तिदा ।**
**मर्यादामार्गविधिना तथा ब्रह्मापि बुध्यताम् ॥ ६ ॥**

तत्, एव, एतत्, प्रकारेण, भवति, इति, श्रुतेः, मतम् ।
द्विरूपम्, च, अपि, गङ्गावत्, ज्ञेयम्, सा, जलरूपिणी ॥ ५ ॥
माहात्म्यसंयुता, नृणाम्, सेवताम्, भुक्तिमुक्तिदा ।
मर्यादामार्गविधिना, तथा, ब्रह्म, अपि, बुध्यताम् ॥ ६ ॥

**तत्**–તે અક્ષરબ્રહ્મ, **एव**–જ, **एतत्प्रकारेण**–એ જગદ્રૂપે, **भवति**–થાય છે, **इति**–એ રીતે, **श्रुतेः, मतम्**–શ્રુતિ વેદનો મત છે, **च, द्विरूपम्**–અને બે રૂપવાળા એક જગદ્રૂપ અને બીજું અક્ષરરૂપ, **अपि**–પણ, **गङ्गावत्**–ગંગાજીની પેઠે, **ज्ञेयम्**–જાણવું, જેમ **सा**–તે ગંગાજી એક, **जलरूपिणी**–જલરૂપમાં આધિભૌતિકી છે, **माहात्म्यसंयुता**–પોતાના માહાત્મ્યે કરીને સંયુક્ત એવાં (તીર્થરૂપી), **मर्यादामार्गविधिना**–મર્યાદા માર્ગની રીતિથી, **सेवताम्**–સ્નાન, દાન, પૂજનાદિથી સેવા કરનારા, **नृणाम्**–મનુષ્યોને, **भुक्तिमुक्तिदा**–ભોગ અને મોક્ષરૂપી ફલને આપનારાં છે, **तथा**–તેમ, **ब्रह्म, अपि**–અક્ષર બ્રહ્મ પણ, **बुध्यताम्**–જાણવું.

અક્ષર બ્રહ્મ જ એ જગદ્રૂપે થાય છે એ રીતે વેદનો મત છે, અને બે રૂપવાળા એક જગદ્રૂપ અને બીજું અક્ષર બ્રહ્મરૂપ પણ ગંગાજીની પેઠે જાણવું. જેમ ગંગાજી જલરૂપે આધિભૌતિકી છે અને પોતાના માહાત્મ્યે કરીને યુક્ત એવાં તીર્થરૂપે આધ્યાત્મિક સ્વરૂપે છે, અને મર્યાદા માર્ગની રીતિથી તેમનું સેવન કરનારા મનુષ્યોને ભોગ અને મોક્ષરૂપી ફલને આપનારાં છે તેમ અક્ષર બ્રહ્મ પણ જાણવું. ૫–૬

જેનું વેદમાં પ્રતિપાદન છે તે અક્ષર બ્રહ્મ નામરૂપાત્મક જગત્‌રૂપે થયેલું છે, અર્થાત્ પ્રપંચથી ભિન્ન જે અક્ષર બ્રહ્મનું સ્વરૂપ કહ્યું તેજ અક્ષર બ્રહ્મ આ જગતના રૂપથી થયું છે. જેમ ગંગાજીનું આધિભૌતિક અને આધ્યાત્મિક બે રૂપ છે. તેમાં જે વરસાદથી વધે છે અને તાપથી ઘટે છે તે જલરૂપ છે, તે ગંગાજીનું આધિભૌતિકરૂપ છે; અને જે તીર્થરૂપ છે અને જેનું માહાત્મ્ય નિરૂપણ કરેલું છે તે ગંગાજીનું આધ્યાત્મિક રૂપ છે. આ તીર્થરૂપ આધ્યાત્મિક સ્વરૂપ ફક્ત પ્રવાહમાં જ રહે છે પણ પ્રવાહમાંથી જલ ભરીને બીજા દેશમાં લઇ જાય તે જલમાં તીર્થનું માહાત્મ્ય રહેતું નથી, જો કે જલ તો તેનું તેજ છે તોપણ તે જલથી તીર્થસ્નાનાદિનું ફલ થતું નથી. પ્રવાહમાં જે જલ છે તે અને ઘડામાં જલ ભરેલું છે તેમાં જલપણાથી કાંઇ વધારે ઓછું દેખાતું નથી, તો પણ જે માહાત્મ્ય પ્રવાહનું છે તે ઘડાના જલનું નથી, તેવી રીતે પ્રપંચ અને તેથી ભિન્ન એ અક્ષર બ્રહ્મનાં બે રૂપ જાણવાં જોઇએ.



तत्रैव देवतामूर्तिर्भक्त्या या दृश्यते क्वचित् ।
गङ्गायां च विशेषेण प्रवाहाभेदबुद्धये ॥ ७ ॥
तत्र, एव, देवतामूर्तिः, भक्त्या, या, दृश्यते, क्वचित्, गङ्गायाम्, च,
विशेषेण, प्रवाहाभेदबुद्धये ॥ ७ ॥

**तत्र**–તેમાં–તે બેરૂપવાળાં ગંગાજીમાં, **एव**–જ, **या, देवता**–જે દેવતારૂપી **मूर्तिः**–મૂર્તિવાળાં–આધિદૈવિક ગંગાજી છે, **सा, भक्त्या**–તે ભક્તિદ્વારા, **गङ्गायाम्, च**–ગંગાપ્રવાહમાં અને, **क्वचित्**–કોઇ વખતે ભક્તિના ઉત્કર્ષ વખતે અથવા ગંગાદ્વાર આદિ કોઇ સ્થલમાં, **विशेषेण**–વિશેષે કરીને ભક્તિની અધિકતાએ કરીને, **प्रवाहाभेदबुद्धये**–દેખાતા જલપ્રવાહમાં અભેદ બુદ્ધિવાળાને દર્શન આપે છે.

તે બે રૂપવાળાં ગંગાજીમાંજ જે દેવતારૂપી આધિદૈવિક ગંગાજી છે તે ભકિતદ્વારા ગંગાપ્રવાહમાં અને કોઇ વખતે ગંગાદ્વાર આદિ તીર્થસ્થળમાં ભકિતની અધિકતાએ કરીને દેખાતા જલપ્રવાહમાં અભેદ બુદ્ધિવાળાને દર્શન આપે છે. ૭

ઉપર ગંગાજીનાં આધિભૌતિક અને આધ્યાત્મિક રૂપ કહ્યાં. તેમાં પણ દેવતારૂપ ગંગાજી છે જે ભીષ્મપિતામહનાં માતા થતાં હતાં અને જેમનું ભગીરથ રાજાને મૂર્તિમાન દર્શન થયું હતું તે ગંગાજીની આધિદૈવિક મૂર્તિ છે. તે ભકિત કરવાથી ગંગાદ્વાર વગેરે તીર્થોમાં અથવા ભકિતની વૃદ્ધિ થાય તો ઘર વગેરેમાં તેમનાં દર્શન થાય છે. દેવતારૂપ ગંગાજી પ્રવાહમાંથી ભિન્ન નથી એવી જે બુદ્ધિ થાય તેમને પ્રવાહમાં દેવતારૂપ ગંગાજી દર્શન આપે છે. એવી રીતે ભગવદ્‌ભકતમાં વિશેષ સ્નેહ થાય અને જગત્‌રૂપ ભગવાનનું સ્વરૂપ ભગવાનથી ભિન્ન નથી એવી બુદ્ધિ થાય તેને માટે ભગવાન પ્રકટ થાય છે, અને પ્રભુનું આ સ્થાન છે એવું જ્ઞાન થાય ત્યારે સર્વસ્થળમાં ભગવદ્‌ભાવ થાય છે.

प्रत्यक्षा सा न सर्वेषां प्राकाम्यं स्यात् तया जले ।
विहिताच्च फलात् तद्धि प्रतीत्यापि विशिष्यते ॥ ८ ॥

प्रत्यक्षा, सा, न, सर्वेषाम्, प्राकाम्यम्, स्यात्, तया, जले ।
विहितात्, च, फलात्, तत्, हि, प्रतीत्या, अपि, विशिष्यते ॥ ८ ॥

**सा**-તે-ગંગાજી, **प्रत्यक्षा**-પ્રત્યક્ષ-નજરે, **सर्वेषाम्**-બધાંપ્રાણીઓને, **न दृश्यते**-દેખાતું નથી (તો પણ), **तया**-તે, **जले**-ગંગાજલમાં, **प्राकाम्यम्**-ઉત્તમ કામના રાખીને સ્નાનાદિક થાય તો, **स्यात्**-કામના સિદ્ધ થાય છે, **तत्**-તે-જલ, **हि**-નિશ્ચયજ, **विहितात्**-શાસ્ત્રમાં કહેલા, **फलात्**-ફલથી, **च**-અને, **प्रतीत्या**-પ્રતીતિવડે, **अपि**-પણ, **विशिष्यते**-(બીજા કરતાં) વિશેષ થાય છે, અધિક છે.

બધાં પ્રાણીઓને ગંગાજી નજરે દેખાતાં નથી તો પણ ગંગાજલમાં ઉત્તમ કામના રાખીને સ્નાનાદિક થાય તો કામના સિદ્ધ થાય છે. ગંગાજલ નિશ્ચયજ શાસ્ત્રમાં કહેલા ફલથી અને પ્રતીતિવડે પણ બીજા જલ કરતાં અધિક છે. ૮

સર્વને ગંગાજીનો પ્રવાહ પ્રત્યક્ષ છે [illegible]ણ તેમાં રહેલા આધ્યાત્મિક દેવ અને આધિદૈવિક સાક્ષાત્ સ્વરૂપાત્મક ગંગાજી એ પ્રત્યક્ષ નથી, તેથી તેમાં ભકિત વધારવી. પહેલાં તો એમ સમજવું કે મારૂં સર્વસ્વ આ જલમાં જ બિરાજે છે એટલે તેમાં સ્નાનાદિ કરવું અને પ્રવાહમાં આધિદૈવિક ગંગાજી બિરાજે છે એમ અંતઃકરણમાં ભાવ રાખવો તેમ કરવાથી તેમની કૃપા થશે અને પ્રત્યક્ષ થઈ દર્શન દેશે. ભગવાનના અધિષ્ઠાનભૂત આ પ્રપંચમાં પણ તેવો ભાવ રાખવો અને ભકિત વધે છે ત્યારે તેમાં ભગવાનનાં દર્શન થાય છે. જ્યાં સુધી પ્રપંચમાં ભગવાનનાં દર્શન થયાં નથી ત્યાં સુધી શાસ્ત્રમાં કહ્યા પ્રમાણેનો સર્વ વ્યવહાર પ્રપંચમાં કરવો અને દીનતા અને શ્રદ્ધાપૂર્વક ભગવત્પ્રતિમા આદિમાં ભજન, સેવા કરવાં અને એમ સમજવું કે ભગવત્સાક્ષાત્કાર તેમાં થશે.

**यथा जलं तथा सर्वं यथा शक्ता तथा बृहत् ।**
**यथा देवी तथा कृष्णस्तत्राप्येतदिहोच्यते ॥ ९ ॥**

**यथा, जलम्, तथा, सर्वम्, यथा, शक्ता, तथा, बृहत् ।**
**यथा, देवी, तथा, कृष्णः, तत्र, अपि, एतत्, इह, उच्यते ॥ ९ ॥**

**यथा**-જેમ, **जलम्**-દેખાતું પ્રવાહરૂપી જલ, **तथा**-તેમ, **सर्वम्**-બધું જગત, **यथा**-જેમ, **शक्ता**-દોષ નિવૃત્તિ કરવા વાળાં તીર્થરૂપ ગંગાજી, **तथा**-તેમ, **बृहत्**-અક્ષર બ્રહ્મ, **यथा**-જેમ **देवी**-દેવતારૂપી આધિદૈવિક શ્રીગંગાજી, **तथा**-તેમ, **कृष्णः**-શ્રીકૃષ્ણભગવાનને સમજવા, **इह**-આ સિદ્ધાન્ત વિષે, **तत्र**-આધિદૈવિક વિચારમાં, **अपि**-પણ, **एतत्**-આગળ કહેવાનું, **उच्यते**-કહેવામાં આવે છે.



જેમ જલરૂપિણી ગંગાજી છે તેમ જગત્‌રૂપ બ્રહ્મ છે. જેમ તીર્થરૂપિણી ગંગાજી છે તેમ અક્ષર બ્રહ્મ છે, અને જેમ દેવીરૂપા ગંગાજી છે તેમ શ્રીકૃષ્ણને સમજવા. આ સિદ્ધાન્ત વિશે આધિદૈવિક વિચારમાં પણ આગળ કહેવાનું છે તે કહેવામાં આવે છે. ૯

ગંગાજીનું આધિભૌતિકરૂપ જલ છે તેમ અહીં આ જે પ્રપંચ-જગત્ છે તે બ્રહ્મનું આધિભૌતિકરૂપ છે. ગંગાજીનું આધ્યાત્મિકરૂપ તીર્થાત્મક છે કે જે બીજા જલથી શ્રેષ્ઠ અને પાપનિવારણાદિમાં સમર્થ છે, જેમાં સ્નાનાદિ કરવાથી શાસ્ત્રોક્ત પુણ્યફલ મળે છે, તેમ અહીં બૃહત્ છે, તે જ અક્ષર બ્રહ્મ કહેવાય છે, તે આધ્યાત્મિકરૂપ છે. અને જેમ મૂર્તિમતી દેવી એ આધિદૈવિક છે તેમ સર્વજ્ઞ, સર્વશક્તિમાન, સચ્ચિદાનંદ શ્રીકૃષ્ણ તે આધિદૈવિક છે. એટલે જેમને ગંગાજીનું દર્શન થયું છે તે જેમ ગંગાજીનું આધિભૌતિકરૂપ જે જલ છે તેમાં ગંગાજીનું સ્થાન છે એમ સમજી તેમાં સ્નાનાદિ કરે છે અને તીર્થના દર્શનથી જેમ બીજા જલથી અધિકપણું અને માહાત્મ્યબુદ્ધિ રાખે છે, તેમ જેમને ભગવાનનું દર્શન થયું છે તેવાને ભગવત્સ્વરૂપ અને ગુરુઆદિથી આ સઘળા પ્રપંચ-જગતમાં ભગવદ્‌ભાવનુ સ્ફુરણ થાય છે અને અક્ષરબ્રહ્મમાં જ્ઞાનીએ માનેલા મોક્ષથી અધિક ભાવ જે ભગવદ્ધામપણારૂપ અક્ષર-જ્ઞાનાત્મક ફલ પણ થાય છે. જેમને ગંગાજીનું દર્શન થયું નથી એવાને જેમ ગંગાજલથી શ્રદ્ધાપૂર્વક સ્નાનાદિવ્યવહાર અને તીર્થમાં બીજા જલથી અધિક-પણાનું જ્ઞાનફલ જેમ ક્રમથી થાય છે, તેમજ જેમને ભગવત્સાક્ષાત્કર થયો નથી એવાઓને ભગવત્સ્વરૂપ જે પ્રતિમા આદિમાં શ્રદ્ધાપૂર્વક સેવાદિ વ્યવહાર અને અક્ષરબ્રહ્મમાં જ્ઞાનનું ફલ જે મોક્ષ તેથી અધિક જે ભગવદ્ધામનું પરોક્ષ જ્ઞાન તે થાય છે.

**जगत्तु त्रिविधं प्रोक्तं ब्रह्मविष्णुशिवास्ततः ।**
**देवतारूपवत्प्रोक्ता ब्रह्मणीत्थं हरिर्मतः ॥ १० ॥**

**जगत्, तु, त्रिविधम्, प्रोक्तम्, ब्रह्मविष्णुशिवाः, ततः ।**
**देवतारूपवत्, प्रोक्ताः, ब्रह्मणि, इत्थम्, हरिः, मतः ॥ १० ॥**

**जगत्**-જગત, **तु**-તો, **त्रिविधम्**-(સત્ત્વાદિ ત્રણ ગુણના કાર્યપણાયે કરીને) ત્રણ પ્રકારનું, **प्रोक्तम्**-કહેલું છે, **ततः**-તે હેતુથી, **ब्रह्मविष्णुशिवाः**-બ્રહ્મા, વિષ્ણુ અને શિવ એ ત્રણને, **देवतारूपवत्**-ઉપાસ્ય દેવતાની પેઠે, **प्रोक्ताः**-કહેલા છે,

**इत्थम्**–એ રીતે, **ब्रह्मणि**–અક્ષર બ્રહ્મમાં, **हरिः**–દુઃખ હરનારા શ્રીભગવાન પુરુષોત્તમ, **मतः**–(આધિદૈવિકરૂપ) માનેલા છે.

જગત તો સત્ત્વાદિ ત્રણ ગુણના કાર્યપણાયે કરીને ત્રણ પ્રકારનું કહેલું છે તે હેતુથી બ્રહ્મા, વિષ્ણુ અને શિવ એ ત્રણ રૂપાનુસાર દેવતા પણ કહેલા છે. એ રીતે અક્ષર બ્રહ્મમાં નિયામક શ્રીહરિ ભગવાન્ આધિદૈવિકરૂપ માનેલા છે. ૧૦

જેવી રીતે જગતના અધિષ્ઠાતા–ગુણાધિષ્ઠાતા ત્રણ દેવ છે તેજ પ્રમાણે અક્ષર બ્રહ્મમાં શ્રીકૃષ્ણ છે, એટલે જગત્ અને અક્ષરબ્રહ્મ વચ્ચે જેવો સંબંધ છે તેવો સંબંધ ગુણાધિષ્ઠાતા ત્રણ દેવ અને શ્રીકૃષ્ણ વચ્ચે છે. મતલબ કે અક્ષરમાંથી જગતરૂપ પ્રભુઇચ્છાથી થયેલું છે, તેમ જ શ્રીકૃષ્ણની ઇચ્છાથી અક્ષરમાંથી જગત્‌ના નિયામક ત્રણ દેવ પણ ઉત્પન્ન થયેલા છે, અને તે ત્રણના નિયામક શ્રીકૃષ્ણ છે, જેથી ખરી રીતે જગત્‌ના ખરા નિયામક તો શ્રીકૃષ્ણજ છે. તેમની ઇચ્છા પ્રમાણે ત્રણે દેવો જગતનું નિયમન કરે છે.

**कामचारस्तु लोकेऽस्मिन्, ब्रह्मादिभ्यो न चान्यथा ।**
**परमानन्दरूपे तु कृष्णे स्वात्मनि निश्चयः ॥ ११ ॥**

**कामचारः, तु, लोके, अस्मिन्, ब्रह्मादिभ्यः, न, च, अन्यथा ।**
**परमानन्दरूपे, तु, कृष्णे, स्वात्मनि, निश्चयः ॥ ११ ॥**

**अस्मिन्, लोके**–આ લોકમાં, **कामचारः**–ઉપાસકોની ઇચ્છાએ કરીને પ્રાપ્તિ અથવા ભોગ, **तु**–તો, **ब्रह्मादिभ्यः**–બ્રહ્માદિથી, **च**–જ (થાય છે) **अन्यथा, न**–બીજી રીતે નહીં, **स्वात्मनि**–પોતાના આત્મા સારૂ, **परमानन्दरूपे**–પરમ આનંદ સ્વરૂપ, **कृष्णे**–શ્રીકૃષ્ણભગવાનમાંજ, **निश्चयः**–કામચાર સિદ્ધ થાય છે એમ નિશ્ચય છે.

આ લોકમાં ઉપાસકોની ઇચ્છાએ કરીને પ્રાપ્તિ અથવા ભોગ તો બ્રહ્માદિથીજ થાય છે, બીજી રીતે નહીં. ભકતજનોને પોતાના આત્મા સારૂ પરમાનન્દ સ્વરૂપનું દાન શ્રીકૃષ્ણભગવાનથી મળે છે. ૧૧

આ ત્રણ પ્રકારના ગુણવાળું જગત્ છે. તેમાં અધિષ્ઠાતા જે બ્રહ્માદિ છે તેઓથી કામ, ઇચ્છા, પ્રાપ્તિ, ભોગ થાય છે. બ્રહ્માદિ વિના બીજા કોઇથી મનોરથ પૂર્ણ થતા નથી.



માટે તેની ઇચ્છાવાળા તે તે દેવોનું ભજન કરે છે. પોતાના આત્મા સારૂ તો પરમાનન્દરૂપ શ્રીકૃષ્ણથીજ મનોરથપ્રાપ્તિ છે. આત્મવિષયક કામપ્રાપ્તિ કોઈ દેવથી થતી નથી, તે તો લૌકિક ફલ આપનારા છે, નિરવધિ સુખપ્રાપ્તિ તો પરમાનન્દરૂપ પૂર્ણ પુરુષોત્તમથીજ મળે છે, અને પરમસુખરૂપ તો તેજ છે, અને તેજ કામચાર છે એટલે પોતાના મનોરથની પ્રાપ્તિ છે.

**अतस्तु ब्रह्मवादेन कृष्णे बुद्धिर्विधीयताम् ।**
**आत्मनि ब्रह्मरूपे हि छिद्रा व्योम्नीव चेतनाः ॥ १२ ॥**

**अतः, तु, ब्रह्मवादेन, कृष्णे, बुद्धिः, विधीयताम् ।**
**आत्मनि, ब्रह्मरूपे, हि, छिद्राः, व्योम्नि, इव, चेतनाः ॥ १२ ॥**

**अतः, तु**–એ હેતુ માટે ફરીથી, **ब्रह्मवादेन**–બધુંજ બ્રહ્મજ છે એવા બ્રહ્મવાદે કરીને, **कृष्णे**–પરબ્રહ્મ શ્રીકૃષ્ણમાં, **बुद्धिः**–અન્તઃકરણ, **विधीयताम्**–વિશેષ રૂપથી ધારણ કરવું, **आत्मनि**–આત્માના વિષયમાં (કહેવાય છે), **हि**–કારણ જે (જીવોને બ્રહ્મરૂપ, અંશ, અણુ અને ચૈતન્ય જેમાં મુખ્ય છે એવા કહેલા છે માટે) બ્રહ્મના અંશપણાથી, **ब्रह्मरूपे**–બ્રહ્મરૂપ આત્મામાં જીવમાં **व्योम्नि**–આકાશમાં, **इव**–જેમ, **छिद्राः**–જૂદાં જૂદાં છિદ્રો જોવામાં આવે છે તેમ, **चेतनाः**–અંતઃકરણની વૃત્તિઓ છે, તે જીવાત્માને સંસારીપણાનું ભાન કરાવે છે.

એ હેતુ માટે બધું બ્રહ્મજ છે એવા બ્રહ્મવાદે કરીને શ્રીકૃષ્ણમાં અંતઃકરણ વિશેષ રૂપથી ધારણ કરવું. આત્માના વિષયમાં બ્રહ્મના અંશપણાથી બ્રહ્માત્મક આત્મામાં જે અંતઃકરણની વૃત્તિઓ છે તે જીવોને સંસારિપણું ઉત્પન્ન કરી આપે છે. જેમ આકાશમાં છિદ્રો (અનેકપણાની બુદ્ધિ થાય છે, જો કે આકાશમાં છિદ્રો નથી, તે તો સર્વત્ર વ્યાપ્ત રહેલું છે પરંતુ તેવી પ્રતીતિ (ચારણી વગેરે) ઉપાધિથી થાયછે) તેમ જીવ પોતાના આત્માને બ્રહ્મરૂપ જાણતો નથી પણ સંસારી જાણે છે અને અવિદ્યાના કારણે બ્રહ્મરૂપમાં અનેકપણાની દોષવાળી બુદ્ધિ કરે છે. ૧૨

શ્રીકૃષ્ણ મૂલભૂત પુરુષોત્તમ છે અને અક્ષર એ એમનું સ્થાન છે, અને પ્રપંચ સમુદ્રતરંગની સમાન અક્ષરથી થયો છે અને શ્રીકૃષ્ણની ઇચ્છાથી સઘળું થાય છે. સર્વના પ્રેરક તે છે. તેમાં બુદ્ધિ દૃઢ રાખવી એટલે શ્રીકૃષ્ણનોજ આશ્રય કરવો. પોતાના સ્વરૂપનું અજ્ઞાન, દેહાધ્યાસ, ઇંદ્રિયાધ્યાસ, અંતઃકરણાધ્યાસ અને

પ્રાણાધ્યાસ એ પંચપર્વા અવિદ્યારૂપી ઉપાધિ જીવને લાગેલી છે જેથી આ જગતમાં અનેકપણું દેખાય છે. જીવો અણુ છે અને અક્ષરાત્મક છે પણ અવિદ્યાના અંતરાયથી અક્ષરાત્મકપણું જાણતા નથી, તેને સંસાર વળગે છે. આ જ અવિદ્યાનું ઉપાધિપણું છે. કાંઈ અવિદ્યા જીવને ઉત્પન્ન કરતી નથી. જીવમાં જે ક્ષુદ્રપણું દેખાય છે તે બ્રહ્મધર્મ નથી પણ ઉપાધિથી જણાય છે.

**उपाधिनाशे विज्ञाने ब्रह्मात्मत्वावबोधने ।**
**गङ्गातीरस्थितो यद्वद् देवतां तत्र पश्यति ॥ १३ ॥**
**तथा कृष्णं परं ब्रह्म स्वस्मिन् ज्ञानी प्रपश्यति ॥ १३$\frac{१}{२}$ ॥**

**उपाधिनाशे, विज्ञाने, ब्रह्मात्मत्वावबोधने ।**
**गंगातीरस्थितः, यद्वत्, देवताम्, तत्र, पश्यति ॥ १३ ॥**
**तथा, कृष्णम्, परम्, ब्रह्म, स्वस्मिन्, ज्ञानी, प्रपश्यति ॥ १३$\frac{१}{२}$ ॥**

**यद्वत्**–જેમ, **गंगातीरस्थितः**–ગંગાજીના કિનારામાં રહેલા તેમના ભક્ત **तत्र**–તેમાં–આધિભૌતિકરૂપ પ્રવાહમાં, **देवताम्**–આધિદૈવિકરૂપી (મૂર્તિમતી) ગંગાજીનાં **पश्यति**–દર્શન કરે છે (તેમ) **उपाधिनाशे**–(અવિદ્યારૂપ) ઉપાધિનાશ થતાં, **ब्रह्मात्मत्वावबोधने**–(સમ્પૂર્ણ જગતને) બ્રહ્માત્મકપણાએ કરી જાણવું તે રૂપી, **विज्ञाने**–વિશેષ જ્ઞાન થાય ત્યારે, **ज्ञानी**–બ્રહ્મને જાણનારા **स्वस्मिन्**–પોતાના વિષે (ભક્તિ વડે કરીને) **परम्, ब्रह्म**–પરબ્રહ્મ **कृष्णम्**–શ્રીકૃષ્ણભગવાનને, **प्रपश्यति**–ઉત્તમ રીતે જુએ છે.

જેમ ગંગાજીના કિનારાપર રહેલા તેમના ભક્ત આધિદૈવિકરૂપી મૂર્તિમતી ગંગાજીનાં દર્શન કરે છે તેમ અવિદ્યારૂપી ઉપાધિ નાશ થતાં નામરૂપ સહિત જડ-જીવાત્મક સમ્પૂર્ણ જગતને તે અક્ષર બ્રહ્મ છે એવું જ્ઞાન થાય ત્યારે જગત તથા પોતાના આત્માને અક્ષરબ્રહ્માત્મક જાણવાવાળો જ્ઞાની ભક્તિ વડે કરીને પોતાનામાં પર બ્રહ્મ શ્રીકૃષ્ણ ભગવાનને ઉત્તમ રીતે જુએ છે. ૧૩॥

જેટલા જીવો છે તેમાં જે જીવોનો જે પ્રકારથી ઉદ્ધાર કરવાની પ્રભુની ઇચ્છા થાય તે પ્રકારથી ગુરુના ઉપદેશવડે તેમની અહંતા મમતારૂપ ઉપાધિનો નાશ થાય છે



અને જગત તથા પોતાના આત્માને અક્ષરબ્રહ્માત્મક જાણે એવું બ્રહ્મજ્ઞાન થાય છે. અક્ષરબ્રહ્મ શ્રીપુરુષોતમનું ધામ છે તેથી ધામરૂપ અક્ષરબ્રહ્મના જ્ઞાનથી અનન્ય મનવડે અંતઃકરણમાં રહેલા શ્રીકૃષ્ણને જે ભજે છે તેને પોતામાં રહેલા પૂર્ણ પુરુષોતમનું દર્શન થાય તે સ્વાભાવિક છે.

**संसारी यस्तु भजते स दूरस्थो यथा तथा ॥ १४ ॥**
**अपेक्षितजलादीनामभावात्तत्र दुःखभाक् ॥ १४$\frac{१}{२}$ ॥**

**संसारी, यः, तु, भजते, सः, दूरस्थः यथा, तथा ॥**
**अपेक्षितजलादीनाम्, अभावात्, तत्र, दुःखभाक्॥ १४ $\frac{१}{२}$ ॥**

**संसारी**–સંસારમાં રહેનારો જેની અહંતા મમતા છૂટી નથી તેવો, **यः**–જે-ભકત, **भजते**–(શ્રીભગવાનને) ભજે છે, **सः, तु**–તે તો, **यथा**–જેમ, **दूरस्थः**–(ગંગાજીથી) દૂર દેશમાં રહેલો ગંગાજીનો ભક્ત, **अपेक्षितजलादीनाम्**–પોતાને સ્નાનાદિ સારૂ જલ અને ગંગાજીનાં દર્શન તે, **अभावात्**–નહીં મળવાથી, **तत्र**-ત્યાં, **दुःखभाक्**–દુઃખ ભોગવનારો થાય છે.

સંસારમાં રહેનારો જેની અહંતા મમતા છૂટી નથી એવો શ્રીભગવાનને ભજે તે તો જેમ ગંગાજીથી દૂર રહેલો ગંગાજીનો ભકત પોતાને સ્નાનાદિ સારૂ જોઇતા જલ અને ગંગાજીનું દર્શન નહીં મળવાથી દુઃખી થાય છે તેમ ભકિત-માર્ગમાં રહેલો હોય અને પ્રભુદર્શનની ઇચ્છા હોય તે નહીં મળવાથી દુઃખ ભોગવનારો થાય છે. ૧૪$\frac{૧}{૨}$

જેનો અહંતામમતારૂપ સંસાર છૂટયો નથી અને એમ સમજે છે કે ભગવાનનું ભજન કરવાથી સંસાર નિવૃત્ત થાય છે, તેમ જાણીને જ ભજતો હોય તો તેને ભગવાનનાં દર્શનાદિમાં કલેશ થાય છે. અવિદ્યાના અંતરાયથી ભગવાનનાં દર્શન થતાં નથી તેથી તેને દર્શનના અભાવથી દુઃખ ઉપજે છે, તથાપિ તેના ભજનનો પ્રભુએ અંગીકાર કર્યો હોય અને ભજન છોડે નહીં અથવા તેના ભજનનો પ્રભુએ અંગીકાર કર્યો હોય નહિ અને વચમાં અડચણો આવે તો પણ ભજન છોડે નહીં તો તે વ્યર્થ જતાં નથી, તેને બીજા જન્મમાં પણ તેનું ફલ મળે છે.

**तस्माच्छ्रीकृष्णमार्गस्थो विमुक्तः सर्वलोकतः ॥ १५ ॥**

**आत्मानन्दसमुद्रस्थं कृष्णमेव विचिन्तयेत् ॥ १५ १/२ ॥**

**तस्मात्, श्रीकृष्णमार्गस्थः, विमुक्तः, सर्वलोकतः, ।**

**आत्मानन्दसमुद्रस्थम्, कृष्णम्, एव, विचिन्तयेत् ॥ १५ १/२ ॥**

**तस्मात्**-તે કારણથી, **श्रीकृष्णमार्गस्थः**-શ્રીકૃષ્ણના માર્ગમાં રહેલો, **सर्वलोकतः**-સમ્પૂર્ણલોક (સંસારથી), **विमुक्तः**-વિશેષે કરીને મુક્ત (થઇને), **आत्मानन्दसमुद्रस्थम्**-આત્માનંદરૂપી સાગરમાં બિરાજેલા, **कृष्णम्**, **एव**-શ્રીકૃષ્ણ ભગવાનને જ, **विचिन्तयेत्**-વિશેષ કરીને ચિન્તન કરવું.

તે કારણથી જે ભકિતમાર્ગમાં રહેલો હોય તેણે સંસારની ઉપાધિઓથી વિમુકત થઇને આત્માનન્દરૂપી સાગરમાં બિરાજેલા શ્રીકૃષ્ણ ભગવાનનુંજ ચિંતન કરવું. ૧૫ાા

જો સંસારી ભકતને દુઃખ થાય છે તો તેવી ભકિત કરતાં સંસાર–અહંતા મમતા–છોડી દઇને શ્રીકૃષ્ણ ભગવાનનેજ ભજવા. તેમાં પણ પોતાને જે લીલા ઉપર વિશેષ પ્રેમ આવતો હોય તે લીલાનું સ્વરૂપ પધરાવી સેવા કરવી. ભગવાનની લીલા નિત્ય છે અને નૂતન છે. પોતે આનંદમય છે. તો તેમની સેવાથી ભકતને પણ આનંદ મળે છે અને તેની લૌકિકમાંથી મનોવૃત્તિ નીકળી જઈ શ્રીકૃષ્ણમાંજ લાગે છે.

**लोकार्थी चेद्भजेत्कृष्णं क्लिष्टो भवति सर्वथा ॥ १६ ॥**

**क्लिष्टोपि चेद् भजेत् कृष्णं लोको नश्यति सर्वथा ॥ १६ १/२ ॥**

**लोकार्थी, चेत्, भजेत्, कृष्णम्, क्लिष्टः, भवति, सवथा ।**

**क्लिष्टः, अपि, चेत्, भजेत्, कृष्णम्, लोकः, नश्यति, सवथा ॥ १६ १/२ ॥**

**लोकार्थी**-લોકસંબંધિ પદાર્થોના પ્રયોજનવાળો થઇને, **चेत्**-જો, **कृष्णम्**-શ્રીકૃષ્ણને, **भजेत्**-ભજે (તો), **सर्वथा**-સર્વરીતે, **क्लिष्टः**-કલેશવાળો, **भवति**-થાય છે, **क्लिष्टः**, **अपि**-કલેશવાળો પણ. **चेत्**-જો (વિરકત થઇને), **कृष्णम्**-શ્રીકૃષ્ણને, **भजेत्**-ભજ્યા કરે (તો), **सर्वथा**-સમ્પૂર્ણ, **लोकः**-(અહંતામમતાત્મક) સંસાર, **नश्यति**-નાશ પામે છે.



લોકસંબંધિ કામનાના પ્રયોજનવાળો થઇને જો શ્રીકૃષ્ણને ભજે તો સર્વરીતે કલેશવાળો થાય છે. કલેશવાળો પણ જો વિરક્ત થઇને શ્રીકૃષ્ણને ભજે તો સમ્પૂર્ણ અહંતામમતાત્મક સંસાર નાશ થાય છે. ૧૬ ૧/૨

આ રીતે સંસારી લોકો ભજે છે. તેના ત્રણ ભેદ છે ૧ સંસારની નિવૃત્તિની ઇચ્છાવાળો. ૨ લૌકિક કામનાવાળો ભજનનો આગ્રહી. ૩ સેવામાં અનાગ્રહી એટલે સેવા થઇ તો ઠીક છે અને ન થઇ તો કાંઇ નહીં, તેવી સેવા–ભજનથી દુઃખી થતાં અને દુઃખી અવસ્થામાં ભજનથી કાંઇ લાભ થતો નથી એમ સમજી ભજન છોડી દે તેવો ઉદાસીન જેવો. આ ત્રણે પ્રકારના ભકત ઉત્તમાધિકારી કે મધ્યમાધિકારી નથી અને તેમનાં ફલો ઉપર કહેવામાં આવ્યાં છે.

**ज्ञानाभावे पुष्टिमार्गी तिष्ठेत् पूजोत्सवादिषु ॥ १७ ॥**

**मर्यादास्थस्तु गङ्गायां श्रीभागवततत्परः ।**

**अनुग्रहः पुष्टिमार्गे नियामक इति स्थितिः ॥ १८ ॥**

**ज्ञानाभावे, पुष्टिमार्गी, तिष्ठेत्, पूजोत्सवादिषु ॥ १७ ॥**

**मर्यादास्थः, तु, गङ्गायाम्, श्रीभागवततत्परः ।**

**अनुग्रहः, पुष्टिमार्गे, नियामकः, इति, स्थितिः ॥ १८ ॥**

**पुष्टिमार्गी**-પુષ્ટિમાર્ગીય ભકત, **ज्ञानाभावे**-જ્ઞાનના અભાવમાં અર્થાત્ પોતાનું અને ભગવત્સ્વરૂપનું જ્ઞાન નહીં હોય તો, **पूजोत्सवादिषु**-ભગવત્પૂજન અને ઉત્સવો વગેરે જ્યાં ચાલુ હોય, તેવાં સ્થળોમાં, **तिष्ठेत्**-રહે, **मर्यादास्थः**-મર્યાદા-માર્ગીયભક્ત, **तु**-તો (જ્ઞાનના અભાવમાં), **श्रीभागवततत्परः**-શ્રીમદ્ભાગવતપરાયણ થઇને, **गङ्गायाम्**-ગંગાજીના કિનારાપર રહે, **पुष्टिमार्गे**-શુદ્ધપુષ્ટિમાર્ગમાં, **अनुग्रहः**-શ્રીપ્રભુનો અનુગ્રહ, **नियामकः**-નિયામક છે, **इतिस्थितिः**-એવી વ્યવસ્થા છે, એટલે પુષ્ટિમાર્ગની નિર્દોષ મર્યાદા છે તેથી સ્થાનનો નિયમ નથી.

પુષ્ટિમાર્ગીય ભક્ત જેને પોતાના સ્વરૂપનું અને ભગવત્સ્વરૂપનું જ્ઞાન ન હોય તેવાએ ભગવત્પૂજન અને ઉત્સવો વગેરે જ્યાં ચાલુ હોય તેવાં સ્થળોમાં નિત્ય તત્પર રહેવું. મર્યાદામાર્ગીય ભકતે જ્ઞાનના અભાવમાં તો ગંગાજીના કિનારા પર નિવાસ કરી શ્રીમદ્ભાગવતના પાઠાદિ નિત્યપ્રતિ કર્યા કરવો. શુદ્ધપુષ્ટિમાર્ગમાં શ્રીપ્રભુનો અનુગ્રહ નિયામક છે. પુષ્ટિમાર્ગની નિર્દોષ મર્યાદા છે [illegible]થી સ્થાનનો નિયમ નથી. ૧૮

જેને ભગવત્સ્વરૂપનું જ્ઞાન નથી એવા પુષ્ટિભકતે જ્યાં ભગવાનની સેવા, પૂજા અને ઉત્સવો થતા હોય તેવાં સ્થળોમાં પ્રવૃત્ત રહેવું, શ્રીપ્રભુનું સ્મરણ કરવુ, પ્રભુમાટે સર્વ કાર્ય કરવું, પ્રભુની અમૃતરૂપ કથામાં શ્રદ્ધા રાખવી. મર્યાદાભકતને જેને પોતાના સ્વરૂપનું જ્ઞાન નથી તેવા ગંગાજી સમીપ રહ્યા કરે, શ્રીમદ્‌ભાગવતમાં તત્પર રહે, વળી એમ સમજે કે ગંગાજીને ભગવચ્ચરણનો સંબંધ છે અને તેમના આશ્રયથી પરીક્ષિત્ અને વિદુરજી વગેરેને મુક્તિ થઇ છે. પુષ્ટિભક્તને પ્રભુ જે સ્થાનમાં અનુગ્રહ કરી રાખે ત્યાં રહેવું, એમાં કોઇ દેશ નિયામક નથી, એટલે જ્યાં રહીને ભજન સેવાદિમાં સારી પ્રવૃત્તિ રહે અને તેમાં કોઇ પ્રતિબંધાદિ આવે નહીં ત્યાં રહેવું.

**उभयोस्तु क्रमेणैव पूर्वोक्तैव फलिष्यति ।**
**ज्ञानाधिको भक्तिमार्ग एवं तस्मान् निरूपितः ॥ १९ ॥**

**उभयोः, तु, क्रमेण, एवं, पूर्वोक्ता, एव, फलिष्यति ।**
**ज्ञानाधिकः, भक्तिमार्गः, एवं, तस्मात्, निरूपितः ॥ १९ ॥**

**उभयोः**–બન્ને–જ્ઞાની અને ભકતને, **क्रमेण, एव**–ક્રમે કરીનેજ, પ્રથમ પુષ્ટિ માર્ગમાં લઇનેજ, **तु, पूर्वोक्ता**–પછી આગળ કહેલી (માનસી સેવા) **फलिष्यति**–સિદ્ધ થશે, **एवम्**–એ પ્રકારે, **भक्तिमार्गः**–ભકતમાર્ગ, **ज्ञानाधिकः**–જ્ઞાનમાર્ગથી ઉત્તમ છે. **तस्मात्**–તે કારણ માટે (ગંગાજીના દષ્ટાન્તે કરીને), **निरूपितः**–નિરૂપણ કરેલો છે

બન્ને જ્ઞાની અને ભકતને ક્રમે કરીનેજ પ્રથમ પુષ્ટિમાર્ગમાં લઇનેજ પછી, આગળ માનસી સેવા સિદ્ધ થશે. એ પ્રકારે ભકિતમાર્ગ જ્ઞાનમાર્ગથી ઉત્તમ છે. તે સારૂ ગંગાજીના દષ્ટાન્તે કરીને વિવેચનપૂર્વક નિરૂપણ કરેલું છે. ૧૯

મર્યાદામાર્ગમાં રહેલો જ્ઞાની અને મર્યાદામાર્ગીય ભકત એ બન્નેની ઉપર જો ભગવાન અનુગ્રહ કરે છે તો તેમનો પુષ્ટિમાર્ગમાં અંગીકાર થશે, અને પછી તેમને ક્રમે ક્રમે તનુજાવિત્તજા સેવા પછી માનસી ભકિત આપે છે. અને જો મર્યાદામાર્ગમાંથીજ અંગીકાર કરી લે છે તો મુકિતજ આપે છે ભકિત આપતા નથી. આ પ્રમાણે ભકિતમાર્ગ શ્રીપુરુષોત્તમની પ્રાપ્તિ કરાવનારો છે. ગંગાજીના દષ્ટાન્તથી વિચાર કરીએ તો જે ગંગાજી આધિદૈવિકી છે તે કાંઈ તીર્થાત્મિકાજ



ન જાણવી, પણ તેના આધિભૌતિક જલમાં તીર્થબુદ્ધિ, આધ્યાત્મિકરૂપપણાની બુદ્ધિ, થાય છે, અને પછી જલ અને તીર્થથી જૂદાં જે ગંગાદેવી આધિદૈવિકી રૂપવાળાં છે તેનાં દર્શનાદિ૦ ભકિતએ કરીનેજ થાય છે. એકલા જ્ઞાનથી તો સાક્ષાત્ દર્શન થતાં નથી. જ્ઞાન પછી ભકિતની જરૂર રહે છે જ. તે જ પ્રમાણે ભકિતમાર્ગમાં જે ક્ષર અને અક્ષરના–આત્મા તથા અક્ષરબ્રહ્મની એકતાના–જ્ઞાનમાંજ રહે તે કરતાં આગળ વધીને અક્ષરાતીત પૂર્ણપુરુષોત્તમને સર્વ કર્મ અર્પણ કરીને તેમની સર્વભાવથી ભકિત કરે તે અધિક છે, અને તેનો ઉદ્ધાર શ્રીકૃષ્ણ સત્વર કરે છે. માટ જ્ઞાનમાર્ગથી ભકિત-માર્ગ ઉત્તમ છે એમ કહેલું છે.

**भक्त्यभावे तु तीरस्थो यथा दुष्टैः स्वकर्मभिः ।**
**अन्यथाभावमापन्नस्तस्मात् स्थानाच्च नश्यति ॥ २० ॥**

**भक्त्यभावे, तु, तीरस्थः, यथा, दुष्टैः, स्वकर्मभिः ।**
**अन्यथाभावम्, आपन्नः, तस्मात्, स्थानात्, च, नश्यति ॥ २० ॥**

**यथा**–જેમ, **तीरस्थः**–ગંગાજીના તટપર રહેલો, **भक्त्यभावे**–ભકિતના અભાવમાં માહાત્મ્યજ્ઞાનપૂર્વક ભકિત ન હોય, **तु, दुष्टैः**–તો દોષયુકત એવાં, **स्वकर्मभिः**–પોતાનાં કર્મોએ કરીને: **अन्यथाभावम्**–પાખંડીપણાને, **आपन्नः**–પ્રાપ્ત થઇને, **तस्मात्, स्थानात्**–તે તીર્થ સ્થાનથી **च**–પણ, **नश्यति**–નાશ પામે છે.

જેમ ગંગાજીના તટપર રહેલો ભકિતના અભાવમાં તો દોષયુકત પોતાનાં કર્મોએ કરીને વિપરીત ભાવ પાખંડપણાને પામે તો તે સ્થાનથી પણ ભ્રષ્ટ થાય છે. ૨૦

ગંગાજીના તીરપર રહેતો હોય અને ભકિત ઉત્પન્ન ન થઈ હોય, એટલે અંતકરણમાં મોટાઈ જાણીને ગંગાજીમાં સ્નેહ ન થયો હોય અને પછી પોતાનાં દોષયુકત કર્મોએ કરીને તે ગંગાજીમાંજ જલબુધ્ધિ જાણતો તે તીર્થાત્મક જ્ઞાનના સ્થાનથી પણ નાશ પામે છે, અથવા ગંગાજીથી છૂટો પડે છે. તેમ અહીં ભગવાનની સમીપ રહેતો હોય પણ જો ભગવાનમાં માહાત્મ્યજ્ઞાનપૂર્વક ભકિત ઉત્પન્ન ન થઈ હોય અને સાધારણ બુધ્ધિ રહે તો પછી તે પોતાનાં પાપ કર્મોથી પાખંડી થઈ જાય છે, અને આરૂઢપતિત થાય છે. માટે વેદાદિમાં કહ્યા પ્રમાણેનાં આચરણ રાખી ભગવાનની ભકિત કરવી.

**एवं स्वशास्त्रसर्वस्वं मया गुप्तं निरूपितम् ।
एतद् बुद्ध्वा विमुच्येत पुरुषः सर्वसंशयात् ॥ २१ ॥**

**एवम्, स्वशास्त्रसर्वस्वम्, मया, गुप्तम्, निरूपितम् ।
एतद्, बुद्ध्वा, विमुच्येत, पुरुषः, सर्वसंशयात् ॥ २१ ॥**

**एवम्**-એ રીતે, **मया**-મેં-શ્રીવલ્લભાચાર્યજીએ **स्वशास्त्रसर्वस्वम्**-પોતાના શાસ્ત્રનું સર્વ સ્વરૂપ-સિધ્ધાન્ત, **गुप्तम्**-જે ગુપ્ત છે તો પણ, **निरुपितम्**-નિરૂપણ કર્યો છે, **एतत्**-તેને, **बुद्ध्वा**-જાણીને, **पुरुषः**-કોઇપણ પુરુષ, **सर्वसंशयात्**-સમ્પૂર્ણ સંશયથી, **विमुच्यते**-વિશેષે કરીને મુકત થાય છે.

એ રીતે મેં-શ્રીવલ્લભાચાર્યજીએ સ્વશાસ્ત્રનું સર્વસ્વરૂપ સેવાસિદ્ધાન્ત ગુપ્ત છતાં પણ કહ્યો, તેનું નિરૂપણ કર્યું છે. આ સિધ્ધાન્ત જાણવાથી અને હૃદયારૂઢ કરવાથી મનુષ્ય સર્વ પ્રકારના સંશયથી મુકત થાય છે. ૨૧

આ પ્રકારે ભકિતમાર્ગનું નિરૂપણ દૈવીજીવોના ઉધ્ધાર સારૂ કરેલું છે. આ ગ્રન્થ સારી રીતે જાણવાથી સ્વકર્તવ્યનું જ્ઞાન થાય છે. ભકિત વિના બીજું કાંઇ પરમ કર્તવ્ય નથી, માટે મનુષ્યમાત્રે સંસારનું અહંતામમતાત્મક અભિમાન છોડી પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણની સેવા કરવી. સેવાજ પરમ પુરુષાર્થ છે.

**इति**-આ પ્રમાણે **श्रीमद्वल्लभाचार्यप्रकटिता**-શ્રીમદ્વલ્લભાચાર્યજીએ પ્રકટ કરેલો, **सिद्धान्तमुक्तावली**-સિધ્ધાન્ત મુકતાવલીનો ગ્રન્થ, **समाप्ता**-સમ્પૂર્ણ થયો.
આ પ્રમાણે શ્રીમદ્વલ્લભાચાર્યજીએ પ્રકટ કરેલો સિધ્ધાન્તમુક્તાવલી નામનો ગ્રન્થ સમ્પૂર્ણ થયો. ૩

**॥ श्रीकृष्णार्पणमस्तु ॥**





# ૪–पुष्टिप्रवाहमर्यादाभेदः

ગ્રન્થપરિચય—શ્રીપ્રભુએ રમણાર્થે સૃષ્ટિની રચના કરી છે તેના સર્વજીવ ચૈતન્યરૂપથી અને ભગવાનના અંશપણાથી સમાન છે, પણ જીવ સ્વભાવવડે દોષવાળા હોવાથી તેના દેહ, ક્રિયા, સર્ગ અને ફલમાં ભેદ છે. તેનું જ્ઞાન શ્રીમદાચાર્યચરણે આ ગ્રન્થમાં આપેલું છે. આ સૃષ્ટિના પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદા એમ ત્રણ મુખ્ય માર્ગ છે તે સિધ્ધ કર્યાં છે, અને તે દરેકનાં સ્વરૂપ જૂદાં જૂદાં નિરૂપણ કર્યાં છે. ૧. ભગવાનના અનુગ્રહનો માર્ગ તે પુષ્ટિમાર્ગ ૨. વેદમાં કહેલાં કર્મ, જ્ઞાનમાર્ગ તે મર્યાદામાર્ગ, ૩. સૃષ્ટિની પરંપરાનો માર્ગ તે પ્રવાહમાર્ગ કહેવાય છે.

(૧) પુષ્ટિસૃષ્ટિનો પ્રાદુર્ભાવ ભગવાનના શ્રીઅંગમાંથી છે. તેના જીવ નિત્ય અને પ્રભુકૃપાયુક્ત છે. દેહ ક્રિયા ભગવત્સેવાનુકૂલ છે, સર્ગ–દૈવી છે, ફલ–સ્વરૂપાનંદની પ્રાપ્તિ છે. ભક્તિવાળા જીવ પછી, તે સ્ત્રી, શૂદ્ર કે બાલક ગમે તે હો, તે સર્વ તેના અધિકારી છે. ભક્તિરૂપ બધા માર્ગ ભક્તિ–પુષ્ટિમાર્ગમાં અંતર્ભૂત છે. આ સૃષ્ટિના જીવ બે પ્રકારના છે. ૧. શુદ્ધપુષ્ટિજીવ. ૨. મિશ્રપુષ્ટિજીવ. ૧. શુદ્ધપુષ્ટિજીવ–જેમને પ્રેમલક્ષણા ભક્તિ સિદ્ધ થઇ હોય તેવા વિરલાજ હોય છે. ૨. મિશ્રપુષ્ટિજીવ એટલે જે પુષ્ટિજીવમાં મિશ્રપણાને લીધે પુષ્ટિ, પ્રવાહ કે મર્યાદા એ ત્રણ માર્ગમાંના જે માર્ગના ગુણોનું મિશ્રણ સ્પષ્ટપણે જણાય તે રીતે તે પુષ્ટિમિશ્રપુષ્ટિ ૨. પુષ્ટિમિશ્રપ્રવાહ ૩. પુષ્ટિમિશ્રમર્યાદા જીવ કહેવાય છે. આ જીવો લૌકિકમાં આસકત થાય, અહંકારી બને કે ધર્મની મર્યાદા ન સાચવે તો તેના પર પ્રભુ અનુગ્રહ કરી શાપાદિવડે તેમનો અસુર કુલમાં જન્મ આપે છે અને તેમના દોષો નિવૃત્ત કરી તેમની જે સ્વરૂપમાં આસકિત હોય તેની પ્રાપ્તિ કરાવે છે.

(૨) મર્યાદાસૃષ્ટિનો પ્રાદુર્ભાવ ભગવાનની વેદરૂપ વાણીમાંથી છે. તેના જીવ પણ નિત્ય છે, તેના દેહ, ક્રિયા, વૈદિક ધર્મને અનુકૂલ હોય છે. સર્ગ–દૈવી છે. ફલ–નિષ્કામ જીવને અક્ષરબ્રહ્મની અને સકામ જીવને સ્વર્ગાદિની પ્રાપ્તિરૂપ છે. વેદની આજ્ઞા પ્રમાણે ચાલનારા જેટલા માર્ગ છે તે સર્વ મર્યાદા માર્ગમાં અંતર્ભૂત છે. મિશ્ર મર્યાદાજીવ પણ ત્રણ પ્રકારના, ૧. મર્યાદામિશ્રપુષ્ટિ. ૨. મર્યાદામિશ્રપ્રવાહ



૩. મર્યાદામિશ્રમર્યાદા એ પ્રમાણે છે. મિશ્રમર્યાદા જીવનાં લક્ષણો મુખ્યત્વે કરીને મર્યાદાજીવનાં હોય છે. પણ મિશ્રણને લીધે તે જે માર્ગ વિમિશ્ર હોય તેના ગુણો થોડા વધારે પ્રમાણમાં રહે છે.

(૩) પ્રવાહસૃષ્ટિનો પ્રાદુર્ભાવ ભગવાનની ઇચ્છામાત્રથી, સૃષ્ટિનો પ્રવાહ ચાલુ રહેવા માટે જ છે. તેના જીવ જન્મ મરણાદિ ઘટમાળમાં ફરનારા છે. દેહ, ક્રિયા લૌકિક કાર્યમાં આસકત; સર્ગ આસુરી; ફળ અજ્ઞજીવોને મુકિત અને દુર્જ્ઞજીવોને બંધન છે. સર્વ લૌકિક માર્ગ પ્રવાહમાર્ગમાં અંતર્ભૂત છે. મિશ્રપ્રવાહ જીવો ત્રણ પ્રકારે છે. ૧. પ્રવાહમિશ્રપુષ્ટિ. ૨. પ્રવાહમિશ્ર પ્રવાહ અને ૩. પ્રવાહમિશ્ર મર્યાદા. તેઓ અજ્ઞ અને દુર્જ્ઞજીવોના નામે ઓળખાય છે.

(૧) અજ્ઞજીવો–આસુરાવેશી–શાપાદિથી અસુર કુલમાં જન્મ. તેમાં એક પ્રકારના જીવ મૂલરૂપ તથા અવતારાદિનો દ્વેષ કરનારા પણ અંતઃકરણના ધર્મવડે ભગવાનના સંબંધવાળા અને આસુરધર્મમાં આસકત નહીં તેવા છે. તેમના દોષ નિવારણ થયે પ્રભુ તેમને મુક્ત કરે છે બીજા ઇશ્વરવિભૂત્યાદિનો દ્વેષ કરનારા છે. તેમનો ભગવાન સાથે સંબંધ થયે અથવા યજ્ઞયાગાદિ વડે તેમના દોષ નિવૃત્ત થતાં પ્રભુ તેમને મુકિત આપે છે.

દુર્જ્ઞજીવો–સહજાસુરી–આસુરી સંપત્તિના, જગદ્રૂપ ભગવાનનો દ્વેષ કરનારા, અધર્મ કરનારા અસુરલોકમાં જન્મોજન્મ રહે છે અને અધમગતિને પામે છે. આ ઉપરાંત ત્રણ માર્ગના સંબંધવાળા ચર્ષણી જીવો છે. તે અસ્થિર ચિત્તના, ક્રિયા પ્રમાણે જન્મ મરણના ચક્કરમાં પડનારા, ગતિ યમને આધીન. બીજા હીન પ્રવાહી જીવોની ગતિ છે. પુષ્ટિમાર્ગીય જીવે પ્રવાહી જીવનાં લક્ષણ અથવા કર્મ પોતામાં આવી નાં જાય તે સારૂ આ ગ્રન્થનું સદૈવ મનન કરવું જોઇએ.

पुष्टिप्रवाहमर्यादा विशेषेण पृथक् पृथक् ।
जीवदेहक्रियाभेदैः प्रवाहेण फलेन च ॥ १ ॥
वक्ष्यामि सर्वसंदेहा न भविष्यन्ति यच्छ्रुतेः ॥ १½ ॥

पुष्टिप्रवाहमर्यादा, विशेषेण, पृथक्, पृथक्,
जीवदेहक्रियाभेदैः, प्रवाहेण, फलेन, च ।
वक्ष्यामि, सर्वसन्देहाः, न, भविष्यन्ति, यच्छ्रुतेः । १½ ।

**पुष्टिप्रवाहमर्यादा**-પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદા માર્ગ, **जीवदेहक्रियाभेदैः**-જીવ, દેહ અને ક્રિયાના ભેદો વડે. **च, प्रवाहेण**-અને સૃષ્ટિની પરંપરા વડે તથા, **फलेन**-ફલના ભેદ વડે, **विशेषेण**-વિશેષ રૂપથી, **पृथक् पृथक्**-જૂદાં જૂદાં, **वक्ष्यामि**-કહીશ, **यत्श्रुतेः**-જે સાંભળવાથી, **सर्वसन्देहाः**-સર્વ પ્રકારના સંદેહો, **न, भविष्यन्ति**-થશે નહીં.

પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદા એ ત્રણે માર્ગ જૂદા જૂદા છે. તેઓના જીવ, દેહ, ક્રિયા, સૃષ્ટિની પરંપરા અને ફલના ભેદ એ પાંચે વિશેષરૂપથી જૂદા જૂદા કહીશ જે સાંભળવાથી સર્વ પ્રકારના સંદેહો થશે નહીં.

ભગવત્પ્રાપ્તિ સારૂ ભગવાનના અનુગ્રહને શોધવાનો જે માર્ગ તે પુષ્ટિમાર્ગ. લૌકિક ફલ મેળવવા સૃષ્ટિની પરંપરાનો પ્રવાહમાર્ગ અને વૈદિકફલ માટે વેદમાં કહેલો કર્મમાર્ગ તે મર્યાદા માર્ગ કહેવાય છે. તે ત્રણે માર્ગનાં સ્વરૂપ જૂદાં જૂદાં છે. ૧. ભગવાને જેમના પર અનુગ્રહ કરેલો છે તેવા જીવ, ભગવચ્ચરણારવિન્દની રજથી અંકિત થયેલો તેમનો દેહ, ભગવત્પરાયણ ક્રિયા, તેમને દૈવી સર્ગ, અને પુરુષોત્તમની પ્રાપ્તિરૂપ ફલ તે પુષ્ટિમાર્ગીય છે. ૨. સંસારમાં આસક્ત જીવ, સંસ્કારાદિથી રહિત દેહ, લૌકિક ક્રિયા, આસુરી સૃષ્ટિના અને કર્માનુસાર જન્મ-મરણાદિફલ તે પ્રવાહમાર્ગીય છે. તેવી જ રીતે ૩. દૈવી જીવ, સંસ્કાર થયેલ દેહ, વેદમાં કહેલી તેમની ક્રિયા, દૈવી સૃષ્ટિના નિષ્કામ જીવોને જ્ઞાનની પ્રાપ્તિથી અક્ષર બ્રહ્મની પ્રાપ્તિરૂપ, અને સકામ વાળાને સ્વર્ગાદિ ફલ. તે મર્યાદામાર્ગીય છે. આ પ્રમાણેના માર્ગ, તેનાં સાધનો અને ફલ કહેલાં છે.

**भक्तिमार्गस्य कथनात् पुष्टिरस्तीति निश्चयः ॥ २ ॥**
**भक्तिमार्गस्य, कथनात्, पुष्टिः, अस्ति, इति, निश्चयः ॥ २ ॥**

**भक्तिमार्गस्य**,-ભક્તિમાર્ગના, **कथनात्**-કહેવાથી, **पुष्टिः, अस्ति, इति**-પુષ્ટિ માર્ગ છે એમ, **निश्चयः**-નિશ્ચય છે.

ભકિત માર્ગ એમ કહેવાથી પુષ્ટિમાર્ગ, ભગવાનના અનુગ્રહનો માર્ગ, છે એવો નિશ્ચય છે.

આ લોક અને પરલોકની કામના છોડીને પ્રભુમાં મન લગાડવું તે ભકિત કહેવાય છે. તે ભકિત પ્રભુના અનુગ્રહથી મળે છે. તેનું નામ પુષ્ટિ છે. ગીતાજીના



બારમાં અધ્યાયમાં ભકિત માર્ગ કહેલો છે અને બીજા અધ્યાયોમાં પ્રસંગે પ્રસંગે ભકિતમાર્ગનું વર્ણન છે. તેથી ભકિતમાર્ગ તે જ પુષ્ટિમાર્ગ સમજવું. ૨

**द्वौ भूतसर्गावित्युक्तेः प्रवाहोऽपि व्यवस्थितः ।**
**वेदस्य विद्यमानत्वान् मर्यादापि व्यवस्थिता ॥ ३ ॥**
**द्वौ, भूतसर्गौ, इति, उक्तेः, प्रवाहः, अपि, व्यवस्थितः ।**
**वेदस्य, विद्यमानत्वात्, मर्यादा, अपि,, व्यवस्थिता ॥ ३ ॥**

"**द्वौ, भूतसर्गौ,**'-એ પ્રકારના ભૂતસર્ગ જીવની સૃષ્ટિ, **इति उक्तेः**-આ પ્રકારે કહેવાથી **प्रवाहः, अपि**-પ્રવાહમાર્ગ પણ, **व्यवस्थितः**-રહેલો છે, **वेदस्य**-વેદના, **विद्यमानत्वात्**-વિદ્યમાનપણાથી, **मर्यादा, अपि**,-મર્યાદામાર્ગ પણ, **व्यवस्थिता**-વ્યવસ્થિત છે.

ગીતાજીના સોળમા અધ્યાયના છઠ્ઠા શ્લોકમાં શ્રીકૃષ્ણ ભગવાને કહેલું છે કે "**द्वो भूतसर्गौ लौकेस्मिन् दैव आसुर एव च**" આ લોકમાં બે પ્રકારની સૃષ્ટિ છે, એક દૈવીસૃષ્ટિ અને બીજી આસુરી સૃષ્ટિ છે. એ પ્રમાણથી પ્રવાહમાર્ગ પણ રહેલો છે. અને વર્ણાશ્રમ ધર્મોની મર્યાદા બતાવનારા વેદ છે તેથી મર્યાદામાર્ગ પણ છે.

નિરંતર ચાલ્યા કરવું તે પ્રવાહ કહેવાય છે, એટલે સૃષ્ટિની પરંપરા કયારે પણ તૂટે નહીં એવી રીતનો પ્રવાહ, દૈવ અને આસુર એવા બે ભેદથી કહેલો છે. તે જો પ્રલય પર્યન્ત ચાલતો રહે નહીં તો કહેલો વિભાગ વ્યર્થ થાય માટે તે પ્રવાહ પણ રહેલો છે. કર્મ અને જ્ઞાનાદિના પ્રકારના જે નિયમ છે તેનું નામ મર્યાદા છે. તે પણ વેદ વિદ્યમાન હોવાથી મર્યાદામાર્ગ છે. આવી રીતે ભગવાનના અનુગ્રહથી થયેલા ભકિતરૂપ જેટલા માર્ગો છે તે પુષ્ટિમાર્ગમાં અંતર્ભૂત થાય છે. સૃષ્ટિની પરંપરાને છોડતા નથી એવા જેટલા લૌકિક માર્ગો છે તે પ્રવાહમાર્ગમાં, અને વેદના નિયમનું ઉલ્લંઘન નહીં કરનારા જે જે માર્ગો છે તે સર્વ મર્યાદામાર્ગમાં અંતર્ભૂત છે. એટલે જગતમાં જેટલા માર્ગો છે તે સર્વનો અંતર્ભાવ આ ત્રણ માર્ગમાં જ છે ૩

**कश्चिदेव हि भक्तो हि यो मद्भक्त इतीरणात् ।**
**सर्वत्रोत्कर्षकथनात् पुष्टिरस्तीतिनिश्चयः ॥ ४ ॥**
**कश्चित्, एव, हि, भक्तः, हि, यः, मद्भक्तः, इति, ईरणात्,**
**सर्वत्र, उत्कर्षकथनात्, पुष्टिः, अस्ति, इति, निश्चयः ॥ ४ ॥**

**कश्चित्, एव**–કોઇક વિરલો, **भक्तः, हि**–મારો ભકત છે, '**यः, मद्भक्तः**'-જે મારો ભકત, **इति, ईरणात्**–એ પ્રકારે કહેવાથી, **सर्वत्र**–બધે ઠેકાણે, **उत्कर्षकथनात्**-ભકતની ઉત્કર્ષતા કહેવાથી, **पुष्टिः**–પુષ્ટિમાર્ગ, **निश्चयः, अस्ति**–નક્કી છે.

કોઇક વિરલો મારો ભક્ત થાય છે. ગીતાજીના બારમા અધ્યામાં તેરથી વીસ શ્લોક સુધી ભક્તનાં લક્ષણ જણાવ્યાં છે. તેમાં **यो मद्भक्तः स मे प्रियः** મારે વિષે મન અને બુદ્ધિ અર્પણ કરનાર જે મારો ભક્ત છે તે મને અત્યન્ત પ્રિય છે. આ પ્રકારે શ્રીભગવાને બધે ઠેકાણે શ્રીમુખથી ભક્તની શ્રેષ્ઠતા બધે ઠેકાણે કહેવાથી પુષ્ટિમાર્ગ નક્કી છે.

ભકિતમાર્ગીય જીવ થોડાકજ હોય છે, માટે સર્વ લોક ભકત નથી એવી રીતે ભકત, લોકથી જૂદો પડયો. તેથી તેના પ્રયોજનરૂપ માર્ગપણ લોકથી જુદોજ હોવો જોઇએ, એટલે તે પ્રવાહમાર્ગથી જૂદો સિધ્ધ થાય છે. ભજન કરવું તેનું નામ ભકિત નથી પણ ભગવાનને પ્રિય થવાય તેવી રીતે ભજન કરવું તે ભકિત કહેવાય છે. ૪

**न सर्वोतः प्रवाहाद्धि भिन्नो वेदाच्च भेदतः ।**
**यदा यस्येतिवचनान्नाहं वेदैरितीरणात् ॥ ५ ॥**

**न, सर्वः, अतः, प्रवाहात्, हि, भिन्नः, वेदात्, च, भेदतः,**
**यदा, यस्य, इति, वचनात्, न, अहम्, वेदैः, इति, ईरणात् ॥ ५ ॥**

**"यदा, यस्य"**–'જ્યારે જેને', **इति, वचनात्**–આ પ્રકારના વચનથી તથા, **"नाहं वेदैः"**–'હું વેદોથી નહીં',–**इति, ईरणात्**,–એમ કહેવાથી, **सर्वः**–સર્વ જીવ સમાન, **न,अतः**–નથી તેથી આ પુષ્ટિમાર્ગીય, **प्रवाहात्**–પ્રવાહથી, **भिन्नः, च**,–જૂદો છે અને, **वेदात्, भेदतः**–વેદથી જૂદો હોવાથી પુષ્ટિમાર્ગ, પ્રવાહમાર્ગ અને મર્યાદામાર્ગ એ ત્રણે જુદા જુદા છે.

બધા માર્ગોનો પુષ્ટિમાર્ગની સાથે સંબંધ થઈ શકતો નથી. શ્રીમદ્ ભાગવતના ચોથા સ્કન્ધના ૨૬મા અધ્યાયમાં લખ્યું છે કે **यदा यस्यानुगृह्णाति भगवानात्मभावितः । स जहाति मतिं लोके वेदे च परिनिष्ठिताम् ॥** આત્મા વડે ભાવના કરાયલા ભગવાન જેના પર અનુગ્રહ કરે છે ત્યારે તે લૌકિક અને વૈદિક કામનાઓનો ત્યાગ કરે છે. ગીતાજીના અગીયારમા અધ્યાયના ૫૩મા શ્લોકમાં



કહે છે કે **नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया । शक्य एवंविधो द्रष्टुं दृष्टवानसि मां यथा ॥** તેં જેવાં મારા સ્વરૂપનાં દર્શન અત્યારે કર્યાં તેવાં દર્શન, કોઇને વેદપાઠ કરવાથી, તપ કરવાથી, દાનથી કે યજ્ઞાદિથી થઈ શકતાં નથી, પણ અનન્ય ભક્તિ કરવાથી મારૂં દર્શન થાય છે. આ પ્રમાણે સર્વ જીવ સમાન નથી, તેથી પુષ્ટિમાર્ગ, પ્રવાહથી જૂદો છે અને વેદથી જૂદો હોવાથી, પુષ્ટિમાર્ગ, પ્રવાહમાર્ગ અને મર્યાદામાર્ગ એ ત્રણે જૂદા જૂદા છે.

જીવકૃત વિધિપૂર્વક સાધનમાં પુષ્ટિમાર્ગનો પ્રવેશ નથી, પણ તે ભગવાનના અનુગ્રહરૂપ છે, એટલે પુષ્ટિમાર્ગીય ભક્તને લૌકિક અને વૈદિક કર્મ ન કરવાથી કાંઈ અપરાધ થતો નથી. તેથી પુષ્ટિમાર્ગને પ્રવાહીમાર્ગ અને મર્યાદામાર્ગની અપેક્ષા નથી, કેમકે આ માર્ગ તેમનાથી જૂદો છે અને શ્રેષ્ઠ છે. ૫

**मार्गैकत्वेपि चेदन्त्यौ तनू भक्त्यागमौ मतौ ।**
**न तद् युक्तं सूत्रतो हि भिन्नो युक्त्या हि वैदिकः ॥ ६ ॥**

**मार्गैकत्वे, अपि, चेत्, अन्त्यौ, तनू, भक्त्यागमौ, मतौ ।**
**न, तत्, युकूतम्, सूत्रतः, हि, भिन्नः, युक्त्या, हि, वैदिकः ॥ ६ ॥**

**मार्गैकत्वे, अपि**–ભકિતમાર્ગ એક હોવા છતાં પણ, **अन्त्यौ**–અન્તિમ, મર્યાદા અને પ્રવાહમાર્ગ, **तनू**–કાંઈક, **भक्त्यागमौ**–ભકિત આપનારા, **मतौ**–માનવામાં આવેલા છે, **चेत्, तत्**–જો એમ કોઈ કહે તો તે **युक्तम्, न**–બરાબર નથી, **हि, सूत्रतः**–કેમકે ભકિતસૂત્રથી, **युक्त्या**–યુકિત અનુસાર, **वैदिकः**–વૈદિક-મર્યાદા માર્ગ, **भिन्नः**–જૂદો છે.

ભકિતમાર્ગ એક હોવા છતાં પણ મર્યાદા અને પ્રવાહમાર્ગ કાંઈક ભકિત આપનારા માનવામાં આવેલા છે એટલે તે તેના અંગરૂપ છે એમ જો કોઈ કહે તો તે અયુકત છે, કેમકે ભકિતસૂત્રથી અને વેદની યુકિત અનુસાર પુષ્ટિમાર્ગ બન્ને માર્ગોથી જૂદો છે.

ભકિતમાર્ગમાં શ્રીપુરુષોત્તમની નિષ્ઠાવાળાને ભગવાનની પ્રાપ્તિરૂપ ફલ થાય છે એ પ્રમાણે શ્રીમદ્ ભાગવતમાં અને ભકિતસૂત્રોમાં કહેલું છે. જૈમિનિ સૂત્રમાં યજ્ઞરૂપ કર્મ સ્વર્ગાદિ ફલ આપીને નિવૃત્ત થાય છે એમ લખેલું છે, તેથી તે કર્મ

ભકિતનાં અંગ હોઈ શકે નહીં. તેવી રીતે જ્ઞાનમાર્ગ મોક્ષરૂપ ફલ આપનારા છે, ભકિત અપાવનાર નથી એમ વ્યાસસૂત્રમાં કહેલું છે, તેથી તે પણ ભકિતના અંગભૂત નથી. આ પ્રમાણે વૈદિક-મર્યાદા માર્ગ જૂદો છે અને ભગવાનના અનુગ્રહનો માર્ગ પણ જૂદો છે. દૈવસર્ગરૂપ પ્રવાહ મોક્ષ ફલ આપનાર છે અને આસુરસર્ગરૂપ પ્રવાહનું બંધનરૂપ ફલ છે, તેથી પણ તે ભકિતના અંગરૂપ કહેવાય નહીં, અને જો પ્રવાહમાર્ગ ભકિતના અંગભૂત હોય તો ગીતાજીમાં શ્રીકૃષ્ણભગવાને દૈવી સંપત્તિનો ભાવ કહીને પછી આસુરી સંપત્તિનો ભાવ કહ્યો તે કહે નહીં. ગીતાજીના બારમા અધ્યાયમાં કહે છે કે અક્ષરબ્રહ્મના ઉપાસકને અધિક કલેશ થાય છે અને પૂર્ણ પુરુષોત્તમના ઉપાસકને વિના વિલંબે ઉદ્ધાર થાય છે. તેમજ શ્રીમદ્ ભાગવતના દશમસ્કન્ધમાં પણ કહેલું છે કે શ્રીકૃષ્ણ ભકિતવાળાને સુખેથી જેમ પ્રાપ્ત થાય છે તેમ દેહીને તથા જ્ઞાનીને સુખથી પ્રાપ્ત થતા નથી, વિગેરે યુક્તિવડે પણ ત્રણે માર્ગ જૂદા છે. ૬

**जीवदेहकृतीनाञ्च भिन्नत्वं नित्यता श्रुतेः ।**
**यथा तद्वत् पुष्टिमार्गे द्वयोरपि निषेधतः ॥ ७ ॥**
**प्रमाणभेदाद् भिन्नो हि पुष्टिमार्गो निरूपितः । ७½ ।**

**जीवदेहकृतीनाम्, च, भिन्नत्वम्, नित्यता, श्रुतेः,**
**यथा, तद्वत्, पुष्टिमार्गे, द्वयोः, अपि, निषेधतः ॥ ७ ॥**

**प्रमाणभेदात्, भिन्नः, हि, पुष्टिमार्गः, निरूपितः ॥७½॥**

**यथा**-જેવી રીતે, **जीवदेहकृतीनाम्**-જીવ, દેહ અને સાધનોનું, **भिन्नत्वम्**-જૂદાપણું, **श्रुतेः**-શ્રુતિથી સિદ્ધ છે, **तद्वत्**-તે પ્રકારે, **पुष्टिमार्गे**-પુષ્ટિમાર્ગમાં, **नित्यता**-નિત્યતા પણ શ્રુતિથી સિદ્ધ છે, **द्वयोः, अपि**-પ્રવાહ માર્ગ અને મર્યાદા માર્ગ એ બન્નેના પણ, **निषेधतः**-નિષેધથી અને, **प्रमाणभेदात्**-પ્રમાણભેદથી, **पुष्टिमार्गः**-પુષ્ટિમાર્ગ, **भिन्नः, हि**-અવશ્ય ભિન્ન, **निरूपितः**-નિરૂપણ કરેલો છે.

જેવી રીતે જીવ. દેહ અને સાધનોનું જૂદાપણું શ્રુતિથી સિધ્ધ છે તે પ્રકારે પુષ્ટિમાર્ગમાં નિત્યતા પણ શ્રુતિથી સિધ્ધ છે. પ્રવાહમાર્ગ અને મર્યાદામાર્ગ



એ બન્નેના નિષેધથી અને પ્રમાણોના ભેદથી પુષ્ટિમાર્ગ અવશ્ય ભિન્ન નિરૂપણ કરેલો છે.

દૈત્ય દાનવ વગેરેને વેદમાં અધિકાર અને પ્રવૃત્તિ જણાય છે જ્યારે ભકિત-માર્ગમાં તેનો ગંધ પણ નથી પણ ઉલટો ભકિતવાળાઓ ઉપર તેઓને દ્વેષ દેખાય છે, તેથી જીવનો ભેદ સ્પષ્ટ છે. તેમ વેદમાં સ્ત્રીશૂદ્રાદિને અધિકાર નથી, અને ભકિતમાં તો જેવો બ્રાહ્મણાદિને અધિકાર છે તેવોજ સ્ત્રી, શૂદ્રો વગેરેને છે. અર્થાત્ દૈવી જીવમાત્રને ભકિતમાં અધિકાર છે. મર્યાદામાં બ્રાહ્મણ, ક્ષત્રિય આદિ ચાર વર્ણમાંથી જે વર્ણનો દેહ હોય તે પ્રમાણે તેમની કૃતિ હોવી જોઇએ. તેવીજ રીતે પ્રવાહમાં લૌકિકાનુકૂલ કૃતિ હોય છે. એમ કૃતિમાં પણ ભેદ છે. વેદમાં કહેલા ધર્મ નિત્ય છે. તે વેદ પોતાથીજ પ્રમાણરૂપ છે. પુષ્ટિમાં તો ધર્મરૂપ ભગવાન, તેમનો અનુગ્રહ અને ભક્તોનો અનુભવ તે વિના બીજુ કાંઈ પ્રમાણ નથી. શ્રુતિના પ્રમાણથી બ્રહ્મવાદમાં જીવની નિત્યતા છે અને સર્વ જીવ સમાન છે એમ માને છે, તથાપિ ભગવાનનું કીર્તિગાન કરનારા જીવ નિત્ય છે એમ પણ શ્રુતિમાં કહેલું છે. અને જેમ ભકિતવાળાને ભગવાન મળવા સુલભ છે તેમ બીજા દેહવાળાને તથા જ્ઞાનીને નથી. તેથી પુષ્ટિ-માર્ગીય જીવ જૂદા છે. તેવી રીતથી પ્રવાહ અને મર્યાદાનું જૂદાપણું સમજવું. ૭½

**सर्गभेदं प्रवक्ष्यामि स्वरूपाङ्गक्रियायुतम् ॥ ८ ॥**
**इच्छामात्रेण मनसा प्रवाहं सृष्टवान् हरिः ।**
**वचसा वेदमार्गं हि पुष्टिं कायेन निश्चयः ॥ ९ ॥**

**सर्गभेदम्, प्रवक्ष्यामि, स्वरूपाङ्गक्रियायुतम् ॥ ८ ॥**
**इच्छामात्रेण, मनसा, प्रवाहम्, सृष्टवान्, हरिः ।**
**वचसा, वेदमार्गम्, हि, पुष्टिम्, कायेन, निश्चयः ॥ ९ ॥**

**स्वरूपाङ्गक्रियायुतम्**-સ્વરૂપ, અંગ, ક્રિયાસહિત, **सर्गभेदम्**-સર્ગભેદને, **प्रवक्ष्यामि**-વિશેષ રૂપથી કહું છું, **हरिः**-શ્રીકૃષ્ણ ભગવાને, **मनसा**-મનવડે, **प्रवाहम्**-પ્રવાહસૃષ્ટિ, **सृष्टवान्**-ઉત્પન્ન કરી, **वचसा**-વાણીદ્વારા, **वेदमार्गम्**-મર્યાદાસૃષ્ટિ, **हि, कायेन**-તેમજ શ્રીઅંગથી, **पुष्टिम्**-પુષ્ટિસૃષ્ટિ ઉત્પન્ન કરી, **निश्चयः**-એમ નિશ્ચય છે.

હવે સર્ગભેદ સ્વરૂપ, અંગ અને ક્રિયાસહિત વિશેષ રૂપથી કહું છું. શ્રીકૃષ્ણ ભગવાનને મનવડે પ્રવાહસૃષ્ટિ ઉત્પન્ન કરી, વાણીદ્વારા મર્યાદાસૃષ્ટિ, તેમજ શ્રીઅંગથી પુષ્ટિસૃષ્ટિ રચી એમ નિશ્ચય છે.

પ્રભુને રમણ કરવાની ઇચ્છા થઈ, પણ પોતનો અંશ પોતાની વિરુદ્ધ વર્તે નહી તેથી જુદી જુદી સૃષ્ટિ કરી. પ્રવાહસૃષ્ટિમાં માયાનો સંગ કારણભૂત છે, તેથી માયામાંથી આસુરરૂપ સૃષ્ટિ કરી. તે પ્રવાહસૃષ્ટિ છે. ૐકારથી સર્વની ઉત્પત્તિ છે. ભાગવતમાં, પરા, પશ્યંતી, મધ્યમા અને વૈખરી એ ચાર પ્રકારની વાણીથી જગતની ઉત્પત્તિ કહી છે, તે પ્રભુની વાણી વેદરૂપ છે અને વેદ સાક્ષાત્ નારાયણ છે. સંકર્ષણ પણ વેદરૂપ છે અને શબ્દબ્રહ્મ તથા અક્ષરબ્રહ્મ સંકર્ષણનું સ્વરૂપ છે, જેથી જીવના દુઃખની નિવૃત્તિ થવા સારૂ વેદધર્મ પ્રકટ કર્યો. તેથી તેમાં પ્રીતિવાળી અક્ષરબ્રહ્મમાંથી થયેલી સૃષ્ટિ જે વેદમાંથી થઈ તે મર્યાદાસૃષ્ટિ છે. પુરુષવિધ બ્રાહ્મણની શ્રુતિમાં એક આત્માના બે વિભાગ કર્યાં, તેમાંથી પતિ અને પત્ની થયાં એમ કહ્યું છે. અને જીવને ભજનાનન્દનું દાન કરવા પરબ્રહ્મ શ્રીકૃષ્ણ પોતાના આનંદાત્મક સ્વરૂપમાંથીજ અનેક પ્રકારે થયા અને જે સૃષ્ટિ થઈ તે પુષ્ટિસૃષ્ટિ છે.

**मूलेच्छातः फलं लोके वेदोक्तं वैदिकेऽपि च ।**
**कायेन तु फलं पुष्टौ भिन्नेच्छातोऽपि नैकधा ॥ १० ॥**

**मूलेच्छातः, फलम्, लोके, वेदोक्तम्, वैदिके, अपि, च, ।**
**कायेन, तु, फलम्, पुष्टौ, भिन्नेच्छातः, अपि, न, एकधा ॥ १० ॥**

**लोके**–લોકમાં–પ્રવાહમાં, **मूलेच्छातः**–મૂલ ઇચ્છાથી, **फलम्**–ફલ થાય છે, **च, वैदिके**–અને મર્યાદામાર્ગમાં, **अपि,वेदोक्तम्**–પણ વેદોક્ત ફલની પ્રાપ્તિ થાય છે, **पुष्टौ**–પુષ્ટિમાર્ગમાં, **तु, कायेन**–તો શ્રીઅંગદ્વારા, **फलम्**–ફલ થાય છે, **भिन्नेच्छातः**–આવી રીતે જૂદાં જૂદાં ફલ આપવાની, **एकधा, न,**– જુદી જુદી ઇચ્છાથી સૃષ્ટિ એક પ્રકારની નથી.

પ્રવાહમાં મૂલ ઇચ્છાથી લૌકિક ફલ થાય છે અને મર્યાદામાર્ગમાં પણ વેદમાં કહેલા ફલની પ્રાપ્તિ છે. પુષ્ટિમાર્ગમાં તો શ્રીઅંગદ્વારા, સ્વરૂપદ્વારા, ફલ છે. આવી રીતે જૂદાં જૂદાં ફલ આપવાની ઇચ્છાથી સૃષ્ટિ એક પ્રકારની નથી.

ત્રણે સૃષ્ટિનાં ફલ જુદા જુદા પ્રકારનાં છે. અવિચ્છિન્ન સૃષ્ટિ ચાલ્યા કરે એવી સૃષ્ટિ કરવાની મૂલ ઇચ્છાથી પ્રાવાહિક જીવને લૌકિક ફલ થાય છે. તેમાં સહજ આસુર જીવ છે, તે જન્મ મરણની ઘટમાળમાં પડી છેવટ નરકમાં જાય છે, અને



આસુરાવેશી જીવ કામનામાં આસકત હોઈ યજ્ઞાદિ કર્મો વડે આસુરાવેશ ગયા પછી મુકત થાય છે. મર્યાદામાર્ગીય નિષ્કામ ભાવથી યજ્ઞાદિ કર્મ કરનારને આત્મસુખ મળે છે, સકામકર્મ કરનારને સ્વર્ગાદિ લોકનું સુખ મળે છે, "અને પુષ્ટિમાર્ગના જીવને પ્રભુના સ્વરૂપાનંદનું ફલ મળે છે, એમ જુદી જુદી ઇચ્છાઓ છે તથા ફલનો પણ ભેદ છે. તેથી એક પ્રકારની સૃષ્ટિ અને એક પ્રકારના માર્ગ નથી. ૧૦

**तानहं द्विषतो वाक्याद् भिन्ना जीवाः प्रवाहिणः ।**
**अत एवेतरौ भिन्नौ सान्तौ मोक्षप्रवेशतः ॥ ११ ।**

**तान्, अहम्, द्विषतः, वाक्यात्, भिन्नाः, जीवाः, प्रवाहिणः ।**
**अतः, एव, इतरौ, भिन्नौ, सान्तौ, मोक्षप्रवेशतः ॥ ११ ॥**

**'तानहं द्विषतः'**–આ શ્લોકના, **वाक्यात्**–વાકયથી, **प्रवाहिणः**–પ્રવાહમાર્ગીય, **जीवाः, भिन्नाः**–જીવ જૂદા છે, **अत एव**–એટલા માટે, **इतरौ**–મર્યાદા, પુષ્ટિના જીવો, **मोक्षप्रवेशतः**–મોક્ષ અને પ્રવેશ થવાથી, **सान्तौ**–અન્તવાળા, **भिन्नौ**–જૂદા છે.

ગીતાજીના અધ્યાય ૧૬ ના શ્લોક ૧૯ માં કહ્યું છે કે **तानहं द्विषतः क्रूरान्संसारेषु नराधमान् ॥ क्षिपाम्यजस्रमशुभानासुरीष्वेव योनिषु॥** "તે દ્વેષ કરનારા અને અશુભ કામ કરનારા ક્રૂર નરાધમોને આ સંસારમાં હું આસુરી યોનિમાં વારંવાર ફેંકું છું. આ શ્લોકના વાકયથી પ્રવાહમાર્ગીય જીવ જૂદા છે, એટલા માટે મર્યાદા અને પુષ્ટિના જીવો મોક્ષ અને પ્રવેશ થવાના કારણે અન્તવાળા જૂદા છે.

ભગવાનનો દ્વેષ કરવો તે જેનો ધર્મ છે તે આસુરી જીવ છે. તેઓ અંતઃકરણના કોઈ ધર્મ વડે, ભગવાનની સાથે સંબંધવાળા હોય છે. તેમાં મૂલરૂપ તથા અવતાર-રૂપનો દ્વેષ કરનારાને તેમના દોષની નિવૃત્તિ સારૂ ભગવાન મારે છે, તેથી તે મુકત થાય છે. ઈશ્વરવિભૂત્યાદિનો દ્વેષ કરનારા દ્વેષનો ત્યાગ કરે ત્યારે મુકત થાય છે. એ બંને પ્રકારના જીવ આસુરાવેશી છે અને તેમનો આસુરાવેશ ભગવાનનો સંબંધ થાય ત્યારે જતો રહે છે, તેથી તે મુકિતને યોગ્ય છે. જગદ્રૂપનો દ્વેષ કરનારા સહજ આસુર જીવ કોઈ દિવસ મુકત થતા નથી. તેમને તો નરક મળે છે, કેમકે જગતનો દ્વેષ કરવામાં જગદ્રૂપ ભગવાનનો અને ભગવદ્ભકતનો પણ દ્વેષ થાય છે. જે અધર્મ કરીને જેમનું પોષણ કરે છે તેઓ સર્વે પોષણ કરનારાને છોડી દે છે અને એકલો જીવ નરકમાં જાય છે. આવા જગદ્રૂપ ભગવાનનો દ્વેષ કરનારા જીવ પ્રવાહી

જીવ છે. મર્યાદામાર્ગીય જીવને અક્ષરબ્રહ્મપ્રાપ્તિરૂપ મોક્ષ થાય છે, તથા પુષ્ટિજીવને પુરુષોત્તમમાં પ્રવેશ થાય છે. અર્થાત્ ભગવલ્લીલાનો સાક્ષાત્ આનંદ મળે છે. આ રીતે એ બન્નેનો જીવભાવ નિવૃત્ત થાય છે.

**तस्माज्जीवाः पुष्टिमार्गे भिन्ना एव न संशयः ।**
**भगवद्रूपसेवार्थं तत्सृष्टिर्नान्यथा भवेत् ॥ १२ ॥**

**तस्मात्, जीवाः, पुष्टिमार्गे, भिन्नाः, एव, न, संशयः ।**
**भगवद्रूपसेवार्थम्, तत्सृष्टिः, न, अन्यथा, भवेत् ॥ १२ ॥**

**तस्मात्**–તેથી **पुष्टिमार्गे**–પુષ્ટિમાર્ગમાં, **जीवाः**–જે જીવો છે, **भिन्नाः**–તે જૂદા છે, **एव**–જ, તેમાં **संशयः**, **न**–સંશય નથી, **तत्सृष्टिः**–તે પુષ્ટિમાર્ગીય સૃષ્ટિ, **भगवद्रूपसेवार्थम्**-ભગવદ્રૂપસેવા માટે છે, **अन्यथा**–બીજી રીતે, **न, भवेत्**–આ સૃષ્ટિજ થાય નહીં.

તેથી પુષ્ટિમાર્ગમાં જે જીવો છે તે જૂદાજ છે તેમાં સંશય નથી. પુષ્ટિમાર્ગીય સૃષ્ટિ ભગવદ્રૂપસેવા માટે છે, બીજી રીતે આ સૃષ્ટિજ થાય નહીં.

નામસેવા તો મર્યાદાસૃષ્ટિ પણ કરેછે, પરંતુ રૂપસેવા તેનાથી બરાબર થઇ શકતી નથી, તેથી સ્વરૂપસેવા સારૂજ પુષ્ટિસૃષ્ટિની રચના છે. જો પ્રવાહ અને મર્યાદાથી તે જુદી ન હોય તો પુષ્ટિસૃષ્ટિ કરવાનું પ્રયોજન સિદ્ધ થાય નહીં, અને પ્રભુ રમણ કરવા સારૂ જગદ્રૂપ થયા છે તે શ્રુતિવાકય વ્યર્થ જાય. તેથી પ્રભુના રમણાર્થે જે પુષ્ટિસૃષ્ટિ છે તે બધાથી જૂદી છે. ૧૨.

**स्वरूपेणावतारेण लिंगेन च गुणेन च ।**
**तारतम्यं न स्वरूपे देहे वा तत्क्रियासु वा ॥ १३ ॥**
**तथापि यावता कार्यं तावत् तस्य करोति हि । १३ १/२ ।**

**स्वरूपेण, अवतारेण, लिंगेन, च, गुणेन, च ।**
**तारतम्यम्, न, स्वरूपे, देहे, वा, तत्क्रियासु, वा ॥ १३ ॥**
**तथापि, यावता, कार्यम्, तावत्, तस्य, करोति, हि । १३ १/२ ।**



**स्वरूपेण**–પુષ્ટિમાર્ગીય જીવની સ્વરૂપ વડે, **अवतारेण**–અવતાર વડે, **लिंगेन**–ચિહ્ન વડે, **च, गुणेन**–અને ગુણ વડે, **स्वरूपे**–તેઓના સ્વરૂપમાં, **देहे, वा**–દેહમાં, અથવા, **तत्क्रियासु**–તેમની ક્રિયાઓમાં, **तारतम्यम्, न**–એક બીજાથી, ભગવાનથી ન્યૂનાધિકતા નથી, **तथापि**–તો પણ ભગવાનને, **यावता**–જેટલું, **कार्यम्**–કામ કરાવવું હોય, **तावत्**–તે પ્રમાણમાં, **तस्य, हि**–જીવની તેવી જ ન્યૂનાધિકતા, **करोति**–કરે છે.

પુષ્ટિમાર્ગીયજીવની સ્વરૂપ વડે, અવતાર વડે, ચિહ્નવડે અને ગુણવડે તેઓના સ્વરૂપમાં, દેહમાં અથવા તેમની ક્રિયાઓમાં ભગવાનથી ન્યૂનાધિકતા નથી, તો પણ ભગવાનને જેટલું કામ કરાવવું હોય તેટલીજ જીવમાં ન્યૂનાધિકતા કરે છે.

ભગવાન જેમ આનંદરૂપ છે તેમ ભક્ત પણ છે. અલૌકિક રીતે શુધ્ધ સત્ત્વમાંજ ભગવાનનો જેમ અવતાર થાય છે તેમ ભકતનો પણ અવતાર છે. જેમ, ધ્વજા, વજ્ર, યવ, અંકુશ, કમલ આદિ ભગવાનનાં ચિહ્ન છે તેમ ભકતનાં પણ હોય છે. જેમ ભગવાનના ઐશ્વર્યાદિ ગુણ છે તેમ ભકતના પણ છે. તેથી આ બધા ધર્મો વડે ભગવાનના સ્વરૂપથી ભકતના સ્વરૂપમાં, ભગવાનના દેહથી ભકતના દેહમાં, તથા ભગવાનની ક્રિયાથી ભકતની ક્રિયામાં ન્યૂનાધિકતા નથી. અર્થાત્ ભગવાનના સમાન છે, તો પણ રમણાત્મક કાર્યની સિધ્ધિ સારૂ ભગવાન્ ભકતમાં ન્યૂનાધિકપણું કરે છે. ૧૩.

**ते हि द्विधा शुद्धमिश्रभेदान् मिश्रास्त्रिधा पुनः ॥ १४ ॥**
**प्रवाहादिविभेदेन भगवत्कार्यसिद्धये ।**
**पुष्ट्या विमिश्राः सर्वज्ञाः प्रवाहेण क्रियारताः ॥ १५ ॥**
**मर्यादया गुणज्ञास्ते शुद्धाः प्रेम्णातिदुर्लभाः । १५ १/२ ।**

**ते, हि, द्विधा, शुद्धमिश्रभेदात्, मिश्राः, त्रिधा, पुनः ॥ १४ ॥**
**प्रवाहादिविभेदेन, भगवत्कार्यसिद्धये ।**
**पुष्ट्या, विमिश्राः, सर्वज्ञाः, प्रवाहेण, क्रियारताः ॥ १५ ॥**
**मर्यादया, गुणज्ञाः, ते, शुद्धाः, प्रेम्णा, अतिदुर्लभाः ॥ १५ १/२ ॥**

**તે, હિ**–પુષ્ટિમાર્ગીય જીવ પણ, **शुद्धमिश्रभेदात्**–શુધ્ધ અને મિશ્રના ભેદથી, **द्विधा**–બે પ્રકારના છે, **पुनः**–ફરી, **मिश्राः**–મિશ્ર જીવ, **त्रिधा**–ત્રણ પ્રકારના છે, **भगवत्कार्यसिद्धये**–ભગવત્કાર્યની સિદ્ધિ સારૂ, **प्रवाहादिविभेदेन**–પ્રવાહઆદિના વિશેષ ભેદથી, **पुष्ट्या**–પુષ્ટિદ્વારા, **विमिश्राः**–મિશ્રિત (પુષ્ટિપુષ્ટ) જીવ, **सर्वज्ञाः**–સર્વજ્ઞ હોય છે, **प्रवाहेण**–પ્રવાહદ્વારા મિશ્રિત, **क्रियारताः**–ક્રિયામાં પ્રીતિવાળા હોય છે, **मर्यादया**–મર્યાદાદ્વારા મિશ્રિત, **ते गुणज्ञाः**–જીવો ભગવદ્‌ગુણોને જાણવાવાળા છે, **प्रेम्णा**–પ્રેમ વડે, **शुद्धाः**–શુધ્ધ (શુધ્ધપુષ્ટિ) જીવ, **अतिदुर्लभाः**–અત્યન્ત દુર્લભ છે.

પુષ્ટિમાર્ગીય જીવ શુધ્ધપુષ્ટિ અને મિશ્રપુષ્ટિના ભેદથી બે પ્રકારના છે, અને બીજા "મિશ્રપુષ્ટિ" ફરી ત્રણ પ્રકારના છે. ભગવત્‌કાર્યની સિદ્ધિ સારૂ પ્રવાહ આદિના વિશેષભેદથી એક તો પુષ્ટિમિશ્રપુષ્ટ જીવો સર્વજ્ઞ હોય છે, પ્રવાહમિશ્ર "પુષ્ટિ જીવ" ક્રિયામાં પ્રીતિવાળા હોય છે "મર્યાદામિશ્ર" પુષ્ટિ જીવો ભગવદ્‌ગુણોને જાણવાવાળા હોય છે, અને શુધ્ધ પુષ્ટિ જીવો જેઓ પ્રેમ વડે શુધ્ધ છે તેઓ તો અત્યન્ત દુર્લભ છે.

પ્રથમ કહેલા પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદારૂપ માર્ગો શુદ્ધ અને મિશ્ર એવા ભેદથી બે પ્રકારના છે. તેમાં બીજા માર્ગના ધર્મથી મળેલા નથી તે શુદ્ધ કહેવાય છે. મિશ્રના મુખ્ય ત્રણ ભેદ છે. તેમાં પણ પરસ્પર ત્રણના મળવાથી એક એક માર્ગ ત્રણ પ્રકારના હોય છે. પ્રથમ સામાન્ય અનુગ્રહવાળા હોય છે. તેઓ વિશેષ અનુગ્રહને પ્રાપ્ત થાય છે, તે પુષ્ટિવિમિશ્ર કહેવાય છે.

૧ પુષ્ટિમાર્ગીય જીવો પુષ્ટિવિમિશ્ર–ભગવાનના અભિપ્રાયાદિને જાણનારા, સર્વજ્ઞપણાના લક્ષણવાળા હોય છે. ૨. પુષ્ટિમાર્ગીય જીવો મર્યાદામિશ્રિત–ભગવાનના ધર્મને જાણનારા, ૩. પુષ્ટિમાર્ગીય જીવો પ્રવાહમિશ્રિત-થોડો ઘણો ભગવદ્ધર્મ જાણી તીર્થાટનમાં પરાયણ હોય છે, ૪. પ્રવાહમાર્ગીય જીવો પુષ્ટિ-મિશ્રિત–ભગવદ્‌ભજનને અનુકૂલ ક્રિયા કરનારા, ૫ પ્રવાહમાર્ગીય જીવો--મર્યાદા-મિશ્રિત કર્મ કરવાવાળા, ૬. પ્રવાહમાર્ગીય જીવો પ્રવાહમિશ્રિત-લૌકિક ક્રિયામાં પ્રીતિવાળા, તેઓ આસુરી કહેવાય છે, ૭. મર્યાદામાર્ગીય જીવો પુષ્ટિમિશ્રિત-ભગવાનનું માહાત્મ્ય જાણીને ભગવાનની પ્રીતિ માટે કર્મ કરનારા, ૮. મર્યાદામાર્ગીય જીવો મર્યાદામિશ્રિત–સ્વર્ગાદિ માટે કર્મ કરનારા, ૯. મર્યાદામાર્ગીય જીવો પ્રવાહ-મિશ્રિત–લૌકિક માટે કર્મ કરનારા.



આવી રીતે મિશ્ર જીવોના નવ ભેદ છે, અને પ્રભુમાં શુદ્ધ પ્રેમવડે બીજી સ્ફૂર્તિરહિત છે તેઓ શુદ્ધ પુષ્ટિના જીવ કહેવાય છે. એવા ભકત વિરલા હોય છે. ભગવાનના રમણનું સ્થાન આ જગત છે, તેથી રમણરૂપ ભગવાનનું કાર્ય પૂર્ણ કરવા સારૂ આ પ્રકારે જીવની સૃષ્ટિ છે, કેમકે વિચિત્રતા વિના રમણ સિદ્ધ થતું નથી, તેથી વિચિત્ર જીવોની સૃષ્ટિ ઉત્પન્ન કરી છે. ૧૫½

**एवं सर्गस्तु तेषां हि फलं त्वत्र निरूप्यते ॥ १६ ॥**

**भगवानेव हि फलं स यथाविर्भवेद्भुवि ।**

**गुणस्वरूपभेदेन तथा तेषां फलं भवेत् ॥ १७ ॥**

**एवम्, सर्गः, तु, तेषाम्, हि, फलम्, तु, अत्र, निरूप्यते ॥ १६ ॥**

**भगवान्, एव, हि, फलम्, सः, यथा, आविर्भवेत्, भुवि ।**

**गुणस्वरूपभेदेन, तथा, तेषाम्, फलम्, भवेत् ॥ १७ ॥**

**एवम्, सर्गः**–આ પ્રકારે સૃષ્ટિ છે, **अत्र–तु**–હવે અહીં તો, **तेषाम्, हि**–તે સર્વ પ્રકારના જીવોનાં જ, **फलम्, तु**–ફલને, **निरूप्यते**–નિરૂપણ કરવામાં આવે છે, **भगवान्,एव**–ભગવાન જ, **हि, फलम्**–નિશ્ચય ફલ છે, **गुणस्वरूपभेदेन**–ગુણ તથા સ્વરૂપ ભેદદ્વારા, **सः**–તે, **यथा, भुवि**–જે પ્રકારે પૃથ્વીમાં, **आविर्भवेत्**–પ્રકટ થાય **तथा, तेषाम्**–તે પ્રકારે પુષ્ટિમાર્ગીય જીવોને, **फलम्**–ફલ, **भवेत्**–થાય છે.

આ પ્રકારે સૃષ્ટિ છે. હવે અહીં તો તે સર્વ પ્રકારના જીવોનાંજ ફલને નિરૂપણ કરવામાં આવે છે. ભગવાનજ નિશ્ચય ફલ છે. તે જેમ ગુણ તથા સ્વરૂપના ભેદ વડે જે પ્રકારે પૃથ્વીમાં પ્રકટ થાય છે તે પ્રકારે પુષ્ટિમાર્ગીય જીવોને ફલ થાય છે.

અહીં ધર્મ અને ધર્મીનો અભેદ હોવાથી સર્વને ધર્મ અથવા ધર્મીરૂપથીજ ભગવાન ફલરૂપ છે. તે ભકતના ઘર વગેરેમાં કે હૃદયમાં જેવી રીતે ગુણ અને સ્વરૂપના ભેદથી પ્રકટ થાય અથવા ભકતોના ગુણ અને ભેદથી પ્રકટ થાય તેવી રીતે તે ભકતોને ફલ થાય છે. એટલે ભગવાનના સ્વરૂપમાં જ એકનિષ્ઠાવાળા જે પુષ્ટિજીવ છે તેને પ્રભુ સ્વરૂપનો આનંદ આપવા સારૂ બાલ્ય, કિશોર આદિ સ્વરૂપ ધારણ કરીને પ્રકટ થાય છે અને તેનું સુખ આપે છે. પરંતુ સર્વ પુષ્ટિભકતોને ભગવાનના સ્વરૂપાત્મકજ ફલ મલે છે. ૧૭

**आसक्तौ भगवानेव शापं दापयति क्वचित् ।**

**अहङ्कारेऽथवा लोके तन्मार्गस्थापनाय हि ॥ १८ ॥**

**आसक्तौ, भगवान्, एव, शापम्, दापयति, क्वचित् ।**
**अहंकारे, अथवा, लोके, तत्, मार्गस्थापनाय, हि ॥ १८ ॥**

**आसक्तौ**-મિશ્રપુષ્ટિ જીવ, લોકમાં આસક્ત થાય તો, **क्वचित्**-કોઇક વખત ભગવાન, **एव, शापम्**-જ શાપને, **दापयति**-અપાવે છે, **अथवा**-અથવા, **अहंकारे**-અહંકાર થાય તો, **लोके**-લોકમાં, **तत्, मार्गस्थापनाय**-તે, માર્ગની સ્થાપના સારૂ શાપ અપાવે છે.

મિશ્ર પુષ્ટિ જીવ લૌકિક વિષયમાં આસકત થાય તો કોઇક વખત ભગવાનજ તેને શાપ અપાવે છે, અથવા અહંકારી થાય તો કયારેક કાંઇ શાપ પણ અપાવે છે, પરન્તુ તે શાપ પણ માર્ગનું સ્થાપન કરવું હોય તેને માટે આપવામાં આવે છે.

નલકુબેર તથા મણિગ્રીવની આસકિત અપ્સરામાં થઇ હતી તો નારદદ્વારા તેને શાપ અપાવ્યો અને તે યમલાર્જુન વૃક્ષ થયા અને આસકિત છોડાવી ઉદ્ધાર કર્યો. ચિત્રકેતુને અહંકાર થયો અને તેણે મહાદેવજીનો ઉપહાસ કર્યો તો પાર્વતીદ્વારા તેને શાપ અપાવ્યો, તે વૃત્રાસુર રાક્ષસ થયો અને ઇન્દ્ર સાથે યુદ્ધ વખતે તેનો અહંકાર નાશ કરી તેને દર્શન આપી ઉદ્ધાર કર્યો. આ રીતે ભકતોના દોષ મટાડવા માટે ભગવાનેજ તે તે દ્વારા શાપ આપેલો હતો. ઇંદ્રદ્યુમ્નને આસકિત કે અહંકાર કાંઇ ન હતું છતાં પણ અગસ્ત્ય મુનિ તેને ત્યાં પધાર્યા ત્યારે તેમનું સન્માન કર્યું નહીં જેથી તેને તેમના દ્વારા શાપ થયો અને તે ગજેન્દ્ર થયો. ગ્રાહની સાથેના યુદ્ધ વખતે તેણે ભગવાનની કમલપૂજા કરી અને તેનો ઉદ્ધાર કર્યો. આ પ્રમાણે ધર્મની મર્યાદા શીખવવા સારૂ ભગવાન શાપ અપાવે છે અને તે સર્વની શુદ્ધતા કરે છે, માટે તે શાપ ભગવદનુગ્રહરૂપ છે. તેમ ન કરે તો બીજા પણ બહિર્મુખ થાય, માટે ભકિતમાર્ગ સ્થાપન કરવા ભગવાન તેમ કરે છે.૧૮

**न ते पाषण्डतां यान्ति न च रोगाद्युपद्रवाः ।**
**महानुभावाः प्रायेण शास्त्रं शुद्धत्वहेतवे ॥ १९ ॥**
**न, ते, पाषण्डताम्, यान्ति, न, च, रोगाद्युपद्रवाः ।**
**महानुभावाः, प्रायेंण, शास्त्रम्, शुद्धत्वहेतवे ॥ १९ ॥**

**ते**-તે-શાપ થયેલા ભકતો, **पाषण्डताम्**-પાખંડપણાને, **न, यान्ति**-પ્રાપ્ત થતા નથી, **च, रोगाद्युपद्रवाः**-અને રોગાદિ ઉપદ્રવોને, **न, यान्ति**-પ્રાપ્ત થતા નથી,



**प्रायेण**-ઘણું કરીને, **शास्त्रम्**-શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે તે શાપ, **महानुभावाः**-મહાનુભાવિઓની, **शुद्धत्वहेतवे**-શુદ્ધિને માટે હોય છે.

શાપ થયેલા ભકતો પાખંડપણાને પામતા નથી અને રોગાદિ ઉપદ્રવો પણ તેઓને થતા નથી. ઘણું કરીને શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે તે શાપ મહાનુભાવીઓની શુધ્દિને માટે હોય છે.

ભગવાન જે શાપ આપાવે છે તે મિશ્ર પુષ્ટિ જીવને શુદ્ધિ પુષ્ટિ જીવ કરવાને માટે જ છે, અને તેમાં ફલ આપવાનું ભગવત્કૃપાજ કારણ છે. જો આવી રીતે શાપ અપાવે નહીં તો મિશ્ર પુષ્ટિ જીવના દોષની નિવૃત્તિ થાય નહીં અને તે શુદ્ધપુષ્ટિ જીવ પણ થાય નહીં.

**भगवत्तारतम्येन तारतम्यं भजन्ति हि । १९$\frac{१}{२}$ ।**

**भगवत्तारतम्येन, तारतम्यम्, भजन्ति, हि । १९$\frac{१}{२}$ ।**

**भगवत्तारतम्येन**-ભગવાનની ઇચ્છાના ભેદથી-જેવી ભક્તિ હોય તેવા, **हि, तारतम्यम्**-ભગવત્સ્વરૂપના આવિર્ભાવને, **भजन्ति**-તેઓ ભજે છે-સેવે છે.

ભગવાનની ઇચ્છાના ભેદથી જેવી ભક્તિ હોય તેવા ભગવતસ્વરૂપના આવિર્ભાવને તેઓ ભજે છે.

ભગવાન અનંતરૂપ છે, તેથી જે રૂપમાં પ્રીતિવાળા મિશ્ર પુષ્ટિ જીવ હોય તે સ્વરૂપમાં જેવી ભક્તિ હોય તેટલું ફલ તેને મળે છે. એટલે ભગવાનનાં ચતુર્વ્યૂહમાં, કલામાં, કે પૂર્ણમાં, જેમાં તેની ભક્તિ હોય તે સ્વરૂપના ઐશ્વર્યાદિથી મિશ્રપુષ્ટ ભક્તને ફલ થાય છે. તેથીજ સંકર્ષણના ઉપાસક ચિત્રકેતુએ ઇંદ્ર સાથે યુધ્ધ કરતી વખતે સંકર્ષણના ચરણમાં મન લગાડયું હતું, અને ઇંદ્રદ્યુમ્ન રાજા નિર્ગુણ સ્વરૂપના ઉપાસક હતા તે શાપથી ગજેન્દ્ર થયા પછી ગ્રાહની સાથેના યુધ્ધ વખતે સ્તુતિમાં તેમણે નિર્ગુણ સ્વરૂપનું વર્ણન કર્યું હતુ. તેવી રીતે ભગવાનના સ્વરૂપ તથા તેના ભજનના પ્રકારના ભેદથી ભકતને ફલમાં પણ ભેદ થાય છે. એટલે જેવી ભકિત હોય તેવો ભગવત્સ્વરૂપનો આવિર્ભાવ થાય છે, અને તે પ્રમાણે તેનું ફલ તેને મળે છે. ૧૯$\frac{૧}{૨}$

**वैदिकत्वं लौकिकत्वं कापटयात्तेषु नान्यथा ॥ २० ॥**

**वैष्णवत्वं हि सहजं ततोन्यत्र विपर्ययः ॥ २० १/२ ॥**

**वैदिकत्वम्, लौकिकत्वम्, कापटयात्, तेषु, न, अन्यथा ॥ २ ॥**

**वैष्णवत्वम्, हि, सहजम्, ततः, अन्यत्र, विपर्ययः ॥ २० १/२ ॥**

**तेषु**–પુષ્ટિમાર્ગીય જીવોમાં, **वैदिकत्वम्**–વૈદિકપણું, **लौकिकत्वम्**–લૌકિક-પણું, **कापट्यात्**–દેખાવની રીતથી છે. **अन्यथा, न**–બીજી રીતે નથી, **वैष्णवत्वम्, हि,** આ પુષ્ટિ જીવોમાં વૈષ્ણવતા, **सहजम्**–સ્વાભાવિક છે. **ततः**–તેથી **अन्यत्र**–બીજે **विपर्ययः**–વિપરીતતા છે.

પુષ્ટિમાર્ગીય જીવોમાં વૈદિકપણું અને લૌકિકપણું દેખાવની રીતેથી છે, અર્થાત્ ભગવાનને ત્યજી લૌકિક, વૈદિક કર્મોમાં પ્રીતિ ન હોવા છતાં માત્ર દેખાવ પુરતું જ તે કર્મોમાં પ્રવૃત્તિ રહે છે, બીજી રીતે તેમાં રુચિ હોતી નથી. આ પુષ્ટિ જીવોમાં વૈષ્ણવતા સ્વાભાવિક છે, તેથી બીજે વિપરીતતા છે.

કર્મમાં આસક્તિવાળા જેવું કર્મ કરે છે તેવાં કર્મ કરવામાં જે આસકત ન હોય અને લોકપ્રવાહને શિખામણ આપવા–તે દિશામાં પ્રેરવા, કર્મ કરે, તેમ પોતાનું ભકતપણું ગુપ્ત રાખવા વૈદિક તથા લૌકિક કર્મ કરીને પોતાનુ વૈદિકપણું તથા લૌકિકપણું બીજાઓને જણાવે છે એવા ભકતને વૈદિક, લૌકિક કર્મ કરવામાં કશું પ્રયોજન નથી; તથાપિ તેમને જોઈને બીજા લોક, વૈદિક, લૌકિક મર્યાદામાં રહે તેથી ભકતે તે કર્મો કરવાં પરંતુ તેમાં આસક્તિ રાખવી નહીં. મર્યાદામાર્ગીય જીવમાં વૈષ્ણવપણું તથા લૌકિકપણું દેખાવનું છે અને વૈદિકપણું સ્વાભાવિક છે, તેમ પ્રવાહમાર્ગીય જીવમાં વૈષ્ણવપણું અતે વૈદિકપણું દેખાવનું જ હોય છે અને લૌકિકપણું સ્વાભાવિક છે. તે વિનાનું બીજું દેખાવ માત્ર જ છે એમ તે તે લક્ષણોવડે તે તે જીવો જાણવા. ૨૦ ૧/૨

**सम्बन्धिनस्तु ये जीवाः प्रवाहस्थास्तथापरे ॥ २१ ॥**

**चर्षणीशब्दवाच्यास्ते ते सर्वे सर्ववर्त्मसु ।**



**क्षणात् सर्वत्वमायान्ति रुचिस्तेषां न कुत्रचित् ॥ २२ ॥**

**तेषां क्रियानुसारेण सर्वत्र सकलं फलम् ॥ २२ १/२ ॥**

**सम्बन्धिनः, तु, ये, जीवाः, प्रवाहस्थाः, तथा, अपरे ॥ २१ ॥**

**चर्षणीशब्दवाच्याः, ते, ते, सर्वे, सर्ववर्त्मसु ।**

**क्षणात्, सर्वत्वम्, आयान्ति, रुचिः, तेषाम्, न, कुत्रचित् ॥ २२ ॥**

**तेषाम्, क्रियानुसारेण, सर्वत्र, सकलम्, फलम् ॥ २२ १/२ ॥**

**सम्बन्धिनः** ત્રણે માર્ગના સંબંધમાં રહેનારા, **तु, ये, जीवाः**–તો જે જીવો, **प्रवाहस्थाः**–પ્રવાહમાર્ગમાં સ્થિતિવાળા છે તે, **तथा, अपरे**–તેવી રીતે બીજા હીન પ્રવાહમાર્ગમાં રહેલા તે, **चर्षणीशब्दवाच्याः**–ચર્ષણીશબ્દ વડે કહેવાય છે. **ते, सर्वे**–તે સર્વે, **सर्ववर्त्मसु**–સર્વ માર્ગોમાં, **क्षणात्**–પળ માત્ર માટે, **सर्वत्वम्**–તન્મયતાને, **आयान्ति**–પ્રાપ્ત થાય છે, **तेषाम्**–તેવા ચર્ષણી જીવોની, **कुत्रचित्**–ક્યાંયે પણ, **रुचिः, न**–રુચિ રહેતી નથી, **तेषाम्**–તેમને, **क्रियानुसारेण**–કર્મના પ્રમાણે, **सर्वत्र**–સુર્વ સ્થાનોમાં, **सकलम्**–સર્વ પ્રકારનાં, **फलम्**– ફ્લ મળે છે.

ત્રણે માર્ગના સંબંધમાં રહેનારા તો જે જીવો પ્રવાહમાર્ગમાં રહેલા છે તે તથા બીજા હીનપ્રવાહ માર્ગમાં રહેલા તે ચર્ષણી જીવો કહેવાય છે. તે સર્વે સર્વ માર્ગોમાં પળમાત્રને માટે તન્મયતાને પ્રાપ્ત થાય છે. તેમની ક્યાંયે પણ રુચિ, સ્થિરતા, રહેતી નથી. તેમને કર્માનુસાર સર્વ સ્થાનોમાં સર્વ પ્રકારનાં ફ્લ મળે છે.

ચર્ષણી શબ્દનો અર્થ આમતેમ ભટકનાર જીવો–કડછી જેમ રાંધવાના અથવા પીરસવાના સમયે જમણના દરેક પદાર્થો સાથે તન્મય–એક થઈ–જાય છે પણ વાસ્તવિક રીતે તેને કોઈ પણ પદાર્થ સાથે દૃઢ સંબંધ નથી, તેના જેવા ચર્ષણી જીવો છે. તે પ્રેમ વગરના હોય છે તેથી કોઈ પણ માર્ગમાં તેમની પ્રીતિ થતી નથી. તેઓ જેવી ક્રિયા કરે તે પ્રમાણે સર્વ માર્ગનું કાંઈક કાંઈક ફ્લ મળે છે. પંચરાત્રમાં જે મધ્યમ અને અધમ જીવો કહેલા છે તે આ ચર્ષણી જીવો છે. તેમની ગતિ યમને આધીન છે. ત્રણ માર્ગના સંબધવાળા જે જીવો છે તે જન્મમરણની ઘટમાળમાં ફરનારા છે. બીજા જે હીનપ્રવાહમાં છે તેમની ગતિ નરક છે. ૨૨ ૧/૨

प्रवाहस्थान् प्रवक्ष्यामि स्वरूपाङ्गक्रियायुतान् ॥ २३ ॥
जीवास्ते ह्यासुराः सर्वे प्रवृत्तिं चेति वर्णिताः ।
ते च द्विधा प्रकीर्त्यन्ते ह्यज्ञदुर्ज्ञविभेदतः ॥ २४ ॥
दुर्ज्ञास्ते भगवत्प्रोक्ता ह्यज्ञास्ताननु ये पुनः ॥ २४ १/२ ॥

प्रवाहस्थान्, प्रवक्ष्यामि, स्वरूपाङ्गक्रियायुतान् ॥ २३ ॥
जीवाः, ते, हि, आसुराः, सर्वे, प्रवृत्तिम्, च, इति वर्णिताः ।
ते, च, द्विधा, प्रकीर्त्यन्ते, हि, अज्ञदुर्ज्ञविभेदतः ॥ २४ ॥
दुर्ज्ञाः, ते, भगवत्प्रोक्ताः, हि, अज्ञाः, तान्, अनु, ये, पुनः ॥ २४ १/२ ॥

**स्वरूपाङ्गक्रियायुतान्**–સ્વરૂપ, અંગ, ક્રિયાસહિત, **प्रवाहस्थान्**–પ્રવાહમાં રહેનારા જીવોને હવે, **प्रवक्ष्यामि**–કહીશ, **ते सर्वे**– તે પ્રવાહી સર્વે, **जीवाः, हि**–જીવ નિશ્ચય, **आसुराः**–અસુર છે, "**प्रवृत्तिश्च**"–ગીતાના આ શ્લોકથી, **इति, वर्णिताः**–આ પ્રમાણે વર્ણવેલા છે, **हि**–તથા, **अज्ञदुर्ज्ञविभेदतः**–અજ્ઞ અને દુર્જ્ઞના ભેદથી, **ते द्विधा**–તે જીવો એ પ્રકારથી, **प्रकीर्त्यन्ते**–સ્પષ્ટરૂપથી કહેવાયા છે, **ते, दुर्ज्ञाः**–તે દુર્જ્ઞ જીવો, **भगवत्प्रोक्ताः**–ભગવાનદ્વારા ગીતાજીમાં કહેલા છે, **तान्, अनु,**–તે અસુર જીવોનું અનુકરણ કરનારા જે છે, **अज्ञाः**–તે અજ્ઞ જીવો છે.

સ્વરૂપ, અંગ, ક્રિયાસહિત પ્રવાહમાં રહેનારા જીવોને હવે કહીશ. તે પ્રવાહી સર્વે જીવ નિશ્ચય અસુર છે. ભગવાને ગીતાના ૧૬ મા અધ્યાયમાં ૭થી૨૦ શ્લોક સુધીમાં કહ્યું છે કે " **प्रवृत्तिं च निवृत्तिश्च जना न विदुरासुराः । न शौचं नापि चाचारो न सत्यं तेषु विद्यते ।** આસુરીજીવ પ્રવૃત્તિ, કરવા જેવુ, શું અને નિવૃત્તિ, ન કરવા જેવું, શું તે જાણતા નથી, તેમ પવિત્રતા, શ્રેષ્ઠ આચરણ કે સત્ય પણ તેઓમાં જણાતાં નથી વગેરે વગેરે આસુરી સંપત્તિનાં લક્ષણ વર્ણવેલાં છે. અજ્ઞ અને દુર્જ્ઞના ભેદથી તે જીવો એ પ્રકારથી સ્પષ્ટ રૂપથી કહેવાય છે. ગીતાજીમાં જણાવેલા જીવો દુર્જ્ઞ સમજવા. તે અસુરોનું અનુકરણ કરનારા જે જીવો છે તે અજ્ઞ જીવો છે.

આ કહેવાનું પ્રયોજન એટલુંજ કે પુષ્ટિમાર્ગીય જીવ જે દૈવી જીવ છે તે પ્રવાહી જીવને ઓળખી તેમનાથી સાવધ રહે, અને પોતાના જીવનમાં પ્રવાહી જીવોનાં લક્ષણ અથવા કર્મ ન આવી જાય તેને માટે સદા જાગ્રત રહે. અજ્ઞ જીવને દુર્જ્ઞ જીવના સંગથી ભગવાન તથા ભકતમાં દ્વેષ થાય છે તેથી તેઓને ભગવાન મારે છે ત્યારે તેઓ



મુકત થાય છે. તેઓનામાં દ્વેષ હોય તેનો ત્યાગ થાય તો પણ તેમની મુક્તિ છે, તેમ તેઓમાં અજ્ઞાન રહેલું હોય તે બીજા કારણથી જતું રહે ત્યારે પણ તે મુક્તિ છે. તે બધા અજ્ઞ જીવો જાણવા.

प्रवाहेपि समागत्य पुष्टिस्थस्तैर्न युज्यते ॥ २६ ॥
सोपि तैस्तत्कुले जातः कर्मणा जायते यतः ॥ २६ १/२ ॥

प्रवाहे, अपि, समागत्य, पुष्टिस्थः, तैः, न, युज्यते ॥ २६ ॥
सः, अपि, तैः, तत्कुले, जातः, कर्मणा, जायते, यतः ॥ २६ २/६ ॥

**पुष्टिस्थः**–પુષ્ટિમાર્ગવાળાં, **प्रवाहे**–પ્રવાહમાર્ગમાં, **समागत्य**–આવીને, **अपि, तैः,**–પણ તેમની સાથે, **न, युज्यते**–મળતા નથી, **सः, अपि**–તે અસુર પણ, **तैः**–તેમની સાથે, **तत्कुले**–તેમના કુલમાં, **जातः**–જન્મેલા છે, **यतः**–કેમ કે, **कर्मणा**–વેદવિરોધિ કર્મોથી, **जायते**–અસુર થાય છે.

પુષ્ટિમાર્ગવાળા, પ્રવાહમાર્ગમાં આવીને પણ તેમની સાથે મળતા નથી. તે અસુર પણ તેમની સાથે તેમના કુલમાં જન્મેલા છે, કેમકે વેદવિરોધાદિ કર્મોથી અસુર થાય છે.

જે પુષ્ટિમાર્ગીય જીવ ભગવાનનો અથવા ભક્તનો અપરાધ કરે તેનો અસુર કુલમાં જન્મ થાય છે તથાપિ પ્રવાહમાં આવવા છતાં તે આસુર ધર્મમાં આસક્ત થતા નથી, અને જન્મ થવો તે તો દેહને કર્માધીનપણું હોવાથી જેવું કર્મ તેવો દેહ થાય છે. ભક્તિમાર્ગમાં પણ જે વેદની નિંદા કરે અથવા અધર્મ કરે તેનો હીનયોનિમાં જન્મ થાય છે. ૨૬ ૧/૨

**इतिश्रीमद्वल्लभाचार्यप्रकटितः पुष्टिप्रवाहमर्यादाभेदः सम्पूर्णः ॥ ४ ॥**

**इति**–આ પ્રમાણે, **श्रीमद्वल्लभाचार्यप्रकटितः**–શ્રીમદ્વલ્લભાચાર્યજીએ પ્રકટ કરેલો, **पुष्टिप्रवाहमर्यादाभेदः**–પુષ્ટિ, પ્રવાહ અને મર્યાદાભેદનો ગ્રન્થ, **सम्पूर्णः**–સમ્પૂર્ણ થયો.

આ પ્રમાણે શ્રીમદ્વલ્લભાચાર્યજીએ પ્રકટ કરેલો પુષ્ટિપ્રવાહમર્યાદાભેદ નામનો ગ્રન્થ સમ્પૂર્ણ થયો ૪

**श्रीकृष्णार्पणमस्तु ॥**

## ૧–ભક્તિના ભેદો–

**ભક્તિ.**

- મર્યાદા (સામાન્ય અનુગ્રહ)
- પુષ્ટિ (વિશેષ અનુગ્રહ)
  - મિશ્ર–
    - ૧ પ્રવાહ
    - ૨ મર્યાદા
    - ૩ પુષ્ટિ
  - શુધ્ધ (કેવલ પ્રેમ)

## ૨ સૃષ્ટિના પ્રકાર

**સૃષ્ટિ**

- દૈવી
  - પુષ્ટિ
    - કેવલ ભકિત દ્વારા પ્રભુપ્રાપ્તિ
  - મર્યાદા
    - કર્મ,જ્ઞાન દ્વારામોક્ષ
- આસુરી
  - દુર્જ્ઞ
    - જગદ્રૂપનો દ્વેષ કરનારો સહજાસુર, ઉધ્ધાર નથી
  - અજ્ઞ
    - વિભૂતિનો કે અવતારનો દ્વેષ કરનાર
    - મૂલરૂપનો દ્વેષ કરનાર
    - પ્રભુ સંહાર કરી ઉધ્ધાર કરે છે.



## ભક્તના દશ પ્રકાર

**ભકત**

- પુષ્ટિ
  - ૧ શુદ્ધ પુષ્ટિ નિર્ગુણ ભક્ત
  - મિશ્ર પુષ્ટિ
    - ૨ પુષ્ટિમિશ્ર પુષ્ટિ
    - ૩ પુષ્ટિમિશ્ર મર્યાદા
    - ૪ પુષ્ટિમિશ્ર પ્રવાહ
- મર્યાદા
  - ૫ મર્યાદામિશ્ર પુષ્ટિ
  - ૬ મર્યાદામિશ્ર મર્યાદા
  - ૭ મર્યાદામિશ્ર પ્રવાહ
- પ્રવાહ
  - ૮ પ્રવાહમિશ્ર પુષ્ટિ
  - ૯ પ્રવાહમિશ્ર મર્યાદા
  - ૧૦ પ્રવાહમિશ્ર પ્રવાહ

# ૫ सिद्धान्तरहस्यम्

**ગ્રંથપરિચય**–શ્રીકૃષ્ણ પૂર્ણપુરુષોત્તમ, પૂર્ણાનંદ, નિર્દોષ અને પૂર્ણગુણ-શરીરવાળા છે; જ્યારે મનુષ્યો, કાલદેશાદિના અનેકવિધ દોષોથી પૂર્ણ છે. તેથી તેમણે કરેલી સેવારૂપ ભક્તિ શ્રીપ્રભુ અંગીકાર કરે નહીં અને તેનું ફલ થાય નહીં એવી ચિન્તા શ્રીમદાચાર્યચરણને થઇ. તે નિવૃત્ત કરવા ભગવાને પ્રકટ થઇ તેમને જે આજ્ઞા કરી તેના અર્થના સંગ્રહરૂપ સિદ્ધાન્તરહસ્ય નામનો ગ્રન્થ પોતે પ્રકટ કર્યો છે.

**પ્રથમ આજ્ઞા**–બ્રહ્મસંબંધની–પ્રભુમાં ભકિતવાળા જીવને સર્વમાં ભગવાનનો સ્વામી તરીકેનો સંબંધ કરાવવો, એટલે આત્મનિવેદન વડે પોતાના આત્મા-સહિત સર્વ પદાર્થનું ભગવાનને નિવેદન કરવું તે. આવી રીતે રસાત્મક પ્રભુ સાથે નિત્ય સંબંધ કરવાથી જીવ, દેહ, વગેરે જેમને દોષ લાગે છે તે ભગવદીય થઇ જાય છે અને ભગવદીયત્વનું અનુસંધાન રાખવાથી તેના દોષો નિવૃત્ત થાય છે અને તે પ્રભુ-સેવાનો અધિકાર પ્રાપ્ત કરે છે.

**બીજી આજ્ઞા**–સમર્પણની–બ્રહ્મસંબંધ થયા પછી પણ દોષો તો પ્રત્યક્ષ અનુભવમાં આવે છે તેથી દોષોના પ્રકાર કહેલા છે. આ દોષો જીવનપર્યન્ત સેવામાં પ્રવેશ ન થાય તે સારૂ પ્રભુ સાથેનો સેવ્યસેવકનો ભાવ વિચારી અસમર્પિત વસ્તુઓનો ત્યાગ કરવાનું, અર્ધ ભોગવેલી વસ્તુ પ્રભુને સમર્પણ નહીં કરવાનું, અને પ્રભુને સમર્પણ કરીનેજ સર્વ કરવાની આજ્ઞા છે. આ પ્રમાણે કરવાથી જેમ ગંગાજીમાં મળેલા અશુદ્ધ જલાદિના દોષ ગંગાજીરૂપ થાય છે, તેમ સર્વ સમર્પિત વસ્તુઓ ભગવદ્રૂપ થાય છે. સમર્પણ કર્યા પછી તે સર્વ, પ્રભુની પ્રસાદી સમજી પોતાના ઉપયોગમાં લઈ શકાય છે. વસ્તુતઃ સર્વ ભગવદ્રૂપ છે, પરંતુ જીવનો તેના પરનો અહંમમભાવ છુટવા સારૂ બ્રહ્મસંબંધ અને સમર્પણનો પ્રકાર ભગવદાજ્ઞાનુસાર શ્રીમદાચાર્યચરણે આ ગ્રન્થમાં ઉપદેશેલો છે.

**श्रावणस्यामले पक्ष एकादश्यां महानिशि ।**
**साक्षाद् भगवता प्रोक्तं तदक्षरश उच्यते ॥ १ ॥**



**श्रावणस्य, अमले, पक्षे, एकादश्याम्, महानिशि ।**
**साक्षात्, भगवता, प्रोक्तम्, तत्, अक्षरशः, उच्यते ॥ १ ॥**

**श्रावणस्य**–શ્રાવણ માસના, **अमले, पक्षे**–શુક્લ પક્ષમાં, **एकादश्याम्**–એકાદશીની, **महानिशि**–મધ્યરાત્રિએ (પ્રકટ થઇને), **साक्षात् भगवता**–સાક્ષાત્ ભગવાને, **प्रोक्तम्**–ઉપદેશેલું–વિશેષ રૂપથી કહેલું, **तत्, अक्षरशः**–તે અક્ષરે અક્ષર, **उच्यते**–કહેવાય છે.

શ્રાવણ માસના શુક્લ પક્ષમાં એકાદશીની મધ્ય રાત્રિએ પ્રકટ થઇને સાક્ષાત્ ભગવાને ઉપદેશેલું તે અક્ષરે અક્ષર કહેવાય છે. ૧

શ્રવણ નક્ષત્રના દેવતા વિષ્ણુ છે તેથી શ્રાવણ માસ વૈષ્ણવ એટલે ભગવત્સંબંધી થયો, તે મનુષ્યને પવિત્ર કરે છે. પક્ષ પણ અમલ–અંધકારરહિત–દોષરહિત છે. જેમ શુકલ પક્ષમાં ચંદ્રમાની કલા પ્રતિદિન વધતી જાય છે અને અંધકારનો નાશ કરે છે તેમ આ પક્ષ શરણાગતના આધિભૌતિક દોષનો નાશ કરે છે. વળી એકાદશ ઇંદ્રિયો–પાંચ જ્ઞાનેન્દ્રિય, પાંચ કર્મેન્દ્રિય અને મનના દોષોની નિવૃત્તિ કરવાવાળી એકાદશી તિથિ છે. તે ઉપવાસવડે આધ્યાત્મિક દોષોને હરી લે છે. સમય મધ્યરાત્રિનો છે. જેમ શ્રીગોકુલમાં અંતરંગ ભકતોના પુરુષાર્થની સિદ્ધિ સારૂ મધ્યરાત્રિએ શ્રીપ્રભુનો પ્રાદુર્ભાવ છે તેમ શ્રીઆચાર્યજી દ્વારા ભકતોના પુરુષાર્થ સિદ્ધ કરવાને શ્રીગોકુલમાં યમુનાજીના ઘાટ ઉપર પૂર્ણ પુરુષોત્તમ પ્રભુનું પ્રાકટ્ય થયું છે. મધ્ય રાત્રિનો સમય આધિદૈવિક દોષને નિવૃત્ત કરવા વાળો છે. આવા સંજોગોમાં શ્રીપ્રભુએ પ્રકટ થઇને જે ઉપદેશ આપેલો તે સાધનરૂપ બની ભકતના ત્રણ પ્રકારના દોષોની નિવૃત્તિ કરે છે. શ્રીમદાચાર્ય-ચરણને આપેલી આજ્ઞા બે પ્રકારની છે. આસુરાવેશવાળા પુષ્ટિજીવોને પોતાના સ્વરૂપનું ભાન થાય તેવો ગદ્યાત્મક મંત્ર, જે બ્રહ્મસંબંધ મંત્ર, કહેવાય છે તે, અને (૨) આ મંત્ર મળ્યા પછી ભકતોએ શી રીતે વર્તવુ તે. પંચાક્ષર મંત્ર, તેની ટીકારૂપ ગદ્ય તથા શ્લોકરૂપ વાકય કહયાં છે. તેમાં ગદ્ય મંત્ર, મંત્રની રીતિએ, ગૂઢ રાખવો જોઇએ, તેથી તે આ ગ્રન્થમાં દર્શાવ્યો નથી, પણ સિદ્ધાન્તના શ્લોકનું નિરૂપણ કરેલું છે.

**ब्रह्मसम्बन्धकरणात् सर्वेषां देहजीवयोः ।**
**सर्वदोषनिवृत्तिर्हि दोषाः पञ्चविधाः स्मृताः ॥ २ ॥**

**ब्रह्मसम्बन्धकरणात्, सर्वेषाम्, देहजीवयोः ।**
**सर्वदोषनिवृत्तिः, हि, दोषाः, पञ्चविधाः, स्मृताः ॥ २ ॥**

એક કવિએ બ્રહ્મસંબંધ કાવ્ય લખેલું છે અને તેના ગદ્યમંત્રાષ્ટકમાં તેમણે બ્રહ્મસમ્બન્ધ મંત્ર ગૂઢ રાખવાની પ્રણાલિકાને માન્ય રાખી તે મંત્રના ભાવના શ્લોકો રચેલા છે. તેનો ઉતારો આ નીચે આપેલો છે.

**શ્રીપ્રભુ સમક્ષની પ્રતિજ્ઞા :—**

**स्वामिन्सहस्रमितवर्षगताच्च काला–**
**त्त्वत्तोवियुक्त इह संसृतिमागतोऽस्मि ।**
**क्लेशोऽभवन्मम भृशं भृशमास ताप**
**आनंद ईश लयमाप तदुद्भवो यः ॥ १ ॥**

હે સ્વામિન્ ! હજારો વર્ષના ગયેલા અનંત કાલથી હું આપથી જુદો પડી આ સંસારમાં આવ્યો છું. આપના વિયોગથી મને ઘણો કલેશ થયો છે, ઘણો તાપ થયો છે અને તે થતા તાપ કલેશનો આનંદ થતો તે પણ અત્યારે તિરોહિત થઇ ગયો છે.

**सोऽहं प्रभो भगवते भवदीयदासः**
**कृष्णाय गोपवनिताजनवल्लभाय ।**
**देहेन्द्रियाण्यसुमनांसितदीयधर्मा–**
**न्दारागृहाप्तसुतवित्ततृषादियुक्तान् ॥ २ ॥**

હે પ્રભો ! એવો હું આપનો દાસ છું, તે ગોપીજનવલ્લભ આપ શ્રીકૃષ્ણને મારાં દેહ, પ્રાણ, ઇન્દ્રિયો, અંતઃકરણ અને તેના ધર્મોને, જે દારા, ગૃહ, આપ્ત, પુત્ર અને વિત્તની ઇચ્છામાં પર છે તે–

**सर्वं सहात्ममपि मेऽत्र समर्पयामि**
**दासोऽहमस्मि तव कृष्ण तवाऽस्मि दासः ।**
**श्रीकृष्ण एव शरणं मम तत् त्रिरुक्त्या**
**सर्वं समर्पितमिदं विमृशात्रहे भोः ॥ ३ ॥**



સર્વ મારા આત્માસહિત અર્પણ કરૂં છું. હે શ્રીકૃષ્ણ! હું આપનો દાસ છું. શ્રીકૃષ્ણઃ શરણં મમ, શ્રીકૃષ્ણઃ શરણં મમ, શ્રીકૃષ્ણઃ શરણં મમ એમ ત્રણ વાર કરીને જે સમર્પણ કર્યું છે તેનો હવે હે જીવ ! લે આપણે બન્ને વિચાર કરીએ. ૩

**ब्रह्मसम्बन्धकरणात्**-બ્રહ્મસંબંધ કરવાથી–પ્રભુસમક્ષ પ્રભુના સ્વામિત્વનો શુદ્ધ અંતઃકરણથી સ્વીકાર કરી પ્રભુ સાથે નિત્ય સંબંધ કરવો તે, **सर्वेषाम्**–સર્વના, પ્રભુનું ભજન કરનારાઓના, **देहजीवयोः** સ્થૂળ અને સૂક્ષ્મ શરીરના અને, અવિદ્યા–અજ્ઞાનથી યુકત જીવના, **हि**–નિશ્ચય, **सर्वदोषनिवृत्तिः**–સર્વ દોષોની નિવૃત્તિ થાય છે, **दोषाः**–દોષ, **पञ्चविधाः**–પાંચ પ્રકારના, **स्मृताः**–સ્મૃતિશાસ્ત્રમાં કહ્યા છે.

બ્રહ્મસંબંધ કરવાથી સર્વના દેહના અને જીવના સર્વ દોષોની નિવૃત્તિ થાય છે. દોષ પાંચ પ્રકારના સ્મૃતિશાસ્ત્રમાં કહયા છે. ૨

આ બધું પ્રભુએ પોતાનામાંથી પ્રકટ કર્યું છે અને તેથી તેના માલિક–સ્વામી તો વસ્તુતઃ પ્રભુજ છે. ફકત જીવ મારૂં, તારૂં, માની બેઠો છે, માટે અહંમમભાવના ત્યાગપૂર્વક પ્રભુના ખરા સ્વામિત્વનું પ્રભુ પાસે વિજ્ઞાપન કરવું, એટલે પ્રભુસમક્ષ પ્રભુના સ્વામિત્વનો શુધ્ધ અંતઃકરણથી સ્વીકાર કરી લેવો, તેજ બ્રહ્મસંબંધકરણ. તેથીજ આત્મસમર્પણવાળા સર્વના દેહ અને જીવના સ્થૂલ અને સૂક્ષ્મ શરીરના સેવામાં વિક્ષેપ પડાવનારા સર્વ દોષની નિવૃત્તિ થાય છે. સર્વ બ્રહ્મરૂપ હોવાથી તેમાં ભગવદીયત્વબુદ્ધિ થાય એટલે પ્રાકૃત ગુણોને લઇને ઉત્પન્ન થતા દોષો અટકે છે, માટે જીવ પોતાની પ્રકૃતિથી દોષ કરી બેસે અને તે દોષને લઇને પ્રભુ તેની સેવાનો અંગીકાર કરશે કે નહીં તે બાબતની કશીએ પણ ચિન્તા કરવી નહીં. ભકિતમાર્ગમાં ભગવદીયપણાથીજ સર્વદોષની નિવૃત્તિ થાય છે અને સેવાની યોગ્યતા પણ થાય છે.

પુષ્ટિમાર્ગમાં દીક્ષાના બે ભાગ છે. પ્રથમ ભાગની દીક્ષા શરણમંત્રોપદેશ આપવાની હોય છે. તે આચાર્યજીના વંશજ, બાલકના કાનમાં અષ્ટાક્ષરમંત્ર "શ્રીકૃષ્ણઃ શરણં મમ" આપી પછી કંઠમાં તુલસીમાલા ધારણ કરાવે છે અને તેથી તેને વૈષ્ણવપણું પ્રાપ્ત થાય છે. બીજા ભાગની દીક્ષા પણ આચાર્યજીના વંશજદ્વારા અપાય છે અને તેમાં દીક્ષા લેનાર વૈષ્ણવને પ્રભુની સમક્ષ હાથમાં તુલસીપત્ર રખાવી શ્રીકૃષ્ણને પોતનું સર્વસ્વ નિવેદન કરી હું આપનો દાસ છું અને આપનોજ છું એવી મતલબની ઉપરના શ્લોકોમાં બતાવેલા ભાવાર્થવાળી પ્રતિજ્ઞા બ્રહ્મસંબંધ-આત્મ-

નિવેદનના મંત્રદ્વારા લેવરાવવામાં આવે છે અને પછી તુલસીપત્ર પ્રભુના ચરણમાં ધરવામાં આવે છે. આ પ્રમાણે કરવાથી જીવના દોષો નિવૃત્ત થાય છે અને તે શ્રીપ્રભુની સેવાનો અધિકારી થાય છે. માર્ગમાં એકલા શ્રીમદ્‌વલ્લભાચાર્યજીને આચાર્ય માને છે અને તેમના વંશજ દીક્ષા આપે છે તે ગુરુદ્વાર કહેવરાવે છે. વળી જેઓ પ્રભુમાં પ્રેમ રાખનારા, પછી, તે શૂદ્ર,સ્ત્રી, બાલક કે ગમે તે હો તે બધાને પ્રભુસેવાના અધિકારી માનેલા છે, અને તે ભક્તિ વડે ક્રમે ક્રમે આસકિત અને વ્યસનની અવસ્થા સુધી પહોંચી પ્રભુની લીલાનો અનુભવ કરી શકે છે.

**सहजा देशकालोत्था लोकवेदनिरूपिताः ।**
**संयोगजाः स्पर्शजाश्च न मन्तव्याः कथञ्चन ॥ ३ ॥**

**सहजाः, देशकालोत्थाः, लोकवेदनिरूपिताः ।**
**संयोगजाः, स्पर्शजाः, च, न, मन्तव्याः, कथञ्चन ॥ ३ ॥**

**लोकवेदनिरूपिताः**–લોકમાં અને વેદમાં નિરૂપણ કરેલા, **सहजाः**–(જીવની) સાથેજ ઉત્પન્ન થતા, **देशकालोत्थाः**–દેશ અને કાલથી થયેલા, **संयोगजाः**–સંયોગથી થયેલા, **स्पर्शजाः**–સ્પર્શથી થયેલા દોષ, **कथञ्चन**–કોઇ રીતે (ભક્તિમાર્ગમાં,) **न**–નહીં, **मन्तव्याः**–માનવા જોઇએ.

લોકમાં અને વેદમાં નિરૂપણ કરેલા સહજ, દેશજ, કાલજ, સંયોગજ અને સ્પર્શજ દોષ કોઇ રીતે નહીં માનવા જોઇએ ૩

સહજ દોષ તે છે જે જીવની સાથે ઉત્પન્ન થાય છે. સૂક્ષ્મદેહના સહજ દોષ, કામક્રોધાદિ, ક્ષુધા, તૃષા વગેરે છે. સ્થૂલદેહના સહજ દોષ જન્મ સાથે આવેલા રોગાદિ તથા દેહ સાથે ઉત્પન્ન થનારા બીજા દોષો. તે પંચવિધ છે, અને તેનું કારણ દેહ પંચ મહા ભૂતનો છે, તેથી તેના તે દોષો છે. દેશજ દોષ–કેટલાક દેશ અપવિત્ર ગણેલા છે, તેથી તેમાં રહેવાથી જે દોષો થાય તે. કાલજ દોષ–નિત્યકર્મ માટે નકકી કરેલા સમય વિનાનો સમય, ખરાબ મુહૂર્ત, કલિકાલ વગેરે કારણને લીધે થતા દોષ છે. સંયોગજ દોષ–સંગથી થતા દોષો છે. સ્પર્શજ દોષ–સ્પર્શ કરવાથી જે દોષ થાય છે તે. આ ઉપરાંત કર્મજ દોષ છે, તે કર્મથી જે દોષ થાય તે છે. વેદમાં નિરૂપિત કરેલા દોષો–અગ્નિહોત્રવાળાને ઊષર ભૂમિમાં જવું, મલયુકત હોય ત્યારે બોલવું, અમાસ, પૂર્ણિમા વગેરે તિથિઓમાં સ્ત્રીપાસે જવું ઇત્યાદિ છે. લોકપ્રસિધ્ધ



દોષ સંધ્યાસમય બજારમાં બેસવું, મ્લેચ્છનો સ્પર્શ, મથુન, દ્વાર વિનાના ઘરમાં પ્રવેશ કરવો ઇત્યાદિ છે. આવી રીતના દોષો જે કોઈ પણ રીતે નિવૃત્ત થાય તેવા નથી તો પણતેને માનવા નહીં, કેમકે ભકિતમાર્ગમાં દેહ, ઇન્દ્રિય, અંતઃકરણ અને તેના ધર્મસહિત સર્વ શ્રીપ્રભુને સમર્પણ કર્યું છે, તેથી તે બધું ભગવાનનું થયેલું છે, તેથી તે સેવામાં પ્રતિબંધ નહીં કરે, તેથી તે દોષોની નિવૃત્તિ માટે પ્રયત્ન કરવો નહીં, કેમકે સર્વ ભગવત્સ્વરૂપ છે આવી ભાવના રહે ત્યારે તે દોષ બાધ કરતા નથી.

**अन्यथा सर्वदोषाणां न निवृत्तिः, कथंचन । $३\frac{१}{२}$ ।**

**अन्यथा, सर्वदोषाणाम्, न, निवृत्तिः, कथंचन । $३\frac{१}{२}$ ।**

**अन्यथा,**–નહીં તો–નિવેદન વિના, **कथञ्चन**–કોઇ પણ પ્રકારે, પ્રાયશ્ચિત્ત કે કર્મો વડે, **सर्वदोषाणाम्**–(પ્રથમ કહેલા) સર્વ દોષોની, **निवृत्तिः**–નિવૃત્તિ, **न**–નથી થતી.

નહીંતો કોઇપણ પ્રકારે સર્વદોષોની નિવૃત્તિ થતી નથી. $૩\frac{૧}{૨}$

ભકિતમાર્ગમાં નિવેદનજ સેવાના પ્રતિબંધોને તોડનાર છે. જેને બ્રહ્મસંબંધ થાય છે તેના દેહ, જીવાદિ ભગવાનના થઇ જાય છે. તેના ઉપર પોતાનો હક રહેતો નથી, માટેજ તેને દોષો સ્પર્શ કરી શકતા નથી, તેથી નિવેદન સ્વતંત્ર દોષ નાશ કરનાર છે.

**असमर्पितवस्तूनां तस्माद्वर्जनमाचरेत् ॥ ४ ॥**
**निवेदिभिः समर्प्यैव सर्वं कुर्यादिति स्थितिः ॥ $४\frac{१}{२}$ ॥**

**असमर्पितवस्तूनाम्, तस्माद्, वर्जनम्, आचरेत् ॥ ४ ॥**
**निवेदिभिः, समर्प्य, एव, सर्वम्, कुर्यात्, इति, स्थितिः ॥ $४\frac{१}{२}$ ॥**

**तस्मात्**–તેથી બ્રહ્મસંબંધ કર્યા પછી પણ, **असमर्पितवस्तूनाम्**–પ્રભુને સમર્પણ નહીં કરેલી વસ્તુઓનો, **वर्जनम्, आचरेत्**–ત્યાગ કરવો, **निवेदिभिः**–પ્રભુને નિવેદન કરી ચુકેલા વૈષ્ણવોએ, **समर्प्य**–પ્રભુને સમર્પણ કરીને, **एव**–જ,

**सर्वम्**–સર્વ લૌકિક વૈદિક કાર્ય, સર્વ કોઈ વસ્તુદ્વારા, **कुर्यात्**–કરવું જોઈએ, પોતાનો નિર્વાહ કરે, **इति स्थितिः**–એ પ્રમાણે ભક્તિમાર્ગની મર્યાદા છે.

તેથી અસમર્પિત વસ્તુઓનો ત્યાગ કરવો. પ્રભુને નિવેદન કરી ચુકેલા વૈષ્ણવોએ પ્રભુને સમર્પણ કરીનેજ સર્વ કરવું એવી ભકિતમાર્ગની મર્યાદા છે. ૪$\frac{૧}{૨}$

વસ્તુઓ અસમર્પિત રહે તો જ દોષ ઉત્પન્ન થાય. સમર્પિત હોય તો દોષ લાગે નહીં, કેમકે તે તો ભગવદીય થઇ, માટે નિવેદન કરેલી વસ્તુઓથી સમર્પણ કરીનેજ સર્વ કરવું. પોતાના સમર્પણ વખતે પ્રભુને નિવેદન કરેલા દારા વગેરે ચેતન તથા ગૃહ, દ્રવ્ય વગેરે અચેતન વસ્તુઓથી જે કરવામાં આવે તે સર્વ પ્રભુને વિનિયોગ-રૂપ સમર્પણ કરીને કરવું. શાસ્ત્રમાં નિવેદન, દાન અને અર્પણના અર્થ અને ભેદ કહેલા છે. અમુક ઉદ્દેશથી દ્રવ્ય વાપરવું અથવા વસ્તુનું નામ લઇને તે આપની છે એમ પ્રભુને જણાવવું તે નિવેદન. સ્વકીયતાનો ત્યાગ અને પરકીયતાનું સ્થાપન તે દાન. સ્વામીયોગ્ય વસ્તુનું સ્વામીને જણાવવું તે અર્પણ. જેમ રસોઇઓ રસોઇ તૈયાર કરીને માલિકને અર્પણ કરે છે તેમ સ્વામીને ભોગવવાયોગ્ય પ્રથમ નિવેદન કરેલી વસ્તુ ઉપયોગમાં લેવાલાયક સુધારી તૈયાર કરી સ્વામીને ભાવપૂર્વક અર્પણ કરવી, ધરાવવી, તે સમર્પણ.

દાન કરેલી વસ્તુ પોતાના ઉપયોગમાં ન આવે, પણ નિવેદન કરેલી વસ્તુ સ્વામીને અર્પણ કર્યાં બાદ તેમની પ્રસાદી સેવકના ઉપયોગમાં આવે છે, કારણકે નિવેદન અને અર્પણ એ બન્ને દાન નથી. સમર્પણક્રિયાથી પ્રભુનું સ્મરણ સમજાય છે, તેથી એ પ્રમાણે ભગવત્પ્રસાદ વડે પોતાનો તથા પોતાના સર્વનો નિર્વાહ કરવાથી સ્વામીએ નિર્વાહ માટે પોતાની વસ્તુઓ પ્રસાદરૂપે આપેલી છે એમ અનુસંધાન રહે છે, તેથી તે વસ્તુઓના ભોગોથી દોષ થતો નથી. સમર્પણ કર્યાં પહેલાં પણ સર્વ ભગવદીય તો છે જ, પણ તેને વિષે પોતાના અભિમાનનો ત્યાગ કરવાથી તે વધારે સારી રીતે ભગવદીય થાય, માટે સમર્પણ કહેલું છે.

न मतं देवदेवस्य सामिभुक्तसमर्पणम् ॥ ५ ॥

न, मतम्, देवदेवस्य, सामिभुक्तसमर्पणम् ॥ ५ ॥

**देवदेवस्य**–દેવોના પણ દેવ શ્રીકૃષ્ણને, **सामिभुक्त**–અર્ધી ભોગવેલી વસ્તુનું, **समर्पणम्**–સમર્પણ કરવું તે, **न, मतम्**–સંમત નથી.



દેવોના પણ દેવ શ્રીકૃષ્ણને અર્ધી ભોગવેલી વસ્તુનું સમર્પણ કરવું તે સંમત નથી.

પ્રભુ માટે જે પદાર્થ સિદ્ધ કર્યો હોય તેમાંથી થોડો ભાગ કોઈ અજ્ઞાનથી કે જાણીને પોતાના ઉપયોગમાં લે અને બાકીનો રહે તે અસમર્પિત સમજી પ્રભુને ધરે તે યોગ્ય નજ ગણાય. આવી વસ્તુ અર્ધભુક્ત છે. વસ્તુ સારી છે કે નરસી છે એની પરીક્ષા કરવા માટે તે મુખમાં નાખવી કે સુંઘવી તે અર્ધભુક્તપણું ન કહેવાય. કદાચ પ્રભુને સમર્પવાની વસ્તુ તે પોતાના ઉપયોગ માટે વાપરવાની મનમાં ઇચ્છા થઇ જાય તો તે માટે પ્રભુને દીનતાપૂર્વક પ્રાર્થના કરવી અને ફરીથી આવો અપરાધ મારાથી ન થાય તે સારૂ બુધ્ધિ આપો. અથવા પ્રભુના ચરણકમલનું ધ્યાન કરવું. દીનતા એજ પ્રભુના સંતોષનું કારણ છે.

तस्मादादौ सर्वकार्ये सर्ववस्तुसमर्पणम् ।

दत्तापहारवचनं तथा च सकलं हरेः ॥ ६ ॥

न ग्राह्यमिति वाक्यं हि भिन्नमार्गपरं मतम् ॥ ६$\frac{१}{२}$ ॥

तस्मात्, आदौ, सर्वकार्ये, सर्ववस्तुसमर्पणम् ।

दत्तापहारवचनम्, तथा, च, सकलम्, हरेः ॥ ६ ॥

न, ग्राह्यम्, इति, वाक्यम्, हि, भिन्नमार्गपरम्, मतम् ॥ ६$\frac{१}{२}$ ॥

**तस्मात्**–તેટલા માટે, **आदौ**–પ્રથમ, **सर्वकार्ये**–સર્વ કાર્યમાં, **सर्ववस्तुसमर्पणम्**–સર્વ વસ્તુ શ્રીપ્રભુને સમર્પણ કરવી, **दत्तापहारवचनम्**–આપેલી વસ્તુ પાછી લેવાનું (નિષેધાત્મક વાક્ય), **तथा**–તેમજ, **हरेः**–શ્રીહરિનું, **सकलम्**–સર્વ છે તે, **ग्राह्यम्**–ગ્રહણ કરવા યોગ્ય, **न, इति**–નથી એવા પ્રકારનું **वाक्यम्**–વચન–**भिन्नमार्गपरम्**–અન્ય માર્ગમાં **मतम्**–માનેલું છે.

તેટલા માટે પ્રથમ સર્વકાર્યમાં સર્વ વસ્તુ શ્રીપ્રભુને સમર્પણ કરવી. આપેલી વસ્તુ પાછી લેવાનું નિષેધાત્મક વચન–શ્રીપ્રભુને સમર્પિત વસ્તુનો ઉપયોગ જીવ પોતાના માટે ન કરે એ વચન–તેમજ શ્રીહરિનું સર્વ ગ્રહણ કરવા યોગ્ય નથી એવા પ્રકારનું વચન અન્ય માર્ગમાં માનેલું છે. ૬॥

જે પ્રભુને અર્પણ થયેલું છે તે વસ્તુ પ્રભુની છે એવી બુદ્ધિ રહેવાથી અભિમાન છૂટી જાય છે અને પ્રભુના સંબંધથી તેમાં આસક્તિ રહેવાથી ભક્તિની

દઢતા થાય છે. કર્મમાર્ગાદિમાં નિવેદન, અને સમર્પણનો પ્રકાર નથી, કેવળ દાનનો પ્રકાર છે, તેથી ભગવાનને જે પદાર્થ આપ્યો તે પોતે નહીં લેવો એવા અભિપ્રાયનાં વાક્યો છે. ભક્તિમાર્ગનાં તે વાક્યો નથી. ભક્તિમાર્ગમાં તો સર્વ વસ્તુ શ્રીપ્રભુને સમર્પીને પછી ઉપયોગમાં લેવી એવી મર્યાદા છે.

**सेवकानां यथा लोके व्यवहारः प्रसिद्ध्यति ॥ ७ ॥**

**कार्यं तथा समर्प्यैव सर्वेषां ब्रह्मता ततः ॥ ७½ ॥**

**सेवकानाम्, यथा, लोके, व्यवहारः, प्रसिद्ध्यति, ॥ ७ ॥**

**कार्यम्, तथा, समर्प्य, एव, सर्वेषाम्, ब्रह्मता, ततः ॥ ७½ ॥**

**यथा, लोके**–જેવી રીતે, લોકમાં, **सेवकानाम्**–સેવકોનો (પોતાના સ્વામી પ્રત્યે), **व्यवहारः**–વ્યવહાર, **प्रसिद्ध्यति**–પ્રસિદ્ધ છે, **तथा**–તેવી રીતે, **समर्प्य**–પ્રભુને સમર્પણ કરીને, **एव**-જ, **कार्यम्**–બધું કાર્ય કરવું, **ततः**–તેથી ભગવત્સમર્પણથી, **सर्वेषाम्**–સર્વ વસ્તુઓને, **ब्रह्मता**–બ્રહ્મપણું–નિર્દોષપણું પ્રાપ્ત થાય છે.

જેવી રીતે લોકમાં સેવકોનો પોતાના સ્વામી પ્રત્યે વ્યવહાર સિદ્ધ થાય છે તેવી રીતે પ્રભુને સમર્પણ કરીને જ બધું કાર્ય કરવું. તેથી સર્વ વસ્તુઓને બ્રહ્મપણું પ્રાપ્ત થાય છે. ૭½

સેવક સ્વામીની આજ્ઞા પ્રમાણે સર્વ કાર્ય કરે છે, સ્વામીને પૂછ્યા વગર કરતો નથી, તેમ સમર્પણ કરીને સર્વ વ્યવહાર કરવો. અશક્ય અથવા સુશક્યમાં સર્વથા હરિ શરણ છે એમ ભાવના રાખવી. પ્રભુના ચરણનું ધ્યાન કરવું. તેમ કરવાથી મનના દોષ નિવૃત્ત થાય છે. ઉપર કહેલી રીતિએ બ્રહ્મસંબંધથી શરૂ કરીને સાધન કરવાથી સર્વ આત્મનિવેદીઓની બ્રહ્મતા એટલે દોષથી રહિત-પણું, સર્વત્ર સમતા, થાય છે. બ્રહ્મ નિર્દોષ અને સમાન છે એ વાક્યથી બ્રહ્મ તેવું હોવાથી તેની-પ્રભુની આજ્ઞામાં પ્રમાદ નહીં કરવાથી એમ થાય છે.

**गङ्गात्वं सर्वदोषाणां गुणदोषादिवर्णना ॥ ८ ॥**

**गङ्गात्वेन निरूप्या स्यात्तद्वदत्रापि चैव हि ॥ ८½ ॥**

**गङ्गात्वम्, सर्वदोषाणाम्, गुणदोषादिवर्णना ॥**

**गङ्गात्वेन, निरूप्या, स्यात्, तद्वत्, अत्र, अपि, च, एव, हि ॥ ८½ ॥**



**सर्वदोषाणाम्**–ગંગાજીમાં મળેલાં અશુદ્ધ જલાદિ બધા દોષોનું, **गङ्गात्वम्**–ગંગાજીપણું પ્રાપ્ત થાય છે, **च**–અને, **गुणदोषादिवर्णना**–ગુણ-દોષાદિકોનું વર્ણન, **गङ्गात्वेन**–ગંગાજીના રૂપથી જ, **निरूप्या**-નિરૂપણ યોગ્ય છે, **तद्वत्**, **एव**–તેમજ, **अत्रापि**–અહીં પણ–બ્રહ્મસંબંધમાં, **हि**–પ્રસિદ્ધ છે.

ગંગાજીમાં મળેલા અશુદ્ધ જલાદિના દોષ ગંગાજીરૂપ થઈ જાય છે અને ગંગાજીરૂપ થવાથી તેના ગુણદોષનું વર્ણન ગંગાજીના રૂપથી જ નિરૂપણ થાય છે, તેમજ અહીં પણ સમજવું. એટલે બ્રહ્મસંબંધ લેનાર સર્વ નિવેદીઓને બ્રહ્મતા–નિર્દોષપણું અને સમપણું પ્રાપ્ત થાય છે.

ગટર, ખાળકુંડી વગેરેનાં મળેલાં જલ ગંગાજીમાં મળે તો તેના દોષો તે ગંગારૂપ થયા પછી જણાતા નથી, તેવી રીતે બ્રહ્મસંબંધ થયા પછી બધાને બ્રહ્મપણું થાય છે. એટલે જે મેલા જલના સ્પર્શથી સ્નાન કરવું પડે તે જલ ગંગાજીમાં મળે તો પણ તેના પાનથી પાપનિવૃત્તિ થાય છે, કેમકે બધું ગંગારૂપ થઈ ગયું છે, તેવી રીતે બ્રહ્મસંબંધ કરવાવાળામાં જે દોષ તથા ગુણ હોય છે તે બધા બ્રહ્મરૂપ થાય છે, તેથી તેના જે દોષ હોય તે બધા નાશ પામે છે.

પ્રથમ બ્રહ્મસંબંધથી દોષનિવૃત્તિ જણાવી પછી ભાવી દોષના સંબંધના અભાવ માટે સમર્પણ ઉપદેશ્યું. તે સમર્પણ ભગવદ્ધર્મની અનુસાર અને લૌકિક વ્યવહારની અનુસાર એમ બે પ્રકારનાં છે. તેમાં પહેલા સમર્પણનું ફલ બ્રહ્મતારૂપ જણાવ્યું. બીજાનું ફલ ગંગાજીના દૃષ્ટાંતથી સર્વદોષનિવૃત્તિરૂપ દર્શાવ્યું. બીજા માર્ગોમાં દોષનિવૃત્તિ એમને એમ થતી નથી. તેમાં ઘણાં સાધનોની અપેક્ષા રાખવી પડે છે. અહિં તો સેવાનો અધિકાર આપનાર દીક્ષાજ દોષનિવૃતિ કરે છે.

**इतिश्रीमद्वल्लभाचार्यप्रकटितं सिद्धान्तरहस्यं सम्पूर्णम् ॥ ६ ॥**

**इति**–આ પ્રમાણે, **श्रीमद्वल्लभाचार्यप्रकटितम्**–શ્રીમદ્વલ્લભાચાર્યજીએ પ્રકટ કરેલો, **सिद्धान्तरहस्यम्**–સિદ્ધાન્તરહસ્ય ગ્રન્થ, **सम्पूर्णम्**–પૂર્ણ થયો.

આ પ્રમાણે શ્રીમદ્વલ્લભાચાર્યજીએ પ્રકટ કરેલ સિદ્ધાંતરહસ્યગ્રન્થ સંપૂર્ણ થયો. ૫.

॥ श्रीकृष्णार्पणमस्तु ॥

# ૬—નવરત્નમ્

**ગ્રન્થપરિચય**—જીવને આત્મનિવેદન-બ્રહ્મસંબંધ થવાથી ભગવદીયપણું પ્રાપ્ત થએલું છે, પણ કોઈ પ્રતિબંધને લીધે તે સંશયાત્મા બની ચિન્તાગ્રસ્ત થાય છે. સૌથી પ્રથમ દુઃખ અને ચિન્તાનું કારણ લૌકિક અહંતામમતા છે. તેનાથી ભગવત્સેવામાં ચિત્ત સર્વાંશે પરોવાતું નથી અને અંતરાય પડે છે. આ ન્યૂનતા જીવની કૃતાર્થતામાં બાધક છે જેથી ચિન્તાની શાન્તિના ઉપાય સારૂ નવગ્રહના રત્નરૂપ રક્ષા કરવાવાળા નવ શ્લોક શ્રીમદાચાર્યજીએ ઉપદેશેલા છે.

૧. આત્મનિવેદનવાળા જીવે એવો અચળ વિશ્વાસ રાખવો કે પ્રભુ તેની લૌકિકના જેવી ગતિ તો નહીંજ કરે.

૨. તાદશી ભકતો સાથે સર્વ પ્રભુનું છે એવા અનુસંધાનપૂર્વક નિવેદન-મંત્રનું સ્મરણ કરવું. પ્રભુ પોતાની ઇચ્છાથી સર્વ કાર્ય કરશે.

૩. નિવેદનથી સર્વને પ્રભુની સાથે સરખો સંબંધ થાય છે, જેથી અન્યના વિનિયોગમાં કે અન્ય વિનિયોગમાં પ્રભુ ઇચ્છા માનવી.

૪. નિવેદન કર્યા પછી પ્રભુ પ્રેમલક્ષણા ભક્તિ આપી સ્વરૂપદર્શનનું દાન કરશે એમ સાધનદશામાં વિચારવું.

૫. આત્મનિવેદનનો પ્રભુએ અંગીકાર કર્યો કે નહીં તે બાબતમાં અવિશ્વાસ લાવવો નહીં, તેમજ લોકભયાદિમાં જીવસ્વભાવ વડે અન્યવિનિયોગ થઈ જાય તેથી પ્રભુ તેનો ત્યાગ કરતા નથી. પોતે સર્વ સમર્થ છે અને સર્વનાં દુઃખ અને પાપ નિવૃત્ત કરે છે.

૬. નિવેદિતાત્મા લૌકિક વૈદિકમાં આસક્ત થઈ જાય અને તેનાં કાર્યોમાં વિઘ્નો આવે તેથી ભય ન પામતાં તેમાં પણ ભગવત્કૃપા માનવી.

૭. ગુરુની આજ્ઞા પ્રમાણે સેવા કરવી. ભગવદિચ્છાથી વિશેષ આજ્ઞા થાય તો તે પ્રમાણે કરવું, પણ સેવામાં ચિત્ત રાખીને રહેવું.

૮. સેવામાં ચિત્ત ઉદ્વેગ પામે તો પણ પ્રભુ જે કરે તેમાં તેમની લીલા માનવી.



૯. ઉપરના ઉપાયોથી જીવની ચિન્તા નિવૃત્ત ન થાય તો એક સરલ ઉપાય શરણાગતિના અષ્ટાક્ષરમંત્રનું રટણ નિત્ય નિરંતર કરવું. શરણમંત્રથી દીનતા આવે છે અને પ્રભુ સર્વાત્મભાવે કરી જીવનાં સર્વ કાર્ય સિદ્ધ કરે છે. તેથી ચિન્તાનો ત્યાગ કરી ભગવત્સેવા કરી કૃતાર્થ થવું એજ પરમ સાધન છે. એ પ્રમાણે નવરત્નગ્રન્થમાં નિરૂપણ કરવામાં આવેલું છે.

**चिन्ता काऽपि न कार्या निवेदितात्मभिः कदापीति ।**
**भगवानपि पुष्टिस्थो न करिष्यति लौकिकीं च गतिम् ॥ १ ॥**

**चिन्ता, का, अपि, न, कार्या, निवेदितात्मभिः, कदा, अपि, इति ।**
**भगवान्, अपि, पुष्टिस्थः, न, करिष्यति, लौकिकीम्, च, गतिम्॥ १ ॥**

**निवेदितात्मभिः**–આત્મનિવેદન કરેલા ભક્તોએ, **कदा, अपि**–ક્યારે પણ **इति**–એ પ્રકારે, **का, अपि**–કશી પણ, **चिन्ता**–ચિન્તા, **न, कार्या**–ન કરવી **पुष्टिस्थः**–અનુગ્રહપરાયણ, **भगवान्, अपि**–ભગવાન પણ, **लौकिकीम्, गतिम्**–લૌકિક ગતિ, **न करिष्यति**–નહીં કરશે.

આત્મનિવેદન–જેમણે પોતાનું માનેલ સર્વસ્વ ભગવાનને નિવેદન કરેલું છે એવા ભકતોએ કયારેય પણ એ પ્રકારે કાંઈ પણ ચિન્તા ન કરવી. અનુગ્રહ-પરાયણ ભગવાન પણ અંગીકાર કરેલા જીવોની લૌકિક ગતિ કરશે નહીં. ૧

ચિન્તાનું સ્થાન અંતઃકરણ છે. તેમાં ૧–મન–સંકલ્પ વિકલ્પ કરે છે ૨–બુદ્ધિ–મને કરેલા સંકલ્પ વિકલ્પના સામસામી જવાબ કરે છે ૩–ચિત્ત–મળેલા જવાબ પરથી નિશ્ચય કરે છે. ૪–અહંકાર–તે નિશ્ચયનો અમલ કરે છે. આ નવરત્નને અંતઃકરણમાં ધારણ કરવાથી ચિન્તારૂપ અંધકાર નાશ પામે છે. જે જીવોના સર્વસ્વ-નિવેદનનો ભગવાને અંગીકાર કરેલો છે તેમણે લૌકિક તેમજ ભગવત્સેવા સારૂ જોઇતા પદાર્થની ચિન્તા કરવી યોગ્ય નથી. નિવેદન થયા પછી તો સર્વ ભગવાનજ કરશે એવો અચલ વિશ્વાસ રાખવો. પરીક્ષા માટે કે પ્રારબ્ધયોગ ભોગવાવવા સારૂ પ્રભુ વિલંબ કરે પણ ખરા. તનુજા સેવા શરીર સુખી ન હોવાના કારણે ના પણ બની શકે, તોપણ તેમની લૌકિક કે વૈદિક ગતિ પ્રભુ કદાપિ નહીં કરે. આત્મનિવેદનવાળા જીવનો યોગક્ષેમનો ભાર સાક્ષાદ્ વ્રજાધિપ ઉપર છે, એટલે ભગવદીયોને કશી ચિન્તાનો અવકાશજ નથી.

**निवेदनं तु स्मर्तव्यं सर्वथा तादृशैर्जनैः ।**
**सर्वेश्वरश्च सर्वात्मा निजेच्छातः करिष्यति ॥ २ ॥**

**निवेदनम्, तु, स्मर्तव्यम्, सर्वथा, तादृशैः, जनैः, ।**
**सर्वेश्वरः, च, सर्वात्मा, निजेच्छातः, करिष्यति ॥ २ ॥**

**सर्वथा**-સર્વ પ્રકારે, **तादृशैः, जनैः**-તાદૃશી ભગવદીયોએ-નિવેદિતાત્માઓએ **निवेदनम्, तु**-નિવેદનમંત્રનું તો, **स्मर्तव्यम्**-સ્મરણ કરવું જોઇએ, **सर्वेश्वरः**-સર્વના નિયામક, **च**-અને, **सर्वात्मा**-સર્વના આત્મારૂપ ભગવાન, **निजेच्छातः**-પોતાની ઇચ્છાથી, **करिष्यति**-સેવકનાં સર્વ કાર્ય કરશે.

સર્વ પ્રકારે આત્મનિવેદન કરનારા ભગવદીયોએ નિવેદનમંત્રનું તો સ્મરણ કરવું જોઇએ. સર્વના નિયામક અને સર્વના આત્મારૂપ ભગવાન પોતાની ઇચ્છાથી સેવકનાં સર્વ કાર્ય કરશે. ૨

આ સર્વ ભગવાનનું છે, ભગવદીય છે, એવું અનુસંધાન નિરંતર નિવેદનમંત્રનું સ્મરણ કરી રાખવું; અથવા જેઓ નિવેદિતાત્મા થયા હોય તેમની સાથે નિવેદનનું સ્મરણ કરતા રહેવું. તેથી બહિર્મુખતા નહીં થાય. સેવાના અધિકાર સારૂ આત્મનિવેદન સંસ્કાર છે અને આત્મનિવેદન પછી સર્વદા સેવાજ કર્તવ્ય છે. અશક્તિ વગેરે કારણને લીધે સેવા ન બની શકતાં પણ નિવેદન તો અવશ્ય સ્મરવું. લૌકિક અથવા અલૌકિક અર્થની પ્રાપ્તિ સારૂ પ્રભુને પ્રાર્થના કરવી નહીં, કેમકે જેમણે નિવેદન કર્યું છે તે બધાના ઇશ્વિર સમર્થ છે અને બધાના આત્મા છે, તે પોતાની ઇચ્છાથી સર્વ કરશે; અથવા જે ભકતોની ઇચ્છામાં વિકાર નહીં હોય તે ભક્તની ઇચ્છાનુસાર શ્રીપ્રભુ કરશે.

**सर्वेषां प्रभुसम्बन्धो न प्रत्येकमितिस्थितिः ।**
**अतोऽन्यविनियोगेऽपि चिन्ता का स्वस्य सोऽपि चेत् ॥ ३ ॥**

**सर्वेषाम्, प्रभुसम्बन्धः, न, प्रत्येकम्, इति, स्थितिः ।**
**अतः, अन्यविनियोगे, अपि, चिन्ता, का, स्वस्य, सः, अपि, चेत् ॥ ३ ॥**

**सर्वेषाम्**-સર્વને, **प्रभुसम्बन्धः**-પ્રભુની સાથે સમ્બન્ધ છે, **प्रत्येकम् न**-મુખ્યત્વે એકનેજ નથી, **इति: स्थितिः**-એ પ્રકારની માર્ગની મર્યાદા છે, **अतः**-



એટલા માટે, **अन्यविनियोगेऽपि**-અન્યના વિનિયોગમાં પણ, **चिन्ता, का**-ચિન્તા શી છે? **स्वस्य**-પોતાનો, **सः**-અન્યમાં વિનિયોગ, **अपि, चेत्**-જો હોય તો (ચિન્તા શી?).

સર્વને પ્રભુની સાથે સંબંધ છે. મુખ્યત્વે એકનેજ નથી. એ પ્રકારની માર્ગની મર્યાદા છે. એટલા માટે અન્યના વિનિયોગમાં પણ ચિન્તા શી છે? તેમજ પોતાનો અન્યમાં વિનિયોગ હોય તો પણ ચિન્તા કરવી યોગ્ય નથી. ૩

નિવેદનથી જડચેતન સર્વને ભગવત્સંબંધ તો એક સરખો થાય છે. કોઇને મુખ્ય અને કોઇને ગૌણ એવું કાંઈ નથી. પ્રભુ સર્વના પતિ છે, તેમનુંજ આ સર્વ છે. એટલે પ્રભુનું સર્વ થયા પછી દોષ કયાં રહે? સર્વસ્વ સમર્પણ કરનારની સમર્પણમાં મુખ્યતા છે, પણ સમર્પણ થઈ ગયા પછી અન્ય સમર્પિત કરતાં તે કાંઈ અધિક યોગ્યતા નથી મેળવતો. પ્રભુને સમર્પેલા અચેતન પદાર્થો જેમ પરસ્પર* વિનિયુકત થતાં ચિન્તાને અવકાશ નથી તેમ ચેતન પદાર્થનો પરસ્પર* વિનિયોગ થાય તો પણ શું? એમાં એટલું આવશ્યક છે કે પ્રભુને સમર્પણ કરેલા પદાર્થોમાં પછી મમત્વ-સ્વત્વાભિમાન રાખવું તે અયોગ્ય છે, તે કદાપિ નજ કરવું જોઈએ એવું મનમાં દઢ રાખવું. નિવેદનમાં સર્વનો અંગીકાર સમાન છે, પણ કોઇનો સેવામાં વિશેષ અંગીકાર થાય તો તેના ઉપર ભગવદનુગ્રહ વિશેષ થયો છે એમ માનવું. તેથી અન્યમાં ભગવત્સંબંધ નષ્ટ થતો નથી. આત્મનિવેદનમાં સ્ત્રીપુત્રાદિનું સમર્પણ થયું, પણ તેમની જે સ્વતંત્ર સત્તા રહી તેના સમર્પણ માટે સ્ત્રીપુત્રાદિએ જૂદાં આત્મનિવેદન કરવાં જોઈએ. તેનાથી તેમના પાંચ દોષની નિવૃત્તિ થાય અને ધનાદિ જડ તથા સ્ત્રીપુત્રાદિ ચેતનમાં પોતાનું મમત્વ રહે નહીં, અને તે સર્વ પદાર્થો પણ દોષરહિત થાય.

---

*જડ પદાર્થના સંબંધમાં-એક પદાર્થ વસ્ત્રાભરણ છે. બીજો પદાર્થ પેટી છે. પેટીનો વિનિયોગ વસ્ત્રાભરણ રાખવામાં થાય તેમાં આપણને ચિન્તા થતી નથી. તેવીજ રીતે ચેતન પદાર્થના સંબંધમાં-આત્મનિવેદન પ્રસંગે સમર્પિત થયેલા અન્ય સ્ત્રીપુત્રાદિનો વિનિયોગ પ્રભુસેવામાં ન થતાં સમર્પિત પોતામાં થાય, અને સમર્પિત થએલા પોતાનો વિનિયોગ અન્યમાં-સમર્પિત સ્ત્રીપુત્રાદિના ભરણપોષણ સારૂ થાય તેમાં ચિન્તાનું કારણ નથી. ધનદેહાદિ પ્રભુના વિનિયોગમાં આવે તે ઉપરાંત ઇંદ્રિયાદિના ઉપયોગમાં આવે, અને સ્ત્રીપુત્રાદિનો પ્રભુકૃત અંગીકાર વિશેષ અથવા થોડો થાય તેમાં પ્રભુઇચ્છા માનવી, પણ મમત્વ રાખ્યા વિના સર્વ કાર્ય કરવાં.

अज्ञानादथवा ज्ञानात् कृतमात्मनिवेदनम् ।
यैः कृष्णसात्कृतप्राणैस्तेषां का परिदेवना ॥ ४ ॥

अज्ञानात्, अथवा, ज्ञानात्, कृतम्, आत्मनिवेदनम् ।
यैः, कृष्णसात्कृतप्राणैः, तेषाम्, का, परिदेवना ॥ ४ ॥

**अज्ञानात्**-અજ્ઞાનથી, **अथवा**, **ज्ञानात्**-અથવા જ્ઞાનથી, **यैः**-જેઓએ, **आत्मनिवेदनम्**-આત્મનિવેદન-બ્રહ્મસંબંધ, **कृतम्**-કર્યું છે, **कृष्णसात्कृतप्राणैः**-જેમણે કૃષ્ણમય પોતાના પ્રાણ બનાવ્યા છે એવા, **तेषाम्**-તેઓને, **का**-શી, **परिवेदना**-ચિન્તા.

અજાણપણાથી અથવા સમજપૂર્વક જેઓએ આત્મનિવેદન-બ્રહ્મસંબંધ કર્યું છે અને જેમણે પોતાનાં પ્રાણો શ્રીકૃષ્ણને સમર્પણ કર્યાં છે તેઓને કોઇ પણ વિષયની ચિન્તા કરવી જોઇએ નહીં. ૪

ભગવાન સર્વરૂપ છે, સચ્ચિદાનંદરૂપ છે, તથા ભગવાનને સર્વ નિવેદન કરવું તે પરમ ફલ છે એવું જેને જ્ઞાન નથો તેવા હીનાધિકારીઓએ, જેમને તેવું જ્ઞાન હોય તેવા મધ્યમાધિકારીએ જેમણે આત્મસમર્પણ કરેલું છે તેવાઓને ચિન્તા કરવાની નથી; ત્યારે જેઓએ કેવળ પ્રભુનેજ પ્રાણાધીન કર્યાં છે એવા ઉત્તમ અધિકારીઓને તો ચિન્તા શાનીજ હોય ! શ્રવણાદિ નવધા ભકિતમાં શ્રવણ, કીર્તન, સ્મરણ એ જીવના આધીન છે. પાદસેવનના બે ભેદ છે, એક પોતાના પગે કરીને ભગવન્મંદિરાદિમાં જવું તે જીવને આધીન છે, અને બીજું ભગવાનના ચરણારવિન્દનું સેવન કરવું તે પ્રભુને આધીન છે. તેવી રીતે અર્ચન, વંદન, દાસ્ય ભક્તિ સેવ્ય સ્વરૂપમાં ચૈતન્યનું પ્રાકટય ન હોય તો પણ બની શકે છે પરંતુ સખ્ય અને આત્મનિવેદન તો સેવ્ય સ્વરૂપમાં ચૈતન્યનું પ્રાકટય હોય અને શ્રીપ્રભુ સ્વીકાર કરે ત્યારેજ થઈ શકે. ભગવત્સ્વરૂપમાં ચૈતન્યનું પ્રાકટ્ય તો પ્રેમલક્ષણા ભકિતથીજ થાય અને ભગવાનનો સાનુભાવ થાય. અત્યારે તો પ્રેમલક્ષણા ભકિત નથી, તેની સાધનદશા છે, તે સિદ્ધ કરવાની અવસ્થા છે, તેથી ભગવત્સ્વરૂપ પણ ચિત્પ્રાકટય-વાળું નથી, તો નિવેદન કર્યાં છતાં શ્રીપ્રભુ તેનો અંગીકાર કેમ કરે એવી ચિન્તા થાય છે, તો તે સારૂ પ્રભુ સર્વસમર્થ છે એમ સમજી ચિન્તાનો ત્યાગ કરવો.

तथा निवेदने चिन्ता त्याज्या श्रीपुरुषोत्तमे ।
विनियोगेऽपि सा त्याज्या समर्थो हि हरिः स्वतः ॥ ५ ॥



तथा, निवेदने, चिन्ता, त्याज्या, श्रीपुरुषोत्तमे ।
विनियोगे, अपि, सा, त्याज्या, समर्थः, हि, हरिः, स्वतः ॥५॥

**तथा**-તેવી રીતે, **श्रीपुरुषोत्तमे**-શ્રીપુરુષોત્તમમાં, **निवेदने**-નિવેદનવિષયક, **चिन्ता, त्यःज्या**-ચિન્તા ત્યજી દેવી, **सा**, **विनियोगे** તે-ચિન્તા વિનિયોગમાં, **अपि, त्याज्या**-પણ ત્યજવી, **हि, हरिः**-કારણ કે શ્રીહરિ, **स्वतः**, **समर्थः**-પોતે સમર્થ છે.

તેવી રીતે શ્રીપુરુષોત્તમમાં નિવેદનવિષયક ચિન્તા ત્યજી દેવી. અન્યના વિનિયોગમાં પણ ચિન્તાનો ત્યાગ કરવો, કારણ કે શ્રીહરિ પોતે સમર્થ છે. ૫.

નિવેદિત થયેલાઓએ નિવેદનમાં ભક્તયુક્ત શ્રીપુરુષોત્તમે પોતાનો અંગીકાર કર્યો કે નહીં એવી ચિન્તા યોગ્ય નથી, કેમકે પોતે સર્વાત્મ કરીને સર્વ પ્રભુને નિવેદન કર્યું છે તેથી શ્રીપ્રભુ પોતાના સ્વરૂપનું દાન કરીને ભક્તનું પોષણ કરે છે. કોઈ વખતે લોકભયાદિ આવી જાય, તેનું નિવારણ કરવા જીવના સ્વભાવ વડે અન્યવિનિયોગ થઈ જાય, તેથી ભગવદ્ધર્મ નાશ થતો નથી અને શ્રીપ્રભુ તેનો ત્યાગ કરતા નથી. જીવના સ્વભાવથી જીવ દોષવાળો થયો, તેનો ઉદ્ધાર કરવામાં સાધનની અપેક્ષા પ્રભુ રાખતા નથી. આપ પોતે સર્વનાં દુઃખ અને દોષોને નિવૃત્ત કરે છે.

लोके स्वास्थ्यं तथा वेदे हरिस्तु न करिष्यति ।
पुष्टिमार्गस्थितो यस्मात् साक्षिणो भवताऽऽखिलाः ॥ ६ ॥

लोके, स्वास्थ्यम्, तथा, वेदे, हरिः, तु, करिष्यति ।
पुष्टिमार्गस्थितः,- यस्मात्, साक्षिणः, भवत, अखिलाः ॥ ६ ॥

**हरिः, तु**-શ્રીપ્રભુ તો, **लोके, तथा, वेदे**-લોકમાં તેમજ વેદમાં **स्वास्थ्यम्**-સુખપૂર્વક સ્થિતિ, **न, करिष्यति**-નહીં કરશે, **यस्मात्**-કારણ કે (ભગવાન) **पुष्टिमार्गस्थितः** પુષ્ટિમાર્ગમાં રહેલા છે માટે, **अखिलाः, साक्षिणः** સર્વે સાક્ષીઓ **भवत**-થાઓ.

શ્રીપ્રભુ તો લોકમાં તેમજ વેદમાં સુખપૂર્વક સ્થિતિ કરશે નહીં, કારણ કે તે અનુગ્રહમાર્ગમાં રહેલા છે. તેથી આ વિષયમાં સર્વ પુષ્ટિ માર્ગીય ભક્તો ! તમે સાક્ષી થાવ. ૬

કોઈક વખતે પ્રવાહને વશ થઇને વ્યાપારાદિમાં અને આશ્રમધર્મમાં કાયા, વાણી તથા મનથી સ્થિતિ થાય તો વિઘ્ન આવી પડે અને ફલનો સંભવ રહે નહીં. પ્રભુએ જે જીવને સ્વીકાર્યો તે લૌકિક વૈદિક કર્મોમાં આસકત થઈ જાય તો પ્રભુ તે કેમ સહન કરે! માટે નિવેદિત ભગવદીયને જેમ જેમ લૌકિક, વૈદિક કાર્યોમાં સંકટ આવતાં જાય તેથી ભય ન પામતાં ભગવત્કૃપાજ માની લઈ આનંદિત થવું, અને સમજવું કે તે હવે ભગવત્કૃપાપાત્ર થવા યોગ્ય છે અને પ્રભુએ તેનો અંગીકાર કરવા માંડયો છે. આવો જેને બોધ થયો છે તે સર્વ ભકતોને સાક્ષિરૂપ થઈ ભગવલ્લીલા અવલોકવાનું ઉપદેશે છે.

**सेवाकृतिर्गुरोराज्ञा बाधनं वा हरीच्छया ।**
**अतः सेवापरं चित्तं विधाय स्थीयतां सुखम् ॥ ७ ॥**

**सेवाकृतिः, गुरोः, आज्ञा, बाधनम्, वा, हरीच्छया ।**
**अतः, सेवापरम्, चित्तम्, विधाय, स्थीयताम्, सुखम् ॥ ७ ॥**

**गुरोः आज्ञा**–શ્રીગુરુની આજ્ઞાનુસાર, **सेवाकृतिः**–સેવા કરવી, **वा**–અથવા **हरीच्छया**–ભગવદિચ્છાથી, **बाधनम्**–વિશેષાજ્ઞા થાય તો તે પ્રમાણે કરવુ, **अतः**–એટલા માટે, **सेवापरम्**–સેવાપરાયણ, **चित्तम्**–ચિત્તને, **विधाय**–કરીને, **सुखम्**–સુખપૂર્વક, **स्थीयताम्**–રહેવું.

શ્રીગુરુદેવની આજ્ઞા પ્રમાણે પ્રભુની સેવા કરવી જોઇએ, અથવા કોઈ વખતે ભગવદિચ્છાથી વિશેષાજ્ઞા થાય તો તે પ્રમાણે કરવું એટલા માટે સેવા પરાયણ ચિત્તને કરીને સુખપૂર્વક રહેવું. ૭

સાક્ષાત્ હરિની ઇચ્છાથી ગુરુની આજ્ઞાનો બાધ કરવામાં હરકત નથી. જ્યાં સુધી ઠાકુરજી સાનુભાવ ન થાય ત્યાં સુધી ગુરુઆજ્ઞાનો લોપ ન કરવો. જ્યારે પ્રભુ પ્રત્યક્ષ થઇને વિશેષ આજ્ઞા કરે ત્યારે તો તે પ્રમાણે કરવું. પણ સેવા તો કરવી જ. આત્મનિવેદન ધર્મનો અર્થ પ્રભુસેવામાં નિરંતર અત્યંત આસકિત.

**चित्तोद्वेगं विधायापि हरिर्यद्यत् करिष्यति ।**
**तथैव तस्य लीलेति मत्वा चिन्तां द्रुतं त्यजेत् ॥ ८ ॥**

**चित्तोद्वेगम्, विधाय, अपि, हरिः, यत्, यत्, करिष्यति,**
**तथा, एव, तस्य, लीला, इति, मत्वा, चिन्ताम्, द्रुतम्, त्यजेत् ॥८॥**



**हरिः**–ભકતના દુઃખ હરનાર પ્રભુ, **चित्तोद्वेगम्**–ચિત્તમાં ઉદ્વેગ, **विधाय**, **अपि**–કરીને પણ, **यत्**, **यत्**–જે, જે, **करिष्यति**–કરશે, **तथा एव**–તે પ્રકારે **तस्य**–શ્રીભગવાનની, **लीला**–લીલા છે, **इति**, **मत्वा**–એમ માનીને, **चिन्ताम्**, **द्रुतम्**–ચિન્તાને સત્વર, **त्यजेत्**–ત્યજી દેવી.

શ્રીભગવાનની સેવા કરતાં કોઇ વખતે ભગવાન ચિત્તમાં ઉદ્વેગ કરાવીને જે જે કરશે તે પ્રકારે તે શ્રીભગવાનની લીલા છે એમ માની ચિન્તાનો સત્વર ત્યાગ કરવો. ૮

ભક્તનાં પ્રારબ્ધાદિકરૂપ પાપ હરવા સારૂ હરિ ભગવાન જે જે શુભ, અશુભ, ચિત્તને ઉદ્વેગ કરાવીને કરે તેમાં ભક્તનું મોટુ પાપ હશે તેનો નાશ કરવા તે હરિની લીલા છે એમ સમજીને ઉદ્વેગથી થયેલી ચિન્તા ત્યજવી, કેમકે બહુ સમય ચિન્તા રહે તો તેમાં કાલ, કર્મ અને સ્વભાવની પ્રબલતાથી આસુરાવેશ આવી જાય અને ફલમાં પ્રતિબંધ અને વિલંબ થાય.

**तस्मात् सर्वात्मना नित्यं "श्रीकृष्णः शरणं मम" ।**
**वदद्भिरेव सततं स्थेयमित्येव मे मतिः ॥ ९ ॥**

**तस्मात्, सर्वात्मना, नित्यम्, श्रीकृष्णः, शरणम्, मम, ।**
**वदद्भिः, एव, सततम्, स्थेयम्, इति, एव, मे, मतिः ॥ ९ ॥**

**तस्मात्**–તે સારૂ, **सर्वात्मना**–સર્વાત્મપણે–સર્વાત્મ:ભાવથી, **नित्यम्**–નિરંતર, **श्रीकृष्णः शरणम् मम**–શ્રીકૃષ્ણ મારૂં શરણ છે એમ, **सततम्**–નિત્ય સર્વકાલ, **वदद्भिः**, **एव**–બોલતાં બોલતાં જ, **स्थेयम्**–રહેવું, **इति**, **एव**–એવી જ, **मे** મારી શ્રીમદ્વલ્લભાચાર્યજીની, **मतिः**–સમ્મતિ છે.

તે સારૂ સર્વાત્મભાવથી નિરન્તર "શ્રીકૃષ્ણઃ શરણં મમ" એ અષ્ટાક્ષરમંત્ર પ્રતિપળ બોલતા બોલતાજ રહેવું એવીજ શ્રીમદાચાર્યચરણની આજ્ઞા છે. ૯

ભક્તિમાર્ગમાં પ્રવેશ અને પછી તેમાં રુચિ થવી તેમાં શ્રીભગવાનનો અનુગ્રહજ કારણ છે. સેવામાં પ્રતિબંધ પ્રારબ્ધ અને કાલાદિ વડે છે. તેની નિવૃત્તિ પ્રભુથીજ થાય છે. તેમાં શરણાગતિ સાધન છે. તેથી જે જીવ પ્રભુને શરણ ગયો હોય તેની સેવા કરવા વગેરેમાં અશક્તિ જુએ ત્યારે સર્વાત્મભાવે કરીને પ્રભુ તેનાં સર્વ કાર્ય સિદ્ધ કરશે એવો ગૂઢ અભિપ્રાય છે.

**इति श्रीमद्वल्लभाचार्यप्रकटितः नवरत्नग्रन्थः सम्पूर्णः ॥ ६ ॥**

**इति**–આ પ્રમાણે, **श्रीमद्वल्लभाचार्यप्रकटितः**–શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ પ્રકટ કરેલો, **नवरत्नग्रन्थः**–નવરત્નનો ગ્રન્થ, **सम्पूर्णः**–સમ્પૂર્ણ થયો.

આ પ્રમાણે શ્રીમદ્વલ્લભાચાર્યજીએ પ્રકટ કરેલો નવરત્નનો ગ્રન્થ સમ્પૂર્ણ થયો. ૬

**॥ श्रीकृष्णार्पणमस्तुः ॥**

# ૭. अंतःकरणप्रबोध.

**ગ્રન્થપરિચય**–શ્રીમદાચાર્યચરણને શ્રીપ્રભુએ શ્રીમદ્‌ભાગવતનો ગૂઢાર્થ પ્રકટ કરવાની આજ્ઞા કરી હતી. તે પ્રમાણે તેઓશ્રીએ શ્રીસુબોધિનીજીની વિવૃતિ ત્રણ સ્કંધ પર કર્યાં પછી તેમને દેહત્યાગની આજ્ઞા થઇ. તે પછી દશમ સ્કંધ પર વિવૃતિ કરવાની વિશેષ આજ્ઞા કરી. તે પૂર્ણ થતાં તેમને બીજી આજ્ઞા દેશ-પરિત્યાગની થઈ, પણ આચાર્યજીને પોતાના પર ભગવત્કૃપા છે અને શ્રીમદ્‌-ભાગવત પર સમ્પૂર્ણ વિવરણ કરવાની પ્રભુની મૂલ આજ્ઞા છે જેથી તે પૂર્ણ કરવા બન્ને આજ્ઞાનું ઉલ્લંઘન કરેલું છે. પ્રભુને પોતાની પાસે આચાર્યજીને બોલાવવાના અત્યંત આગ્રહપૂર્વકની ત્રીજી આજ્ઞા સંન્યાસ કરવાની થતાં તેનું પાલન કરી સંન્યાસ લીધો, પણ પ્રભુની બન્ને આજ્ઞા પાલન નહીં કરનાર અંતઃકરણ છે, તેથી તેને પ્રબોધ થવા સારૂ શ્રીમહાપ્રભુજીએ અંતઃકરણપ્રબોધ નામનો ગ્રન્થ પ્રકટ કરેલો છે. તેમાં દર્શાવ્યું છે કેઃ–

શ્રીકૃષ્ણ પરબ્રહ્મ છે, દોષરહિત છે, જીવો એ વરવા યોગ્ય છે. તે પોતે અંતઃકરણમાં રહેલા દોષો પૂર્ણ રીતે કાઢી નાખવા સમર્થ છે. જીવને બ્રહ્મ-સંબંધ થયા પછી પોતાના તરીકે અંગીકાર કરે છે, અને તે પોતાને જીંદગીના અંત સુધી અને તે પછી પણ પોતાના અંગીકૃતની ગણનામાંથી બહાર મૂકતા નથી. વખતે જીવસ્વભાવથી કરેલાં નીચ કૃત્યોથી જીવના હિત માટે તેની માન-હાનિ થાય, અથવા તો ફલ મળવામાં વિલંબ થાય, તો પણ જીવ બ્રહ્મસંબંધ લીધા પહેલાં જે દયાપાત્ર સ્થિતિમાં હતો તે સ્થિતિમાં તો હવે પછી નહીંજ મુકાય. તે ચાણ્ડલીના દૃષ્ટાંતથી સમજાવેલું છે. શ્રીપ્રભુ સ્વામી છે અને જીવ સેવક છે એમ સમજી તેમની આજ્ઞા પ્રમાણેજ નિરંતર કરવું. શ્રીકૃષ્ણને લૌકિક પ્રભુ જેવા જોવા નહીં. દેહ પ્રભુએ આપેલો છે અને તેમને સમર્પણ કર્યો છે જેથી દેહ–શરીરને શ્રમ પડશે એમ વિચારી તેના પર સ્નેહ રાખી તે પ્રભુસેવામાં જોડવામાં ન આવે તો પ્રભુ પ્રસન્ન થાય નહીં. તે યુવાવસ્થાવાળી પુત્રીને સ્નેહવશ થઈ પોતાના પતિને ત્યાં નહીં મોકલવાના દૃષ્ટાન્તથી કહે છે. અસમર્થ અવસ્થામાં જીવે પોતાના દોષોનું સ્મરણ કરી શ્રીપ્રભુની કૃપામાં ન્યૂનતા થવાની ચિન્તાનો ત્યાગ કરી સમ્પૂર્ણ વિશ્વાસ રાખી તન, મન



અને ધનથી શ્રીહરિની શરણભાવના કરી શ્રીહરિની સેવામાં સઘળી ઇન્દ્રિયોનો ઉપયોગ હોવાથી તેમને બોધ કરવાનું યોગ્ય છે, પણ સર્વ ઇંદ્રિયો અંતઃકરણને અધીન છે, એટલે તેમને પ્રબોધિત થવા રૂબરૂ અંતઃકરણને ઉદ્દેશીને બોધનિરૂપણ કરેલો છે.

**अन्तःकरण मद्वाक्यं सावधानतया शृणु ।**
**कृष्णात् परं नास्ति दवं वस्तुतो दोषवर्जितम् ॥ १ ॥**

**अन्तःकरण ! मद्वाक्यम्, सावधानतया, शृणु, ।**
**कृष्णात्, परम्, न, अस्ति, दैवम्, वस्तुतः, दोषवर्जितम् ॥१॥**

**अन्तःकरण ?**–હે અંતઃકરણ **मद्वाक्यम्**–મારા વાકયને, **सावधानतया**–સાવધાનપણે, **शृणु**–સાંભળ, **वस्तुतः**–ખરી રીતે, **कृष्णात्**–શ્રીકૃષ્ણથી **दोषवर्जितम्**–દોષરહિત, **परम्, दैवम्**–બીજું દૈવત, **न, अस्ति**–નથી.

હે અન્તઃકરણ! મારાં વચનને સાવધાન થઇને સાંભળ. ખરી રીતે "શ્રીકૃષ્ણથી" દોષરહિત બીજું દૈવત નથી. ૧

જો કે ભગવાનની સેવામાં સર્વ ઇન્દ્રિયોનો ઉપયોગ છે, એટલે ઇંદ્રિયોને બોધ કરવો યોગ્ય છે, પણ મનને અધીન ઇંદ્રિયો છે, અને તે વશ થયે ઇંદ્રિયો વશ થાય છે, તેથી ભક્તના અંતઃકરણના બોધ સારૂ શ્રીમદાચાર્યચરણ પોતાના અંતઃકરણને ઉદ્દેશીને બોધ આપે છે.

**चाण्डाली चेद् राजपत्नी जाता राज्ञा च मानिता ।**
**कदाचिदपमानेऽपि मूलतः का क्षतिर्भवेत् ॥ २ ॥**

**चाण्डाली, चेत्, राजपत्नी, जाता, राज्ञा, च, मानिता, ।**
**कदाचित्, अपमाने, अपि, मूलतः, का, क्षतिः, भवेत् ॥ २ ॥**

**चाण्डाली**–ચંડાલ જાતની સ્ત્રી, **चेत् राजपत्नी**–જો રાજાની રાણી, **जाता**–થાય, **राज्ञा च**–અને રાજાએ **मानिता**–બધી રાણીઓમાં તેને અધિક માનિતી કરી, **कदाचित्**–અને પછી કોઈ વખતે, **अपमाने, अपि**–પોતાના જ અપરાધથી રાજા તરફથી તેનું અપમાન થયું હોય તો પણ, **मूलतः**–રાણીપણા-માંથી, **का, क्षतिः**–શી હાનિ, **भवेत्**–થાય.

ચાણ્ડાલ જાતની સ્ત્રી જો રાણી થાય અને રાજાએ તેને અધિક માનીતી કરી હોય અને પછી કોઇ વખતે પોતાનાજ અપરાધને લીધે તેનું અપમાન થયું હોય તો પણ તેને રાણીપણામાંથી શી હાનિ થાય ? કાંઇજ નહીં. ૨

અંતઃકરણમાં ભાવની મોટાઇ આવી જાય, તેની નિવૃત્તિ જીવની દીનતા સિદ્ધ કરવા સારૂ ચાણ્ડાલીના દષ્ટાન્તથી બતાવે છે કે જીવ દુષ્ટ સ્વભાવવાળો છે અને પ્રભુએ તેનો અંગીકાર કરેલો છે. અંગીકૃત જીવોના ગંભીર અપરાધો માટે ક્ષમા આપવી એ પ્રભુનો સહજ સ્વભાવ છે, તો પણ સંયોગરૂપ ફલ મેળવવામાં થતા વિલંબથી શોક કરવો નહીં.

समर्पणादहं पूर्वमुत्तमः किं सदा स्थितः ।
का ममाधमता भाव्या पश्चात्तापो यतो भवेत् ॥ ३ ॥

समर्पणात्, अहम्, पूर्वम्, उत्तमः, किम्, सदा, स्थितः, ।
का, मम, अधमता, भाव्या, पश्चात्तापः, यतः, भवेत् ॥ ३ ॥

**अहम्, समर्पणात्**–હું સમર્પણ થયાથી, **पूर्वम्**–પહેલાં, **किम्**–શું, **सदा, उत्तमः**–બધા વખતમાં ઉત્તમ, **स्थितः**–રહેલો હતો, **मम अधमता**–મારૂં હલકાપણું, **का भाव्या**–કેવું વિચારવા જેવું છે, **यतः**–કે જેથી, **पश्चात्तापः**–પશ્ચાતાપ, **भवेत्**–થાય

હું નિવેદન થયા પહેલાં શું બધા વખતમાં ઉત્તમજ રહેલો હતો ? મારૂં હલકાપણું વિચારવા જેવું છે કે જેથી પશ્ચાત્તાપ થાય ? ૩

શ્રીપ્રભુની કૃપાથી માન મેળવવાની યોગ્યતા બ્રહ્મસંબંધથી થયેલી છે, પણ તે પહેલાં તે યોગ્યતા નહીં હતી એ વિચાર કરવા યોગ્ય છે. પ્રભુએ અંગીકાર કરીને જીવના હિત માટે માનની હાનિ કરી હોય તો તે પશ્ચાત્તાપનું કારણ નથી.

सत्यसङ्कल्पतो विष्णुर्नान्यथा तु करिष्यति ।
आज्ञैव कार्या सततं स्वामिद्रोहोऽन्यथा भवेत् ॥ ४ ॥

सत्यसंकल्पः, विष्णुः, न, अन्यथा, तु, करिष्यति, ।
आज्ञा, एव, कार्या, सततम्, स्वामिद्रोहः, अन्यथा, भवेत् ॥ ४ ॥



**विष्णुः**–શ્રીભગવાન, **सत्यसंकल्पतः**–સત્યસંકલ્પવાળા છે માટે, **अन्यथा**–ફલની બાબતમાં વિચારેલા ફલથી બીજી રીતે, **तु, न, करिष्यति**–તો નહીં કરશે માટે, **सततम्**–સદા સર્વદા, **आज्ञा, एव**–પ્રભુની આજ્ઞાજ, **कार्या**–માન્ય કરવી યોગ્ય છે, **अन्यथा, स्वामिद्रोहः**–નહીં તો સ્વામિદ્રોહ, **भवेत्**–થાય.

શ્રીભગવાન સત્યસંકલ્પવાળા હોવાના કારણે ફલની બાબતમાં વિચારેલા ફલથી બીજી રીતે તો ફલ નહીં આપે, માટે સદા સર્વદા પ્રભુની આજ્ઞાજ માન્ય કરવી યોગ્ય છે, નહીં તો સ્વામિદ્રોહ થાય. ૪

ફલના વિલંબનો સંદેહ નહીં રાખીને શ્રીપ્રભુની આજ્ઞા પ્રમાણે વર્તવું, પણ શ્રીભગવાને તેનો અંગીકાર કરેલો છે એવી મોટાઇ રાખી તેમની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું નહીં.

सेवकस्य तु धर्मोऽयं स्वामी स्वस्य करिष्यति ॥ ४½ ॥

सेवकस्य, तु, धर्मः, अयम्, स्वामी, स्वस्य, करिष्यति ॥ ४½ ॥

**सेवकस्य, तु**–સેવકનો તો, **अयम्, धर्मः**–આ આજ્ઞાપાલનરૂપ ધર્મ છે, **स्वामी**–પ્રભુ, **स्वस्य**,–પોતાના ભક્તનું **करिष्यति**–બધું કરશે.

સેવકનો તો આજ્ઞાપાલનરૂપ ધર્મ છે. પ્રભુ પોતાના ભકતનું બધું કરશે. ૪½

પ્રભુ પ્રત્યે સેવકનો ધર્મ જીવનો હોય તો પ્રભુ સ્વામીપણાનો ધર્મ સેવકમાં કરશે અથવા પ્રભુ પોતાના સ્વામી છે અને જીવ સેવક છે તેથી સર્વાત્મારૂપે પણ ભગવાને જે વિચાર્યું હશે તે તેના હિતનુંજ હશે અને તેજ કરશે એમ સમજવું તે સેવકધર્મ છે.

आज्ञा पूर्वं तु या जाता गङ्गासागरसङ्गमे ॥ ५ ॥
यापि पश्चान् मधुवने न कृतं तद् द्वयं मया ।
देहदेशपरित्यागस्तृतीयो लोकगोचरः ॥ ६ ॥
पश्चात्तापः कथं तत्र सेवकोऽहं न चान्यथा ॥ ६½ ॥

आज्ञा, पूर्वम्, तु, या, जाता, गंगासागरसंगमे ॥ ५ ॥

या, अपि, पश्चात्, मधुवने, न, कृतम्, तत्, द्वयम्, मया, ।
देहदेशपरित्यागः, तृतीयः, लोकगोचरः ॥ ६ ॥
पश्चात्तापः, कथम्, तत्र, सेवकः, अहम्, न, च, अन्यथा॥ ६½ ॥

**पूर्वम्, तु**-પ્રથમ તો, **गंगासागरसंगमे**-ગંગા અને સાગરના સંગમપર, **या, आज्ञा**-જે આજ્ઞા, **जाता**-થઈ, **पश्चात्**-તે પછી, **अपि**-પણ, **या, मधुवने**-જે આજ્ઞા મધુવનમાં થઈ, **तत् द्वयम्**-તે બન્ને આજ્ઞાનું પાલન, **मया, न, कृतम्**-મેં કર્યું નહીં. **देहदेशपरित्यागः**-દેહ અને દેશનો પરિત્યાગ, **तृतीयः**-ત્રીજી આજ્ઞા, **लोकगोचरः**-લોકપ્રસિદ્ધ છે-સંન્યાસ લેવાની, **तत्र**-તે વિષયમાં, **पश्चात्तापः**-પશ્ચાત્તાપ, **कथम्**-કેમ થાય, **अहम् सेवकः**-હું સેવક છું, **च, अन्यथा, न**-અને કોઈ બીજો નથી.

શ્રીઆચાર્યચરણ અહીં જણાવે છે કે તેમને પ્રથમ તો ગંગા અને સાગરના સંગમપર પ્રભુની જે આજ્ઞા થઈ તે અને પછી પણ જે આજ્ઞા મધુવનમાં થઈ તે બન્ને આજ્ઞાનું પાલન તેમણે કર્યું નહીં. તેમને પ્રથમ આજ્ઞા દેહપરિત્યાગ કરવાની અને બીજી આજ્ઞા દેશના પરિત્યાગની હતી. ત્રીજી આજ્ઞા લોકના જાણવામાં આવે તેવો પરિત્યાગ-સંન્યાસ લેવાની હતી. તેમાં તેમને પશ્ચાત્તાપ કેમ થાય, કેમ કે પોતે પ્રભુના સેવક છે, બીજો કોઈ નથી. ૬½

પ્રભુની બે આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું તેથી અપરાધનો સંભવ છે, તો પણ ત્રીજી આજ્ઞા પ્રમાણે સંન્યાસ લીધો. તેમ કરવાથી બન્ને આજ્ઞાની સિદ્ધિ થઇ એમ માની પશ્ચાત્તાપ કરવો યોગ્ય નથી. વખતે આજ્ઞાના ઉલ્લંઘનમાં અપરાધ થયો તેથી ફલમાં વિલંબ આપવારૂપ તાપ, શિક્ષા કરી છે એમ સમજીને સેવકે પશ્ચાત્તાપ કરવો જોઇએ નહીં. જો પ્રભુ તેમને સેવક ન માનતા હોત તો આ બંને અપરાધથી તેમની ઉપેક્ષા કરત, પણ ત્રીજી આજ્ઞા કરે છે તેથી તે તેમને સેવક માને છે માટે પણ પશ્ચાત્તાપ કરવો યોગ્ય નથી.

लौकिकप्रभुवत् कृष्णो न द्रष्टव्यः कदाचन ॥ ७ ॥
सर्वं समर्पितं भक्त्या कृतार्थोसि सुखी भव ॥ ७½ ॥



लौकिकप्रभुवत्, कृष्णः, न द्रष्टव्यः, कदात्चन ॥ ७ ॥
सर्वम्, समर्पितम्, भक्त्या, कृतार्थः, असि, सुखी, भव ॥ ७½ ॥

**लौकिकप्रभुवत्**-લૌકિક સ્વામીના જેવા, **कृष्णः**-શ્રીકૃષ્ણભગવાન, **कदाचन**-કોઇપણ વખતે, **न, द्रष्टव्यः**-માનવા યોગ્ય નથી, **भक्त्या**-ભક્તિપૂર્વક, **सर्वम्**-બધું, **समर्पितम्**-સમર્પણ કર્યું છે તેથી, **कृतार्थः, असि**-તું કૃતાર્થ છે, **सुखी, भव**-સુખી થા.

શ્રીકૃષ્ણ ભગવાન લૌકિકસ્વામી જેવા, રાજા કે શેઠની પેઠે, કોઇપણ વખતે માનવા યોગ્ય નથી. ભક્તિપૂર્વક બધું સમર્પણ કર્યું છે, તેથી તું કૃતાર્થ છે અને સુખી થા. ૭½

લૌકિક પ્રભુ અંગીકૃતનો અપરાધને લીધે ત્યાગ કરે તે સંભવિત છે, પણ અહીં તો શ્રીપ્રભુનું અલૌકિકસ્વામીપણું હોવાથી તેમનો થયેલો અંગીકાર ત્રણે કાલમાં નિત્ય છે.

प्रोढाऽपि दुहिता यद्वत् स्नेहान्न प्रेष्यते वरे ॥ ८ ॥
तथा देहे न कर्तव्यं वरस्तुष्यति नान्यथा ॥ ८½ ॥
प्रौढा, अपि, दुहिता, यद्वत्, स्नेहात्, न, प्रेष्यते, वरे, ।
तथा, देहे, न, कर्तव्यम्, वरः, तुष्यति, न, अन्यथा ॥ ८½ ॥

**प्रौढा अपि दुहिता**-જુવાન એવી પણ પોતાની દીકરી, **स्नेहात्**-સ્નેહથી, **यद्वत्**-જેવી રીતે, **वरे**-તેના પતિ પાસે, **न, प्रेष्यते**-મોકલવામાં આવતી નથી, **तथा, देहे**-તેમ દેહમાં (મમત્વ), **न, कर्तव्यम्**-કરવું નહીં, અને નહીં કરવાથીજ, **वरः**-પતિ અથવા શ્રીપ્રભુ, **तुष्यति**-પ્રસન્ન થાય છે, **अन्यथा, न**-પણ બીજા પ્રકારે પ્રસન્ન થતા નથી.

જેમ માતા પિતા યુવાવસ્થાસમ્પન્ન પુત્રીને સ્નેહવશ થઇને તેના સ્વામી પાસે મોકલતા નથી તેમ પોતાના શરીરમાં મમતા કરવી નહીં, અને એમ

નહીં કરવાથીજ પુત્રીના સંબંધમાં પતિ અને દેહના સંબંધમાં શ્રીપ્રભુ પ્રસન્નં થાય છે, પણ બીજા પ્રકારે પ્રસન્ન થતા નથી. ૮½

યુવાન પુત્રીના દષ્ટાંતથી ઉપદેશે છે કે શ્રીપ્રભુને પોતાની સર્વ પ્રકારે અપેક્ષા છે એમ જાણવા છતાં પણ જો તેમની આજ્ઞા પ્રમાણે કાર્ય કરવામાં ના આવે તો પ્રભુ અસંતુષ્ટજ રહે છે. દેહ પ્રભુને સમર્પિત થયેલો હોવાથી તેને પ્રભુ-સેવામાં ઉપયોગ કરવો જોઇએ, તોજ તેના પતિ સ્વામી ભગવાન પ્રસન્ન થાય છે. પ્રભુએ પોતાની સેવા સારૂ દેહ આપેલો છે, તે શરીરને શ્રમ થશે એમ વિચારી તેના પર સ્નેહ રાખી પ્રભુની સેવામાં લગાડે નહીં તો પ્રભુ પ્રસન્ન થા નહીં.

**लोकवच्चेत् स्थितिर्मे स्यात् कि स्यादिति विचारय ॥ ९ ॥**
**अशक्ये हरिरेवास्ति मोहं मा गाः कथञ्चन ॥ ९½ ॥**

**लोकवत्, चेत्, स्थितिः, मे, स्यात्, किम्, स्यात्, इति,**
**विचारय, अशक्ये, हरिः, एव, अस्ति, मोहम्, मा, गाः, कथंचन ॥९½॥**

**चेत्**–જો, **लोकवत्**–લોકની પેઠે, **मे, स्थितिः**–મારી સ્થિતિ, **स्यात्, किम्**–રહે તો શું, **स्यात्**–થાય, **इति, विचारय**–એ પ્રમાણે વિચાર કર, **अशक्ये**–અશકય અવસ્થામાં, **हरिः, एव**–શ્રીહરિજ, **अस्ति**–શરણ છે, એટલા માટે, **कथंचन**–કોઇ રીતે, **मोहम्**–મોહને, **मा, गाः**,–પ્રાપ્ત થા નહીં.

જો લોકની પેઠે મારી સ્થિતિ રહે તો શું થાય એનો વિચાર કર. અશકય અવસ્થામાં શ્રીહરિજ શરણ છે, એટલા માટે કોઈ રીતે મોહને પ્રાપ્ત થાય નહીં. ૯½

લોકતુલ્ય હું હતો, પરંતુ લોકના જેવી મારી સ્થિતિ થઈ નથી તેથી મારા ઉપર ભગવાન દયા કરે છે એવો વિચાર કરવો, અને શ્રીભગવાને જે પ્રમાણે આજ્ઞા કરી છે તે પ્રમાણે થાય નહીં એવું જણાય તો શ્રીહરિજ શરણ છે, અને તે સ્મરણ કરવાવાળાઓનાં બધાં પાપોનો નાશ કરે છે, તે અંગીકાર કરેલા જીવનું રક્ષણ કરનારા છે, એમ વિચારી કોઇ રીતે મોહમાં બુદ્ધિ નહીં કરવી.

**इति श्रीकृष्णदासस्य वल्लभस्य हितं वचः ॥ १० ॥**
**चित्तं प्रति यदाकर्ण्य भक्तो निश्चिततां व्रजेत् ॥ १०½ ॥**



**इति, श्रीकृष्णदासस्य, वल्लभस्य, हितम्, वचः ॥ १० ॥**
**चित्तम्, प्रति, यद्, आकर्ण्य, भक्तः, निश्चिततताम्, व्रजेत् ॥ १०½ ॥**

**इति**–એ પ્રમાણે, **श्रीकृष्णदासस्य**–શ્રીકૃષ્ણના દાસ, **वल्लभस्य**–શ્રીવલ્લભાચાર્યના, **चित्तम्, प्रति**–અંતઃકરણ પ્રત્યે **यत्, हितम्, वचः**–જે હિતકારક વચન છે તેને, **आकर्ण्य**–સાંભળીને, **भक्तः**–ભક્તજન, **निश्चिंततताम्**–નિશ્ચિન્તપણાને, **व्रजेत्**–પ્રાપ્ત થાય.

એ પ્રમાણે શ્રીકૃષ્ણના દાસ શ્રીવલ્ભાચાર્યજીનાં પોતાના અંતઃકરણ પ્રત્યે જે હિતકારી વચન કહ્યાં છે તેને સાંભળીને ભક્તજન ચિન્તારહિત બને. ૧૦½

પ્રભુપ્રત્યે દાસપણાના ભાવથી રહેનારાને કોઇ પ્રકારથી ચિન્તા કરવાની નથી. ચિન્તા ન હોય ત્યારે અંતઃકરણ પ્રસન્ન રહે છે અને દાસધર્મ પણ પ્રસન્ન અંતઃકરણથી સારી રીતે થાય છે. જ્યાં દાસધર્મ ચુકાતો નથી ત્યાં સ્વામી પોતાના સેવક પ્રત્યે બજાવવાના સર્વધર્મ બજાવે છે.

**इतिश्रीमद्वल्लभाचार्यप्रकटितः अन्तःकरणप्रबोधः सम्पूर्णः ॥ ७ ॥**

**इति**–આ પ્રમાણે **श्रीमद्वल्लभाचार्यप्रकटितः**–શ્રીમદ્વલ્લભાચાર્ય ચરણનો પ્રકટ કરેલો, **अन्तःकरणप्रबोधः**–અંતઃકરણપ્રબોધ નામનો ગ્રન્થ, **सम्पूर्णः**–સમાપ્ત થયો છે.

આ પ્રમાણે શ્રીમદ્વલ્લભાચાર્યચરણનો પ્રકટ કરેલો અંતઃકરણપ્રબોધ નામનો ગ્રન્થ સમાપ્ત થયો છે. ૭

॥ **श्रीकृष्णार्पणमस्तु** ॥

# ૮ विवेकधैर्याश्रय

**ગ્રન્થપરિચયઃ**–ભક્તિની દૃઢતા વિશેષ થવા સારૂ શ્રીમદાચાર્યચરણોએ આ ગ્રન્થ પ્રકટ કરેલો છે. તેમાં વિવેક, ધૈર્ય અને આશ્રયનું સ્વરૂપનિરૂપણ કરેલું છે.

શ્રીપ્રભુથી ચિત્તને વિમુખ ન થવા સારૂ શ્રીપ્રભુજ પોતાની ઇચ્છા પ્રમાણે સર્વ કરશે એવું દૃઢ અનુંસંધાન સદા સર્વદા રાખવાથી ચિત્ત વ્યગ્ર થશે નહીં એ વિવેકનું મુખ્ય સ્વરૂપ છે. તેવું અનુસંધાન રાખતાં કોઇ પદાર્થની અપેક્ષા થાય તો પણ પ્રભુને પ્રાર્થના કરવી નહીં પણ એકાગ્ર ચિત્તે પ્રભુની સેવાજ કર્યાં કરવી એમ વિવેકનાં નવ સ્વરૂપ બતાવેલાં છે. ગમે તેવી આપત્તિ આવી પડે તો પણ ધૈર્યનો ત્યાગ કરી પ્રભુસેવાથી વિમુખ થવું નહીં. કેવી કેવી આપત્તિમાં ધૈર્ય રાખવું તે જણાવવા ધૈર્યનું સ્વરૂપ સમજાવેલું છે. પોતે ચલાવીને ઇન્દ્રિયોના કાર્યોમાં પ્રવૃત્ત થવું નહીં અને જ્યાં પોતાથી ધૈર્ય ન રહી શકે ત્યાં શ્રીપ્રભુની શરણભાવના કરવી. શ્રીપ્રભુની સેવામાં જે મનુષ્યો પ્રભુથી વિમુખ હોય તે દુઃખ આપે તો પણ તેમનો અપરાધ નહીં ગણતાં પોતાનો જ દોષ ગણી શ્રીપ્રભુનો આશ્રય રાખવો એ આશ્રયના સ્વરૂપમાં કહેલું છે. ત્રિવિધદુઃખો આવવાથી આશ્રય છૂટી જાય છે, તેથી તે દુઃખોની નિવૃત્તિના ઉપાયો જણાવીને શ્રીપ્રભુના આશ્રયનો ત્યાગ નહીં કરતાં પ્રભુ પર વિશ્વાસ રાખી પ્રભુઇચ્છાએ જે પ્રાપ્ત થાય તેટલામાં નિર્વાહ કરી સેવા કરવી. લૌકિક અને વૈદિક કાર્યો પણ લોકસંગ્રહ માટેજ કરવાં. કર્મ, જ્ઞાન, અને ભક્તિ એ ત્રણ માર્ગો ભક્તિ માટે કહેલા છે તે યથાર્થ રીતે થઇ શકે તેવો આજનો સમય નથી. તેથી કેવલ શ્રીપ્રભુનો આશ્રય રાખવો અને સર્વાત્મભાવે કરીને શરણભાવના કરવી, બીજું કશું કરવું નહીં એવો પોતાનો અભિપ્રાય દર્શાવેલો છે.

**विवेकधैर्ये सततं रक्षणीये तथाश्रयः ।**
**विवेकस्तु हरिः सर्वं निजेच्छातः करिष्यति ॥ १ ॥**

**विवेकधैर्ये, सततम्, रक्षणीये, तथा, आश्रयः ।**
**विवेकः, तु, हरिः, सर्वम्, निजेच्छातः, करिष्यति ॥ १ ॥**

**विवेकधैर्ये**–વિવેક અને ધૈર્ય–ધીરજ, **सततम्**–નિરંતર, **रक्षणीये**–રક્ષણ કરવા યોગ્ય છે, **तथा, आश्रयः**–તેમ, ભગવાનનો આશ્રય રક્ષણ કરવા યોગ્ય છે.



**विवेकः तु**–વિવેક તો એ સમજવો કે, **हरिः, सर्वम्**–ભગવાન, સર્વ, **निजेच्छातः**–પોતાની ઇચ્છાથી, **करिष्यति**–કરશે.

જે પ્રકારે નિરંતર વિવેક અને ધૈર્ય રાખવું યોગ્ય છે તેમ ભગવાનનો આશ્રય પણ રાખવો યોગ્ય છે. વિવેક તો એ સમજવો કે શ્રીહરિ પોતાની ઇચ્છાથી સર્વ કાંઇ કરશે. ૧

પ્રથમ વિવેક–શ્રી હરિએ તેનો અંગીકાર કર્યો છે માટે તેને જે પદાર્થ અપેક્ષિત હશે તે તે પોતેજ સિદ્ધ કરશે એવો વિશ્વાસ રાખીને ભગવત્સેવા કર્યાં જવી, પણ પોતાનું પ્રયત્નાદિ કરવું નહીં. બીજો વિવેક–સર્વના ઇશ્વર અને આત્મા શ્રીપ્રભુ ભક્તની ઇચ્છા વિકારવાળી હોય તો પોતાની ઇચ્છાથી સર્વ કરશે અને પ્રભુસંબંધીની હશે તો ભક્તની ઇચ્છા પ્રમાણે કરશે.

**प्रार्थिते वा ततः किं स्यात् स्वाम्यभिप्रायसंशयात् ।**
**सर्वत्र तस्य सर्वं हि सर्वसामर्थ्यमेव च ॥ २ ॥**

**प्रार्थिते, वा, ततः, किम्, स्यात्, स्वाम्यभिप्रायसंशयात् ।**
**सर्वत्र, तस्य, सर्वम्, हि, सर्वसामर्थ्यम्, एव, च ॥ २ ॥**

**स्वाम्यभिप्रायसंशयात्**–સ્વામીના અભિપ્રાયમાં સંશય હોવાના કારણે **वा, प्रार्थिते**–અથવા પ્રાર્થના કરવામાં, **ततः किम्**–પણ શું, **स्यात्**–થાય? **तस्य, सर्वत्र**–તે પ્રભુને તો સર્વત્ર, **सर्वम्, हि**–નિશ્ચય સર્વ સિદ્ધ છે, **च**–અને, **सर्वसामर्थ्यम्, एव**–સર્વ સિદ્ધ કરવાનું સામર્થ્ય છે જ.

સ્વામીના અભિપ્રાયમાં સંશય હોવાના કારણે, અથવા પ્રાર્થના કરવાથી પણ શું થાય? તે પ્રભુને તો સર્વત્ર નિશ્ચય સર્વ સિદ્ધ છે અને તેમનામાં સર્વ સામર્થ્ય સિદ્ધ કરવાનું સામર્થ્ય છે જ. ૨

ત્રીજો વિવેક—ભગવાનની ઇચ્છા જીવને કંઇપણ આપવાની હશે તો આપશેજ, પણ પોતાની ઇચ્છા આપવાની નહીં હશે તો કદીપણ આપશે નહીં. તો પછી પ્રાર્થના કરી ધર્મની હાનિ કરવી નહીં. ચોથો વિવેક—સર્વ વસ્તુ મેળવવાનું સામર્થ્ય ભગવાનમાં છે અને અસાધ્ય વસ્તુ પણ મેળવી આપે છે, માટે તેમની સેવા ત્યજીને જે કાંઈ પ્રયત્ન કરવામાં આવે તે નિષ્ફળ છે.

**अभिमानश्च सन्त्याज्यः स्वाम्यधीनत्वभावनात् ।**
**विशेषतश्चेदाज्ञा स्यादन्तःकरणगोचरः ॥ ३ ॥**
**तदा विशेषगत्यादि भाव्यं भिन्नं तु दैहिकात् ॥ ३½ ॥**

**अभिमानः, च, सन्त्याज्यः, स्वाम्यधीनत्वभावनात्**
**विशेषतः, चेत्, आज्ञा, स्यात्, अन्तःकरणगोचरः ॥ ३ ॥**
**तदा, विशेषगत्यादि, भाव्यम्, भिन्नम्, तु, दैहिकात् ॥ ३½ ॥**

**स्वाम्यधीनत्वभावनात्**–સ્વમીના અધીનતાના વિચારથી–**अभिमानः**, **च**–અભિમાન પણ, **सन्त्याज्यः**–વાસનાસહિત ત્યાગ કરવો યોગ્ય છે, **अन्तःकरणगोचरः**–પ્રભુ ભકતના અંતઃકરણમાં બિરાજેલા છે, તેમની, **विशेषतः**–વિશેષે કરીને, **आज्ञा**, **चेत्**–જો આજ્ઞા, **स्यात्**–થાય, **तदा**–ત્યારે તેમ કરવું. **दैहिकात्**–દેહસંબંધી સ્ત્રી પુત્ર વગેરેથી, **भिन्नम्**–જુદી જે હોય અને, **विशेषगत्यादि**–ભગવાનના સ્વરૂપ અને લીલાસંબંધી વિશેષ ગતિ–આજ્ઞા વગેરેની, **भाव्यम्**–ભાવના કરવી.

સ્વામીના અધીનતાના વિચારથી અભિમાન પણ વાસનાસહિત ત્યાગ કરવા યોગ્ય છે. પ્રભુ અન્તરાત્મા છે. તેમની વિશેષ કરીને સેવાસંબંધી વિશેષ આજ્ઞા થાય ત્યારે તેમ કરવું. જો તે આજ્ઞા દેહાદિકસંબંધથી જુદી હોય અને તે ભગવાનના સ્વરૂપ અને લીલાસંબંધની હોય તેવી આજ્ઞાની ભાવના કરવી. ૩½

પાંચમો વિવેક–જો દેહ અને ઇન્દ્રિય વગેરેને તેમના વિષયોમાં અભિમાનને લીધે સ્વતંત્રપણાથી રોકવામાં આવે તો તેમનો તે તે વિષયોમાં વિનિયોગ કર્યો ગણાય, માટે દેહાદિ ભગવાનને અર્પણ કર્યાં છે અને તે તેમને અધીન છે એવી ભાવના કરવી. બીજું કામ દોષરૂપ હોવાથી તે ત્યાગ કરવો યોગ્ય છે. છઠ્ઠો વિવેક–પ્રભુની સેવોપયોગી વિશેષ આજ્ઞા થાય તે પ્રમાણે કરવા તત્પર રહેવું.

**आपद्गत्यादिकार्येषु हठस्त्याज्यश्च सर्वथा ॥ ४ ॥**
**अनाग्रहश्च सर्वत्र धर्माधर्माग्रदर्शनम् ।**
**विवेकोऽयं समाख्यातो धैर्यं तु विनिरूप्यते ॥ ५ ॥**

**आपद्गत्यादिकार्येषु, हठः, त्याज्यः, च, सर्वथा ॥ ४ ॥**
**अनाग्रहः, च, सर्वत्र, धर्माधर्माग्रदर्शनम् ।**
**विवेकः, अयम्, समाख्यातः, धैर्यम्, तु, विनिरूप्यते ॥ ५ ॥**



**आपद्गत्यादिकार्येषु**–દુઃખાદિના પ્રસંગોમાં, **च**–પણ, **हठः**, **सर्वथा**–દુરાગ્રહ સર્વ પ્રકારે, **त्याज्यः**–ત્યાગ કરવો જોઇએ, **धर्माधर्माग्रदर्शनम्**–ધર્મ અને અધર્મનું સૂક્ષ્મ અવલોકન કરવું, **च**–અને, **सर्वत्र**–સર્વ ઠેકાણે–સર્વ વિષયોમાં **अनाग्रहः**–આગ્રહ કરવો નહીં, **अयम्**–આ, **विवेक**–વિવેકનું સ્વરૂપ, **समाख्यातः**–કહેલું છે, **तु**–હવે, **धैर्यम्**–ધૈર્યનું સ્વરૂપ, **विनिरूप्यते**–નિરૂપણ કરવામાં આવે છે.

દુઃખાદિ પ્રસંગોમાં દુરાગ્રહ સર્વ પ્રકારે ત્યાગ કરવો. ધર્મ અને અધર્મનું સૂક્ષ્મ અવલોકન કરવુ. સર્વ વિષયોમાં આગ્રહ કરવો નહીં. આ વિવેકનું સ્વરૂપ કહેલું છે. હવે ધૈર્યનું સ્વરૂપ કહેવામાં આવે છે. ૫

સાતમો વિવેક–આપત્તિકાલમાં પ્રભુસંબંધમાં તેમજ લૌકિકસંબંધમાં વિના પ્રયત્ને જે મળે તેનાથી ચલાવવું. તે વિના ચાલશે નહીં એવી હઠ કરવી નહીં. આઠમો વિવેક–ભગવત્સેવાનો ત્યાગ કરી બીજા વિષયોમાં સ્માર્ત તથા વૈદિક કાર્યો કરવામાં આગ્રહ કરવો નહીં. નવમો વિવેક–જે કર્મો કરવાથી પાપ લાગે અને અધર્મ થાય તે કરવાં નહીં.

**त्रिदुःखसहनं धैर्यमामृतेः सर्वतः सदा ।**
**तक्रवद् देहवद् भाव्यं जडवत् गोपभार्यवत् ॥ ६ ॥**

**त्रिदुःखसहनम्, धैर्यम्, आमृतेः, सर्वतः, सदा ।**
**तक्रवत्, देहवत्, भाव्यम्, जडवत्, गोपभार्यवत् ॥ ६ ॥**

**आमृतेः**–મરણપર્યન્ત, **सर्वतः**–સર્વ પ્રકારથી, **सदा**–નિરંતર, **त्रिदुःखसहनम्**–ત્રિવિધ દુઃખોને સહન કરવાં **धैर्यम्**–તે ધૈર્ય, ધીરજ કહેવાય, **तक्रवत्**, **देहवत्**–દેહસંબંધી દુઃખોમાં છાસની માફક, **जडवत्**–ઇંદ્રિયસંબંધી દુઃખોમાં જડભરતની માફક, **गोपभार्यवत्**–પ્રારબ્ધ ભોગવવામાં કે પ્રભુએ ફલ આપવા કરેલા વિલંબમાં ગોપીજનોની માફક, **भाव्यम्**–ભાવના કરવી.

મરણપર્યન્ત સર્વ પ્રકારથી નિરન્તર ત્રિવિધ દુઃખો સહન કરવાં તે ધૈર્ય કહેવાય. દેહસંબંધી દુઃખોમાં છાશની માફક, ઇંદ્રિયસંબંધી દુઃખોમાં જડભરતની માફક, પ્રારબ્ધ ભોગવવામાં કે પ્રભુએ ફલ આપવા કરેલા વિલંબમાં ગોપીજનોની માફક ભાવના કરવી. ૬

દુઃખો ત્રણ પ્રકારનાં છે. ૧. આધિભૌતિક દુઃખ–દેહ સંબંધીનું, જેમ છાશમાંથી માખણ લઈ લીધા પછી છાશ સારરહિત થઈ જાય છે અને પછી તે ઢોળાઈ જાય તેમાં કશું દુઃખ થતું નથી તેમ દેહના સંબંધમાંથી, છાશની માફક, અભિમાન છોડવાથી અપમાનાદિ થાય તેનું દુઃખ ન થાય, તેવા અભિપ્રાયથી દેહના સંબંધી સ્ત્રી પુત્રાદિમાં છાશની જેમ નિઃસાર દૃષ્ટિથી જોવું. દેહાદિથી ભગવત્સંબંધી કાર્યમાં માખણ માફક અભિમાન રાખવું. એ આધિભૌતિક દુઃખ સહન કરવામાં છાશ દૃષ્ટાન્તરૂપ છે.

૨–આધ્યાત્મિક દુઃખ—કામક્રોધાદિ વડે ઇન્દ્રિયોસંબંધીનું, જેમ જડભરતને ભગવદ્ભાવવાળી બધી ઇન્દ્રિયો થઈ હતી તેથી તેમને દુઃખનું ભાન નહોતું અને જડપણું થયું હતું, તે પ્રમાણે સેવામાં પ્રવૃત્ત થયેલાની બધી ઇન્દ્રિયો ભગવત્સંબંધી છે એવું અનુસંધાન રાખી તેને ભગવાનમાં વિનિયોગ કરે તેથી તેનો ભગવાનની સેવા, ગુણ, કીર્તન, સ્મરણાદિમાં આવેશ રહે, એટલે કામક્રોધાદિનું દુઃખ થાય નહીં. એવા અભિપ્રાયથી આધ્યાત્મિક દુઃખ સહન કરવામાં જડભરત–દૃષ્ટાન્તરૂપ છે.

૩ આધિદૈવિક દુઃખ—પ્રારબ્ધાદિ ભોગવવા કે પ્રભુએ ફલ આપવા કરેલા વિલંબના સંબંધિનું–જેમ અન્તર્ગૃહમાં રહેલાં ગોપભાર્યાઓને સકામબુદ્ધિરૂપ પ્રારબ્ધભોગ હતો, તેથી તેમને પ્રભુની સાથે રાસમાં મળવાના ફલમાં વિલંબ કારણરૂપ હતું, અને તેમને ઘરમાંથી નીકળવાનો માર્ગ જડયો નહીં, ત્યારે શ્રીભગવાનનું ધ્યાન ધર્યું અને વિરહનું દુઃખ નરકભોગ જેટલું થયું, એટલે તેમના પાપની નિવૃત્તિ થઈ, અને તેમના ધ્યાનમાં પ્રભુ પધાર્યા. પ્રભુનો આશ્લેષ કર્યો તેથી હજારો વર્ષના સ્વર્ગના સુખ જેવું સુખ થયું. તે પછી સગુણ દેહનો ત્યાગ કર્યો અને ભગવત્પ્રાપ્તિ થઈ તેમ જીવને પણ પ્રારબ્ધભોગ પૂરા થયા પછી શ્રીભગવાન ઇચ્છિત ફલ આપશે એમ માની ધૈર્ય રાખી દુઃખ સહન કરવું. જે ગોપીજનોનો નિર્ગુણ દેહ હતો તેમને રાસમાં આવવા સારૂ કાંઈ પ્રતિબંધ ન થયો અને ભગવાન પાસે આવ્યાં, અને તેમને ઘેર જવા સારૂ કેટલાંક વચનો કહ્યાં. તેથી યજ્ઞપત્નીના જેમ ઘેર ગયાં નહીં, પણ મનની ઇચ્છા પુરી નહીં પડવાનો સંભવ થવાથી તેમને દુઃખ થયું, તે સહન કરીને વળતો જવાબ આપ્યો. અને ઘેર જવાની ઇચ્છા કરી નહીં. માટે વિલંબથી થતાં દુઃખો સહન કરીને પણ પૂર્ણ સ્નેહથી માર્ગની મર્યાદામાં રહેવાથી ભગવાન ઇચ્છિત ફલ આપશે એવું ધૈર્ય રાખીને દુઃખ સહન કરવાં. એવા અભિપ્રાયથી આધિદૈવિક દુઃખ સહન કરવામાં ગોપીજનો દૃષ્ટાન્તરૂપ છે.



**प्रतीकारो यद्दच्छातः सिद्धश्चेन्नाग्रही भवेत् ।**
**भार्यादीनां तथान्येषामसतश्चाक्रमं सहेत् ॥ ७ ॥**

**प्रतीकारः, यद्दच्छातः, सिद्धः, चेत्, न, आग्रही, भवेत् ।**
**भार्यादीनाम्, तथा, अन्येषाम्, असतः, च, आक्रमम्, सहेत् ॥ ७ ॥**

**यद्दच्छातः**-ભગવદિચ્છાએ **चेत्, प्रतीकारः**-જો દુઃખનિવૃત્તિનો ઉપાય **सिद्धः**-સિદ્ધ થાય તો, **आग्रही, न**-આગ્રહી નહીં, **भवेत्**-થવું, **भार्यादीनाम्**-સ્ત્રીપુત્રાદિના, **तथा, अन्येषाम्**-તથા બીજાઓના, **असतः**-નીચ મનુષ્યના, **आक्रमम्**-તિરસ્કારને, **सहेत्**-સહન કરવા.

ભગવદિચ્છાએ જો દુઃખનિવૃત્તિનો ઉપાય સિદ્ધ થાય તો દુઃખ ભોગવવાનો આગ્રહ રાખવો નહીં. સ્ત્રીપુત્રાદિના તથા બીજા નીચ મનુષ્યોના તિરસ્કારોને સહન કરવા. ૭

**આધિભૌતિક દુઃખ મટાડવાની વ્યવસ્થા**—શ્રીભગવાનની ઇચ્છાથી દુઃખની નિવૃત્તિનો ઉપાય સિદ્ધ થાય, એટલે કે સ્ત્રી વગેરે સેવામાં અનુકૂલ અથવા ઉદાસીન હોઈ આવરણરૂપ ન હોય તો તેમનો ત્યાગ કરવાની હઠ પર જવું નહીં, એટલું જ નહીં પણ તેઓ અનુકૂલ હોય તો તેમની પાસે પણ સેવા કરાવવી, ઉદાસીન હોય તો જાતે કરવી, પણ તેમનું સઘળી રીતનું યોગક્ષેમ તો કરવું જ જોઇએ, તેઓનો ત્યાગ નહીં કરવો. સ્ત્રીપુત્રાદિ સેવામાં પ્રતિકૂલ હોય તોજ તેમનો ત્યાગ કરવો. નીચ મનુષ્યના તિરસ્કારને સહન કરવો.

**આધ્યાત્મિક દુઃખ નિવૃત્ત કરવાની વ્યવસ્થા**—પોતાના વિષયરૂપ ભોગ્ય વસ્તુનો ત્યાગ કરવા જતાં દુઃખ થાય છે. જો ભગવદિચ્છાથી ઇંદ્રિયોને ભોગ્ય વસ્તુ ભોગવવા તરફ પ્રવૃત્તિ ન થાય તો ઇંદ્રિયોના ભોગો સેવામાં અંતરાયરૂપ થતા નથી, તેથી તેમનો ત્યાગ કરવા આગ્રહ ન કરવો, કારણ કે તેવો ત્યાગ કરવાનો આગ્રહ નહીં રાખનારાને સઘળા ભોગની સામગ્રી પ્રભુનિમિત્તે હોઈ જરૂરની છે. માટે તેનો પ્રભુમાં ઉપયોગ થયા પછી મહાપ્રસાદરૂપ તથા પોતાના સૌભાગ્યરૂપ હોવાથી તે ભોગો ભોગવવામાં આવે તો ભગવદીય જનોમાં બહારની અને આંતર શુદ્ધિ થઈ ભગવાનનો આવેશ થાય છે.

**આધિદૈવિક દુઃખનિવૃત્તિની વ્યવસ્થા**—પ્રારબ્ધભોગ પછી અથવા પ્રભુએ કસોટી કર્યા પછી ભગવત્કૃપાથી પોતાના પ્રયત્ન વિના–બાપદાદાથી

જે ધન મળે તે શુદ્ધ છે, માટે તેનો ત્યાગ કરવા આગ્રહ કરવો નહીં, કારણ કે પ્રારબ્ધ પણ ભગવાનને અધીન છે. આ ધન પ્રભુએ સેવાના ઉપયોગ માટે આપ્યું છે એમ માની તેનો વિનિયોગ પ્રભુસેવામાં કરવો. દેહાદિસંબંધી દુઃખ દેનારામાં સ્ત્રી વગેરેનું ભરણપોષણ અપેક્ષિત છે, ધર્મ અપેક્ષિત નથી, તેથી તેમનું ભરણપોષણ ન હોય તો તે તિરસ્કાર કરે. તે સહન કરવો, ક્રોધાદિ કરવા નહીં. મિત્રાદિ ઈર્ષ્યા કરે, ભાઈઓ દ્વેષ કરે, નોકરો તિરસ્કાર કરે, ધર્મના અનુરોધી ભક્તાદિ પ્રમાદથી જીવસ્વભાવે કરી તિરસ્કાર કરે, તો તે બધા પ્રારબ્ધાદિભોગ છે એવી ભાવના રાખી ધૈર્ય ધારણ કરી તે દુઃખો સહન કરવાં, પણ તેમના પર ક્રોધાદિ કરવા નહીં.

**स्वयमिन्द्रियकार्याणि कायवाङ्मनसा त्यजेत् ।**
**अशूरेणापि कर्तव्यं स्वस्यासामर्थ्यभावनात् ॥ ८ ॥**
**स्वयम्, इन्द्रियकार्याणि, कायवाङ्मनसा, त्यजेत् ।**
**अशूरेण, अपि, कर्तव्यम्, स्वस्य, असामर्थ्यभावनात् ॥**

**स्वयम्**–પોતે, **कायवाङ्मनसा**–કાયા, વાણી અને મન વડે, **इन्द्रियाणि**–સર્વ ઇન્દ્રિયોનાં કાર્યોને, **त्यजेत्**–ત્યાગ કરવાં, **स्वस्य**–પોતાની, **असामर्थ्यभावनात्**–અશક્યતાનો વિચાર કરીને, **अशूरेण, अपि**–અશક્ત પુરુષે પણ, **कर्तव्यम्**–શક્તિ પ્રમાણે ઇન્દ્રિયોના વિષયભોગનો ત્યાગ અવશ્ય કરવો.

પોતે, મન, વચન અને કર્મથી સર્વ ઇંદ્રિયોના વિષયોને ત્યાગ કરવા. પોતાની અશક્તિનો વિચાર કરીને અને ભગવાનના સામર્થ્યનો વિચાર કરી અશક્ત પુરુષે પણ વિષયભોગનો ત્યાગ અવશ્ય કરવો. ૮

ઇન્દ્રિયોને જીતવા–દમન કરવામાં જે શૌર્યની આવશ્યકતા છે તે સર્વમાં નથી, તેથી તેવા લોકો ભગવાનનો આશ્રય લઈને પોતાની ઇન્દ્રિયો પર વિજય પ્રાપ્ત કરી શકે છે. પ્રાકૃત વિષયમાં ઇન્દ્રિયો જાય તેને અલૌકિક–પ્રભુ સેવાના કાર્યોમાં પ્રવૃત્ત કરાવવી અને તેમાં જે દુઃખ થાય તે સહન કરવું. પ્રારબ્ધભોગ સારૂ કે પરીક્ષા સારૂ પ્રભુ વિલંબ કરે તેમાં પ્રભુની લીલા માની ધૈર્યજ રાખવું

**अशक्ये हरिरेवास्ति सर्वमाश्रयतो भवेत् ।**
**एतत् सहनमत्रोक्तमाश्रयोऽतो निरूप्यते ॥ ९ ॥**



**अशक्ये, हरिः, एव, अस्ति, सर्वम्, आश्रयतः, भवेत् ।**
**एतत्, सहनम्, अत्र, उक्तम्, आश्रयः, अतः, निरूप्यते ॥ ९ ॥**

**अशक्ये**–અશક્ય અવસ્થામાં, ન બની શકે તેવાં કાર્યો કરવામાં, **हरिः, एव**–હરિ ભગવાનજ રક્ષણ કરનારા છે. **आश्रयतः**–તેમના આશ્રયથી **सर्वम्**–સર્વ **भवेत्**–થાય છે, **अत्र, एतत्**–અહીં આ, ધૈર્ય, **सहनम्, उक्तम्**–સહન કરવાનું કહ્યું છે, **अतः** હવે, **आश्रयः**–આશ્રય–શરણ, **निरूप्यते**–નિરૂપણ કરાય છે.

અશક્ય અવસ્થામાં હરિ ભગવાનજ રક્ષણ કરનારા છે. તેમના આશ્રયથી સર્વ થાય છે. અહીં ધૈર્ય–સહન કરવાનું કહ્યું છે. હવે આશ્રય–શરણ નિરૂપણ કરાય છે. ૯

જે જીવ સેવામાં પ્રવૃત્ત થયો છે અને જેની વિવેકધૈર્યાદિમાં શક્તિ નથી તેણે શ્રીહરિ શરણ છે એવી ભાવના કરવી, એટલે જે બની શકે તેવાં કાર્ય પણ હરિના આશ્રયથી સિદ્ધ થાય છે. જો આશ્રય ન હોય તો પોતાથી શક્ય હોય પણ સિદ્ધ થતું નથાં. અર્થાત્ નિઃસાધનપણાથી શરણાગતિ થાય તો પ્રભુકૃપાથી વિવેક, ધૈર્ય બધાં એકજ સમયમાં સિદ્ધ થાય છે.

**ऐहिके पारलोके च सर्वथा शरणं हरिः ॥ ९½ ॥**
**ऐहिके, पारलोके, च, सर्वथा, शरणं, हरिः ।**

**ऐहिके, च**–આ લોકસંબંધી અને, **पारलोके**–પરલોકસંબંધી કાર્યોમાં, **सर्वथा**–સર્વ પ્રકારે, **हरिः**–શ્રીહરિજ, **शरणम्**–મારૂં શરણ થાઓ.

આ લોકસબંધી અને પરલોકસંબંધી કાર્યોમાં સર્વપ્રકારે શ્રીહરિજ મારૂં શરણ થાઓ. ૯½

પારલૌકિક સુખો મેળવવામાં અને સાંસારિક સુખો પ્રાપ્ત ન થતાં તે મેળવવામાં, એમ બધા પ્રકારે શ્રીહરિજ શરણરૂપ છે.

**दुःखहानौ तथा पापे भये कामाद्यपूरणे ॥ १० ॥**
**भक्तद्रोहे भक्त्यभावे भक्तैश्चातिक्रमे कृते ।**

**अशक्ये वा सुशक्ये वा सर्वथा शरणं हरिः ॥ ११ ॥**

**दुःखहानौ, तथा, पापे, भये, कामाद्यपूरणे ॥**
**भक्तद्रोहे, भक्त्यभावे, भक्तैः, च, अतिक्रमे, कृते ।**
**अशक्ये, वा, सुशक्ये, वा, सर्वथा, शरणम्, हरिः ॥ ११ ॥**

**दुःखहानौ**–દુઃખની નિવૃત્તિ થવામાં, **तथा, पापे, भये**–તથા પાપ અને ભયમાં, **कामाद्यपूरणे**–ઇચ્છાઓ નહીં પૂરી થવામાં, **भक्त्यभावे**–ભકિતના અભાવમાં, **च, भक्तैः**–અને ભકતોદ્વારા, **अतिक्रमे, कृते**–અનાદર થાય ત્યારે, **अशक्ये, वा**–અશકય કામમાં અથવા, **सुशक्ये वा**–બની શકે તેવા કામમાં, **हरिः सर्वथा**–શ્રીહરિ સર્વ પ્રકારે, **शरणम्**–મારૂં શરણ થાઓ.

દુઃખની નિવૃત્તિ થવામાં તથા પાપ અને ભયમાં, ઇચ્છાઓ પુરીનહીં થવામાં, ભકતદ્રોહમાં, ભકિતના અભાવમાં, ભકતોદ્વારા અનાદર થાય ત્યારે, નબનીશકે અથવા બની શકે તેવાં કાર્યોમાં શ્રીહરિ સર્વપ્રકારે મારૂં શરણ થાઓ. ૧૧

ભકિતમાર્ગના જીવને સેવામાં પ્રવૃત્ત હોય અને તેમાં કોઇ ભગવદપરાધ થઇ જાય ત્યારે ચિત્તમાં ઉદ્વેગ ન થાય તે સારૂ શરણભાવના કરવી. આ માર્ગમાં પ્રવેશ થતા પહેલાં પ્રમાદથી કોઇ પાપ થયું હોય તો પોતાના દોષ વિચારી તેની નિવૃત્તિ માટે શરણની ભાવના કરવી. પ્રાયશ્ચિત્તાદિ જેવું કશું કરવા જરૂર નથી. ભગવત્સ્વરૂપમાં સ્નેહ ઉત્પન્ન ન થાય તે સારૂ ભકત અપમાન કરે તો શરણની ભાવના કરવી. પોતાના સામર્થ્યથી આ કાર્ય થયું તેવું અભિમાન કરે તો શરણધર્મ જાય છે. માટે સર્વાત્મભાવથી હરિના સ્મરણની ભાવના કરવી.

**अहंकारकृते चैव पोष्यपोषणरक्षणे ।**
**पोष्यातिक्रमणे चैव तथान्तेवास्यतिक्रमे ॥ १२ ॥**
**अलौकिकमनःसिद्धौ सर्वार्थे शरणं हरिः ।**
**एवं चित्ते सदा भाव्यं वाचा च परिकीर्तयेत् ॥ १३ ॥**

**अहंकारकृते, च, एव, पोष्यपोषणरक्षणे ।**
**पोष्यातिक्रमणे, च, एव, तथा, अन्तेवास्यतिक्रमे ॥ १२ ॥**
**अलौकिकमनःसिद्धौ, सर्वार्थे, शरणम्, हरिः ॥**
**एवम्, चित्ते, सदा, भाव्यम्, वाचा च, परिकीर्तयेत् ॥ १३ ॥**



**अहंकारकृते**–અહંકાર કર્યો હોય તેમાં, **च, एव**–અને, **पोष्यपोषणरक्षणे**–પોષણ કરવા યોગ્યનું પોષણ અને રક્ષણ કરવામાં, **पोष्यातिक्रमणे**–પોષણ કરવા યોગ્ય એવા મનુષ્યોદ્વારા અનાદર થવામાં, **च, एव**–તેમજ, **अन्तेवास्यतिक्रमे**–શિષ્યવર્ગદ્વારા પેતાના થયેલા તિરસ્કારમાં, **अलौकिकमनःसिद्धौ**–માનસી સેવાની સિધ્ધિમાં, **सर्वार्थे**–સર્વ અર્થોમાં, **हरिः, शरणम्**–શ્રીહરિજ મારૂં શરણ છે, **एवम्**–એ પ્રકારે, **चित्ते, सदा**–ચિત્તમાં નિરન્તર, **भाव्यम्**–ભાવના કરવી, **च, वाचा**–અને વાણી વડે, **परिकीर्तयेत्**–કીર્તન કરવું.

જીવસ્વભાવથી કોઈની સાથે અહંકાર કર્યો હોય તેમાં, પોષણ કરવા યોગ્યનું પોષણ અને રક્ષણ કરવા સારૂ, સેવકોદ્વારા અનાદર થવામાં, તેમજ પોતાના શિષ્યે કરેલા તિરસ્કાર માટે અભિમાન થાય તેથી આસુરાવેશ આવી જાય છે. પછી વિવેક બુદ્ધિ વડે પશ્ચાત્તાપ થાય છે ત્યારે માનસી સેવાની સિદ્ધિમાં, તેમજ સર્વ અર્થોમાં, શ્રીહરિજ મારૂં શરણ છે એવી ભાવના કરવી અને વાણીદ્વારા હરિકીર્તન કરવું. ૧૩

આવા પ્રસંગોમાં કાયા, વાચા અને મનસા એ ત્રણ પ્રકારથી પ્રભુની શરણાગતિ લેવી અને એમ કરવાથી આગળ જે અશકય કહેવામાં આવ્યું છે તે પણ શકયરૂપે પરિણામ પામે છે.

**अन्यस्य भजनं तत्र स्वतो गमनमेव च, ।**
**प्रार्थनाकार्यमात्रेऽपि ततोन्यत्र विवर्जयेत् ॥ १४ ॥**

**अन्यस्य, भजनम्, तत्र, स्वतः, गमनम्, एव, च ।**
**प्रार्थनाकार्यमात्रे, अपि, ततः, अन्यत्र, विवर्जयेत् ॥ १४ ॥**

**अन्यस्य**–શ્રીભગવાન વિના બીજા દેવતાઓનું, **भजनम्**–ભજન–સેવન કરવું, **च, तत्र**–અને તેમની પાસે, **स्वतः एव**–પોતાની મેળેજ, **गमनम्**–જવું તે અને, **प्रार्थनाकार्यमात्रे**–બીજા દેવતાઓની કેવળ પ્રાર્થનામાં અને દરેક કામમાં, **अपि, ततः**–પણ ભગવાન વિના, **अन्यत्र**–બીજા દેવતાઓનો, **विवर्जयेत्**–સર્વથા ત્યાગ કરવો.

શ્રીભંગવાન વિના બીજા દેવતાઓનું ભજન, અને પોતે ત્યાં જવું તે, અને કોઈ કામ સારૂ તેમને પ્રાર્થના કરવી, આ ત્રણ વાતનો સર્વથા ત્યાગ કરવો. ૧૪:

જો તેમ કરવામાં ન આવે તો શરણભાવના જતી રહે છે. શ્રીભગવાનને અનન્ય ભક્તોજ પ્રિય છે, અને જો અન્યાશ્રય થાય તો તે તેમને પોતાનો આશ્રય આપતા નથી.

अविश्वासो न कर्तव्यः सर्वथा बाधकस्तु सः ।
ब्रह्मास्त्रचातकौ भाव्यौ प्राप्तं सेवेत निर्ममः ॥ १५ ॥
अविश्वासः, न, कर्तव्यः, सर्वथा, बाधकः, तु, सः ।
ब्रह्मास्त्रचातकौ, भाव्यौ, प्राप्तम्, सेवेत, निर्ममः ॥ १५ ॥

**अविश्वासः**–અવિશ્વાસ, **न**, **कर्तव्यः**–કરવો નહીં, **सः तु**–તે તો, **सर्वथा**, **बाधकः**–સર્વ પ્રકારે બાધ કરનારો છે, **ब्रह्मास्त्रचातकौ**–બ્રહ્માસ્ત્ર અને ચાતક–બપૈયા પક્ષી, **भाव्यौ**–ભાવના કરવા યોગ્ય છે, **निर्ममः**–મમતારહિત થઇને, **प्राप्तम्**–પ્રાપ્ત વસ્તુઓનું, **सेवेत**–સેવન કરવું.

શરણાગતિમાં અવિશ્વાસ કરવો નહીં. તે તો સર્વ પ્રકારે બાધક છે. અવિશ્વાસમાં બ્રહ્માસ્ત્ર અને ચાતક પક્ષીનું દૃષ્ટાન્ત વિચારવા યોગ્ય છે, અને જે પ્રાપ્ત થયેલું છે તેનું મમતારહિત થઇને સેવન કરવું. ૧૫

જેમ રાવણના પુત્ર ઇન્દ્રજીતે સુતરના દોરામાં બ્રહ્માસ્ત્રની ભાવના કરી તે વડે હનુમાનજીને બાંધી રાવણ પાસે લાવ્યા, પણ રાવણને તેમાં અવિશ્વાસ આવ્યો અને તેમને લોખંડની મોટી સાંકળોથી બાંધ્યા, પણ તે તોડી નાસી છૂટી ગયા. ચાતક પક્ષી સ્વાતિ નક્ષત્રનું જ જળ પીવું એવો દૃઢ નિશ્ચય કરે છે, તો તેને વિશ્વાસના બળથી સ્વાતિના વરસાદનું જલ મળે છે, અને તે પીવાને પણ ભાગ્યશાળી થાય છે માટે અવિશ્વાસ છોડી દઈ, લૌકિક વિષયોમાં મમતાનો ત્યાગ કરી, દૈવેચ્છાથી જે કાંઈ સુખદુઃખ અથવા તેનાં સાધનો મળે તો તેનો અનુભવ કરવો, પણ તેમાં અભિનિવેશ રાખવો નહીં.

यथाकथञ्चित् कार्याणि कुर्यादुच्चावचान्यपि ।
किं वा प्रोक्तेन बहुना शरणं भावयेद्धरिम् ॥ १६ ॥
यथाकथञ्चित्, कार्याणि, कुर्यात्, उच्चावचानि, अपि ।
किम्, वा, प्रोक्तेन, बहुना, शरणम्, भावयेत्, हरिम् ॥ १६ ॥

**उच्चावचानि**-**उच्च**-વૈદિક અને, **अवच**-તેથી હલકાં, લૌકિક, **अपि**–પણ, **कार्याणि**–કાર્યો પ્રભુની આજ્ઞા સમજી, **यथाकथंचित्**–જે કોઇ બને તેવી રીતે, **कुर्यात्**–કરવાં, **वा**, **बहुना**–અથવા ઘણું, **प्रोक्तेन**–કહેવાથી, **किम्**–શું પ્રયોજન છે, **हरिम्**–શ્રીહરિના, **शरणम्**-શરણની, **भावयेत्**–ભાવના કરવી.



લૌકિક અને વૈદિક કાર્યો પણ પ્રભુની આજ્ઞા સમજીને જે કાંઇ બને તેવી રીતે કરવાં. અથવા ઘણું કહેવાથી શું ? શ્રીહરિના શરણની ભાવના કરવી. ૧૬

વૈદિક કાર્યો સેવાના અનવસરમાં નિષ્કામપણાથી કરવાં. લૌકિક કાર્યો પણ મમતા રાખ્યા વિના કરવાં. સેવાનાં કાર્યો તથા લૌકિક એ બંને જાતનાં કર્મો બની શકે ત્યાં સુધી કરવાં, પણ કરજ કરીને કે લોકલાજ સારૂ તે કર્મો કરવાં નહીં.

एवमाश्रयणं प्रोक्तं सर्वेषां सर्वदा हितम् ।
कलौ भक्त्यादिमार्गा हि दुःसाध्या इति मे मतिः ॥ १७ ॥
एवम्, आश्रयणम्, प्रोक्तम्, सर्वेषाम्, सर्वदा, हितम् ।
कलौ, भक्त्यादिमार्गाः, हि, दुःसाध्याः, इति, मे, मतिः ॥

**एवम्**–આ પ્રકારે, **आश्रयणम्**–આશ્રયનું સ્વરૂપ, **प्रोक्तम्**–નિરૂપણ કર્યું તે, **कलौ**–કલિયુગમાં, **सर्वेषाम्**, **सर्वदा**–બધા વર્ણ, આશ્રમવાળાને નિરંતર, **हितम्**–હિતકારી છે, **भक्त्यादिमार्गाः**–ઉપાસનાદિ મર્યાદામાર્ગ, **दुःसाध्याः**–કઠિન સાધન વડે સિદ્ધ થાય તેવા છે, **इति**–એ પ્રમાણે, **मे**–મારી–શ્રીવલ્લભાચાર્યજીની, **मतिः**–મતિ છે.

આ પ્રકારે આશ્રયનું સ્વરૂપ નિરૂપણ કર્યું. તે કલિયુગમાં બધા વર્ણ આશ્રમ-વાળાને નિરંતર હિતકારી છે. ઉપાસનાદિ મર્યાદામાર્ગ કઠિન સાધન વડે સિદ્ધ થાય તેવા છે, એમ શ્રીમદાચાર્યચરણનું માનવું છે. ૧૭

બીજા યુગોમાં ધર્મ પ્રધાન હતો અને તેથી સાધન વડે ઉપાસના, કર્મ વગેરેનાં ફલ મળતાં હતાં, પણ કલિયુગ પાપપ્રધાન છે, તેથી સાધનના અભાવમાં ભકિત વગેરે થઇ શકે નહીં, માટે શરણાગતિ કરવાથી શ્રીભગવાન અનુગ્રહ કરશે એવી ભાવના કરવી, બીજું કશું કરવું નહીં.

इति श्रीमद्वल्लभाचार्यप्रकटितविवेकधैर्याश्रयनिरूपणं सम्पूर्णम् ॥ ८ ॥

આ પ્રમાણે શ્રીમદ્વલ્લભાચાર્યજીએ પ્રકટ કરેલો વિવેકધૈર્યાશ્રયનિરૂપણ નામનો ગ્રન્થ સમ્પૂર્ણ થયો. ૮

॥ श्रीकृष्णार्पणमस्तु ॥

# ૯ श्रीकृष्णाश्रय

**ગ્રન્થપરિચય**-શ્રીકૃષ્ણનો આશ્રય જીવના સાધનબળથી પ્રાપ્ત થતો નથી, તેથી શ્રીમદ્દાચાર્યચરણ સ્વીયજનોને તેનું વરપ્રદાન કરતા હોય તેમ શ્રીકૃષ્ણાશ્રય ગ્રન્થનું નિરૂપણ કરે છે. તેમાં ધર્મનાં છ સાધનોનું નષ્ટપણું બતાવે છે.

પ્રથમ ૧ કાલ-કલિયુગ છે. ૨. દેશ, મ્લેચ્છોથી ભરાઇ ગયા છે એટલે તે બન્નેનું શુદ્ધપણું નથી. ૩. અર્થ, લોકો પાપાત્મા અને નાસ્તિક થવાથી દેવતાનું આધિદૈવિક સ્વરૂપ તિરોધાન પામેલું છે. ૪. કર્તા, કર્મના અભિમાની અને દ્રવ્ય તથા માન, લાભ મેળવવાની વૃત્તિવાળા હોવાથી તેમની વિશુધ્ધિ નથી. ૫. મન્ત્રો, મન્ત્રના અર્થનું અજ્ઞાન અને તે સારૂ રાખવા જોઇતા વ્રતાનિયમાદિનું પાલન નહીં થવાથી તેના અર્થ, ફલ અને દેવતાના સ્વરૂપનું જ્ઞાન રહ્યું નથી. ૬. કર્મ, વેદોકતકર્મ, વ્રતાદિમાં મતભેદ થવાથી તેનું ખરૂં સ્વરૂપ તિરોધાન પામેલું છે. આ રીતે ધર્મનાં છ સાધનો નષ્ટ થઇ ગયાં છે. વસ્તુતાએ જગત ભગવદ્રૂપ છે. શ્રીપ્રભુથી તેની ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે. તેવી રીતે યજ્ઞાદિ અને તે સિધ્ધ કરવાનાં સાધનોથી યુક્ત અલૌકિક પુરુષાર્થ વેદમાં કહેલા છે, અને અમુક સાધનવડે ધર્મ સિધ્ધ થાય છે અને અમુક અમુક વડે અર્થ, કામ અને મોક્ષ સિધ્ધ થાય છે તેનું વેદમાં નિરૂપણ છે. પરંતુ તે દુઃસાધ્ય છે, જેથી ભક્તને ધર્મના સાધન અને પુરુષાર્થરૂપ શ્રીકૃષ્ણજ છે, અને તેમના અનુગ્રહ સારૂ સર્વાત્મભાવથી ભક્તિપૂર્વક શ્રીપ્રભુનું નિત્ય નિરંતર ભજન, સેવાસ્મરણ કરવું. તેથી આશ્રય સિધ્ધ થાય છે. આશ્રયની દઢતા સારૂ શ્રીપ્રભુના નામ અને સ્વરૂપનું જ્ઞાન પણ સાથે સાથે કરાવે છે. જીવ સ્વભાવથી દોષોથી ભરેલ છે. તેના પર અનુગ્રહ કરી તેને શરણમાં લેવા પ્રભુને દીનતાપૂર્વક વિજ્ઞાપન કરે છે. આવી રીતે આ ગ્રન્થમાં પ્રાણાત્મક દશ શ્લોકથી શ્રીકૃષ્ણના આશ્રયનું નિરૂપણ કરી અગીયારમા શ્લોકથી સ્તોત્રના આત્મારૂપ ફલશ્રુતિનો બોધ આપી ગ્રન્થ પૂર્ણ કરેલો છે.

**सर्वमार्गेषु नष्टेषु कलौ च खलधर्मिणि ।**
**पाषण्डप्रचुरे लोके कृष्ण एव गतिर्मम ॥ १ ॥**
**सर्वमार्गेषु, नष्टेषु, कलौ, च, खलधर्मिणि ।**
**पाषण्डप्रचुरे, लोके, कृष्णः, एव, गतिः, मम ॥ १ ॥**



**खलधर्मिणि**-ઉપરથી દેખાતા સારા પણ અંદરથી દુષ્ટધર્મવાળા **कलौ**-કલિયુગમાં, **सर्वमार्गेषु**-ઉદ્ધારના સર્વ માર્ગ, **नष्टेषु**-નાશ થવાથી, **च**, **लोके**-અને લોકમાં, **पाषण्डप्रचुरे**-પાખંડની અધિકતા થવાથી, **कृष्णः**, **एव**-શ્રીકૃષ્ણ જ, **मम**, **गतिः**-મારી ગતિ આશ્રય હો.

ખલધર્મપ્રધાન કલિયુગમાં ઉદ્ધારના સર્વ માર્ગ-કર્મ, ઉપાસના અને જ્ઞાનાદિ માર્ગનો નાશ થવાથી, લોકમાં પાખંડની અધિકતા થવાથી તેવા સમયમાં શ્રીકૃષ્ણજ મારી ગતિ-આશ્રય હો. ૧

કર્મનાં છ સાધનો પૈકી (૧) **કાલધર્મની અશુદ્ધિનું** નિરૂપણ—કર્મ માર્ગમાં યજ્ઞાદિકર્મો ચિત્તશુદ્ધિ નહીં હોવોને લીધે નિષ્ફળ થઇ ગયાં છે, અને વેદના આત્મસુખવાચક શબ્દોના લોકસુખવાચક અર્થ કરી ભ્રમ ઉત્પન્ન કરવામાં આવે છે. જ્ઞાનમાર્ગમાં નિરીશ્વરવાદ ઉપસ્થિત થતાં જ્ઞાન તથા યોગ નાશ પામ્યા છે. વિભૂતિપરત્વે ઉપાસના હોવાથી ભક્તિ નષ્ટ થાય છે. એ પ્રકારે કર્મજ્ઞાનાદિ-માર્ગ નાશ થઈ ગયા છે. લોકમાં પાખંડ વધી ગયાં, તેથી પુરુષાર્થની સિદ્ધિના ઉપાય શોધવાના માર્ગ નષ્ટ થયા છે. શ્રીકૃષ્ણ-પરબ્રહ્મ-પૂર્ણપુરુષોત્તમ વિના. સર્વ કાલને આધીન છે. આ કલિ કાલ સર્વ કાલમાં કનિષ્ઠ છે. તેથી કાલની આ અશુદ્ધિના સમયે સર્વ કાલમાં અબાધિત શ્રીકૃષ્ણ જ મારો આશ્રય થાવ.

**म्लेच्छाक्रान्तेषु देशेषु पापैकनिलयेषु च ।**
**सत्पीडाव्यग्रलोकेषु कृष्ण एव गतिर्मम ॥ २ ॥**
**म्लेच्छाक्रान्तेषु, देशेषु, पापैकनिलयेषु, च ।**
**सत्पीडाव्यग्रलोकेषु, कृष्णः, एव, गतिः, मम ॥ २ ॥**

**देशेषु**-દેશ, **म्लेच्छाक्रान्तेषु**-મ્લેચ્છોથી ભરાયલા હોવાથી, **च**-અને, **पापैकनिलयेषु**-કેવલ પાપનાં સ્થાન બની જવાથી, **सत्पीडाव्यग्रलोकेषु**-સારા માણસોને થતી પીડાથી લોકો અધીરા થયા, તેવી દશામાં, **कृष्णः एव**-શ્રીકૃષ્ણજ **मम**, **गतिः**-મારી ગતિ આશ્રય હો.

સર્વ દેશો મ્લેચ્છોથી ભરાયલા હોવાથી અને કેવલ પાપનાં સ્થાન થઈ જવાથી, સારા માણસોને થતી પીડાથી, લોકો અધીરા થઈ રહ્યા છે. તેવી દશામાં શ્રીકૃષ્ણ જ મારી ગતિ-આશ્રય હો. ૨

(૨) **દેશની અશુદ્ધિનું** નિરૂપણ—યાત્રાનાં સર્વ સ્થલો મ્લેચ્છોથી ભરાઈ ગયાં છે અને પાપનાં સ્થાન બન્યાં છે. સજ્જનોને સદાચરણ અને ધર્મ પાળવામાં અને કર્મ કરવામાં અડચણો પડવા લાગી તે જોઈ લોકમાં ધર્મની શ્રધ્દા રહેલી નથી અને તે અધીરા બની ગયા છે. આવી રીતે દેશની પણ અશુદ્ધિ થયા છતાં વિશુદ્ધ સ્થાનરૂપ શ્રીકૃષ્ણમાં મારૂં અંતઃકરણ સ્થિર થાવ.

**गङ्गादितीर्थवर्येषु दुष्टैरेवावृतेष्विह ।**
**तिरोहिताधिदैवेषु कृष्ण एव गतिर्मम ॥ ३ ॥**
**गङ्गादितीर्थवर्यें,दुष्टैः, एव, आवृतेषु, इह ।**
**तिरोहिताधिदैवेषु, कृष्णः, एव, गतिः, मम ॥ ३ ॥**

**इह**–આ લોકમાં, **गंगादितीर्थवर्येषु**–ગંગાજી વગેરે ઉત્તમ તીર્થો, **दुष्टैः, एव**–દુષ્ટો વડે જ **आवृतेषु**–ચારે તરફથી ઘેરાયાં છે, **तिरोहिताधिदैवेषु**–જેમનાં આધિદૈવિક સ્વરૂપ તિરોધાન થયાં હોવાથી, **कृष्णः, एव**–શ્રીકૃષ્ણ જ, **मम, गतिः**–મારી ગતિ–આશ્રય હો.

આ લોકમાં ગંગાજી વગેરે ઉત્તમ તીર્થો દુષ્ટો વડેજ ચારે તરફથી ઘેરાયલાં છે, અને તેમનું આધિદૈવિક સ્વરૂપ તિરોધાન થયેલું છે. તેથી શ્રીકૃષ્ણજ મારી ગતિ–આશ્રય હો. ૩

(૩) **દ્રવ્ય—અર્થના નષ્ટપણાનું** નિરૂપણ—તીર્થો દુષ્ટલોકોથી ઘેરાયાં છે. તેવાં તીર્થોમાં પુરુષાર્થ સિદ્ધ થાય નહીં. તીર્થમાં રહેનારાઓને તીર્થ પર ભાવ હોતો નથી અને ધૂતવાનુંજ સમજે છે. તેથી તે શ્રદ્ધારહિત, પાપાત્મા અને નાસ્તિક છે. દેવતારૂપ તીર્થનું આધિદૈવિક સ્વરૂપ તિરોધાન પામેલું છે, અને માત્ર સત્પુરુષોજ તેનું દર્શન કરી શકે છે, બીજાને થતું નથી. માટે તીર્થના તીર્થસ્વરૂપ, અર્થરૂપ, શ્રીકૃષ્ણમાંજ મારી બુદ્ધિ રહો.

**अहङ्कारविमूढेषु सत्सु पापानुवर्तिषु ।**
**लाभपूजार्थयत्नेषु कृष्ण एव गतिर्मम ॥ ४ ॥**
**अहङ्कारविमूढेषु, सत्सु, पापानुवर्तिषु ।**
**लाभपूजार्थयत्नेषु, कृष्णः, एव, गतिः, मम ॥ ४ ॥**



**सत्सु**–સત્પુરુષો–પંડિતો, **अहंकारविमूढेषु**–અભિમાનથી વિશેષ મૂઢ બની જવાથી, **पापानुवर्तिषु**–પાપીઓને અથવા પાપને અનુસરનારા થઈ જવાથી, **लाभपूजार्थयत्नेषु**–લાભ તથા પૂજાના નિમિત્તે પ્રયત્નશીલ થઈ જવાની અવસ્થામાં, **कृष्णः, एव**–શ્રીકૃષ્ણ જ, **मम, गतिः**–મારી ગતિ–આશ્રય હો.

સત્ પુરુષો અભિમાનથી વિશેષ મૂઢ બનતા જાય છે, સ્વાર્થસિદ્ધિ સારૂ પાપી પુરુષોને અનુસરનારા થઈ જવાથી પોતાને કાંઈ લાભ થાય અથવા માન આબરૂ વધે તેવા ઉદ્દેશથી પૂજાનો યત્ન કરી રહ્યા છે. તેવી અવસ્થામાં શ્રીકૃષ્ણજ મારો આશ્રય હો. ૪

(૪) **કર્તાના નષ્ટપણાનું નિરૂપણ**–અંતઃકરણની શુદ્ધતાવાળો પુરુષ મળવો હાલમાં દુર્લભ છે. લોકમાં જે સારા ગણાતા હોય, તે ખરી રીતે તેવા હોતા નથી. તેમને અભિમાન થવાથી પોતાના યોગ્યતાનું ભાન નથી. દ્રવ્ય વગેરેનો લાભ અને માન મળવાની લાલસાવાળા હોવાથી પાપીને અનુસરનારા હોય છે. તેમનું દેવપૂજન, લૌકિક દ્રવ્ય અને માન પ્રતિષ્ઠા મેળવવા માટે પ્રયત્નવાળું હોય છે. તેથી કર્મમાર્ગમાં કર્તાની પણ વિશુદ્ધિ નથી. તેથી સર્વ જગતના કર્તા શ્રીકૃષ્ણમાં જ મારૂં મન સ્થિર થાઓ.

**अपरिज्ञाननष्टेषु मन्त्रेष्वव्रतयोगिषु ।**
**तिरोहितार्थदेवेषु कृष्ण एव गतिर्मम ॥ ५ ॥**
**अपरिज्ञाननष्टेषु, मन्त्रेषु, अव्रतयोगिषु ।**
**तिरोहितार्थदेवेषु, कृष्णः, एव, गतिः, मम ॥ ५ ॥**

**अपरिज्ञाननष्टेषु**–યથાર્થ જ્ઞાન નાશ પામેલા **अव्रतयोगिषु**–વ્રત અને નિયમ જેમાં યોગ્ય રીતે થતાં નથી એવા, **तिरोहितार्थदेवेषु**–અર્થ તથા દેવતાઓ તિરોહિત થઈ ગયા છે એવા, **मन्त्रेषु**–મન્ત્રો હોવાથી, **कृष्णः, एव**–શ્રીકૃષ્ણ જ, **मम गतिः**–મારી ગતિ–આશ્રય હો.

યથાર્થ જ્ઞાન નાશ પામેલા, વ્રત અને નિયમ જેમાં યોગ્ય રીતે થતાં નથી એવા, અર્થ તથા દેવતાઓ જેમાં તિરોહિત થઇ ગયા છે એવા મન્ત્રો હોવાથી શ્રીકૃષ્ણજ મારી ગતિ–આશ્રય હો. ૫

(૫) **મંત્રોનું નષ્ટપણું**— ગુરુસેવા નહીં થવાને લીધે, મંત્રોના પાઠ, અર્થ, વિનિયોગ આદિના અજ્ઞાનથી, અને યોગીઓનાં બ્રહ્મચર્યાદિ વ્રતો યોગ્ય રીતે નહીં થવાથી અને નિયમો નહીં પાળવાથી વૈદિક મન્ત્રોના અર્થ, ફલ, દેવતાના સ્વરૂપનું જ્ઞાન હોતું નથી, અને તેવાઓ પાસે આ મન્ત્રો રહેવાથી તે તિરોહિત થઇ ગયા છે. વ્રત અને નિયમ બરાબર રાખે તોજ મન્ત્રનું ફલ મળે, પણ તે રહ્યું નથી. તેથી વૈદિક મન્ત્રો ફલ આપતા નથી. તન્ત્રોકત મન્ત્રનું જ્ઞાન નહીં હોવાથી તેના અર્થ અને દેવતાનું તિરોધાન થવાથી તે ફલસાધક નથી. તેથી શ્રીકૃષ્ણનું શરણ એજ મંત્રની સિધ્ધિ-રૂપ છે.

**नानावादविनष्टेषु सर्वकर्मव्रतादिषु ।**
**पाषण्डैकप्रयत्नेषु कृष्ण एव गतिर्मम ॥ ६ ॥**
**नानावादविनष्टेषु, सर्वकर्मव्रतादिषु ।**
**पाषण्डैकप्रयत्नेषु, कृष्णः, एव, गतिः, मम ॥ ६ ॥**

**सर्वकर्मव्रतादिषु**-સર્વ કર્મો, વ્રતો વગેરે, **नानावादविनष्टेषु**-વિવિધ પ્રકારના વાદ-વિવાદ કરીને નાશ પામ્યા હોવાથી, **पाषण्डैकप्रयत्नेषु**-કેવલ પાખંડ માટેજ પ્રયત્ન થતો હોવાથી, **कृष्णः, एव**-શ્રીકૃષ્ણજ, **मम, गतिः**-મારી ગતિ-આશ્રય હો.

સર્વ કર્મો, વ્રતો વગેરે વિવિધ પ્રકારના વાદવિવાદે કરીને નાશ પામ્યા હોવાથી, કેવલ પાખંડના નિમિત્તેજ પ્રયત્ન હોવાથી શ્રીકૃષ્ણજ મારી ગતિ-આશ્રય હો. ૬

(૬) **કર્મનું નષ્ટપણું**-શાસ્ત્રવિરુધ્ધ અનેક પ્રકારના વાદવિવાદોથી વેદોકત સમ્પૂર્ણ કર્મ, વ્રતાદિની બાબતમાં મતભેદ થઈ જવાના કારણથી કર્મ, વ્રતાદિનું ખરૂં સ્વરૂપ તિરોધાન પામી ગયું છે. વસ્તુતાએ જે જગત્ જોવામાં આવે છે તે ભગવદ્રૂપ છે. શ્રીપ્રભુથી ઉત્પત્તિ, સ્થિતિ અને લય થાય છે. તેથી તે સર્વથી પર બ્રહ્મ હોવાથી સેવનીય છે અને તે વિશુદ્ધ કર્મ છે એમ સમજી શ્રીકૃષ્ણનું શરણ લેવું.

**अजामिलादिदोषाणां नाशकोऽनुभवे स्थितः ।**
**ज्ञापिताखिलमाहात्म्यः कृष्ण एव गतिर्मम ।**
**अजामिलादिदोषाणाम्, नाशकः, अनुभवे, स्थितः ।**
**ज्ञापिताखिलमाहात्म्यः, कृष्णः, एव गतिः, मम ॥ ७ ॥**



**अजामिलादिदोषाणाम्**-અજામિલ વગેરે પાપીઓના દોષોને, **नाशकः**-નાશ કરનારા, **अनुभवे, स्थितः**-અનુભવમાં આવેલા, **ज्ञापिताखिलमाहात्म्यः**-સમગ્ર માહાત્મ્યને જણાવનારા, **कृष्णः, एव**-શ્રીકૃષ્ણજ, **मम, गतिः**-મારી ગતિ, આશ્રય છે.

અજામિલ વગેરે પાપીઓના દોષોને નાશ કરનારા, ભક્તોના અનુભવમાં આવેલા, શ્રીહરિનું નામ દેવા માત્રથી પાપ નિવૃત્ત થાય છે એવા તેમના માહાત્મ્યને જણાવનારા શ્રીકૃષ્ણ જ મારી ગતિ-આશ્રય હો. ૭

(૭) ચાર પુરુષાર્થ પૈકીના પ્રથમ પુરુષાર્થ ધર્મનું નિરૂપણ અને નામ-સ્વરૂપનું જ્ઞાન—શ્રીપ્રભુના નામસ્મરણમાત્રથી અજામિલ આદિ દુષ્ટ જીવોનાં મહા પાપોનો શ્રીહરિ નાશ કરે છે. એ રીતે પ્રભુ ભકતોના અનુભવમાં આવેલા છે અને દૈવી જીવોને પોતાના સમ્પૂર્ણ માહાત્મ્યને જણાવનારા છે. અજામિલે મરણ સમયે તેના પુત્રને નારાયણ નામથી બોલાવ્યો, એ રીતે અચાનક શ્રીભગવાનના નામના ઉચ્ચારથી તેની ઉત્તમ ગતિ થઈ, તો પછી બુદ્ધિપૂર્વક પ્રભુની શરણગતિ કરનારાઓનાં પાપોની નિવૃત્તિ થવામાં જરા પણ સંશય નથી. શ્રીપ્રભુ પ્રવચનો કરવાથી મળતા નથી પણ તે જેમનું વરણ કરે છે તેમને મળે છે. શ્રીપ્રભુ અનન્ય ભક્તિથી મળે છે અને તેમના અનુગ્રહથી દોષવાળાઓના દોષો નાશ થાય છે અને પ્રભુનું સ્વરૂપ જાણી શકાય છે. માટે દોષો થયા હોય તોપણ કેવળ શ્રીકૃષ્ણનું નિરંતર ભજન કરવું તેજ ધર્મ છે. તેથી પ્રથમ પુરુષાર્થ ધર્મરૂપ શ્રીકૃષ્ણજ છે, તે મારામાં સદૈવ હો.

**प्राकृताः सकला देवा गणितानन्दकं बृहत् ।**
**पूर्णानन्दो हरिस्तस्मात् कृष्ण एव गतिर्मम ॥ ८ ॥**
**प्राकृताः, सकलाः, देवाः, गणितानन्दकम्, बृहत् ।**
**पूर्णानन्दः, हरिः, तस्मात्, कृष्णः, एव, गतिः, मम ॥ ८ ॥**

**सकलाः**-સર્વ, **देवाः**-દેવતાઓ, **प्राकृताः**-પ્રકૃતિના કાર્યરૂપ છે, **बृहत्**-અક્ષર બ્રહ્મ, **गणितानन्दकम्**-ગણી શકાય તેવો જેનો આનંદ છે એવું છે, **हरिः, पूर्णानन्दः**-શ્રીકૃષ્ણ પૂર્ણ આનંદરૂપ છે, **तस्मात्**-તેથી, **कृष्णः, एव**-શ્રીકૃષ્ણજ, **मम, गतिः**-મારી ગતિ આશ્રય હો.

સર્વ દેવતાઓ પ્રકૃતિના કાર્યરૂપ છે. અક્ષર બ્રહ્મ ગણી શકાય તેવો જેનો આનંદ છે તેવું છે, કેવલ ભક્તોનાં દુઃખ હરનાર શ્રીકૃષ્ણજી પૂર્ણ આનંદરૂપ છે, તેથી શ્રીકૃષ્ણજી મારી ગતિ–આશ્રય છે. ૮

બીજા પુરુષાર્થ અર્થનું નિરૂપણ અને પ્રભુસ્વરૂપનું જ્ઞાન–બ્રહ્મા આદિ સર્વ દેવતાઓ શ્રીભગવાનની શક્તિ–પ્રકૃતિથી પ્રકટ થયા છે તેથી તે પ્રાકૃત છે. અક્ષર બ્રહ્મના આનંદની પણ ગણત્રી છે. પૂર્ણ–અગણિત આનંદવાળા એકજ શ્રીકૃષ્ણ છે, તેમના સ્વરૂપ સમાન કોઇ નથી, એટલે સર્વ કરતાં નામ અને સ્વરૂપ એ બન્ને રીતે શ્રીકૃષ્ણ સર્વોપરિ છે. શ્રીપ્રભુ અર્થોને પૂર્ણ કરનારા છે એટલે ભકતોના બીજા પુરુષાર્થ–અર્થરૂપ શ્રીકૃષ્ણજી છે. તે મારૂં શરણ હો.

**विवेकधैर्यभक्त्यादिरहितस्य विशेषतः ।**
**पापासक्तस्य दीनस्य कृष्ण एव गतिर्मम ॥ ९ ॥**

**विवेकधैर्यभक्त्यादिरहितस्य, विशेषतः ।**
**पापासक्तस्य, दीनस्य, कृष्णः, एव, गतिः, मम ॥ ९ ॥**

**विवेकधैर्यभक्त्यादिरहितस्य**–વિવેક, ધૈર્ય, ભક્તિ "વગેરેથી રહિત, **विशेषतः**–વિશેષે કરીને, **पापासक्तस्य**–પાપમાં આસકત, **दीनस्य**–દીન–સાધન વિનાના, **मम**–મારી, **कृष्णः**, **एव**–શ્રીકૃષ્ણજી, **गतिः**–આશ્રય હો.

વિવેક, ધૈર્ય, ભકિત વગેરે શ્રીભગવાનના ધર્મોથી રહિત, પાપમાં અત્યન્ત આસકત, સાધન વિનાના એવા મારી શ્રીકૃષ્ણજી ગતિ–આશ્રય હો. ૯

ત્રીજા પુરુષાર્થ કામનું નિરૂપણ અને જીવની દીનતા–જીવના સ્વરૂપનો વિચાર કરીને કહે છે કે શ્રીભગવાન સર્વજ્ઞ છે અને પોતાની ઇચ્છાથી સર્વ કરશે એમ જાણીને ફલની પ્રાર્થના કરવી નહીં એવો નિશ્ચય તે વિવેક છે. ભકિતવિરોધી જે દુઃખ હોય તેની નિવૃત્તિનો ઉપાય નહીં કરતાં આધિભૌતિક, આધ્યાત્મિક, અને આધિદૈવિક એ ત્રણ પ્રકારનાં દુઃખોને સહન કરવાં તે ધૈર્ય છે; અને સાધનરૂપ શ્રવણાદિ ભકિત છે. આ ત્રણે જીવમાં નથી. જીવ સ્વભાવથા પાપમાં આસકત છે, વિપરીત સાધન કરે છે એટલે સાધનરહિત છે, વળી દીન છે. દીનદયાલ તો અક્ષરાતીત પૂર્ણપુરુષોત્તમ શ્રીકૃષ્ણજી છે.



તેમના વિના બીજા કોણ સર્વ કામ–મનોરથ પૂરા કરનાર છે? તેથી ત્રીજા પુરુષાર્થ કામરૂપ શ્રીકૃષ્ણજી છે. તે સદૈવ મારા હૃદયમાં બિરાજો.

**सर्वसामर्थ्यसहितः सर्वत्रैवाखिलार्थकृत् ।**
**शरणस्थसमुद्धारं कृष्णं विज्ञापयाम्यहम् ॥ १० ॥**

**सर्वसामर्थ्यसहितः, सर्वत्र, एव, अखिलार्थकृत् ।**
**शरणस्थसमुद्धारम्, कृष्णम्, विज्ञापयामि, अहम् ॥ १० ॥**

**सर्वसामर्थ्यसहितः**–સર્વ પ્રકારના સામર્થ્યથી યુકત, **सर्वत्र**, **एव**–સર્વ સ્થાનમાંજ **अखिलार्थकृत्**–સર્વ મનોરથોને સિદ્ધ કરનારા, **शरणस्थसमुद्धारम्**–શરણમાં રહેલાઓને વિના પ્રયત્ને ઉદ્ધાર કરનારા, **कृष्णम्**–શ્રીકૃષ્ણભગવાનને, **अहम्**–હું, શ્રીવલ્લભાચાર્યજી, **विज्ञापयामि**–વિજ્ઞાપન–પ્રાર્થના કરૂં છું.

સર્વ પ્રકારના સામર્થ્યવાળા, સર્વ જગાએ ભકતોના સર્વ મનોરથોને પૂર્ણ કરનારા, શરણમાં આવેલા જીવોનો વિના પ્રયત્ને ઉદ્ધાર કરનારા શ્રીકૃષ્ણને હું પ્રાર્થના કરૂં છું. ૧૦

(૧૦) ચતુર્થ પુરુષાર્થ મોક્ષનું નિરૂપણ અને શરણ માટે વિજ્ઞાપન–શ્રીપ્રભુ પોતાના સામર્થ્યથી સર્વ કરી શકે છે. જો મર્યાદા રાખવાની હશે તો જ્ઞાન, વૈરાગ્યાદિનું દાન કરીને ફલ આપશે, અથવા સુદર્શનાદિ વડે ભક્તોનાં અનિષ્ટોને નિવૃત્ત કરશે. સર્વ દેશોમાં, વર્ણ, આશ્રમ અને કર્મમાં સઘળા અર્થને કરનારા છે. જે જીવ શ્રીપ્રભુને શરણે આવે છે અને નિત્ય સેવા, સ્મરણ કરે છે તેને તેઓ મોક્ષથી પણ અધિક ભક્તિનું દાન કરે છે. માટે મને શરણમાં લેવા, અને ભગવદ્રસનું દાન કરવા હું દીન થઇ વિજ્ઞાપન કરૂં છું.

આ પ્રમાણે કર્મ, ઉપાસના અને જ્ઞાનમાર્ગનાં છ સાધનો, અંગો, અને ચાર પુરુષાર્થ મળી દસ વસ્તુઓ દુઃસાધ્ય છે. કેવલ ભક્તિમાર્ગમાં આ સાધનો શ્રીભગવાન પોતેજ છે. નિઃસાધન જીવ ઉપર ભગવદનુગ્રહ થાય તો તેને શરણાગતિરૂપ પરમ ફલ પ્રાપ્ત થવું સુલભ છે એમ ઉપરના દસ શ્લોકથી બતાવેલું છે.

**कृष्णाश्रयमिदं स्तोत्रं यः पठेत् कृष्णसन्निधौ ।**
**तस्याश्रयो भवेत् कृष्ण इति श्रीवल्लभोऽब्रवीत् ॥ ११ ॥**

**कृष्णाश्रयम्, इदम्, स्तोत्रम्, यः, पठेत्, कृष्णसन्निधौ ।**
**तस्य, आश्रयः, भवेत्, कृष्णः, इति, श्रीवल्लभः, अब्रवीत् ॥ ११ ॥**

**इदम्**–આ, **कृष्णाश्रयम्**–શ્રીકૃષ્ણાશ્રયનામના, **स्तोत्रम्**–સ્તોત્ર ગ્રન્થ, **यः**–જે કોઇ, **कृष्णसन्निधौ**–શ્રીકૃષ્ણ ભગવાનની સંનિધાન–સમીપમાં, **पठेत्**–પાઠ કરે, **तस्य**–તેને, **कृष्णः**–શ્રીકૃષ્ણ, **आश्रयः**–આશ્રયરૂપ, **भवेत्**, **इति**–થાય એમ, **श्रीवल्लभः**–શ્રીમદ્વલ્લભાચાર્યજીએ, **अब्रवीत्**–કહ્યું.

આ શ્રીકૃષ્ણાશ્રય નામના સ્તોત્રગ્રન્થનો જે કોઇ શ્રીકૃષ્ણભગવાનની સંનિધાન – સમીપમાં પાઠ કરે તેને શ્રીકૃષ્ણ પોતે આશ્રયરૂપ થાય એમ શ્રીમદ્વલ્લભાચાર્યજીએ કહ્યું. ૧૧

(૧૧) ફલશ્રુતિનિરૂપણ—શ્રીકૃષ્ણના આશ્રયનું નિરૂપણ કરવાવાળું આ જ સ્તોત્ર છે. તેનો શ્રીકૃષ્ણની સમીપમાં અથવા શ્રીકૃષ્ણના નિમિત્ત પાઠ કરવામાં આવે તો શ્રીકૃષ્ણનો આશ્રય દૃઢ થાય છે. શ્રીમદાચાર્યચરણને ભગવત્સ્વરૂપનું સમ્પૂર્ણ જ્ઞાન છે, અને દૈવી જીવોના ઉદ્ધાર માટે આપનું પ્રાકટ્ય છે. તેથી તેમના નિરૂપણમાં દૃઢ વિશ્વાસ રાખવો કે જેથી ભગવાન કોઈ સાધનની ઇચ્છા નહીં રાખી ભક્તને આશ્રયરૂપ પરમ ફલ આપે છે.

**इति श्रीमद्वल्लभाचार्यप्रणीतः श्रीकृष्णाश्रयः समाप्तः ॥ ९ ॥**

**इति**–આ પ્રમાણે, **श्रीमद्वल्लभाचार्यप्रणीतः**–શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ પ્રકટ કરેલો, **श्रीकृष्णाश्रयः**–શ્રીકૃષ્ણાશ્રય નામનો ગ્રન્થ, **समाप्तः**–સમ્પૂર્ણ થયો.

આ પ્રમાણે શ્રીમદ્વલ્લભાચાર્યજીએ પ્રકટ કરેલો શ્રીકૃષ્ણાશ્રય નામનો ગ્રન્થ સમ્પૂર્ણ થયો. ૯

॥ श्रीकृष्णार्पणमस्तु ॥



## શ્રીકૃષ્ણાશ્રયના દશ શ્લોકનું તાત્પર્ય.

(૧) સગુણ ભક્તના નવ પ્રકાર છે અને એક નિર્ગુણ ભકત મળી દસ પ્રકારના ભકતોના સેવ્ય શ્રીકૃષ્ણ છે..

- ભક્ત
  - સગુણ
    - સાત્ત્વિક
      - સાત્ત્વિક સાત્ત્વિક ૧
      - સાત્ત્વિક રાજસ ૨
      - સાત્ત્વિક તામસ ૩
    - રાજસ
      - રાજસ સાત્ત્વિક ૪
      - રાજસ રાજસ ૫
      - રાજસ તામસ ૬
    - તામસ
      - તામસ સાત્ત્વિક ૭
      - તામસ રાજસ ૮
      - તામસ તામસ ૯
  - નિર્ગુણ (૧)

(૨) શ્રીકૃષ્ણની દશ લીલા છે. ૧ સર્ગ ૨ વિસર્ગ ૩ સ્થિતિ ૪ પુષ્ટિ ૫ ઊતિ (સદ્અસદ્વાસના) ૬ મન્વંતર ૭ ઈશાનુકથા ૮ નિરોધ ૯ મુક્તિ ૧૦ આશ્રય. આ પ્રમાણે દશલીલારૂપ શ્રીકૃષ્ણ છે.

(૩) ધર્મનાં છ સાધન અને ચાર પુરુષાર્થ મળી દશ વસ્તુઓરૂપ ભગવાન છે. ધર્મનાં ૬ સાધન. ૧ કાલ ૨ દેશ ૩ અર્થ ૪ કર્તા ૫ મન્ત્ર ૬ કર્મ; અને ચાર પુરુષાર્થ-૧ ધર્મ ૨ અર્થ ૩ કામ ૪ મોક્ષ મળી દશ છે. તેમાં ધર્મના સાધનનું નષ્ટપણું તથા પુરુષાર્થનું દુ:સાધ્યપણું હોવાથી ભકતને તે રૂપ પરબ્રહ્મ શ્રીકૃષ્ણ છે એમ બતાવેલું છે.

(૪) પ્રાણ દસ છે, ૧ પ્રાણ ૨ અપાન ૩ વ્યાન ૪ સમાન ૫ ઉદાન ૬ નાગ ૭ કૂર્મ ૮ કૃકલ ૯ દેવદત્ત ૧૦ ધનંજય. આ પ્રમાણેના પ્રાણાત્મક દશ શ્લોક આ ગ્રન્થમાં છે અને અગીયારમો શ્લોક ફલશ્રુતિ આત્મારૂપ કહેલો છે.

# ૧૦–चतुःश्लोकी.

**ગ્રન્થપરિચય**–પરમ પુરુષાર્થ ભક્તિવિષયક સ્વસિદ્ધાન્તનો બોધ થવા સારૂ શ્રીમદાચાર્યચરણોએ ચતુઃશ્લોકી નામનો ગ્રન્થ પ્રકટ કર્યો છે, અને તેના ચાર શ્લોકથી પુષ્ટિમાર્ગીય અલૌકિક ચાર પુરુષાર્થ દર્શાવ્યા છે.

ભગવાન અંશી છે, અને જીવમાત્ર ભગવાનના અંશ છે. અંશે અંશીની સેવા કરવી જોઇએ. આજ કારણથી પુષ્ટિ જીવે વ્રજના પતિ–નિઃસાધન જીવોના પતિ–પૂર્ણ પુરુષોત્તમનું સર્વાત્મભાવથી–સર્વત્ર પ્રભુ છે એવા ભાવથી–પ્રભુ પ્રસન્ન થાય એવી રીતે, ભક્તિપૂર્વક, ભજન, સદા સર્વદા કરવું એજ જીવનો પોતાનો મુખ્ય ધર્મ છે. કોઇ પણ દેશમાં કે કોઇ પણ કાલમાં તે વિના બીજો ધર્મ જ નથી. ભગવાનમાં સમગ્ર જગત જોવું એ પુષ્ટિભક્તિનું લક્ષણ છે, અને ભજન ભાવાત્મક હોવાથી ભજનાનન્દજ ફલ છે. એજ ભક્તિરૂપ ધર્મ તે મહાપુરુષાર્થ છે.

૨ ભજનરૂપ ધર્મ યથાર્થ રીતે અને તો પ્રભુ જે ભક્તોના સ્વામી છે અને સર્વ રૂપ છે તેજ અર્થરૂપ થઇ જાય, અને જીવનું આ લોક અને પર લોકનું સર્વકાર્ય પોતેજ કરી લે છે. ધનાદિની પ્રાપ્તિ સારૂ ચિન્તા કરવી નહીં, તેમજ પ્રભુ પાસે યાચના કરવાનો અવિવેક પણ કરવો નહીં, કેમકે સર્વસમર્થ પ્રભુ જ ખરો અર્થ છે. બીજા બધા અર્થ દુઃખદાયી કે અસ્થિર છે, માટે બીજા પુરુષાર્થ અર્થરૂપ તો ભગવાન જ છે.

૩ ભગવદાશ્રય સિદ્ધ કરવાના માર્ગમાં જો સર્વાત્મભાવથી શ્રીગોકુલેશ પ્રભુને હૃદયમાં ધારણ કરવામાં આવે તો પ્રભુજ સર્વ મનોરથ, કામનાઓ, પૂર્ણ કરનારા છે. ભગવાનના સ્વરૂપદર્શનની સ્નેહપૂર્વક મનની ઉત્કટ ઇચ્છા તે જ મુખ્ય કામના–કામપુરુષાર્થ છે. આ કામ, અલૌકિક હોવાથી પ્રભુદર્શનરૂપ હોઈ પરમ ફલ છે, અને તે ત્રીજા પુરુષાર્થરૂપ છે.

૪. કામભાવથી ભગવત્સંબંધ થયા પછી તે સંબંધ પ્રભુની સાથે તુલ્યતાનું ભાન કરાવે છે, અને તેથી જે મદ થાય તેનાથી અન્યથા ભાવ થાય ત્યારે માનાદિ થાય. માનભાવથી દોષભાવ વડે ભાવાત્મક ભક્તિમાંથી



પતન થાય છે. તેટલા માટે સર્વાત્મભાવથી નિરંતર ભજન કરવું.. એક ક્ષણ પણ બીજી રીતે કરવાથી સર્વથા આસુરાવેશ આવી જાય છે. વિપ્રયોગ સમયે પણ ભગવન્મય થઈ પ્રભુસ્મરણ કરવું. સેવા પણ નિત્ય કરવી, તેથી પ્રભુ પોતે જીવમાં પ્રવેશ કરે છે અને ભગવદાનન્દનું દાન કરે છે, ભગવલ્લીલામૃતનું પાન કરાવે છે. તેજ ઉત્તમ ફલરૂપ પુષ્ટિમાર્ગીય મોક્ષનું સ્વરૂપ છે. ભક્તિમાર્ગમાં ભકિત જ પરમ પુરુષાર્થ છે, અને ભજન મોક્ષ છે. આ પ્રમાણે ભગવદીયોના અલૌકિક ચાર પુરુષાર્થરૂપ પરબ્રહ્મ શ્રીકૃષ્ણ જ છે એમ આ ગ્રન્થમાં નિરૂપણ કરેલું છે.

**सर्वदा सर्वभावेन भजनीयो व्रजाधिपः ।**
**स्वस्यायमेव धर्मो हि नान्यः क्वापि कदाचन ॥ १ ॥**

**सर्वदा, सर्वभावेन, भजनीयः, व्रजाधिपः ।**
**स्वस्य, अयम्, एव, धर्मः, हि, न, अन्यः, क्व, अपि, कदाचन ॥१॥**

**सर्वदा**–નિરંતર, **सर्वभावेन**–સર્વભાવથી, **व्रजाधिपः**–વ્રજના અધિપતિ શ્રીકૃષ્ણ, **भजनीयः**–ભજન કરવા યોગ્ય છે, **स्वस्य अयम्**–પોતાનો, આ **एव, हि**–જ, નિશ્ચય, **धर्मः**–ધર્મ છે, **क्व, अपि**–કોઈ સ્થળે, પણ, **कदाचन**–ક્યારેય, **अन्यः, न**–બીજો ધર્મ નથી.

નિરંતર સર્વભાવથી વ્રજના અધિપતિ–શ્રીકૃષ્ણ ભજન કરવા યોગ્ય છે. પોતાનો–જીવાત્માનો આ જ ધર્મ છે. કોઈ સ્થળે પણ કયારેય બીજો ધર્મ નથી. ૧,

જીવો શ્રીભગવાનના અંશ છે તેથી સહજ દાસ છે, અને નિસ્સાધન જીવોના પતિ શ્રીકૃષ્ણ છે. તેમનું પ્રાકટ્ય દૈવી સૃષ્ટિમાં આવેલા જીવો માટે છે. તેથી શ્રીકૃષ્ણનું સેવન અવશ્ય સર્વભાવથી એટલે દેહ, ઇન્દ્રિય, પ્રાણ, સ્ત્રી, પુત્ર, ધન, ગૃહાદિક એ બધું મારૂં નથી પણ શ્રીભગવાનનું છે, એવા અહંતામમતાત્મક સંસારને નાશ કરનારા ભાવદ્વારા કરવું. ભકતોને ભગવદ્ભજન જ ધર્મ છે–સ્વધર્મપણાથી જ ભગવાન સેવ્ય છે, તેથી અન્ય ધર્મમાં મનનો પ્રવેશ થવા દેવો નહીં. એ પ્રમાણે પ્રથમ પુરુષાર્થ ધર્મનુ સ્વરૂપ શ્રી પ્રભુ જ છે.

एवं सदा स्म कर्तव्यं स्वयमेय करिष्यति ।
प्रभुः सर्वसमर्थो हि ततो निश्चिततां व्रजेत् ॥ २ ॥

एवम्, सदा, स्म, कर्तव्यम्, स्वयम्, एव, करिष्यति ।
प्रभुः, सर्वसमर्थः, हि, ततः, निश्चितताम्, व्रजेत् ॥ २ ॥

**एवम्,-सदा**-આ પ્રકારે, સદૈવ, **स्म**-સિદ્ધાર્થવાચક શબ્દ છે **कर्तव्यम्**-કરવું જોઇએ, **स्वयम्**, **एव**-પોતે જ (ભકતના કાર્યને) **करिष्यति**-કરશે, **हि**, **प्रभुः**-નિશ્ચય, પ્રભુ, **सर्वसमर्थः**-સર્વ કાંઇ કરવાને સમર્થ છે, **ततः**-તેથી, **निश्चितताम्**-નિશ્ચિતપણું, **व्रजेत्**-પ્રાપ્ત કરવું.

આ પ્રકારે સદૈવ સેવારૂપ સ્વધર્મનું પાલન કરવું જોઇએ, અને પ્રભુ પોતે જ ભકતના કાર્યને કરશે. શ્રીપ્રભુ સર્વ કાંઇ કરવાને સમર્થ છે એમ સમજી ભકતે નિશ્ચિંત રહેવું. ૨

ભકતોને સેવા, સ્મરણ, પોતાનું નિત્યનું કર્તવ્ય છે એમ સમજી તે કરવું. તેમનાં લૌકિક અને વૈદિક કાર્યો તો આપ સર્વસામર્થ્યયુકત હોવાથી પ્રાથના કર્યા વગર પણ પૂર્ણ કરશે. માટે તેમણે આ લોક અને પરલોક સંબંધીની ચિન્તા ત્યજી નિશ્ચિંત રહેવું, એટલે શ્રીપ્રભુ ભકતોના અર્થોને સંપાદન કરશે. માટે પુષ્ટિમાર્ગીય જીવોને અર્થરૂપ બીજો પુરુષાર્થ પણ શ્રીપ્રભુ જ છે.

यदि श्रीगोकुलाधीशो धृतः सर्वात्मना हृदि ।
ततः किमपरं ब्रूहि लौकिकैर्वैदिकैरपि ॥ ३ ॥

यदि, श्रीगोकुलाधीशः, धृतः सर्वात्मना, हृदि ।
ततः, किम्, अपरम्, ब्रूहि, लौकिकैः, वैदिकैः, अपि ॥ ३ ॥

**यदि**-જો, **श्रीगोकुलाधीशः**-શ્રીગોકુલના અધિપતિ-શ્રીકૃષ્ણને, **सर्वात्मना**-સર્વભાવ વડે **हृदि**-હૃદયમાં, **धृतः**-ધારણ કરવામાં આવે, **ततः**-તો પછી, **लौकिकैः**-, લૌકિક કર્મથી અને, **वैदिकैः**, **अपि**, વૈદિક કર્મથી પણ, **अपरम्**-બીજું **किम्**-શું પ્રયોજન છે, તે, **ब्रूहि**-તું મને કહે.



જો શ્રીગોકુલના અધિપતિ—શ્રીકૃષ્ણને સર્વાત્મભાવ દ્વારા હૃદયમાં ધારણ કરી લેવામાં આવે તો પછી લૌકિક અને વૈદિક કર્મોનાં ફલોથી બીજું શું પ્રયોજન છે તે તું મને કહે. ૩

શ્રીપ્રભુને હૃદયમાં ધારણ કરી લેવામાં આવે તો પછી શ્રીપૂર્ણપુરુષોત્તમથી બીજો કોણ સર્વકામ પૂર્ણ કરવાવાળો છે? અર્થાત્ શ્રીપ્રભુ ભક્તના સર્વકામ-મનોરથ પૂર્ણ કરે છે. લૌકિક સિદ્ધ કરવાવાળી યુક્તિઓ અને વૈદિક યાગાદિક સાધનનું તેને શું કામ છે? માટે જેમના હૃદયમાં શ્રીહરિ બિરાજે તેમને સેવાના ફલમાં શી ન્યૂનતા રહે? તેના સર્વ મનોરથ પૂર્ણજ થાય છે. એ પ્રમાણે કામરૂપ ત્રીજો પુરુષાર્થ પણ શ્રીભગવાનજ છે.

अतः सर्वात्मना शश्वद् गोकुलेश्वरपादयोः ।
स्मरणं भजनं चापि न त्याज्यमिति मे मतिः ॥ ४ ॥

अतः, सर्वात्मना, शश्वत्, गोकुलेश्वरपादयोः ।
स्मरणम्, भजनम्, च, अपि, न, त्याज्यम्, इति, मे, मतिः ॥ ४ ॥

**अतः**-એટલા માટે, **सर्वात्मना**-સર્વ પ્રકારથી, **शश्वत्**-નિરન્તર, **गोकुलेश्वरपादयोः**-શ્રીગોકુલેશ્વરના ચરણકમલોનું, **स्मरणम्**, **च**-સ્મરણ, અને, **भजनम्**-**अपि**-ભજન પણ, **त्याज्यम्**-તજવું, **न**-નહીં, **इति**-આ પ્રકારે, **मे**, **मतिः**-મારી મતિ છે.

એટલા માટે સર્વ પ્રકારથી નિરન્તર શ્રીગોકુલેશ્વરના ચરણકમલોનું સ્મરણ, તેમજ ભજન પણ તજવું યોગ્ય નથી. આ પ્રકારે મારી-શ્રીમદ્વલ્લભાચાર્યજીની મતિ છે. ૪

સર્વાત્મરૂપ ભાવાત્મક ભક્તિથી ભગવત્સંબંધ થાય છે, પણ તે સંબંધનો સ્વભાવ એવો છે કે તે તેમની તુલ્યતાનું ભાન કરાવે છે અને તેથી જે મદ, અભિમાન, થાય તેનાથી અન્યથાભાવ થાય ત્યારે માનાદિક થાય છે. માનભાવથી થયેલા દોષ વડે તે ભાવમાંથી પડવાનું થાય છે. એટલા માટે શ્રીગોકુલેશ્વર હૃદયમાં બિરાજે તે પછી પણ સર્વાત્મભાવદ્વારા તેમના ચરણકમલનું સ્મરણ, ભજન, સેવા છોડવાં નહીં. જીવને આસુરી જીવના સંગથી આસુરાવેશ ના આવે તે સારૂ શ્રીપ્રભુનું

સ્મરણ, ભજનરૂપ સાધન સદા કર્તવ્ય છે. શ્રીપ્રભુની સેવા મોક્ષ કરતાં અધિક છે. તેથી મોક્ષનું નિરૂપણ કરતાં ભજનનો ત્યાગ ન કરવો એમ કહેલું છે. તેથી જણાય છે કે પૂર્વે કહેલા ધર્મ, અર્થ અને કામથી શ્રીભગવાન સ્વાધીન થતા નથી એવી મારી મતિ છે એમ કહી એવો ભાવ દર્શાવ્યો છે કે નિજજનોએ તો આજ પ્રમાણે કરવું. એ રીતે મોક્ષરૂપ ચોથો પુરુષાર્થ પણ શ્રીભગવાનજ છે.

**इतिश्रीमद्वल्लभाचार्यविरचिता चतुःश्लोकी समाप्ता ॥ ४ ॥**

**इति**–આ પ્રમાણે, **श्रीमद्वल्लभाचार्यविरचिता**–શ્રીમદ્વલ્લભાચાર્ય વિરચિત, **चतुःश्लोकी**–ચતુઃશ્લોકી ગ્રન્થ, **समाप्ता**–પૂર્ણ થયો.

આ પ્રમાણે શ્રીમદ્વલ્લભાચાર્ય વિરચિત ચતુઃશ્લોકી ગ્રન્થ પૂર્ણ થયો. ૪

**श्रीकृष्णार्पणमस्तु ।**

# ૧૧ भक्तिवर्धिनी ।

**ગ્રન્થપરિચય**—શ્રીમદાચાર્યજીએ ભક્તિનો વધારો કેમ થાય તેના ઉપાય આ ગ્રન્થમાં નિરૂપણ કરેલા છે. આ માર્ગમાં આત્મનિવેદન થયા પછી શ્રીપ્રભુ જીવનું શરણ સ્વીકારે છે. તેને બીજભાવનું સ્વરૂપ કહેલું છે. તેની દ્રઢતા સારૂ જીવે શ્રીકૃષ્ણની સેવા કરવી, સેવાના પ્રતિકૂલ વ્યવહારનો ત્યાગ કરવો. કાંઈ ઉદ્યોગ કરવો પડે તો શ્રીપ્રભુમાં ચિત્ત રાખીને કરવો. તે ભક્તિ વધારવાનો ઉપાય છે. જીવનું શરણ સિદ્ધ થયે પ્રભુમાં સ્નેહ આપોઆપ સ્ફુરે છે, તેથી લૌકિકમાં સ્નેહ રહેતો નથી. પછી મનમાં પ્રભુમાં અસક્તિ થાય છે ત્યારે સ્ત્રીપુત્રાદિ અને ઘર વગેરેમાં આસક્તિ છૂટે છે. આવી રીતે ભક્તિ વધારવામાં બાધકરૂપ દોષ નિવૃત્ત થાય છે. તે પછી પ્રભુ વિના એક ક્ષણ પણ કાલ નિર્વાહ થાય નહીં તેવું વ્યસન થાય છે, ત્યારે પૂર્ણ ત્યાગ થયો કહેવાય, અને તેથી પ્રભુના ફલરૂપ સંબંધ થાય છે. તે બીજભાવની દ્રઢતા ગણાય છે. વ્યસન અવસ્થા સુધી પહોંચેલો જીવ લૌકિક આસકિતરૂપ ઘરનો ત્યાગ કરી પ્રભુ મિલનની ઇચ્છા રાખી ભકિતભાવ વધારતો જાય છે અને સુદ્રઢ ભકિત થયે સર્વાત્મભાવરૂપ સાક્ષાત્ સ્વરૂપના અનુભવનું ફલ પ્રાપ્ત કરે છે.

વ્યસન સુધી નહીં પહોચેલા જીવે–અપકવ ભાવવાળાએ—ઘર છોડવું નહીં, પણ પોતાને દુઃસંગ અને અન્નદોષ ન લાગે તે સારૂ પ્રભુના સ્થાનમાં અથવા ભગવદીયોના સંગમાં, સમીપ કે દૂર, જેમ યોગ્ય લાગે તેમ, રહેવું અને તેથી પ્રભુમાં ભાવ વધશે અને ઘર વગેરે છૂટશે. જેમને લૌકિક અસકિત છે અને તેથી થતા ઉદ્વેગથી સેવામાં દ્રઢતા ન હોય પણ સેવાકથામાં પ્રીતિ હોય અને તે જીવનપર્યન્ત 'છોડે નહીં', તેવાઓ પણ દેહ છોડયા પછી કૃતાર્થ થાય છે. લૌકિક આસકિત સેવામાં બાધક છે. તેમાંથી બચવા ઘરનો ત્યાગ કરવો નહીં, પણ નિઃશંક રહી બને તેટલું સેવાકથામાં મન જોડવું. શ્રીપ્રભુ તેવા જીવોની સેવામાં દ્રઢતા કરશે, મન નિશ્ચલ કરશે, એવો બોધ ભકિતમાર્ગીય જીવોને ઉદ્દેશીને કરેલો છે.

**यथा भक्तिः प्रवृद्धा स्यात् तथोपायो निरूप्यते ।**
**बीजभावे दृढे तु स्यात् त्यागाच्छ्रवणकीर्तनात् ॥ १ ॥**

**यथा, भक्तिः, प्रवृद्धा, स्यात्, तथा, उपायः, निरूप्यते ।**
**बीजभावे, दृढे, तु, स्यात्, त्यागात्, श्रवणकीर्तनात् ॥ १ ॥**

**यथा, भक्तिः**–જેવી રીતે પ્રભુમાં પ્રેમ, **प्रवृद्धा, स्यात्**–વૃદ્ધિ પામેલો થાય, **तथा, उपायः**–તેવી રીતના ઉપાય, **निरूप्यते**–બતાવવામાં આવે છે, **बीजभावे**–ભકિતના બીજરૂપ ભગવત્કૃપાથી પ્રાપ્ત થયેલ પ્રભુમાં પ્રેમ, **दृढे, तु**,–મજબુત થાય ત્યારે, **त्यागात्**–પ્રભુ અથવા પ્રભુસંબંધ શિવાયના ત્યાગપૂર્વક **श्रवणकीर्तनात्**–શ્રવણકીર્તનથી **स्यात्**–ભકિત વૃદ્ધિ પામેલી થાય.

જેવી રીતે પ્રભુમાં પ્રેમ–ભક્તિ વૃદ્ધિ પામેલ થાય તેવી રીતના ઉપાય બતાવવામાં આવે છે. ભક્તિના બીજરૂપ ભગવત્કૃપાથી પ્રાપ્ત થયેલ પ્રભુમાં પ્રેમ દ્દઢ થાય ત્યારે ત્યાગપૂર્વક ભગવાનની કથાઓનું શ્રવણ તથા કીર્તન કરવાથી ભક્તિ વૃદ્ધિ પામેલી થાય. ૧

માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદ્દઢ સ્નેહને ભક્તિ કહેવામાં આવે છે. ભક્તિનાં બે અંગ છે:–૧ માહાત્મ્ય, અને ૨ સુદ્દઢ સ્નેહ. પ્રભુનું માહાત્મ્યજ્ઞાન શ્રવણ, કીર્તનથી થાય છે અને માહાત્મ્યજ્ઞાન જે પ્રમાણમાં થાય તે પ્રમાણમાં સ્નેહ વધે, અને જે પ્રમાણમાં સ્નેહ વધે તેટલી ભકિત વધેલી ગણાય છે, અને પ્રભુમાં સ્નેહ લૌકિકમાં ત્યાગની લાગણીથી થાય છે.

**बीजदार्ढ्यप्रकारस्तु गृहे स्थित्वा स्वधर्मतः ।**
**अव्यावृत्तो भजेत् कृष्णं पूजया श्रवणादिभिः ॥ २ ॥**
**बीजदार्ढ्यप्रकारः, तु, गृहे, स्थित्वा, स्वधर्मतः ।**
**अव्यावृत्तः, भजेत्, कृष्णम्, पूजया, श्रवणादिभिः ॥ २ ॥**

**बीजदार्ढ्यप्रकारः, तु**–(આગળ બતાવેલી ભકિતના) બીજની દ્દઢતાનો પ્રકાર તો, **गृहे, स्थित्वा**-ગૃહસ્થાશ્રમમાં રહીને, **स्वधर्मतः**–ભગવદ્દધર્મથી, **अव्यावृत्तः**-સેવામાં પ્રતિકૂલ થાય એવા વ્યવસાય રહિત થઇને, **पूजया, श्रवणादिभिः**–સ્વરૂપસેવા તથા શ્રવણાદિદ્વારા, **कृष्णम्, भजेत्**–શ્રીકૃષ્ણને ભજવા.

ભકિતના બીજની દ્દઢતાનો પ્રકાર તો ગૃહસ્થાશ્રમમાં રહીને ભગવદ્દધર્મથી, સેવામાં પ્રતિકૂલ વ્યવસાયમાત્રથી રહિત થઇને, સ્વરૂપસેવા તથા શ્રવણ, કીર્તન, સ્મરણ દ્વારા શ્રીકૃષ્ણભગવાનને ભજવા જોઇએ. ૨



પુષ્ટિમાર્ગીય સાધનમાં મુખ્ય પ્રભુસેવા છે તે ભજનાનુકૂલ ગૃહમાં રહ્યા વિના થતી નથી, તેથી ગૃહસ્થાશ્રમમાં રહેવાનું કહેલું છે. ધર્મ—૧ શરીરધર્મ જેનો શરીરમાં અંત આવે છે. તેનાથી સંધ્યાવંદનથી લઇ યજ્ઞયાગ પર્યન્તના ધર્મ સ્વર્ગાદિ સુખ આપનારા છે. તે ફલ શરીરથી અનુભવાય છે. અને ૨ આત્મધર્મ જેનો આત્મામાં અંત આવે છે. તે ભગવત્સેવારૂપ ધર્મ છે. **શ્રીપ્રભુનું પ્રેમપૂર્વક દર્શન એજ તેમની સેવા છે.** શ્રવણ, કીર્તન, સ્મરણાદિ પ્રભુસેવાના સમય શિવાયના બીજા સમયમાં કરવાં જોઇએ.

**व्यावृत्तोऽपि हरौ चित्तं श्रवणादौ यतेत् सदा ।**
**ततः प्रेम तथासक्तिर्व्यसनं च यदा भवेत् ॥ ३ ॥**
**बीजं तदुच्यते शास्त्रे दृढं यन्नापि नश्यति ॥ ३ १/२ ॥**

**व्यावृत्तः, अपि, हरौ, चित्तम्, श्रवणादौ, यतेत्, सदा ।**
**ततः, प्रेम, तथा, आसक्तिः, व्यसनम्, च, यदा, भवेत् ॥ ३ ॥**
**बीजम्, तत्, उच्यते, शास्त्रे, दृढं, यत्, न, अपि, नश्यति ॥ ३ १/२ ॥**

**व्यावृत्तः, अपि**–આજીવિકાર્થ લૌકિક વ્યવહાર કરતો હોય તો પણ, **हरौ**–દુ:ખને હરનારા પ્રભુમાં, **चित्तम्**–ચિત્ત રાખીને, **श्रवणादौ**–શ્રવણ, કીર્તન, સ્મરણ વગેરે માટે, **सदा, यतेत्**–નિરંતર પ્રયત્ન કરવો, **ततः, प्रेम**–તે સાધનથી સ્નેહભાવ થાય, **तथा**–તેમજ, **आसक्तिः च**–આસકિત–પ્રૌઢ સ્નેહ અને, **यदा**–જ્યારે, **व्यसनम्, भवेत्**–વ્યસન–પ્રભુના દર્શન વિના રહી ન શકાય તેવી અવસ્થા થાય છે, **तत्**-તેવી અવસ્થા–તેને, **शास्त्रे**–ભક્તિશાસ્ત્રમાં, **दृढम्, बीजम्**–અચલ બીજ, **उच्यते**–કહેવાય છે, **यत्, अपि**–જે દ્દઢ બીજ, લૌકિક દુ:સંગ વગેરેથી પણ, **न, नश्यति**–નાશ પામતું નથી.

આજીવિકાર્થે લૌકિક વ્યવહાર કરતો હોય તો પણ દુ:ખને હરનારા પ્રભુમાં ચિત્ત રાખીને શ્રવણ, કીર્તન, સ્મરણ વગેરે માટે નિરન્તર પ્રયત્ન કરવો. તે સાધનથી સ્નેહભાવ થાય, તેમજ આસક્તિ–પ્રૌઢ સ્નેહ થાય, અને જ્યારે વ્યસન–પ્રભુના દર્શન વિના રહી ન શકાય તેવી અવસ્થા–થાય તેને ભક્તિશાસ્ત્રમાં બીજની દ્દઢતા–અચલ બીજ કહેવાય છે, જે લૌકિક દુ:સંગ વગેરેથી પણ નાશ પામતું નથી. ૩ ૧/૨

स्नेहाद् रागविनाशः स्यादासक्त्या स्याद् गृहारुचिः ॥ ४ ॥

गृहस्थानां बाधकत्वमनात्मत्वं च भासते ।

यदा स्याद् व्यसनं कृष्णे कृतार्थः स्यात् तदैव हि ॥ ५ ॥

स्नेहात्, रागविनाशः, स्यात्, आसक्त्या, स्यात्, गृहारुचिः ॥२॥

गृहस्थानाम्, बाधकत्वम्, अनात्मत्वम्, च, भासते ।

यदा, स्यात्, व्यसनम्, कृष्णे, कृतार्थः, स्यात्, तदा, एव, हि ॥५॥

**स्नेहात्**–પ્રભુમાં સ્નેહ થવાથી, **रागविनाशः**–અન્ય વસ્તુમાંથી પ્રીતિનો નાશ, **आसक्त्या**–અને આસકિતથી, **गृहारुचिः, स्यात्**–ઘરમાં અપ્રીતિ થાય, **गृहस्थानाम्**–ઘરમાં રહેનારાઓમાં **बाधकत्वम्, च**–બાધકપણું, અને, **अनात्मत्वम्**–અનાત્મપણું, **भासते**–જણાય છે, **यदा कृष्णे**–જ્યારે શ્રીકૃષ્ણમાં, **व्यसनम्, स्यात्**–વ્યસન થાય, **तदा, एव**–ત્યારે જ, **हि**–નિશ્ચય, **कृतार्थः**–કૃતાર્થ **स्यात्**–થાય છે.

પ્રભુમાં સ્નેહ થવાથી સાંસારિક અન્ય વસ્તુઓમાંથી પ્રીતિનો નાશ થાય છે, અને આસકિતથી ઘરમાં અરુચિ–અપ્રીતિ થાય છે. આવી અવસ્થામાં ઘરમાં રહેલા પદાર્થો (ચેતન, અચેતન) નું બાધકપણું અને અનાત્મપણું જણાય છે; અને જ્યારે શ્રીકૃષ્ણભગવાનમાં વ્યસન થાય ત્યારે જીવ નિશ્ચય કૃતાર્થ થાય છે. ૫

જ્યારે પ્રભુમાં આસકિત થાય ત્યારે ઘરની આસક્તિ છૂટી જાય છે, એટલુંજ નહીં પણ ઘરમાં સ્ત્રીપુત્રાદિ ભગવદીય ન હોય તો તે સર્વે ભગવદ્ધર્મ કરવામાં હરકતરૂપ છે એમ જાણી તેમનામાં અનાત્મતાની સ્ફૂર્તિ થાય છે, કેમકે ભગવદીયના આત્મા તો શ્રીકૃષ્ણજ છે, તેથી ભગવત્–સંબંધવાળા જીવમાં પોતાપણું જણાય છે. સ્ત્રીપુત્રોમાં તેમ જણાતું નથી, કેમકે તે લૌકિક આસક્તિના કારણરૂપ છે. પ્રભુમાં વ્યસન થાય તેવો જીવ ભક્તિમાર્ગની રીતિ અનુસાર પ્રભુના ફલરૂપ સંબંધવાળો થાય છે. તે કૃતાર્થ થયો કહેવાય છે.

तादृशस्यापि सततं गृहस्थानं विनाशकम् ।

त्यागं कृत्वा यतेद्यस्तु तदर्थार्थैकमानसः ॥ ६ ॥

लभते सुदृढां भक्तिं सर्वतोऽप्यधिकां पराम् ॥ ६½ ॥



तादृशस्य अपि, सततम्, गृहस्थानम्, विनाशकम् ।

त्यागम्, कृत्वा, यतेत्, यः, तु, तदर्थार्थैकमानसः ॥ ६ ॥

लभते, सुदृढाम्, भक्तिम्, सर्वतः, अपि, अधिकाम्, पराम् ॥ ६½ ॥

**तादृशस्य, अपि**–તેવા–ભગવદ્ભાવવાળાને પણ, **सततम्**–નિરંતર, **गृहस्थानम्**–ઘરમાં રહેવું તે, **विनाशकम्**–ભકિતનો વિનાશ કરનારૂં છે. **त्यागम्, कृत्वा**–માટે ઘર વગેરેનો ત્યાગ કરીને, **तु**–ફરી, **यः**–જે પુરુષ, **तदर्थार्थैकमानसः**–કેવલ ભગવાનની પ્રાપ્તિ સારૂ જેમનું મન છે એવો થઇને, **यतेत्**–પ્રયત્ન કરે તે, **सर्वतः, अपि, दृढाम्**–સર્વથી અધિક દૃઢ **पराम्, भक्तिम्**–પરમ ભકિત, **लभते**–પ્રાપ્ત કરે છે.

તેવા ભગવદ્ભાવવાળાને–પ્રભુમાં વ્યસન અવસ્થા સુધી પહોંચેલાને–પણ નિરન્તર ઘરમાં રહેવું તે ભક્તિનો વિનાશ કરનારૂ છે. માટે ઘર વગેરેનો ત્યાગ કરી જે પુરુષ પરમ ફલરૂપ શ્રીકૃષ્ણ જેમનું પ્રયોજન છે એવો થઇને ભક્તિની વૃદ્ધિ માટે પ્રયત્ન કરે તે સર્વથી અધિક દૃઢ પરમ ભક્તિ પામે છે. ૬½

જેમ હિંસક વાઘ જેવાં પ્રાણી સામે દેહાભિમાનવાળો પુરુષ ઉભો રહેતો નથી, તેમ આવા ભકતો લૌકિક આસકિતવાળા પાસે રહેતા નથી, પણ શ્રી પ્રભુના મિલનની અભિલાષા રાખી પોતાના ભાવને વધારવા પ્રયત્ન કરે છે અને તેમ કરતાં કરતાં સુદૃઢ ભકિતને પામે છે. પહેલાં કહેલી ભકિત ફલરૂપ તો છે, પણ સુદૃઢ એટલે સર્વાત્મભાવ રૂપ–સાક્ષાત્સ્વરૂપના અનુભવરૂપ ફલ જેમાં છે તેવી ભકિત પામે છે. વ્યસન સુધી પહોંચેલા ભકતના વિદ્યમાન દેહનો નાશ થાય અને લીલામાં ઉપયોગી એવો અલૌકિક દેહ થાય, એટલે તે દેહથી સાક્ષાત્સ્વરૂપસંબંધી ફલને પામે છે.

त्यागे बाधकभूयस्त्वं दुःसंसर्गात् तथान्नतः ॥ ७ ॥

त्यागे, बाधकभूयस्त्वम्, दुःसंसर्गात्, तथा, अन्नतः ॥ ७ ॥

**त्यागे**–ત્યાગ કરવામાં, **दुःसंसर्गात्**–કાલ અને દુષ્ટ વગેરેથી થયેલા દુઃસંગથી, **तथा**–તેમજ, **अन्नतः**–પ્રભુને નહીં અર્પણ કરાયલા અન્ન ખાવાથી, **बाधकभूयस्त्वम्**–ભકિતની બુદ્ધિ થવામાં અતિબાધકપણું છે.

ત્યાગનું સ્વરૂપ જાણ્યા વગરનાઓએ ત્યાગ કરવામાં, દુઃસંગથી તેમજ શરીરનિર્વાહ સારૂ શ્રીપ્રભુને સમર્પિત થયા વિનાનું અન્ન ખાવાથી ,ભકિતની વૃદ્ધિ થવામાં ઘણું બાધકપણું છે. ૭

વ્યસન અવસ્થા સુધી નહીં પહોંચેલા જીવે ભકિત વધારવા ઘર છોડવામાં બાધક ઘણાં છે. જેને વિશેષ ભાવ થયો નથી તેને દુઃસંગ અડચણરૂપ છે. અસમર્પિત વસ્તુનું ગ્રહણ કરવાથી બહિર્મુખપણું આવે છે, અને તેવા બીજા ઘણા દોષો હોય છે.

**अतः स्थेयं हरिस्थाने तदीयैः सह तत्परैः ।**
**अदूरे विप्रकर्षे वा यथा चित्तं न दुष्यति ॥ ८ ॥**
**अतः, स्थेयम्, हरिस्थाने, तदीयैः, सह, तत्परैः ।**
**अदूरे, विप्रकर्षे, वा, यथा, चित्तम्, न, दुष्यति ॥ ८ ॥**

**अतः**–એટલા માટે, **तत्परैः**, **तदीयैः**, **सह**–તત્પર એવા ભગવદ્‌ભકતોની સાથે, **हरिस्थाने**,–ભગવત્સ્થાનમાં, **स्थेयम्**–રહેવું, **अदूरे**, **वा**–અથવા ભગવન્મંદિરની કે ભકતની સમીપમાં, **विप्रकर्षे**–અથવા દૂરમાં રહેવું, **यथा**, **चित्तम्**–જે રીતે ચિત્ત, **न**, **दुष्यति**–દોષવાળું ન થાય.

એટલા માટે ભગવદ્‌ભકતોની સાથે સેવાનો પ્રવાહ ચાલતો હોય તેવા પ્રભુના સ્થાનમાં, અથવા ભકતની સમીપ કે દૂર રહેવું, જે રીતે ચિત્ત દોષવાળું ન થાય. ૮

અપકવ ભાવવાળાએ કાલનિર્વાહ સારૂ યાત્રાનાં સ્થળોમાં, ખાસ કરીને ભગવદ્‌ભકતનો સંગ હોય ત્યાં, નિરંતર રહેવું અને પ્રભુસેવા અને સ્મરણમાં પરાયણ થવું. કોઇ વખતે અતિપરિચયને લીધે દોષ જોવામાં આવે તો તે સારૂં નથી. તેથી પ્રભુમાં કે પ્રભુના ભકતમાં દોષબુદ્ધિ ન આવે તે સારૂ સમીપમાં અથવા દૂર રહેવાનું જણાવે છે. પણ ભગવદીયના સંગ વિના ક્ષણવાર રહેવું નહીં. તેમ તેમના ઉપર અભાવ આવવા દેવો નહીં. રહેવાનું એવું પસંદ કરવું કે મનમાં કોઈ પ્રકારનો દોષ આવવા પામે નહીં.

**सेवायां वा कथायां वा यस्यासक्तिर्दृढा भवेत् ।**
**यावज्जीवं तस्य नाशो न क्वापीति मतिर्मम ॥ ९ ॥**
**सेवायाम्, वा, कथायाम्, वा, यस्य, आसक्तिः, दृढा, भवेत्**
**यावज्जीवम्, तस्य, नाशः, न, क्व, अपि, इति, मतिः, मम ॥ ९ ॥**



**यस्य**–જેને, **सेवायाम्**, **वा**–સેવામાં અથવા, **कथायाम्**, **वा**–કથામાં, **दृढ**, **आसक्तिः**–દૃઢ આસકિત **भवेत्**–થાય, **तस्य**–તેનો, **क्व**, **अपि**–કોઇ દેશ કે કાલમાં, **नाशः**, **न**–નાશ થતો નથી, **इति**–એ પ્રમાણે, **मम**, **मतिः**–મારી બુદ્ધિ છે.

જેને ભગવત્સેવામાં અથવા કથામાં જીવનપર્યન્ત દૃઢાસકિત રહે છે તેનો કોઇ દેશ કે કાલમાં નાશ નથી, એ પ્રકારે મારી–શ્રીમદ્ વલ્લભાચાર્યજીની–બુદ્ધિ છે. ૯

આવા ભકતને ફલસિદ્ધિ છે, તેમાં સંશય નથી એવું કહેવાનો અભિપ્રાય છે.

**बाधसम्भावनायां तु नैकान्ते वास इष्यते ।**
**हरिस्तु सर्वतो रक्षां करिष्यति न संशयः ॥ १० ॥**
**बाधसम्भावनायाम्, तु, न, एकान्ते, वासः, इष्यते ।**
**हरिः, तु, सर्वतः, रक्षाम्, करिष्यति, न, संशयः ॥ १० ॥**

**बाधसम्भावनायाम्**–ભકિતમાં અડચણ થવાનો સંભવ હોય તો, **एकान्ते**–એકાન્તમાં, **तु**, **वासः**–તો રહેવું તે, **न**, **इष्यते**–ઇચ્છવા જેવું નથી, **हरिः**, **तु**–શ્રીભગવાન તો, **सर्वतः**–ચારે તરફથી, **रक्षाम्**–રક્ષણ, **करिष्यति**–કરશે.

ભકિતમાં અડચણ થવાનો સંભવ હોય તો—સેવામાં દૃઢતા ન હોય અને ઉદ્વેગ થતો હોય તો–એકાન્તમાં રહેવું તે ઇચ્છવા જેવું નથી. શ્રીભગવાન તો ચારે તરફથી રક્ષણ કરશે ૧૦

ગમે તે થાય પણ પ્રભુસેવા છોડવીનહીં. તે ઉદ્‌વેગનો નાશ કરી સેવામાં આસકિત કરશે અને ભકિતભાવ વધારશે. કથામાં વિઘ્ન આવે તો પણ તે છોડવી નહીં, તેથી પ્રભુમાં મન નિશ્ચલ થશે એમ વિશ્વાસપૂર્વક સમજવું.

**इत्येवं भगवच्छास्त्रं गूढतत्त्वं निरूपितम् ।**
**य एतत् समधीयीत तस्यापि स्याद् दृढा रतिः ॥ ११ ॥**
**इति, एवम्, भगवच्छास्त्रम्, गूढतत्त्वम्, निरूपितम् ।**
**यः, एतत्, समधीयीत, तस्य, अपि, स्यात्, दृढा, रतिः ॥ ११ ॥**

इति, एवम्-આ પ્રકારે, गूढतत्त्वम्-ગુપ્ત રહસ્યવાળું, भगवच्छास्त्रम्-ભગવત્શાસ્ત્ર, मया-મેં-શ્રીવલ્લભાચાર્યજીએ, निरूपितम्-નિરૂપણ કરેલું છે, यः, एतत्-જે ભકત તેનો, समधीयीत-સારી રીતે અભ્યાસ કરે, तस्य, अपि-તેની પણ, दृढा, रतिः-ભગવાનમાં દૃઢ પ્રીતિ, स्यात्-થાય છે.

આ પ્રકારે ગુપ્તરહસ્યવાળું ભગવતશાસ્ત્ર શ્રીવલ્લભાચાર્યજીએ નિરૂપણ કરેલું છે. જે ભકત તેનો સારી રીતે અભ્યાસ કરે તેની પણ પ્રભુમાં દૃઢ ભકિત થાય છે. ૧૧

જે કોઇ આ ગુપ્ત શાસ્ત્રનો અનુસંધાનપૂર્વક અભ્યાસ કરી પાઠ કરે તેની માર્ગમાં રુચિ થાય અને આચાર્યદ્વારા શરણાગતિ હોવાથી પ્રભુમાં દૃઢ પ્રીતિ એટલે રસયુક્ત ભાવ થાય.

**इति श्रीमद्वल्लभाचार्यप्रकटिता भक्तिवर्धिनी सम्पूर्णा । ११ ।**

આ પ્રમાણે શ્રીમદ્વલ્લભાચાર્યજીએ પ્રકટ કરેલ ભકિતવર્ધિની ગ્રન્થ સમ્પૂર્ણ થયો. ૧૧.

**श्रीकृष्णार्पणमस्तु ।**

# ૧૨—जलभेद

**ગ્રન્થપરિચય:**—ભગવાનના ગુણો સહજ રીતે, સ્વાભાવિક, આનન્દરૂપ છે, તો પણ જેમનામાં ભગવદ્ગુણો રહેલા છે તેમના સ્વભાવ અને ગુણદોષ પ્રમાણે તે ગુણો થાય છે. તે જલભેદના દૃષ્ટાન્તથી જલભેદ નામના ગ્રન્થમાં સમજાવેલું છે. જેમ જલ સ્વભાવથી શીતલ, ગુણવાળું, સ્વચ્છ, મધુર, શુદ્ધિ કરનાર અને તૃપ્તિ આપનાર છે અને તેનો ભાવ એકરસરૂપ છે, પણ તેને રહેવાના આધાર ઘણા છે, તેથી તે જેવા આધારમાં પડે છે તેવા સ્વભાવવાળું થાય છે અને તેવા ગુણદોષ ઉત્પન્ન કરે છે. જલના મુખ્યત્વે કરીને વીસ ભેદ કહેલા છે.

પૂર્ણ ભગવદીય વકતા—અમૃતસમુદ્રના જેવા. શ્રીકૃષ્ણ શરણ આવેલા જીવના ઉદ્ધારક છે એમ જાણી તેમના ગુણનું વર્ણન કરનારા—શુદ્ધોદક સમાન, ઉત્તમ, છે. ભગવદીયદ્વારા આગ્રહ વિના કહેલાં વચનો—અમૃતબિન્દુના પાનરૂપ છે. રાગ, અજ્ઞાન આદિના ભાવોનો નાશ થઇ પ્રભુકીર્તન ગાનાર વકતા—સ્વાદપ્રાપ્તિ, ચાટણ સમાન ઉત્તમ છે અને તેમનો સંગ ફલદાતા છે. પરમ્પરાથી કથા વાંચનારા—પરોપકાર માટે કરેલી નહેરના જલ જેવા, ભગવતશાસ્ત્રતત્પર પંડિતો—નદીની અંદરના ધરાના જલ જેવા, ગમ્ભીર મનવાળા—વાવના જલ જેવા, ભગવત્પ્રેમી પંડિતો—સરોવરના જલ જેવા, યોગધ્યાનવાળા—વૃષ્ટિના જલ જેવા, વેદના જ્ઞાનવડે હરિના ગુણ ગાવાવાળા—પર્વત પરથી પડતા ઝરાના જલ સમાન, નવધા ભકિતવડે પ્રેમથી પરિપૂર્ણ—ઝરણાના જલ જેવા, સ્થિર ભાવવાળા—સ્થાવર જલાશયના જલ સમાન, અનેક જન્મોથી સિદ્ધિ માટે પ્રયત્નશીલ—નદીના જલ સમાન, સ્વતંત્ર, સંગાદિના દોષવડે વૃદ્ધિ, ક્ષય વિનાના—મહાનદના જલ જેવા ભાવવાળા મધ્યમ વકતા છે અને તે ભાવની વૃદ્ધિ કરનાર છે.

આજીવિકા, વૃત્તિ, માટે કથા વાંચનારા—ખેતરમાં, લાવેલી નહેરના જલ જેવા, વેશ્યાદિના સંગમાં રહેનારા ગાયકો—ખાડાના જલ જેવા, ગાયનથી જીવન ચલાવનારા— ખાડાના ગંદા પાણી જેવા, પ્રેમી પણ સ્વલ્પજ્ઞાનવાળા—નાના તલાવના જલ જેવા, શાસ્ત્રશ્રવણ અને અલ્પભકિતવાળા—નાના તલાવડાંના જલ જેવા, તપજ્ઞાનાદિભાવવાળા પણ ઇન્દ્રિયનિગ્રહ વિનાના—

પસીનાના જલ જેવા, કેવલ દેવાદિની ઉપાસના કરવા વાળા-ઝાકળના પાણી સમાન, ગ્રન્થમાં બતાવેલા વકતાઓથી જૂદાં વચન કહેનારા-વરાળના પાણી સમાન કનિષ્ઠ વકતા છે અને તેમનો સંગ હાનિકર્તા છે. જૂદા જૂદા ગાયકો-કૂવાના જલના ભેદ પ્રમાણે, અને લૌકિક વૈદિક ગુણોથી મિશ્રિત ભાવવાળા-જૂદા જૂદા સમુદ્રના જલભેદ પ્રમાણે, ઉત્તમ મધ્યમ અને કનિષ્ઠ ભાવવાળા વકતા કહેવાય છે.

આ પ્રમાણે આધારથી જલના સ્વભાવ અને ગુણદોષ છે અને તે પ્રમાણેનું ફલ આપે છે. માટે ભગવદ્ગુણોને જાણવા સારૂ ભગવદ્ભકતોએ કોનો સંગ કરવો, કોનો ન કરવો તે વકતાઓના ઉપરના ભેદથી સમજી લેવું જોઇએ.

**नमस्कृत्य हरिं वक्ष्ये तद्गुणानां विभेदकान् ।**
**भावान् विंशतिधा भिन्नान् सर्वसन्देहवारकान् ॥ १ ॥**
**नमस्कृत्य, हरिम्, वक्ष्ये, तद्गुणानाम्, विभेदकान् ।**
**भावान्, विंशतिधा, भिन्नान्, सर्वसन्देहवारकान् ॥ १ ॥**

**हरिम्**-ભગવાન શ્રીહરિને, **नमस्कृत्य**-નમન કરીને, **तद्गुणानाम्**-વક્તાના ગુણોના, **विभेदकान्**-ભેદ બતાવનારા, **सर्वसन्देहवारकान्**-સર્વ સન્દેહો દૂર કરનારા, **विंशतिधा**-વીસ પ્રકારના, **भिन्नान्** જૂદા જૂદા ભાવોને, **वक्ष्ये**-કહું છું.

શ્રીહરિને નમન કરીને વકતાઓના ગુણોના ભેદ દર્શાવનારા સર્વ સન્દેહો દૂર કરનારા વીસ પ્રકારના ભાવોને હું કહું છું. ૧

શ્રીકૃષ્ણ કેવલ ભાવ વડે પ્રાપ્ત થઇ શકે છે. ભાવ વગરનાં જ્ઞાનાદિ પ્રભુપ્રાપ્તિમાં બાધક છે. ભાવરહિતકૃતિ,અસ્નેહ-ઘીવગરના-ભોજનના જેવું, ફલ આપતી નથી. તેથી ભાવની વૃદ્ધિ થાય તે સારૂ રજોગુણ, તમોગુણ અને સત્ત્વગુણની નિવૃત્તિ કરનારા જુદાજુદા ભાવોનું નિરૂપણ કરે છે. ભગવાન સર્વમાં સમ છે ઇત્યાદિ જે ભગવાનના ધર્મો છે તેને મટાડનાર તે ભાવો છે, એટલે ભકત ભાવને વધારવા ભકિત કરે તો પ્રભુ પોતાનો સમત્વ ગુણ છોડીને તે જીવ પર પૂર્ણ કૃપા કરે છે. ભાવ એટલે સ્નેહ અને તેનાથી થનારી અવસ્થાઓ છે.

**गुणभेदास्तु तावन्तो यावन्तो हि जले मताः ॥ १½ ॥**

**गुणभेदाः, तु, तावन्तः, यावन्तः, हि, जले, मताः ॥ १½ ॥**



**यावन्तः, जले**-જેટલા જલના ગુણોમાં ભેદ છે, **तावन्तः, हि**-તેટલાજ **गुणभेदाः तु**-વકતાઓના ગુણભેદ, **मताः**-માનેલા છે.

જેટલા જલના ગુણોમાં ભેદ છે તેટલા જ વકતાઓના ગુણભેદ માનેલા છે. ૧½.

જેમ જલમાં શીતલતા, સ્વચ્છતા, મધુરતા વગેરે સ્વભાવથી છે તેમ ભાવમાં પણ રસરૂપતા છે. જેવી રીતે ગુણ અને પાત્રના ભેદથી જલ તેવા સ્વભાવવાળું થાય છે અને તેવા ગુણદોષને ઉત્પન્ન કરે છે તેવી રીતે ભગવાનના ગુણો પણ સ્વભાવથી એક પ્રકારના આનન્દરૂપ જ છે. સૂર્યથી સૂર્યનો પ્રકાશ જેમ જુદો નથી અને ભેગો પણ નથી તેવી રીતે ભગવાનના ગુણો ભગવાનથી જૂદા અને ભેગાય નથી, તો પણ જેમનામાં ભગવદ્ગુણો રહેલા છે તેમનો સ્વભાવ અને તેમના ગુણદોષવાળા તે ગુણો થાય છે. તેનું જ્ઞાન જલના દષ્ટાન્તથી કરાવે છે.

**गायकाः कूपसङ्काशा गन्धर्वा इति विश्रुताः ॥ २ ॥**

**कूपभेदास्तु यावन्तस्तावन्तस्तेऽपि सम्मताः ॥ २½ ॥**

**गायकाः, कूपसङ्काशाः, गन्धर्वाः, इति, विश्रुताः ॥ २ ॥**

**कूपभेदाः, तु, यावन्तः, तावन्तः, ते, अपि, सम्मताः ॥ २½ ॥**

**गायकाः**-ગાયક જનો, **गन्धर्वाः**-ગન્ધર્વો છે, **इति, विश्रुताः**-એમ પ્રસિદ્ધ છે તે, **कूपसङ्काशाः**-કૂવાના જલ જેવા છે, **यावन्तः**-જેટલા, **कूपभेदाः**-કૂવાના ભેદ છે, **तावन्तः**,-તેટલા ભેદ, **ते, अपि**-તે-ગંધર્વોના પણ, **सम्मताः**-માનેલા છે.

ગાયકજનો ગન્ધર્વના નામથી પ્રસિદ્ધ છે. તે કૂવાના જલ જેવા છે. જેટલા કૂવાના ભેદ છે તેટલા ભેદ ગંધર્વોના પણ માનેલા છે. ૨½

**પ્રથમ ભાવ**—પ્રભુને સંગીત વિશેષ પ્રિય છે, તેથી પ્રથમ ગાયકના ભાવ કહે છે. કૂવાનું જલ શીયાળામાં ગરમ અને ઉનાળામાં ઠંડુ હોય છે, તાપને દૂર કરે છે, વાપરવાથી વધે અને સારૂ રહે છે, તેમ ગાયકનો ભાવ જડ પુરુષની જડતાને મટાડે છે, સંસારતાપથી તપેલાનો તાપ નાશ કરે છે, અને ગાયન કરવાથી વધે છે, અને સારો થાય છે. દોરડાથી કૂવાનું જલ લેવામાં આવે છે તેમ ગાનદ્વારાજ તેના ભાવ ગ્રહણ થાય છે. જેમ કોઈ કૂવાનું

જલ મીઠું હોય તો તે સુખ આપનારૂં છે, કોઇનું ખારૂં, ફીકું કે ગરમ હોય તો તે અંતમાં દુઃખજ આપનારૂં છે, તેવી રીતે ગાયકો પણ કોઇ પૂર્ણપુરુષોત્તમની, કોઇ તેમની વિભૂતિ, ગુણાવતાર અને અંશાદિની લીલાના ભેદવડે ગાયન કરે છે, તેમ સત્ત્વાદિ ગુણોના ભેદથી કોઈ સકામ, કોઈ નિષ્કામ અને કોઇ લૌકિક કામનાવાળાઓ હોય છે. જો સ્ત્રીપુત્રાદિ માટે ગાન કરે તો તે સંસારઉત્પત્તિના કારણરૂપ થાય છે. તેથી તેમના ભાવ કૂવાના જલસમાન છે. કેટલાક કૂવાઓ તીર્થરૂપ છે, કેટલાક અમુક દિવસેજ તીર્થમય થાય છે, તે પ્રમાણે સાધારણ અને પ્રયોજન વિનાના કૂવાઓ પણ હોય છે. તેમ ગાયકો પણ ઉત્તમ, મધ્યમ અને હીન હોવાથી તેમનો જેવો ભાવ હોય તે ભાવનેજ મળતા તે ભગવદ્ગુણો થાય છે. લૌકિક અર્થે હોય તો ગુણ તેવા થાય છે અને તેને અનુકૂલ ફલ મળે છે. ભાવના ભેદથી ભકિતના પણ ૮૨ પ્રકાર છે.

**कुल्याः पौराणिकाः प्रोक्ताः पारम्पर्ययुता भुवि ॥ ३ ॥**
**कुल्याः, पौराणिकाः, प्रोक्ताः, पारम्पर्ययुताः, भुवि ॥ ३ ॥**

**भुवि**-ભૂમંડલમાં, **पारम्पर्ययुताः**-પરમ્પરાવાળા, **पौराणिकाः**-પુરાણ વાંચનારાઓ, **कुल्याः**-નહેરના જલ જેવા, **प्रोक्ताः**-કહેલા છે.

ભૂમંડલમાં પરમ્પરાવાળા પુરાણ વાંચનારાઓ નહેરના જલ જેવા છે. ૩

**બીજો ભાવ**—મૂલ જલાશયથી સંબંધવાળું નહેર-કૃત્રિમનદી-નું જલ પ્રવાહયુકત હોય છે તેમ પુરાણી લોકો પરમ્પરાથી છે, તેવો ભાવ પુરાણ વાંચનારાઓનો હોય છે. જેમ પ્રવાહયુકત નહેરનું પાણી, પીવાના, સ્નાન કરવા આદિના પરોપકાર માટે છે તેમ પુરાણની કથા પરોપકારને માટે થાય છે. નહેર સદૈવ પ્રયત્ન કરવાથી સારી રીતે વહે છે તેમ પુરાણી લોકોને નિત્ય પુરાણનો પાઠ કરવાથી તેમના ભાવનો ઉદય થાય છે. સદ્ગુરુ પાસેથી પુરાણના અર્થ શીખ્યા વગર પુરાણ કહે તો વકતા અને શ્રોતાને કાંઇ લાભ થાય નહીં.

**क्षेत्रप्रविष्टास्ते चापि संसारोत्पत्तिहेतवः ॥ ३$\frac{1}{2}$ ॥**

**क्षेत्रप्रविष्टाः, ते, च, अपि, संसारोत्पत्तिहेतवः ॥ ३$\frac{1}{2}$ ॥**

**क्षेत्रप्रविष्टाः**-ક્ષેત્રમાં પ્રવેશ કરેલા જલના સમાન, **ते, अपि**-તે વકતા પણ **संसारोत्पत्तिहेतवः**-સંસારની ઉત્પત્તિના કારણરૂપ છે.



જે વકતા પોતાના કુટુમ્બના ભરણ પોષણ સારૂ કથાદિ કરે છે તે ખેતરમાં પ્રવેશ કરેલા જલના જેવા છે. ૩$\frac{1}{2}$

**ત્રીજો ભાવ**-જેમ નહેરનું જલ ખેતરમાં જાય તો અનાજ ઉત્પન્ન કરવામાં ઉપયોગી થાય છે તેમ વૃત્તિને માટે પુરાણ કહેવામાં આવે અને તે ભાવરહિત હોય તો તે સંસારની ઉત્પત્તિનું કારણ થાય છે.

**वेश्यादिसहिता मत्ता गायका गर्तसंज्ञिताः ॥ ४ ॥**
**वेश्यादिसहिताः, मत्ताः, गायकाः, गर्तसंज्ञिताः ॥ ४ ॥**

**वेश्यादिसहिताः**-વેશ્યાદિના સંગમાં રહેનારા, **मत्ताः**-ઉન્મત્ત, **गायकाः**-ગાયન કરનારા, **गर्तसंज्ञिताः**-ખાડાના પાણી જેવા છે.

વેશ્યાદિના સંગમાં ઉન્મત્ત ગાન કરનારા ખાડાના પાણીના જેવા છે. ૪

**ચોથો ભાવ**-વારાંગનાઓના સંસર્ગથી જેવો મોહ અને બંધ થાય છે તેવો બીજા કોઈ પ્રસંગમાં થતો નથી, તેથી તેનો સંગ મહા બાધક છે. સ્ત્રીનો પ્રસંગ કરીને જો પ્રભુનું ભજન કરે તો સારૂં, પણ તે ભજન કરતા નથી કેમકે જે ઉન્મત્ત થયા હોય તેને સ્વામિસેવકભાવનું અનુસંધાન રહેતું નથી. એવા ગાયક શ્રીકૃષ્ણનું ગાન કરે તે પણ તેમનું માહાત્મ્ય જાણીને નહીં, પરન્તુ ઉત્તમ સ્વર અને ગીતને વશ થઈ કોઈ વખત ગાન કરે છે, તે ખાડાના પાણીના જેવા છે; અને જે મદ વગરના હોઇને પ્રભુનું ગુણગાન કરવાવાળા છે તેનો ભાવ તો કૂવાના જલસમાન જાણવો.

**जलार्थमेव गर्तास्तु नीचा गानोपजीविनः ॥ ४$\frac{1}{2}$ ॥**

**जलार्थम्, एव, गर्ताः, तु, नीचाः, गानोपजीविनः ॥ ४$\frac{1}{2}$ ॥**

**गानोपजीविनः**-ગાયનથી આજીવિકા ચલાવનારા, **नीचाः**-નીચ (વકતા), **जलार्थम्**-ગન્દુ પાણી ભરી રાખવા સારૂ બનાવેલા, **एव, गर्ताः**-ખાડાના જેવાજ છે.

ગાયનથી આજીવિકા ચલાવનારા નીચ વકતા ખાડાના ગન્દા જલ જેવા છે. ૪$\frac{1}{2}$

**પાંચમો ભાવ**-મેલું પાણી સર્વ ઠેકાણે ફેલાઈ જાય નહીં તે સારૂ તે પાણી ભરી રાખવા માટે જે ખાડા કરેલા છે તેમાં જે પાણી ભર્યું રહે છે તેના જેવા

નીચ ગાયકો છે. જેમ આ ખાડાનું પાણી શુદ્ધિના કામમાં આવતું નથી તેમ આવા નીચ પુરુષનો ભાવ પણ સારા પુરુષોમાં આદર કરવા યોગ્ય નથી. અથવા જલ કાઢવા સારૂ ખાડા–વેરડા–કર્યા હોય છે તેના જલ જેવા છે, એટલે તે જલ ઉલેચવાથી ડોહોળું થાય, ગમે તે માણસો લે, તેમાંથી પીને ઉચ્છિષ્ટ કર્યું હોય, તેનો સંસર્ગદોષ પણ તેમાં લાગ્યો હોય, તેથી તે જલ સારા માણસોને ગ્રહણ કરવા યોગ્ય નથી, તેમ નીચ ગાયકના ભાવમાં આવેલા ભગવાનના ગુણો સ્વરૂપથી તથા ફલથી દૂષિત છે તેથી તેવાઓનો સંગ ન કરવો.

**ह्रदास्तु पण्डिताः प्रोक्ता भगवच्छास्त्रतत्पराः ॥ ५ ॥**

**ह्रदाः, तु, पण्डिताः, प्रोक्ता, भगवच्छास्त्रतत्पराः ॥ ५ ॥**

**भगवच्छास्त्रतत्पराः**–ભગવત્શાસ્ત્રમાં તત્પર એવા, **पण्डिताः, तु**–પંડિતો તો, **ह्रदाः**–નદીના ધરા, **प्रोक्ताः**–કહેવાય છે.

ભગવત્શાસ્ત્રમાં તત્પર પંડિત જનો તો નદીના ધરાના જલ જેવા કહેવાય છે. ૫

**છઠ્ઠો ભાવ**––નદીના એક ભાગમાં રહેલો અને નદીને લાગેલો ધરો જેનું જલ બહુ ઊંડું હોય છે અને નિત્ય ઠંડુ રહે છે, પશુ આદિથી મલિન થતું નથી, તેમ પંડિત લોકોનો ભાવ પણ સંસારતાપથી તપેલો નથી અને કુતર્કોથી સંશયવાળો હોતો નથી. જેમ ધરાનું જલ ઉત્તમ છે તેમ પંડિતો પાસેથી સાંભળેલા ભગવાનના ગુણો પણ સ્વરૂપથી અને ફલથી ઉત્તમ છે.

**सन्देहवारकास्तत्र सूदा गम्भीरमानसाः ॥ ५½ ॥**

**सन्देहवारकाः, तत्र, सूदाः, गम्भीरमानसाः ॥ ५½ ॥**

**तत्र**–તેમાં, **गम्भीरमानसाः**–ગંભીર મન વાળા, **सन्देहवारकाः**–સંદેહને મટાડનારા, **सूदाः**–વાવના જલ જેવા છે.

જે વક્તા ગંભીર મનવાળા તથા શ્રોતાઓના સર્વ પ્રકારના સંદેહોને નિવારણ કરવાવાળા છે તે વાવના જલ જેવા છે. ૫½



**સાતમો ભાવ**—જેમ વાવનું ગંભીરપણું અને સુંદર જલ જોતાંજ મન પ્રસન્ન થાય છે તેમ અંતર્નિષ્ઠાવાળા પંડિતોનો ભાવ પણ મનની પ્રસન્નતાના કારણરૂપ છે.

**सरःकमलसम्पूर्णाः प्रेमयुक्तास्तथा बुधाः ॥ ६ ॥**

**सरःकमलसम्पूर्णाः, प्रेमयुक्ताः, तथा, बुधाः ॥ ६ ॥**

**तथा प्रेमयुक्ताः**–તેવા પ્રેમી, **बुधाः**–પંડિતજનો, **सरःकमलसम्पूर्णाः**–સરોવરના કમલોથી સુશોભિત જલ જેવા છે.

તેવા પ્રેમી પંડિતજનો કમલોથી સુશોભિત સરોવર સમાન છે. ૬

**આઠમો ભાવ**—જેમાં કમલ પ્રફુલ્લિત હોય તેવું સરોવર દર્શનમાત્રથી સુખ આપે છે, સરોવરનું જલ સુગંધિત હોય છે, ભ્રમરો કમલ પર ગુંજારવ કરતા હોય છે, અને સારસ આદિ પક્ષીઓ પણ સરોવરની સુંદરતા વધારે છે. તેમ પ્રભુમાં પ્રીતિવાળા પંડિત જનોનો ભાવ શ્રોતામાં જ્ઞાન, ભક્તિ વડે આનંદ કરનારો થાય છે, અને ફલથી પણ મોટો છે, તેમાં રહેલા ગુણો પણ તેવાજ હોય છે.

**अल्पश्रुताः प्रेमयुक्ता वेशन्ताः परिकीर्तिताः ॥ ६½ ॥**

**अल्पश्रुताः, प्रेमयुक्ताः, वेशन्ताः, परिकीर्तिताः ॥ ६½ ॥**

**प्रेमयुक्ताः**–પ્રેમી પણ, **अल्पश्रुताः**–અલ્પશાસ્ત્રના જ્ઞાનવાળા, **वेशन्ताः**–નાના તલાવના જેવા, **परिकीर्तिताः**–કહેલા છે.

ભગવત્પ્રેમમાં નિમગ્ન, સ્વલ્પશાસ્ત્રના જ્ઞાનવાળા, નાના તલાવના જેવા કહેવાય છે. ૬½

**નવમો ભાવ**—જેમ નાના તલાવનું જલ પશુઓના પેસવાથી ડોહોળાયેલું થઇ જાય છે તેમ તે પુરુષો જો કે પ્રેમવાળા છે પણ શાસ્ત્રાધ્યયન બહુ નથી તેથી દુઃસંગાદિદોષ થવાથી તેમનો ભાવ ક્ષીણ થઇ જાય છે. તેથી તેવાઓનો સંગ કામનો નથી.

**कर्मशुद्धाः पल्वलानि तथाल्पश्रुतभक्तयः ॥ ७ ॥**
**कर्मशुद्धाः, पल्वलानि, तथा, अल्पश्रुतभक्तयः ॥ ॥ ७ ॥**

**कर्मशुद्धाः**–કર્મશુદ્ધ, तद्दा, **अल्पश्रुतभक्तयः**–તથા અલ્પ જ્ઞાન અને ભક્તિવાળા, **पल्वलानि**–નાના તલાવડાં સમાન છે.

કર્મથી શુદ્ધ તથા અલ્પજ્ઞાન અને ભક્તિવાળા નાનાં તલાવડાં સમાન છે. ૭

**દશમો ભાવ**–જેમ નાનાં તલાવડાંનું જલ પ્રથમ શુદ્ધ હોય છે અને તેમાં ડુક્કર વગેરે ફરવાથી કીચ્ચડવાળું થઈ જાય છે અને પીવા લાયક રહેતું નથી તેમ કર્મ કરી ઈશ્વરને અર્પણ કરવાથી ચિત્ત શુદ્ધ થાય છે પણ તેનામાં શાસ્ત્રશ્રવણ અને ભક્તિ થોડી હોવાથી લૌકિક, પારલૌકિક યજ્ઞાદિ કરવાની ઇચ્છાથી સાધનબલનું અભિમાન થવાથી મનનો ભાવ હલકો થાય છે, તેમ દુઃસંગથી ભાવ બગડે છે. તેથી જલના સ્વાદભેદથી તેમનો ભાવ સમજવો.

**योगध्यानादिसंयुक्ता गुणा वर्ष्याः प्रकीर्तिताः ॥ ७½ ॥**

**योगध्यानादिसंयुक्ताः, गुणाः, वर्ष्याः, प्रकीर्तिताः ॥ ७½ ॥**

**योगध्यानादिसंयुक्ताः**–યોગ અને ધ્યાનાદિ સંપન્નના, **गुणाः**–ભાવ **वर्ष्याः**–વરસાદના જલ સમાન, **प्रकीर्तिताः**–કહેવાય છે.

યોગ અને ધ્યાનાદિસંપન્નના ભાવ વરસાદના જલ સમાન કહેવાય છે. ૭½

**અગીઆરમો ભાવ**–જેમ વૃષ્ટિનું જલ સર્વ સ્થલમાં મળે છે અને ખેતરોમાં પડે તો ધાન્ય ઉત્પન્ન કરી શકે છે, તેમ યોગીઓનો ભાવ યોગ કરતી વખતે દેહ, ઇન્દ્રિયોમાં વ્યાપક થાય છે અને સત્પાત્રને યોગાભ્યાસ કરાવે તો પોતાના જેવો તેનો ભાવ પણ કરી શકે છે.

**तपोज्ञानादिभावेन स्वेदजास्तु प्रकीर्तिताः ॥ ८ ॥**
**तपोज्ञानादिभावेन, स्वेदजाः, तु, प्रकीर्तिताः ॥ ८ ॥**

**तपोज्ञानादिभावेन**–કેવલ તપ, જ્ઞાન, આદિ ભાવદ્વારા વકતા, **तु**–તો,



**स्वेदजाः**–પસીનાના પાણી જેવા, **प्रकीर्तिताः**–કહેવાય છે.

કેવલ તપ અને જ્ઞાન આદિ ભાવ દ્વારા–ઇન્દ્રિયનિગ્રહ વિનાના–દેહદમન પસીનાના પાણી સમાન કહેવાય છે. ૮

**બારમો ભાવ**–તપ પંચાગ્નિ સહન કરવો, ભક્તિ વિનાનું કેવલ જ્ઞાન હોય તેવા, વર્ણાશ્રમધર્મ ભગવત્સંબંધરહિત હોય તેવા ઘણા હલકા ભાવવાળા પસીનાના પાણી જેવા છે. પસીનાનું પાણી તાવ મટાડવાના અને બીજા ઉપયોગનું નથી પણ ક્લેશ આપનારૂં છે તેવી રીતનો તેમનો ભાવ સમજવો.

**अलौकिकेन ज्ञानेन ये तु प्रोक्ता हरेर्गुणाः ।**
**कादाचित्काः शब्दगम्याः पतच्छब्दाः प्रकीर्तिताः ॥ ९ ॥**
**अलौकिकेन, ज्ञानेन, ये, तु, प्रोक्ताः, हरेः, गुणाः ।**
**कादाचित्काः, शब्दगम्याः, पतत्शब्दाः, प्रकीर्तिताः ॥ ९ ॥**

**ये**–જે, **अलौकिकेन, ज्ञानेन**–અલૌકિક વેદના જ્ઞાન વડે, **कादाचित्काः**–કોઈ કોઈ વખત થનારા, **शब्दगम्याः**–શબ્દદ્વારા જાણવા યોગ્ય, **हरेः, गुणाः**–શ્રીહરિના ગુણ **प्रोक्ताः**– ગાવામાં આવે છે તે, **पतच्छब्दाः**–પર્વત પરથી પડતા ઝરાના શબ્દ જેવા, **प्रकीर्तिताः**–કહેવાય છે.

જે અલૌકિક વેદના જ્ઞાન વડે કોઈ કોઈ વખત થનારા, શબ્દદ્વારા જાણવા યોગ્ય, શ્રીહરિના ગુણ ગાવામાંઆવે છે તેપર્વત પરથી પડતા ઝરાના શબ્દ જેવા કહેવાય છે. ૯

**તેરમો ભાવ**–પર્વત પરથી જે જળ પડે છે તેનો બોધ શબ્દથી થાય છે. તે જળ જેવા તેમના ગુણો છે. જેમ ઝરાનું જલ નિર્મળ, શીતલ મધુર, પીવાથી મનને હરનારૂં અને તાપ મટાડનારૂં છે તેમ ભગવદ્ગુણવર્ણન કરનારાનો ભાવ કાવ્યાદિમાં મનોહર અને તાપને મટાડનારો જણાય છે.

**देवाद्युपासनोद्भूताः पृष्वा भूमेरिवोद्गताः ॥ ९½ ॥**

**देवाद्युपासनोद्भूताः, पृष्वाः, भूमेः, इव, उद्गताः ॥ ९½ ॥**

**देवाद्युपासनोद्भूताः**–દેવાદિની ઉપાસનાથી ઉત્પન્ન થયેલો ભાવ, **भूमेः**–પૃથ્વીથી, **उद्गताः**–ઉત્પન્ન થનાર, **पृष्वाः**–સ્વલ્પ જલ–ઝાકળ–હિમકણુંના, **इव**–જેવો છે.

દેવાદિની ઉપાસનાથી ઉત્પન્ન થયેલા ભાવવાળા વકતા પૃથ્વીથી ઉત્પન્ન થનાર ઝાકળના જેવા છે. ૯½

**ચૌદમો ભાવ**–જેમ મનુષ્ય દેવાદિપૂજનમાં, માતાપિતાની સેવામાં, પ્રભુનું ભજન કરૂં છું એમ સમજે છે તેનો ભાવ ઝાકળના જલ જેવો અથવા જલમાં થતા બુદ્‌બુદ–પરપોટા–જેવો જાણવો. વિભૂતિનું આરાધન, માતાપિતાની સેવાનું ફલ સ્વર્ગાદિ છે અને પ્રભુભક્તિનુ ફલ સ્વરૂપાનન્દ છે. જેમ ઝાકળના પાણીથી કે જલના બુદ્‌બુદથી સ્નાન, આચમન, પાનાદિ થતું નથી તેમ દેવતાદિના પૂજનનો ભાવ પુરુષોત્તમની પ્રાપ્તિ કરાવનારો નથી.

**साधनादिप्रकारेण नवधा भक्तिमार्गतः ॥ १० ॥**
**प्रेमपूर्त्या स्फुरद्धर्माः स्यन्दमानाः प्रकीर्तिताः ॥ १०½ ॥**

**साधनादिप्रकारेण, नवधा, भक्तिमार्गतः ॥ १० ॥**
**प्रेमपूर्त्या, स्फुरद्धर्माः, स्यन्दमानाः, प्रकीर्तिताः ॥ १०½ ॥**

**साधनादिप्रकारेण**–સાધનાદિની રીતથી, **नवधा, भक्तिमार्गतः**– નવ પ્રકારની ભકિતદ્વારા, **प्रेमपूर्त्या**–પ્રેમથી પરિપૂર્ણ, **स्फुरद्धर्माः**–ભગવાનના સ્મરણ–રૂપ ધર્મ જેનો પ્રકટ થાય છે તે, **स्यन्दमानाः**–ઝરણાની તુલ્ય, **प्रकीर्तिताः**–કહેવાય છે.

સાધનાદિની રીતથી, નવ પ્રકારની ભક્તિદ્વારા પ્રેમથી પરિપૂર્ણ થતાં જેમને ભગવાનના સ્મરણરૂપ ધર્મ પ્રકટ થાય છે તે વકતાઓ પર્વતથી નીકળતા ઝરણાના પરમ પવિત્ર નિર્મલ જલ સમાન કહેવાય છે. ૧૦½

**પંદરમો ભાવ**–જે જીવનો પ્રભુએ મર્યાદામાં અંગીકાર કર્યો હોય તે સર્વ કામનાઓ ત્યજી વર્ણાશ્રમધર્મનું આચરણ કરે તેથી અંતઃકરણ શુદ્ધ થાય છે, ત્યારે તેને પ્રભુની ભક્તિ થાય છે એવી જેની માન્યતા હોય તેણે ઉપરના સાધનથી શ્રવણાદિમાં પ્રયાસ કરવો. તેમનો ભાવ ઝરણાના જલ સમાન છે, એટલે પર્વત પર વરસાદ પડે કે તળાવ વગેરે હોય તો ઝરણાનું જળ વધે છે અને ન હોય તો ઘટે છે, તેમજ એ જલની શુદ્ધિ, અશુદ્ધિ પણ વધારે કે ઓછા જલને લઇને છે. પ્રથમનો ભાવ સાધન પ્રમાણે થાય છે, તેથી તેમાં સ્નેહની ઉત્પત્તિ થાય ત્યાં સુધી શાસ્ત્રમાં કહેલો



વિધિજ કારણરૂપ છે, અને સ્નેહ ઉત્પન્ન થયાં પછી પોતાની મેળેજ પ્રીતિથીજ તે સંબંધી પદાર્થમાં યત્ન કરશે, પછી વિધિનું પ્રયોજન રહેશે નહીં.

**यादृशास्तादृशाः प्रोक्ता वृद्धिक्षयविवर्जिताः ॥ ११ ॥**
**स्थावरास्ते समाख्याता मर्यादैकप्रतिष्ठिताः ॥ ११½ ॥**

**यादृशाः, तादृशा, प्रोक्ताः, वृद्धिक्षयविवर्जिताः ॥ ११ ॥**
**स्थावराः, ते, समाख्याताः, मर्यादैकप्रतिष्ठिताः ॥ ११½ ॥**

**यादृशाः**–જે પ્રથમ કહ્યા છે, **तादृशाः**–તેવાજ સાધનનિષ્ઠ, **वृद्धिक्षयविवर्जिताः**–પ્રભુપ્રેમમાં વૃદ્ધિ કે ક્ષયરહિત, અર્થાત્ સ્થિરભાવવાળા, **प्रोक्ताः**–કહેવાય છે તે, **मर्यादैकप्रतिष्ठिताः**–કેવલ મર્યાદાભાવમાં રહેલા, તે **स्थावराः**–તેઓ સ્થાવર, બંધીયારા જલાશયના જેવા, **समाख्याताः**–કહેવાય છે.

જેમ પ્રથમ કહયા છે તેવાજ સાધનનિષ્ઠ, પ્રભુપ્રેમમાં વૃધ્ધિ કે ક્ષય નથી, અર્થાત્ સ્થિરભાવવાળા છે તે કેવલ મર્યાદાભાવમાં રહેલા સ્થાવર જલાશયના જલ જેવા કહેવાય છે. ૧૧½

**સોળમો ભાવ**–જેમ જલાશય બંધીઆર હોય અને તેમાંનું જલ સ્થિર હોય તો બહુ તાપ પડવાથી સુકાતું નથી, અને સ્નાનાદિના સર્વ કામમાં ઉપયોગી થાય છે, તેમ જેનો સ્થિર પ્રેમ છે તે પોતાને પ્રસિધ્ધ કરે છે, તેવી રીતે સાધનાદિથી સ્થિર રહેલા, શ્રવણાદિ ધર્મો પણ જેનામાં રહેલા હોય તે તેનેજ સુખ આપે છે. તેથી તેવાઓના સંગમાત્ર તેટલાજ ગુણવાળો છે, પણ વિશેષ અનુગ્રહરૂપ ફલ આપનારો નથી. તેઓને પુષ્ટિસ્વરૂપનું જ્ઞાન હોતું નથી તેથી મર્યાદાધર્મમાંજ તેને ઉત્તમ બુધ્ધિ રહે છે.

**अनेकजन्मसंसिद्धा जन्मप्रभृति सर्वदा ॥ १२ ॥**
**सङ्गादिगुणदोषाभ्यां वृद्धिक्षययुता भुवि ।**
**निरन्तरोद्गमयुता नद्यस्ते परिकीर्तिताः ॥ १३ ॥**
**अनेकजन्मसंसिद्धाः, जन्मप्रभृति, सर्वदा ॥ १२ ॥**
**संगादिगुणदोषाभ्याम्, वृद्धिक्षययुताः, भुवि ।**
**निरन्तरोद्गमयुताः, नद्यः, ते, परिकीर्तिताः ॥ १३ ॥**

**अनेकजन्मसंसिद्धाः**—જે અનેક જન્મોથી સિધ્ધિ માટે પ્રયત્નશીલ છે, **जन्मप्रभृति**—જન્મથી લઈ, **सर्वदा**—સદા, **भुवि**—પૃથ્વીમાં, **संगादिगुणदोषाभ्याम्**—સંગના ગુણદોષોથી, **वृद्धिक्षययुताः**—વૃધ્ધિ અને ક્ષયને પ્રાપ્ત થાય છે, તે, **निरन्तरोद्गमयुताः**—તે નિરંતર જન્મ લેનારા, **नद्यः**—નદીના સમાન, **परिकीर्तिताः**—કહેવાય છે.

જે અનેક જન્મોથી સિદ્ધિ માટે પ્રયત્નશીલ છે પરન્તુ જન્માંતરોના દુઃસંગ અને સત્સંગના ગુણદોષથી ઈશ્વરમાં જેમનો પ્રેમ કોઈ વખત ઓછો અને કોઈ વખત અધિક થઈ જાય છે તે નિરંતર જન્મ લેનારા પ્રવાહવાળી નદીના જલસમાન છે. ૧૩

**સત્તરમો ભાવ**—નદીનું જલ વરસાદ અને તાપથી વધે છે અને ઘટે છે. પૃથ્વી અને પર્વતાદિના ગુણ અને દોષ વડે જલ પણ તેવા ગુણદોષવાળું થાય છે. તે શુદ્ધિ અને તૃપ્તિ વગેરે કરે છે. તેમ ઉપર કહ્યા તેવા જીવનો ભાવ તપ, ધ્યાન, સમાધિ કરીને પાપના ક્ષય દ્વારા શુદ્ધિ ઉત્પન્ન કરે છે, સત્સંગ વડે ગુણ અને દુઃસંગ વડે દોષ ઉત્પન્ન કરે છે, અને તે વધે છે અને ઘટે છે. તેથી તેમને નદીના જલ પ્રમાણે ગણ્યા છે. નદીઓ, દેશ, કાલને લઈને સારી નઠારી થાય છે અને તેનું જલ પણ તેવા ગુણદોષવાળું સારૂં નઠારૂં થાય છે. તેથી તેવા સ્વભાવવાળા જીવનો સંગ ઉત્તમ ફલ આપનારો નથી.

एतादृशाः स्वतन्त्राश्चेत् सिन्धवः परिकीर्तिताः ॥ १३$\frac{1}{2}$ ॥

एतादृशाः, स्वतन्त्राः, चेत्, सिन्धवः, परिकीर्तिताः ॥ १३$\frac{1}{2}$ ॥

**एतादृशाः**—ઉપર કહેલા વકતાઓ (૧૭મા ભાવવાળા), **स्वतन्त्राः**, **चेत्**—જો સ્વતન્ત્ર હોય તો, અર્થાત્ મનની સર્વ ઉપાધિથી મુક્ત હોય તો, **सिन्धवः**—સાગરમાં મળનારી મોટી નદી સમાન, **परिकीर्तिताः**—કહેવાય છે.

ઉપર કહેલા સત્તરમા ભાવવાળા વકતાઓ જો સ્વતન્ત્ર, મનની સર્વ ઉપાધિથી મુક્ત, હોય તો તે સાગરમાં મળનારી મોટી નદીના સમાન છે ૧૩$\frac{1}{2}$

**અઢારમો ભાવ**—જેમ મહાન નદીનાં જલચર સમુદ્રમાં જઈ શકે છે તેમ ઉપર જણાવેલા સ્વતંત્ર, અર્થાત્ સંગાદિના ગુણદોષ વડે વૃધ્ધિક્ષયયુક્ત ન હોય તેવા નિષ્કામ, પ્રેમવાળા પણ દયાના સાગર પ્રભુમાં પ્રવેશ કરે છે. મહા નદીના જલની માફક આ ભાવ સર્વ પ્રકારની શુધ્ધિને ઉત્પન્ન કરવાવાળો છે.



पूर्णा भगवदीया ये शेषव्यासाग्निमारुताः ॥ १४ ॥

जडनारदमैत्राद्यास्ते समुद्राः परिकीर्तिताः ॥ १४$\frac{1}{2}$ ॥

पूर्णाः, भगवदीयाः, ये, शेषव्यासाग्निमारुताः ॥ १४ ॥

जडनारदमैत्राद्याः, तें, समुद्राः, परिकीर्तिताः ॥ १४$\frac{1}{2}$ ॥

**ये, पूर्णाः**—જે પૂર્ણ, **भगवदीयाः**—ભગવદીય—ભગવાનના સંબંધમાં કહેનારા, **शेषव्यासाग्निमारुताः**—શેષ, વ્યાસ, અગ્નિ, હનુમાનજી **जडनारदमैत्राद्याः**—જડભરત, નારદ, મૈત્રેય, આદિ, તે, **समुद्राः**—તે સમુદ્ર સમાન, **परिकीर्तिताः**—કહેવાય છે.

જે પૂર્ણ ભગવદીય—ભગવાનના સંબંધમાં કહેનારા શેષ, વ્યાસ, અગ્નિ, હનુમાનજી, તેવી રીતે જડભરત, નારદ, મૈત્રેય આદિ મહાનુભાવો છે તે સમુદ્રના જલ સમાન કહેવાય છે. ૧૪$\frac{1}{2}$

**ઓગણીસમો ભાવ**—ભગવદીય ભકિત વડે પૂર્ણ છે પણ આત્માને માટે ભગવાનની સેવા કરે છે. જેમકે શેષ ભગવાનની શય્યારૂપ થઈને સેવા કરે છે તેથી તે ભગવાનની વિભૂતિરૂપ છે. વ્યાસજી ભગવાનની જ્ઞાનકલાનો અવતાર છે. તેમનો અંતઃકરણનો અસંતોષ ભગવદ્ધર્મનું નિરૂપણ કરવાથી નિવૃત્ત થયો હતો અને આત્મા પ્રસન્ન થયો હતો. અગ્નિ—ભગવાનના મુખારવિન્દરૂપ આપશ્રીમહાપ્રભુજી છે, જેમને સર્વ અંશમાં સર્વરૂપ શ્રીકૃષ્ણજ છે. અથવા અગ્નિપુરાણના વક્તા અગ્નિ. હનુમાનજી—શ્રીરામના ગુણગાનમાં તત્પર છે. જડભરતજી—હૃદયમાં પૂર્ણ ભાવવાળા છે પણ બહારથી જડ જેવા દેખાય છે. નારદજી—શ્રીપુરુષોત્તમના ગુણગાનમાં એકતાનવાળા છે. મૈત્રેયજી—પરાશર ઋષિના શિષ્ય ભગવદ્ધર્મના વકતા છે. ઉધ્ધવજી પણ શ્રીપ્રભુના પરમ ભકત છે. જેમ ચંદ્રદર્શનથી સમુદ્રમાં નવા નવા તરંગો ઉઠે છે તેમ ઉપર કહેલા ભગવદીયોને ભગવાનના દર્શનથી હૃદયમાં નવા નવા ભાવો ઉત્પન્ન થાય છે. તેઓનો ભાવ સમુદ્રના જલ જેવો છે. જેમ સમુદ્રનું જલ અતિ ગંભીર, ક્ષોભ ન થાય તેવું અને રત્નની ખાણરૂપ છે, તેમ તેવાઓના ભાવ પણ અત્યંત ગંભીર, ક્ષોભ ન થાય તેવા અને નાના પ્રકારના ભાવની ખાણરૂપ છે. તેથી તેમાં રહેલા ગુણો પણ તેવાજ છે. માટે તેવાઓનો સંગ ઉત્તમ ફલરૂપ છે.

**लोकवेदगुणैर्मिश्रभावेनैके हरेर्गुणान् ॥ १५ ॥**

**वर्णयन्ति समुद्रास्ते क्षाराद्याः षट् प्रकीर्तिताः ॥ १५½ ॥**

**लोकवेदगुणैः, मिश्रभावेन, एके, हरेः, गुणान् ॥ १५ ॥**

**वर्णयन्ति, समुद्राः, ते, क्षाराद्याः, षट्, प्रकीर्तिताः ॥ १५½ ॥**

**लोकवेदगुणैः**–લૌકિક અને વૈદિક ગુણોથી, **मिश्रभावेन**–મિશ્રભાવ દ્વારા **हरेः, गुणान्**–હરિના ગુણોને, **वर्णयन्ति**–જે વર્ણન કરે છે, **ते, क्षाराद्याः**–તે ક્ષારાદિ, **षट्, समुद्राः**–છ પ્રકારના સમુદ્ર સમાન, **प्रकीर्तिताः**–કહેવાય છે.

લૌકિક અને વૈદિક ગુણોથી મિશ્રિત ભાવ વડે જે વક્તા હરિના ગુણોનું વર્ણન કરે છે તે ક્ષારાદિ છ પ્રકારના સમુદ્ર સમાન કહેવાય છે. ૧૫½.

જેઓ રામકૃષ્ણાદિને ઉત્તમ મનુષ્ય તરીકે માને છે તેમનો ભાવ ક્ષાર સમુદ્રના જલના જેવો સમજવો. જેમ ખારા સમુદ્રનું જલ તૃષા મટાડતું નથી તેમ. જેઓ શ્રીકૃષ્ણને વરાહાદિ અવતાર વડે ઉદ્ધાર કરનારા અને જગત્કર્તા માને છે અને શ્રીપ્રભુનું ગુણગાન કરે છે તેમનો ભાવ દધિમંડ સમુદ્ર જેવો જાણવો. જેમ દહિંને વલોવી માખણ કાઢી લીધા પછીની છાશ હોય છે તેવા સારરહિત હોવાથી તે પોષણ કરવામાં નિરુપયોગી છે. માયાના ગુણ વડે શ્રીહરિ સર્વ કરે છે એમ માની ભગવદ્ગુણનું વર્ણન કરનારાનો ભાવ સુરોદક સમુદ્રના જેવો છે. જેમ સુરા–મદિરા, સ્વરૂપનું ભાન ભુલાવનારૂં અને દોષ ઉત્પન્ન કરનારૂં છે તેમ. પ્રભુ સર્વ કરવામાં સમર્થ છે એમ જાણીને પ્રભુનું વર્ણન કરનારાઓના ભાવ ક્ષીરોદક સમુદ્ર જેવો છે. દુધના ગુણસરખા ગુણ તે ભાવવાળાના હોય છે. પ્રભુ મહાન છે અને પોતાના ભક્તોને સાધનવાળા કરે છે તેવા ભાવવાળા ઘૃતોદક સમુદ્ર સમાન છે. તેમનો ભાવ ઘૃત–ઘીના સમુદ્રસમાન ગુણવાળો છે. પ્રભુ લક્ષ્મીજીના પતિ છે, સેવકોને ભોગ અને મોક્ષ આપવાવાળા છે એવા ભાવવાળા ઇક્ષુરસોદક–શેરડીના રસના સમુદ્ર જેવા છે, એટલે તે મધુર અને તાપને મટાડનાર છે. શરણ આવેલા જીવ ગમે તેવા હોય તો પણ તેમનો ત્યાગ નહીં કરતાં ઉદ્ધાર કરે છે તેથી શ્રીકૃષ્ણ સેવ્ય છે એમ જાણીને જે ભગવાનના ગુણોનું વર્ણન કરે છે તેવા વક્તા શુદ્ધોદક સમુદ્રના જેવા છે અને તેમનો ભાવ શુદ્ધ મીઠા જલના જેવો છે. જેમ મીઠું જલ નિર્મળ અને તૃપ્તિના કારણ



રૂપ છે. તેમ ભગવાન ચિદ્રૂપ, વિજ્ઞાનપૂર્ણ, સર્વસમ અને મોક્ષ સારૂ સેવન કરવા યોગ્ય છે એમ જાણીને વર્ણન કરનારા વક્તાનો ભાવ દધિમંડોદ સમાન છે. ભગવાન્ વૈરાગ્યપૂર્ણ હોઇ કોઇની પાસે કશું ગ્રહણ કરતા નથી અને કોઈ જાતની ઇચ્છા કરતા નથી, મનુષ્ય શુદ્ધ થવા ભગવાનને ભજે એવો પ્રકાર થવાથી લોક સ્વાર્થ સારૂ ભજન, સ્તુતિ અને અર્પણ આદિ કરે છે, તેને તે ગ્રહણ કરે છે એમ જાણી જે વક્તા ભગવાનના ગુણોનું વર્ણન કરે છે એવા ભાવવાળા વક્તા ખારા સમુદ્રના જેવા છે.

गुणातीततया शुद्धान् सच्चिदानन्दरूपिणः ॥ १६ ॥

सर्वानेव गुणान् विष्णोर्वर्णयन्ति विचक्षणाः ।

तेऽमृतोदाः समाख्यातास्तद्वाक्पानं सुदुर्लभम् ॥ १७ ॥

गुणातीततया, शुद्धान्, सच्चिदानन्दरूपिणः ॥ १६ ॥

सर्वान्, एव, गुणान्, विष्णोः, वर्णयन्ति, विचक्षणाः ।

ते, अमृतोदाः, समाख्याताः, तद्वाक्पानम्, सुदुर्लभम् ॥ १७ ॥

**गुणातीततया**–ભગવાન પ્રકૃતિના ગુણોથી પર, **शुद्धान्**–શુદ્ધ, **सच्चिदानन्दरूपिणः**–સચ્ચિદાનન્દ સ્વરૂપ છે (તેવું જાણીને), **विचक्षणाः**–બુધ્ધિમાન વક્તાઓ, **विष्णोः**–શ્રીવિષ્ણુના, **सर्वान्, गुणान्**–સમ્પૂર્ણ ગુણોનું, **वर्णयन्ति**–વર્ણન કરે છે, **ते, अमृतोदाः**–તે અમૃત આપનાર સમુદ્રની સમાન, **समाख्याताः**–કહેવાય છે, **तद्वाक्पानम्**–તેમનાં વચનામૃતનું પાન (શ્રવણ), **सुदुर्लभम्**–અત્યન્ત દુર્લભ છે.

ભગવાન પ્રકૃતિના ગુણોથી પર છે, શુધ્ધ છે, સચ્ચિદાનન્દસ્વરૂપ છે, તેવું જાણીને બુધ્ધિમાન વક્તાઓ શ્રીવિષ્ણુના સમ્પૂર્ણ ગુણોનું વર્ણન કરે છે. તે અમૃત આપનાર સમુદ્રની સમાન કહેવાય છે. તેમનાં વચનામૃતનું પાન, શ્રવણ, પરમ દુર્લભ છે. ૧૭

**પૂર્ણ ભગદીયોમાં ઉત્તમની ગણના**–ભગવાન ક્ષરથી પર છે અને અક્ષરથી ઉત્તમ છે. પ્રભુનું નામ, રૂપ અને તેમના નિર્ગુણપણાનો નિશ્ચય કરીને, તેમનું નામ સચ્ચિદાનન્દાત્મક છે, ભગવાન અક્ષરાતીત પૂર્ણ પુરુષોત્તમ છે, તેમની સર્વ સામગ્રી નિર્ગુણ છે, તેમની લીલા ફલરૂપ છે, તેમના નામસ્મરણથી મોક્ષ છે એવું નિરૂપણ કરીને પ્રભુના સર્વગુણ, નવનીતચોરી, વેણુનાદ, ગોવર્ધનધરણ આદિ લીલા ગુણાતીતપણાથી કરેલી છે એવું વર્ણન કરનારા વક્તાનો ભાવ અમૃતના સમુદ્ર જેવો છે. નવનીતચોરી આદિના પ્રયોજનને–ભાવને સમજનારા છે તે ચતુર હોય છે, તેથી

તેમની વાણી સાંભળીને હૃદયમાં તેવો ભાવ લાવવો તે દુર્લભ છે, તેથી નામનું સ્વરૂપ જાણવા ગુરુનું શરણ લેવા વેદાદિમાં આજ્ઞા છે. પોતાની મેળે અભ્યાસ કરવાથી જ્ઞાન કર્માદિ વ્યર્થ કહ્યાં છે, માટે ગુરુ પાસેથી ભકિતપૂર્વક ભગવદુપદેશ ગ્રહણ કરીને પ્રભુમાં પુરુષોત્તમપણાનું જ્ઞાન થાય ત્યારે સર્વજ્ઞતા થાય છે, અને તે બધું જાણનાર સર્વ-ભાવ વડે ભગવાનની સેવા કરે છે.

**तादृशानां क्वचिद् वाक्यं दूतानामिव वर्णितम् ।**
**अजामिलाकर्णनवद् बिन्दुपानं प्रकीर्तितम् ॥ १८ ॥**
**तादृशानाम् , क्वचित् , वाक्यम् , दूतानाम् , इव, वर्णितम् ।**
**अजामिलाकर्णनवत् , बिन्दुपानम् , प्रकीर्तितम् ॥ १८ ॥**

**तादृशानाम्**-ભગવદીયોનાં, **वाक्यम्**-વચનામૃત, **क्वचित्**-કોઈ વખત, **दूतानाम्** , **इव**-વિષ્ણુના પાર્ષદોના જેવાં, **वर्णितम्**-વર્ણન કરાયાં છે, **अजामिला-कर्णनवत्**-અજામિલે સાંભળેલાં તેવાં, **बिन्दुपानम्**-અમૃતબિન્દુના પાન કરવા સમાન, **प्रकीर्तितम्**-કહેવાયાં છે.

આવા પ્રકારના ભગવદીયોનાં વચનામૃત કોઈ વખત વિષ્ણુના પાર્ષદોનાં વાક્યો જેવાં વર્ણન કરાયાં છે, જેવા પ્રકારે અજામિલે સાંભળેલાં તેવાં અમૃતબિન્દુના પાન કરવા સમાન છે. ૧૮

પૂર્ણ ભગવદીય કૃપા કરીને આગ્રહ વિના કહે તે વાક્ય પ્રભુનાં સમજવાં. જેમ રાજા ચાકરદ્વારા હુકમ કરે છે તેમ ભગવાન ભગવદીયદ્વારા ઉપદેશ કરે છે. દૂત જેમ રાજાના ગુણવર્ણનમાં શંકા કરતા નથી તેમ ભગવદીયોને પ્રભુના ગુણવર્ણનમાં શંકા હોતી નથી. તેથી પ્રભુની કૃપા અને ભવિષ્યમાં ફલ મળવાનો યોગ હોય ત્યારેજ તેવા ભગવદીયનો સમાગમ થાય છે. તેમના મુખથી ઉપદેશ લેવો, તેમને સાંભળવા તે અમૃતબિન્દુના પાન કરવા રૂપ છે અને અજામિલના શ્રવણ બરાબર છે. જેમ અજામિલે ભગવાનના દૂતના મુખથી ભગવદ્ધર્મબલનું શ્રવણ કર્યું તે પછી તે નરકનો અધિકારી મટી ઉત્તમ ફલને પામ્યો તેવી રીતે અમૃતબિન્દુ પાન કરનારાને ઉત્તમ ફલ થાય છે.

**रागाज्ञानादिभावानां सर्वथा नाशनं यदा ।**
**तदा लेहनमित्युक्तं स्वानन्दोद्गमकारणम् ॥ १९ ॥**
**रागाज्ञानादिभावानाम् , सर्वथा, नाशनम् , यदा ।**
**तदा, लेहनम् , इति उक्तम् , स्वानन्दोद्गमकारणम् ॥ १९ ॥**



**यदा**-જ્યારે, **रागाज्ञानादिभावानाम्**-રાગ, અજ્ઞાન આદિ ભાવોનો, **सर्वथा**-સારી રીતે, **नाशनम्**-નાશ (થાય), **तदा**-ત્યારે, **सर्वानन्दोद्गमकारणम्**-પોતાના આનન્દની ઉત્પત્તિના કારણરૂપ પ્રભુકીર્તન, **इति**, **लेहनम्**-એજ સ્વાદપ્રાપ્તિ (ચાટણ), **उक्तम्**-કહ્યું છે.

જ્યારે રાગ, અજ્ઞાનાદિ ભાવોનો સારી રીતે નાશ થાય ત્યારે પોતાના આનન્દની ઉત્પત્તિના કારણરૂપ પ્રભુકીર્તન એજ સ્વાદપ્રાપ્તિ-ચાટણ-જેવું કહ્યું છે. એવી રીતે વકતા પોતાની મેળે નિરન્તર ગુણગાનમાં તત્પર રહે છે. ૧૯

રાગ—ઘરમાં સ્નેહ, અજ્ઞાન—ભગવત્સ્વરૂપને નહીં જાણવું તે અથવા અવિદ્યા. શોક મોહનો જ્યારે નાશ થાય અને રાગાદિની વાસના ન રહે ત્યારે ઉપર કહેલા બિન્દુપાનને લેહન—ચાટણ—કહ્યું છે. તે ભગવદાનન્દનો અનુભવ કરાવનાર છે. જ્યારે શ્રવણાદિમાં વ્યસન થાય ત્યારે કથારસના આનન્દનો સ્વાદ અનુભવવામાં આવે છે તે અમૃતરૂપ છે, ત્યારેજ જીવમાં એ આનન્દનો તિરોભાવ થયો છે. તેનો ફરી આવિર્ભાવ થાય છે, અને પ્રભુમાં અનુક્રમે પ્રેમ, આસક્તિ અને વ્યસન થવાથી પ્રપંચની વિસ્મૃતિ થઈ જીવ કૃતકૃત્ય થાય છે, અને જીવને ભક્તિનું પૂર્ણ ફલ પ્રભુની સેવામાં વ્યસન થવાથી મળે છે.

**उद्धृतोदकवत् सर्वे पतितोदकवत् तथा ।**
**उक्तातिरिक्तवाक्यानि फलं चापि तथा ततः ॥ २० ॥**
**उद्धृतोदकवत् , सर्वे, पतितोदकवत् , तथा ।**
**उक्तातिरिक्तवाक्यानि, फलम् , च, अपि, तथा, ततः ॥ २० ॥**

**उक्तातिरिक्तवाक्यानि**-ઉપર કહેલા વકતાઓનાં વાક્યોથી જૂદાં વચનો કહેનારા, **सर्वे**-અન્ય વકતાઓ, **उद्धृतोदकवत्**-વરાળના પાણી જેવા છે, **तथा**-તથા, **पतितोदकवत्**-પૃથ્વી પર પડેલા પાણી જેવા છે, **ततः**, **फलम्**-તેનાથી ફલ, **अपि**, **तथा**-પણ તેવુંજ છે.

ઉપર કહેલા વકતાઓનાં વચનોથી જૂદાં વચન કહેનારા બીજા સર્વ વકતાઓ (જેમનું નિરૂપણ આ ગ્રંથમાં કર્યું નથી તે) વરાળના પાણી જેવા અથવા જલાશયમાંથી પાત્રમાં લીધેલા જલ જેવા છે, તથા પૃથ્વી પર પડેલા પાણી જેવા છે, અને તેનાથી ફલ પણ તેવુંજ છે. ૨૦

**વીસમો ભાવ**—જેમ વરાળ હવામાં જતી રહે છે અને તેનું પાણી સ્નાન-પાનના ઉપયોગમાં આવતું નથી તેમ ડૉળ ઘાલનારા મનુષ્યોનાં ખાલી વચનો તદ્દન નકામાં છે. અથવા જલાશયમાંથી પાત્રમાં લીધેલું જળ જેમ પાત્રના ગુણદોષવાળું

થાય છે તેમ વકતાનો ભાવ પણ મિશ્ર હોય છે. કેટલાકનાં વચનો પૃથ્વી પર પડેલા જલના જેવાં છે. જે જળ જે જમીનમાં થઇને જાય છે તે તમામ જમીનના ગુણવાળું થાય છે તેમ વકતાનો ભાવ જેવો હોય તેવી અસર શ્રોતાના મન પર થાય છે.

**इति जीवेन्द्रियगता नानाभावं गता भुवि ।**
**रूपतः फलतश्चैव गुणा विष्णो निरूपिताः ॥ २१ ॥**
**इति, जीवेन्द्रियगताः, नानाभावम्, गताः, भुवि ।**
**रूपतः, फलतः, च, एव, गुणाः, विष्णोः, निरूपिताः ॥ २१ ॥**

**इति, रूपतः**–આ પ્રકારે રૂપથી, **फलतः, भुवि**–ફલથી પૃથ્વી પર **नानाभावम्**–જુદા જુદા ભાવને, **गताः**–પામેલા, **जीवेन्द्रियगताः**–જીવ અને ઇન્દ્રિયો વિષે રહેલા, **विष्णोः, गुणः**–વિષ્ણુના ગુણો, **निरूपिताः**–નિરૂપણ કર્યા છે.

આ પ્રકારે રૂપથી અને ફલથી પૃથ્વી પર જુદા જુદા ભાવને પામેલા જીવ અને ઇન્દ્રિયો વિશે રહેલા વિષ્ણુના ગુણો નિરૂપણ કર્યા છે.

જેથી શરીરમાં ચેતન રહેલું છે તે જીવ કહેવાય છે, અને મન, વાણી, નેત્ર, વગેરે ઇન્દ્રિયો કહેવાય છે. તેમાં ભાવ રહેલા છે, એટલે તેમાં રહેવાથીજ રૂપ તથા ફલથી અનેક ભાવને પ્રાપ્ત થયેલા છે. વિષ્ણુના ગુણ કહેલા છે તેથી સર્વત્ર વ્યાપક ભગવાન્ હોવાથી તેમના ગુણો ભગવાનમાં રહેલા છે, માટે એક-રૂપપણું જ તે ગુણોને છે, તો પણ તે ગુણો જેનામાં આવેલા છે તે આધારના ભેદથી તેના જ ચિહનવાળા અને તેને અનુકૂલ ફલ આપનારા થાય છે. તેથી તે ગુણો જેનામાં રહેલા હોય તે પુરુષના સ્વરૂપનો વિચાર કરીને તે ભગવદ્ગુણોને જાણવા સારૂ ભગવદ્ભકતોએ તે પુરુષનો સંગ કરવો, પણ કોઈ પુરુષ ભગવદ્ગુણોનો ઉચ્ચાર કરતો હોય તેટલા માત્રથીજ તેની પાસે જઇને વગર વિચારે તેનો સંગ કરવો નહીં કે તેનો બોધ ગ્રહણ કરવો નહીં. અહીં ભગવાનના ગુણો નિરૂપણ કરવાનું કહેલું છે તેથી મુખ્ય ગુણોનું જ નિરૂપણ છે, અને ભાવ તથા તેના આધારનું નિરૂપણ તો પ્રસંગથી આવેલું છે.

**इति श्रीमद्वल्लभाचार्यप्रकटितो जलभेदः संपूर्णः ॥ १२ ॥**

**इति**–આ પ્રમાણે, **श्रीमद्वल्लभाचार्यप्रकटितः**–શ્રીમદ્વલ્લભાચાર્યજીનો પ્રકટ કરેલો, **जलभेदः**–જલભેદ ગ્રન્થ, **सम्पूर्णः**–સમ્પૂર્ણ થયો.

આ પ્રમાણે શ્રીમદ્વલ્લભાચાર્યજીનો પ્રકટ કરેલો જલભેદ ગ્રન્થ સમ્પૂર્ણ થયો. ૧૨.

**॥ श्रीकृष्णार्पणमस्तु ॥**

# १३–पञ्च पद्य

**ગ્રન્થપરિચય:**–શ્રોતાના ભેદ. શ્રીમદાચાર્યચરણોએ આ ગ્રન્થમાં પુષ્ટિ અને મર્યાદા એમ બે માર્ગ વડે શ્રોતા ભકતોનું નિરૂપણ કરેલું છે. તેમાં પુષ્ટિ-માર્ગીય ઉત્તમ શ્રોતા અને મર્યાદામાર્ગીય મધ્યમ, અધમ અને ઉત્તમ શ્રોતાનાં લક્ષણો જણાવેલાં છે.

**પુષ્ટિમાર્ગીય ઉત્તમ શ્રોતાનાં લક્ષણ**—(૧) જેમનું મન શ્રીકૃષ્ણરસમાં લાગેલું હોય છે. (૨) ભગવચ્ચરિત્રના શ્રવણમાં નિરન્તર પ્રીતિવાળા છે. (૩) લૌકિક, વૈદિક ફલની ઇચ્છા વિનાના હોઈ કેવલ ભગવાનની કથા વાર્તાના શ્રવણાદિ માત્રમાં જ આસક્ત રહે છે. (૪) શ્રવણમાં જેમનો ભાવ સ્થાયી હોય છે.

**મર્યાદામાર્ગીય મધ્યમ શ્રોતા**—(૧) જેમનું મન શ્રીકૃષ્ણરસમાં સર્વદા લાગેલું હોતું નથી પણ ભગવદ્ગુણગાનના શ્રવણની અસર થાય તેવું કોમલ હોય છે. (૨) જ્યારે ભગવાનની સ્મૃતિ આવે તે સમયે વિહવલ થાય છે પણ નિરન્તર તેવા રહેતા નથી. (૩) વૈદિક ફલ મોક્ષાદિમાં નિષ્ઠાવાળા છે. (૪) ભગ-વાનના ગુણના શ્રવણમાં ઉત્સાહવાળા રહે છે.

**અધમ શ્રોતા**—(૧) જેમનું મન જ્ઞાનમાં વિશેષ આસક્ત હોવાથી તે પ્રભુની મહત્તાને–માહાત્મ્ય જ્ઞાનને–સંદેહરહિત જાણે છે એટલે પ્રભુમાં પ્રેમની શરૂઆત થયેલી હોય છે. (૨) શ્રવણથી આવેશવાળા થાય છે અથવા લૌકિક વૈદિક સંબંધથી નિરોધવાળા હોય ત્યારે વિકલ થાય છે, બીજે પ્રકારે વિકલ થતા નથી. (૩) કદાચિત્ પૂર્ણ ભાવ વડે પૂર્ણ અર્થવાળા છે પણ સર્વદા તેવા હોતા નથી. (૪) કેટલાક પ્રભુ વિના અન્ય લૌકિક વૈદિકમાં આસક્તિ વાળા હોય છે.

**ઉત્તમ શ્રોતા**—દેશ કાલાદિ પ્રકારથી જે અનન્ય મનવાળા છે, એટલે જેમને સર્વત્ર બહારના પદાર્થનું જ્ઞાન હોય તો પણ શ્રીપ્રભુ વિના બીજે જેમનું મન જતું નથી. આ શ્રોતા પર કાલની સત્તા છે. પુષ્ટિમાર્ગીય ઉત્તમ શ્રોતા પ્રભુ-કૃપાથી અનન્ય ભાવવાળા થવાથી તેમના પર કાલની સત્તા નથી.

જો પ્રથમ બતાવેલા ઉત્તમ શ્રોતા ન મળે તો મર્યાદામાર્ગીય ઉત્તમ શ્રોતા ભક્તિમાં સંગ કરવા શોધવા યોગ્ય છે.

શ્રોતા તરીકેની યોગ્યતા મેળવવા અન્યાશ્રયથી રહિત થવું જોઇએ અને ભક્તિની સિદ્ધિ સારૂ પ્રભુમાહાત્મ્યનું જ્ઞાન મેળવવું. તે પછી પ્રભુમાં સુદૃઢ સ્નેહ થાય છે. તેમ થવાથી ભક્ત પુષ્ટિમાર્ગીય ઉત્તમ શ્રેણીમાં આવી શકશે.

श्रीकृष्णरसविक्षिप्तमानसारतिवर्जिताः ।
अनिर्वृता लोकवेदे ते मुख्याः श्रवणोत्सुका ॥ १ ॥
श्रीकृष्णरसविक्षिप्तमानसाः, रतिवर्जिताः ।
अनिर्वृताः, लोकवेदे, ते, मुख्याः, श्रवणोत्सुकाः ॥ १ ॥

**श्रीकृष्णरसविक्षिप्तमानसाः**–શ્રીકૃષ્ણના ભજનાનન્દરૂપી રસમાં જેમનું મન ચોંટી ગયું છે–લગની લાગી રહી છે એવા મન વાળા, **रतिवर्जिताः**–રતિ–રમણથી રહિત, **लोकवेदे**–લોક તથા વેદમાં, **अनिर्वृताः**–આનન્દરહિત, **श्रवणोत्सुकाः**–ભગવત્કથાશ્રવણમાં ઉત્સાહવાળા એવા, **ते**, **मुख्याः**–તેઓ મુખ્ય શ્રોતા છે.

શ્રીકૃષ્ણના ભજનાનન્દરૂપી રસમાં જેમનુ મન લાગેલું છે એવા, રમણ વિનાના, લૌકિક વૈદિક ફલની મનમાં કાંઈ ઇચ્છા ન હોવાથી તેમાં જેમને આનન્દ આવતો નથી એવા, ભગવત્કથાશ્રવણમાં જેમનો ઉત્સાહ સદા સ્થાયી રહે છે એવા, તેઓ શ્રોતામાં મુખ્ય છે. ૧

શ્રીકૃષ્ણના ભજનમાં જેમને સ્વાર્થાનુસંધાન રહેતું નથી, ભગવચ્ચરિત્રના શ્રવણમાં સહજ ભાવયુક્ત છે, પ્રવૃત્તિમાર્ગનો બોધ કરવાવાળા, અથવા ભગવાન વિના બીજાનું ભજન કરવાનું જણાવનારા લોકમાં અને વેદમાં જેમને આનન્દ નથી, અને ભગવાનની કથા વાર્તા શ્રવણમાત્રમાંજ એક બુદ્ધિવાળા છે, અને જેમને વ્યસન દશાની શરૂઆત થઈ હોય તેવા પુષ્ટિમાર્ગીય ભક્ત ભગવદ્દગુણગાન–શ્રવણમાં ઉત્તમ શ્રોતા છે.

विक्लिन्नमनसो ये तु भगवत्स्मृतिविह्वलाः ।
अर्थैकनिष्ठास्ते चापि मध्यमाः श्रवणोत्सुकाः ॥ २ ॥
विक्लिन्नमनसः, ये, तु, भगवत्स्मृतिविह्वलाः ।
अर्थैकनिष्ठाः, ते, च, अपि, मध्यमाः, श्रवणोत्सुकाः ॥ २ ॥



**विक्लिन्नमनसः**–વિશેષે કરીને જેનું મન કોમલ છે, **भगवत्स्मृतिविह्वलाः**–જ્યારે ભગવાનની સ્મૃતિ મનમાં થાય ત્યારે મન વિકલ બને તેવા, **श्रवणोत्सुकाः**–ભગવાનના ગુણગાનના શ્રવણમાં ઉત્સાહવાળા, **च**, **ये**–અને જે, **अर्थैकनिष्ठाः**–અર્થ, મોક્ષના અથવા બીજી રીતે કૃતાર્થ થવામાં નિષ્ઠાવાળા, **ते**, **अपि**–તે પણ **मध्यमाः**–મધ્યમ શ્રોતા છે.

વિશેષે કરીને જેમનું મન કોમલ છે, એટલે ભગવદ્દગુણના શ્રવણની અસર થાય તેવા મનવાળા, ભગવાનની સ્મૃતિ થાય ત્યારે વિકલ બની જાય તેવા, અને જે મોક્ષના અથવા બીજી રીતે કૃતાર્થ થવામાં નિષ્ઠાવાળા, ભગવાનના ગુણગાનના શ્રવણમાં ઉત્સાહવાળા છે, તે પણ મધ્યમ શ્રોતા શ્લ. ૨

ભગવત્પરાયણ થવામાં જેમનું મન કોમલ છે અને જેમના સંબંધથી પોતાના સંબંધવાળાનું મન પણ કોમલ કરે છે, ભગવાન યાદ આવે ત્યારે વિકલ બની જાય પણ સર્વદા વિકલ રહેતા નથી તેવા, મોક્ષાદિપુરુષાર્થ અથવા પોતાની કૃતાર્થતા જેમાં હોય તેજ જેનું મુખ્ય પ્રયોજન છે અને તેમાં જેમની નિષ્ઠા છે, ફલની અપેક્ષાવાળા હોય છે પણ લૌકિક વગેરે અનિત્ય અર્થની નિષ્ઠાવાળા હોતા નથી, ભગવાનનાં ચરિત્ર સાંભળવામાં ઉત્કંઠાવાળા. તે મર્યાદામાર્ગીય ભક્ત મધ્યમ શ્રોતા છે.

निःसन्दिग्धं कृष्णतत्त्वं सर्वभावेन ये विदुः ।
ते त्वावेशात् तु विकला निरोधाद्वा न चान्यथा ॥ ३ ॥
निःसन्दिग्धम्, कृष्णतत्त्वम्, सर्वभावेन, ये, विदुः ।
ते, तु, आवेशात्, तु, विकलाः, निरोधात्, वा, न, च, अन्यथा ॥ ३ ॥

**ये**, **निःसन्दिग्धम्**–જેઓ સન્દેહરહિત, **कृष्णतत्त्वम्**–શ્રીકૃષ્ણતત્ત્વને, **सर्वभावेन**–સર્વભાવદ્વારા, **विदुः**, **तेतु**–જાણે છે તેઓતો, **आवेशात्**–શ્રવણ વખતે આવેશથી, **वा निरोधात्तु**–અથવા નિરોધથી, **विकलाः**–નિશ્ચય વિકલ થાય છે, **च**, **अन्यथा**, **न**–પરંતુ બીજે પ્રકારે સર્વદા વિકલ હોતા નથી.

જેઓ સન્દેહરહિત શ્રીકૃષ્ણતત્ત્વને સર્વભાવદ્વારા જાણે છે તેઓ શ્રવણ વખતે આવેશથી અથવા નિરોધથી નિશ્ચય વિકલ થાય છે, પરન્તુ બીજે પ્રકારે સર્વદા વિકલ થતા નથી. ૩

पूर्णभावेन पूर्णार्थाः कदाचिन्न तु सर्वदा ।
अन्यासक्तास्तु ये केचिदधमाः परिकीर्तिताः ॥ ४ ॥
पूर्णभावेन, पूर्णार्थाः, कदाचित्, न, तु, सर्वदा ।
अन्यासक्ताः, तु, ये, केचित्, अधमाः, परिकीर्तिताः ॥ ४ ॥

**कदाचित्**–કોઈ વખત, **पूर्णभावेन**–પૂર્ણ ભાવ વડે, **पूर्णार्थाः**–પૂર્ણ અર્થ-વાળા ( લૌકિક કામના રહિત થયેલા ) છે, **न, तु, सर्वदा**–પણ સર્વદા તેવા થતા નથી, **केचित्**-કોઈ, **अन्यासक्ताः, तु**–અન્ય લૌકિક વૈદિકમાં પણ આસક્તિવાળા છે, **ते, अधमाः**–તેઓ અધમ શ્રોતા, **परिकीर्तिताः**–કહેવાય છે.

કોઇ વખત પૂર્ણભાવ વડે પૂર્ણઅર્થવાળા છે, પણ સર્વદા તેવા થતા નથી, કોઇ અન્ય લૌકિકવૈદિકમાં પણ આસકિતવાળા છે. તેઓ અધમ, હલકા પ્રકારના, શ્રોતા કહેવાય છે. ૪

હીન, હલકા, પ્રકારના શ્રોતાના મનમાં પ્રભુની મહત્તાનું જ્ઞાન હોય છે અને પ્રેમની શરૂઆતજ થયેલી હોય છે જેથી પ્રભુગુણના શ્રવણથી પ્રેમભાવથી શ્રવણમાં મન આવેશવાળું થાય ત્યારે અથવા પ્રભુના ગુણનું મનન કરતાં તે વખતમાં મન બીજી લૌકિક,વૈદિક સંબંધમાં નિરોધવાળું થાય તે વખતે મન વિકલ બને છે. શ્રવણની અસર વધારે થવાથી તે વખતે વિકલ થાય છે પણ કાયમ તેવું મન રહેતું નથી. શ્રવણની અસર કાયમની નહીં રહેવાથી પ્રથમના અભ્યાસને લીધે મન પ્રભુ વિના બીજી બાબતમાં લૌકિક, વૈદિક કાર્યોમાં આસકિતવાળું બની જાય છે. વળી ભગવદ્-ગુણનું જ્યારે શ્રવણ થાય ત્યારે પાછું ફરીથી થોડીવાર મન પૂર્ણઅર્થવાળું થઈ નિરપેક્ષ બને છે અને ફરી અન્યાસકત થાય છે. આવા અન્યાસકત થનારાની હીન શ્રોતામાં ગણના છે. જેમ એક સ્ત્રી પોતાના પતિને વિષે પૂર્ણભાવ ન રાખતાં જેટલું ન્યૂનપણું રાખી બીજાને વિષે આસકિત રાખે તો તેને જેવી ગણવામાં આવે તેવી તેની ગણના થાય છે.

अनन्यमनसो मर्त्या उत्तमाः श्रवणादिषु ।
देशकालद्रव्यकर्तृमन्त्रकर्मप्रकारतः ॥ ५ ॥
अनन्यमनसः, मर्त्याः, उत्तमाः, श्रवणादिषु ।
देशकालद्रव्यकर्तृमन्त्रकर्मप्रकारतः ॥ ५ ॥



**देशकालद्रव्यकर्तृमन्त्रकर्मप्रकारतः**–દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, મંત્ર, અને કર્મના પ્રકારથી, **अनन्यमनसः**–અનન્ય મનવાળા, **मर्त्याः**–મરણ ધર્મવાન મનુષ્ય, **श्रवणादिषु**–શ્રવણાદિમાં, **उत्तमाः**–ઉત્તમ છે.

દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, મન્ત્ર અને કર્મના પ્રકારથી અનન્યમનવાળા મરણ ધર્મવાન મનુષ્ય શ્રવણાદિમાં ઉત્તમ છે. આ શ્રોતા બાહ્યજ્ઞાનદષ્ટિવાળા શ્રોતા ગણાય છે.

પ્રથમ જણાવેલા શ્રોતા મળે નહીં તો દેશાદિ પ્રકારોને પ્રાપ્ત થઇને જે ભગવાનમાં એકમનવાળા હોય છે તે શ્રવણાદિ ભકિતમાં સંગ કરવા માટે શોધવા યોગ્ય છે, અને જ્યારે ઉત્તમ ભકતો મળે ત્યારે બાહ્યજ્ઞાનદષ્ટિવાળા શ્રોતાઓમાં આસકત થવું નહીં, કારણ દેશાદિની સ્ફુરણા થાય છે, પણ દેશાદિ વડે ભગવાનની સ્ફુરણા થતી નથી. અંતર્જ્ઞાનદષ્ટિવાળા ભગવાનના ભકતનું અંતઃકરણ કેવળ ભગવદાકાર થયું હોય છે તેથી સર્વ ઠેકાણેથી આવરણનો નાશ થાય છે. ભગવાન-પણાથી સર્વની સ્ફૂર્તિ થાય છે, અને ભગવદ્રૂપજ હોય છે.

॥ इति श्रीमद्वल्लभाचार्यविरचितानि पञ्चपद्यानि सम्पूर्णानि ॥ १३ ॥

**इति**–આ પ્રમાણે **श्रीमद्वल्लभाचार्यविरचितानि**–શ્રીમદ્વલ્લભાચાર્યજીએ રચેલાં **पञ्चपद्यानि**– પાંચ પદ્યો, **सम्पूर्णानि**–સમ્પૂર્ણ થયાં.

આ પ્રમાણે શ્રીમદ્વલ્લભાચાર્યચરણોએ રચેલાં પાંચ પદ્યો સમ્પૂર્ણ થયાં. ૧૩.

॥ श्रीकृष्णार्पणमस्तु ॥

# ૧૪–संन्यासनिर्णय

**ગ્રન્થપરિચય**—સંન્યાસનિર્ણય ગ્રંથ શ્રીમદાચાર્યજીએ નિજસેવક નરહરિ સંન્યાસીને સંન્યાસનું શુદ્ધ સ્વરૂપ ઉપદેશવાને અને ભકતોને સરલ રીતે સમજાવવાને પ્રકટ કરેલો છે. પશ્ચાત્તાપની નિવૃત્તિ માટે પરિત્યાગ–સંન્યાસ–વિશેષે ભક્તિમાર્ગમાં અને જ્ઞાનમાર્ગમાં કહેલો છે. કર્મમાર્ગમાં સંન્યાસનો નિષેધ છે. તેમાં ખાસ કરીને કલિયુગમાં તો નહિંજ લેવો. ભક્તિમાર્ગમાં સાધન દશામાં શ્રવણાદિની સિદ્ધિ માટે સંન્યાસ સુખ આપનારો નથી. ફલાર્થે–વિરહાનુભવ માટે-સંન્યાસ કર્તવ્ય છે, જો પ્રેરણા તેવી હોય તો. જો સ્ત્રીપુત્રાદિનું બંધન હોય તો સંન્યાસનાં બાહ્ય ચિહ્ન ત્રિદંડ વગેરેની જરૂર રહે છે. તેવું બંધન ના હોય તો બાહ્ય ચિહ્નની જરૂર નથી. આવા સંન્યાસનાં લક્ષણ (૧) વિકલપણું અને (૨) અસ્વસ્થપણું એ બે છે. ત્યાગના ગુરુ અક્ષરબ્રહ્મની અપેક્ષાએ કૌડિન્ય ઋષિ અને પુરુષોત્તમની પ્રાપ્તિ માટે શ્રી ગોપીજનોને માનેલાં છે. માટે તેમણે કરેલા સંન્યાસ પ્રમાણેનો સંન્યાસ કર્તવ્ય છે અને ભાવનાથી સિદ્ધ થયેલો ભાવ તેજ સાધન કહેલું છે. અંતરમાં રહેલા અંતર્યામી અંતરના દોષો નાશ કરતા નથી પણ ગુપ્ત રહેલા અંતરાત્મા પ્રભુ ભક્તના પૂર્ણ વિરહ વડે બહાર પ્રકટ થાય છે અને તે અંતર્યામી સાથે મળે છે ત્યારે અંતરના દોષો નાશ કરી ભગવદ્રૂપપણું આપે છે તેમ થતા સુધી જીવન ટકાવી રાખવા પ્રભુના ગુણગાન કરવાં. પ્રભુ પોતાના ભકતોને સ્વરૂપાનંદ આપવાવાળા છે તેથી તે તેમને મોહ પમાડતા નથી.

જ્ઞાનમાર્ગમાં (૧) વિવિદિષા સંન્યાસ, જ્ઞાન મેળવવાની ઇચ્છાથી ઘરનો ત્યાગ કરાય તે, (૨) અને વિદ્વત્ સંન્યાસ, જ્ઞાન થયા પછી ઘરનો ત્યાગ કરાય તે. આ બન્ને સંન્યાસ સેંકડો જન્મે સિદ્ધિ આપનારા છે. પ્રથમનાને યજ્ઞાદિના શ્રવણથી સાધનની અપેક્ષા માનેલી છે અને સંન્યાસમાં તે ત્યાજ્ય છે. બીજાને પણ જ્ઞાનથીજ મોક્ષ છે. જ્ઞાનવાળાને ઘણા જન્મે શરણાગતિ છે, તેથી ભકિત વિના મુકિતનું સાધન નથી. અને યજ્ઞ ચિત્તશુદ્ધિનું કારણ છે. તે નિષ્કામ કર્યો હોય તો ચિત્તશુદ્ધિ થાય અને જ્ઞાનપ્રાપ્તિ થાય છે. તેની સત્યલોકમાં સ્થિતિ છે. સકામવાળાની બીજા ઉતરતા લોકમાં ગતિ છે. તેથી કલિકાલમાં આ બન્ને પ્રકારના સંન્યાસમાં અનેક વિઘ્નો આવે છે અને તે દોષયુક્ત હોવાથી નિષિદ્ધ માનેલા છે.



આવી રીતે કર્મમાર્ગમાં અને જ્ઞાનમાર્ગમાં સંન્યાસ લેવો અયુક્ત છે. ભકિતમાર્ગમાં સાધન દશામાં સુખદાયક નથી, પણ અનંત વર્ષોથી પ્રભુનો આપણને વિયોગ થયો છે; તેના વિરહના કલેશાનંદ અનુભવવા માટે જો પ્રભુપ્રેરણા થાય તો તેવો સંન્યાસ ઇષ્ટ છે. નહિં તો તનુજા, વિત્તજા સેવા કરીને સ્વમર્યાદામાં રહેવું. આ પ્રમાણે આ ગ્રન્થનું સૂક્ષ્મ તાત્પર્યનિરૂપણ કરેલું છે.

**पश्चात्तापनिवृत्त्यर्थं परित्यागो विचार्यते ।**
**स मार्गद्वितये प्रोक्तो भक्तौ ज्ञाने विशेषतः ॥ १ ॥**

**पश्चात्तापनिवृत्त्यर्थम्, परित्यागः, विचार्यते ।**
**सः, मार्गद्वितये, प्रोक्तः, भक्तौ, ज्ञाने, विशेषतः ॥ १ ॥**

**पश्चात्तापनिवृत्त्यर्थम्**–પશ્ચાત્તાપની નિવૃત્તિ માટે, **परित्यागः**–પરિત્યાગ–સંન્યાસ, **विचार्यते**–વિચારાય છે, **सः**–તે–સંન્યાસ, **विशेषतः**–વિશેષે કરીને, **भक्तौ**–ભકિત માર્ગમાં, **ज्ञाने**–જ્ઞાન માર્ગમાં, **मार्गद्वितये**–એ બે માર્ગમાં, **प्रोक्तः**–કહેલો છે.

પશ્ચાત્તાપની નિવૃત્તિ માટે પરિત્યાગ–સંન્યાસનો–વિચાર કરવામાં આવે છે. સંન્યાસગ્રહણ વિશેષે કરીને ભકિતમાર્ગમાં (ભકિતમાર્ગીય સંન્યાસ) અને જ્ઞાન માર્ગમાં (જ્ઞાનમાર્ગીય સંન્યાસ) એ બન્ને માર્ગમાં કહેલો છે. ૧

ત્યાગાત્યાગનો વિચાર કર્યા વિના પરિત્યાગ થાય અથવા ન થાય તેથી પશ્ચાત્તાપ થાય છે, જેમકે: (૧) ભકિત માર્ગીય સંન્યાસથી બીજા સર્વ પદાર્થનો વિચાર કરીને ત્યાગ કરવો, એવો વિચાર કર્યા વિના સંન્યાસ કરવામાં આવે. (૨) ત્યાગ નહીં કરવાના સર્વ પદાર્થનો વિચાર કરીને ત્યાગનો વિચાર થાય નહીં. (૩) કર્મમાર્ગીયના સંગથી ભગવદીય પણ સંસારથી વૈરાગ્ય પામે નહીં. (૪) જ્યારે શરીર અશક્ત થઈ જાય તે વખતે પ્રથમની દશામાં ભગવત્પ્રાપ્તિ માટે પ્રયત્ન નહીં કરવાથી તાપ કલેશ થાય છે. (૫) પૂર્ણ વૈરાગ્ય હોય નહીં તો પણ સંન્યાસ લેવામાં આવે. (૬) રસાત્મક ભગવાનના વિરહનો અનુભવ સર્વાત્મભાવથી થયેલી શરણાગતિથીજ થાય છે, તે વિરહનો અનુભવ સર્વપરિત્યાગ વિના સંભવે નહીં અને ત્યાગનું ખરૂં સ્વરૂપ સમજ્યા વિના અવિચારથી પરિત્યાગ કરે.

આવી રીતે ત્યાગ અને અત્યાગ માટે પશ્ચાત્તાપ થાય છે. તે મટાડવા સારૂ શ્રીમદાચાર્યજીએ ભકિતમાર્ગીય સંન્યાસનો વિચાર કરેલો છે.

ભકિતમાર્ગમાં આરંભ સાધન દશામાં તેમજ સિદ્ધ દશામાં, અને જ્ઞાન માર્ગમાં વિવિદિષા દશામાં (જાણવાની ઇચ્છારૂપ દશામાં) અને વિદ્વદ્દશામાં (જ્ઞાન પ્રાપ્ત થયા પછીની દશામાં) જ્યારે વૈરાગ્ય ઘણો થાય ત્યારે સંન્યાસ લેવાનું કહેલું છે. આવો ત્યાગ પુષ્ટિ સંપ્રદાયમાં રાસમંડલમંડનભૂત જે વ્રજભકતો છે તેમણે કર્યો છે. તેમણે પ્રભુને કહ્યું છે કે "અમે સર્વ વિષયોને છોડીને આપના ચરણાવિન્દને શરણ આવ્યાં છીએ" અને પ્રભુએ પણ તેમને કહ્યું છે કે "મારે સારૂ તમોએ લોક, વેદ અને સંબંધીઓનો ત્યાગ કર્યો છે". ત્યાગની આ વિશેષતા છે.

**कर्ममार्गे न कर्तव्यः सुतरां कलिकालतः ।**
**अत आदौ भक्तिमार्गे कर्तव्यत्वाद् विचारणा ॥ २ ॥**
**कर्ममार्गे, न, कर्तव्यः, सुतराम्, कलिकालतः ।**
**अतः, आदौ, भक्तिमार्गे कर्तव्यत्वात्, विचारणा ॥ २ ॥**

**सुतराम्**–વિશેષે કરીને, **कलिकालतः**–કલિકાલને લીધે, **कर्ममार्गे**–કર્મ માર્ગમાં, **कर्तव्यः, न**–(સંન્યાસ) કરવા યોગ્ય નથી, **अतः, आदौ**–તેથી પ્રથમ, **भक्तिमार्गे**–ભક્તિ માર્ગમાં, **कर्तव्यत्वात्**–કરવા યોગ્ય હોવાથી, **विचारणा**–વિચાર કરાય છે.

વિશેષે કરીને કલિકાલને લીધે કર્મમાર્ગની પ્રણાલી અનુસાર ત્યાગ-સંન્યાસ–કરવા યોગ્ય નથી. ભકિતમાર્ગ અનુસાર તે કર્તવ્યરૂપ હોવાથી ભકિત-માર્ગીય સંન્યાસ પર વિચાર કરાય છે. ૨

કર્મમાર્ગમાં કર્મમાર્ગીયને અગ્નિહોત્ર કરવાનો વિધિ હોવાથી સંન્યાસ ગ્રહણ કરવાનો સમય આવતો નથી. જે વૈરાગ્યવાળા છે તે સંન્યાસના અધિકારી છે. તેમને આયુષ્યનો ચોથો ભાગ સંન્યાસાશ્રમમાં વ્યતીત કરવાનું કહેલું છે. પણ આ સમય કરાલ કલિકાલનો છે. તેના દોષવડે મનુષ્યનું અલ્પ સામર્થ્ય હોવાને લીધે અને ચોથો ભાગ બહુજ વૃદ્ધાવસ્થાનો હોવાથી આશ્રમધર્મ ઘણાં કષ્ટોથી પણ સિધ્ધ થઇ શકશે નહીં, અને વિપરીત ફલ થાય છે. સંસારમાં કામનાવાળા કર્મનાજ અધિકારી છે. આ પ્રમાણે કર્મમાર્ગમાં અકર્તવ્યતા જણાવી, ભક્તિ અને જ્ઞાન એ



બે માર્ગમાં કર્તવ્યતા કહેલી છે. પ્રથમ ભક્તિમાર્ગમા કર્તવ્યતા છે તો તેમાં પરિત્યાગ કયારે, કેમ અને શા માટે કરવો તેનો વિચાર કરાય છે.

**श्रवणादिप्रसिद्ध्यर्थं कर्तव्यश्चेत् स. नेष्यते ।**
**सहायसंगसाध्यत्वात् साधनानां च रक्षणात् ॥ ३ ॥**
**अभिमानान्नियोगाच्च तद्धर्मैश्च विरोधतः ॥ ३$\frac{१}{२}$ ॥**
**श्रवणादिप्रसिद्ध्यर्थम्, कर्तव्यः, चेत्, सः, न, इष्यते ।**
**सहायसंगसाध्यत्वात्, साधनानाम्, च, रक्षणात् ॥ ३ ॥**
**अभिमानात्, नियोगात्, च, तद्धर्मैः, च, विरोधतः ॥ ३$\frac{१}{२}$ ॥**

**श्रवणादिप्रसिद्ध्यर्थम्**–શ્રવણાદિ સારી રીતે થઈ શકે તે સારૂ, **कर्तव्यः**–સંન્યાસ કરવો, કર્તવ્યરૂપ છે, **चेत्**–એમ જો કહેવામાં આવે તો, **सः**–તે, **न, इष्यते**–નહીં ઇચ્છવા યોગ્ય છે, **सहायसंगसाध्यत्वात्**–શ્રવણાદિ સહાયથી, અને સહાય સંગથી સિદ્ધ થાય છે તેથી, **साधनानाम्**–સાધનોનું, **रक्षणात्**–રક્ષણ કરવાથી, **अभिमानात्**–અભિમાન થવાથી, **नियोगात्, च**–અને નિયોગ–સંન્યાસીને પાળ-વાના નિયમથી, **तद्धर्मैः**–તે ધર્મો વડે, **विरोधतः**–વિરોધ હોવાથી કર્તવ્યરૂપ નથી.

શ્રવણાદિ સારી રીતે થઇ શકે તે સારૂ સંન્યાસ કરવો કર્તવ્યરૂપ છે એમ જો કહેવામાં આવે તો તે નહીં ઇચ્છવા યોગ્ય છે. શ્રવણાદિ સહાયથી અને સહાય સંગથી સિદ્ધ થાય છે, અને શ્રવણાદિના સાધનોનું રક્ષણ કરવું જોઇએ (જે ત્યાગમાં બને નહીં). વળી શ્રવણાદિમાં ઉત્તમતાનું અભિમાન અથવા અહંતા-મમતા રહે છે, અને શ્રવણાદિ નિરન્તર કરવું જોઇએ. તે સંન્યાસીને પાળવાના નિયમથી તે ધર્મો વડે વિરોધ હોવાથી કર્તવ્યરૂપ નથી. ૩$\frac{૧}{૨}$

શ્રવણાદિ સારૂ સંગ જોઇએ, અને તે સંગવાળા પોતપોતાના મતાનુંસાર શ્રવણ કરાવે, પુષ્ટિમાર્ગીય શ્રવણ કરાવે નહીં. માયાવાદી જગતને કલ્પિત માનવાવાળા વેદમાં બ્રહ્મના જે ધર્મ પ્રતિપાદિત છે તે વ્યવહારૂ છે, પરમાર્થમાં નથી એમ કહે છે. નૈયાયિક જગતના કર્તાપણાથી ઇશ્વરની સિદ્ધિ માને છે તથાપિ જ્ઞાન, ઇચ્છા અને પ્રયત્નાદિ વિના બીજો ધર્મ નથી એમ કહે છે. મીમાંસક મંત્રમયી દેવતા માને છે, ફલ આપવાવાળો બીજો ઇશ્વર છે તેને માનતા નથી. આવી રીતે

આ બધા ભક્તિમાર્ગથી વિરુદ્ધ છે. તેવા ભિન્ન ભિન્ન મતવાળાનો સંગ હોવાથી ભક્તિમાર્ગીય શ્રવણ સિદ્ધ થતું નથી. આશ્રમધર્મ રાખવામાં પણ બધો કાલ વ્યતીત થઇ જાય છે, અને શ્રવણાદિનો સમય પણ મળતો નથી સંન્યાસાશ્રમથી પોતામાં શ્રેષ્ઠતાનું અભિમાન આવે છે, તે પણ ભક્તિમાર્ગથી વિરોધી છે. તેના ધર્મ તથા ભક્તિમાર્ગના શ્રવણ ધર્મમાં પરસ્પર વિરોધ છે. તેથી શ્રવણાદિ સારૂ સંન્યાસ કરવો યોગ્ય નથી.

**गृहादेर्बाधकत्वेन साधनार्थं तथा यदि ॥ ४ ॥**
**अग्रेऽपि तादृशैरेव संगो भवति नान्यथा ।**
**स्वयं च विषयाक्रान्तः पाषण्डी स्यात् तु कालतः ॥ ५ ॥**
**गृहादेः, बाधकत्वेन, साधनार्थम्, तथा, यदि ॥ ४ ॥**
**अग्रे, अपि, तादृशैः, एव, संगः, भवति, न, अन्यथा ॥**
**स्वयम्, च, विषयाक्रान्तः, पाषण्डी, स्यात्, तु, कालतः ॥ ५ ॥**

**यदि**-જો, **गृहादेः**-ઘર વગેરેનું, **बाधकत्वेन**-બાધકપણું હોવાથી, **साधनार्थम्**-સાધન માટે, **तथा**-તે પ્રમાણે (સંન્યાસ ગ્રહણ કરવો) તો, **अग्रे, अपि**-આગળ પણ, **तादृशैः, एव**-તેવાઓની સાથે, **संगः, भवति**-સંગ થાય છે, **न, अन्यथा**-બીજા પ્રકારે થતો નથી, **च, स्वयम्**-અને, પોતે, **विषयाक्रान्तः**-વિષયાસક્ત, **पाषण्डी, तु**-વળી પાખંડી, **कालतः**-કાલબળથી, **स्यात्**-થાય છે.

જો શ્રવણાદિમાં ઘર વગેરે બાધકપણું હોવાથી સાધન માટે સંન્યાસ ગ્રહણ કરવામાં આવે તો આગળ પણ પ્રથમ જણાવેલાઓની સાથે સંગ થાય છે. ભક્તિમાર્ગના શ્રવણ ધર્મ બતાવનારાઓનો સંગ કલિકાલને લીધે થતો નથી. તેથી પોતે તેવાઓના સંગથી તેમના જેવા વિષયાસક્ત અને પાખંડી થાય છે. ૫

કદાચિત્ ભક્તિમાર્ગીય શ્રવણાદિના સ્વરૂપને જે જાણતો હોય તેને ગૃહસ્થાશ્રમને લીધે શ્રવણાદિ થતાં નથી એમ માની સંન્યાસ લે તો તેને પણ ભક્તિમાર્ગની સાધન દશામાં જેવો પૂર્ણભાવ જોઇએ તેવો હોય નહીં. તેથી તેનાથી નિરન્તર શ્રવણાદિ થાય નહીં, અને ચિત્તની ચંચલતાને લીધે બીજા મતવાળાનો સંગ થાય છે. અને જેને ભગવદ્ભાવ હોય નહીં તેનું ચિત્ત વિષયાસક્ત થાય છે. એવાઓનો સંગ અલ્પ સમય માટે હોય તો પણ પ્રથમના ભાવનો નાશ કરીને પોતાને વિષયાસક્ત અને પાખંડી બનાવે છે.



**विषयाक्रान्तदेहानां नावेशः सर्वदा हरेः ।**
**अतोऽत्र साधने भक्तौ नैव त्यागः सुखावहः ॥ ६ ॥**
**विषयाक्रान्तदेहानाम्, न, आवेशः, सर्वदा, हरेः ।**
**अतः, अत्र, साधने, भक्तौ, न, एव, त्यागः, सुखावहः ॥ ६ ॥**

**विषयाक्रान्तदेहानाम्**-જેઓનો દેહ વિષયાસક્ત હોય છે તેમને, **हरेः, आवेशः**-શ્રીહરિનો આવેશ, **सर्वदा, न**-નિરન્તર નથી, **अतः अत्र**-તે માટે અહીં, **भक्तौ**-ભક્તિમાર્ગમાં, **साधने, त्यागः**-સાધન દશામાં સંન્યાસ, **सुखावहः, न**-સુખદાયી નથી, **एव**-જ.

જેઓનો દેહ વિષયાસક્ત હોય છે તેમને શ્રીહરિનો આવેશ નિરન્તર થઇ શકતો નથી. તે માટે અહીં ભક્તિમાર્ગમાં સાધન દશામાં ત્યાગ-સંન્યાસ-ગ્રહણ કરવો તે સુખ આપનાર થતોજ નથી. ૬

જેમને ઇંદ્રિયોના વિષયમાં આસક્તિ હોય, મનની સ્થિરતા ન હોય તેવાના દેહમાં પ્રભુનો આવેશ કોઇપણ વખત થતો નથી. તેથી શ્રવણાદિ જે સાધનરૂપ નવધા ભક્તિ છે તે સારૂ સંન્યાસ, પુરુષાર્થ સિદ્ધ કરવાવાળો નથી.

**विरहानुभवार्थं तु परित्यागः प्रशस्यते ।**
**स्वीयबन्धनिवृत्त्यर्थं वेषः सोऽत्र न चान्यथा ॥ ७ ॥**
**विरहानुभवार्थम्, तु, परित्यागः, प्रशस्यते ।**
**स्वीयबन्धनिवृत्त्यर्थम्, वेषः, सः, अत्र, न, च, अन्यथा ॥ ७ ॥**

**विरहानुभवार्थम्**-ભગવાનના વિરહના અનુભવ માટે, **तु, परित्यागः**-તો સંન્યાસ, **प्रशस्यते**-પ્રશંસા પાત્ર છે, **स्वीयबन्धनिवृत्त्यर्थम्**-પોતાના સ્ત્રીપુત્રાદિથી થતું બન્ધન નિવૃત્ત કરવા સારૂ, **वेषः**-સંન્યાસનો વેષ છે, **सः, अत्र**-તે ભક્તિમાર્ગમાં, **अन्यथा च, न**-બીજા કોઈ કારણ માટે નથી.

ભગવાનના વિરહનો અનુભવ કરવા માટે તો ત્યાગ-સંન્યાસ-લેવો તે પ્રશંસનીય છે. પોતાના સ્ત્રીપુત્રાદિના મોહરૂપી બન્ધન તોડવા અથવા સંબંધથી થનારી વિવિધ પ્રકારની ઉપાધિઓથી બચવા સંન્યાસનો વેષ છે. બીજા કોઇ કારણ માટે નથી. ૭

પુષ્ટિમાર્ગીય પરિત્યાગ-સંન્યાસ-સમ્પૂર્ણ ભગવદ્ભાવ થયા પછી હોય છે, કેમકે ભગવાનના વિરહનો અનુભવ કરવો તે પ્રથમ સંયોગ-સુખનો અનુભવ થાય ત્યારે વિયોગમાં વિરહ થાય છે. તેથી પ્રથમ ભાવપૂર્વક ભગવાનના શ્રીસુખનું દર્શન, શ્રીઅંગની સેવા કરતો હોય, તેમાં જે આનન્દ આવે તે સુખ વિયોગમાં નહીં મળવાથી વિરહ થાય છે તેનો અનુભવ કરવા ગૃહાદિનો ત્યાગ ઉત્તમ છે. આવા ત્યાગમાં શુદ્ધ પુષ્ટિમાર્ગીય ભાવવાળો હોય તેજ અધિકારી ગણાય.

વિરહનો અનુભવ, વિરહ સમયનો અનુભવ અથવા વિરહ થયા પછીનો અનુભવ આ ત્રણમાંથી કોઇ એકને માટે સંન્યાસ લઈ શકાય છે. (૧)-વિરહનો અનુભવ એ અર્થ લઇએ તો સૃષ્ટિની શરૂઆતમાં જીવ ભગવાનથી વિખુટો પડ્યો ત્યારે જે વિરહ થયો તે વિરહ ભગવાનમાં આસકિત થવાથી જાગ્રત થાય, તેનો ક્ષણે ક્ષણે અનુભવ કરવા માટે સંન્યાસ લેવો. (૨)-વિરહ સમયનો અનુભવ એ અર્થ લઇએ તો ભગવાનનો સાક્ષાત્કાર કરવા માટે સંન્યાસ કરવો. (૩)-વિરહ પછીનો અનુભવ-જે સાક્ષાત્કાર સ્વરૂપાનુભવ માટે સંન્યાસ લેવો. આ ત્રણ પ્રકારના વિરહાનુભવના પ્રયોજન માટે તે જેમ જેમ સિદ્ધ થાય તે પ્રમાણે સંન્યાસ લેવો. સ્ત્રીપુત્રાદિ તરફથી બંધન ન હોય તો સંન્યાસના વેષની જરૂર નથી.

**कौण्डिन्यो गोपिकाः प्रोक्ता गुरवः साधनं च तत् ।**
**भावो भावनया सिद्धः साधनं नान्यदिष्यते ॥ ८ ॥**
**कौण्डिन्यः, गोपिकाः, प्रोक्ताः, गुरवः, साधनम्, च, तत् ।**
**भावः, भावनया, सिद्धः, साधनम्, न, अन्यत्, इष्यते ॥ ८ ॥**

**कौण्डिन्यः**-કૌંડિન્ય ઋષિ અને, **गोपिकाः**-શ્રીગોપીજન, **गुरवः**-(ભકિત માર્ગમાં) ગુરુઓ, **प्रोक्ताः**-કહેલા છે, **साधनम्**, **च**-સાધન અને, **तत्**, **भावनया**-તે ભાવના દ્વારા, **सिद्धः**, **भावः**-સિધ્ધ ભાવ છે, **अन्यत्**, **साधनम्**-તેનાથી બીજું કોઈ સાધન, **न**, **इष्यते**-ઇષ્ટ નથી-સ્વીકારાતું નથી.

કૌંડિન્યઋષિ અને શ્રીગોપીજન ભક્તિમાર્ગમાં ગુરુઓ કહેલા છે. તેમણે જે સાધન કર્યાં તે સાધન શ્રેષ્ઠ છે. ભાવના દ્વારા ભાવ સિદ્ધ થાય છે. તેનાથી બીજું કોઇ સાધન સ્વીકારાતું નથી. ૮



કૌંડિન્ય ઋષિએ અનંતનો દોરો લીધેલો હતો. તે અગ્નિમાં નાખ્યો હતો. તે અપરાધથી તેમને દરિદ્રતા પ્રાપ્ત થઈ, તે પોતાની સ્ત્રીથી જાણીને વૈરાગ્ય પામીને અનંતનુ ધ્યાન કરવા માંડયું. અનંતના દર્શન સારૂ પોતે વનમાં ગયા, નિરશનવ્રત બ્રહ્મચર્ય, હરિના જપ કરવા માંડ્યા, નિર્જન વનમાં ઝાડો અને પશુઓને અનંત ભગવાન જોયા બાબત પૂછવા માંડયું અને તે સર્વેએ કહ્યું કે અમે અનંતને દીઠા નથી. તે સાંભળી વિહવલ થઇ જીવવાની આશા છોડી લાંબો નિશ્વાસ મૂકી પૃથ્વી પર પડયા, પછી ભાન આવતાં અનંત, અનંત બોલતાં અત્યન્ત વૈરાગ્યયુકત થયા, ત્યારે અનંત ભગવાને વૃદ્ધ બ્રાહ્મણના રૂપે પ્રત્યક્ષ થઇ પાતાલમાં પ્રવેશ કરી ઋષિને પોતાની નગરી બતાવી અને પોતાના આત્માનું દર્શન કરાવ્યું. આ સંન્યાસ, વેષ વગરનો, ફલ સિધ્ધ કરવામાં બીજા સાધનોની અપેક્ષા વિનાનો અને વિધિ વિનાનો છે.

શ્રીગોપીજનોએ ભગવાનની પ્રાપ્તિ માટે સર્વપરિત્યાગ કર્યો છે. ભગવાનની સાથે રાસ કર્યો ત્યારે તેમને સૌભાગ્યમદ થયો, પછી થયું માન, એટલે ભગવાન તિરોહિત થયા. પછી શ્રીગોપીજન ભગવાનને શોધવા લાગ્યાં પણ દર્શન થયાં નહીં, તેથી તેમને પ્રસન્ન કરવા ગાન કર્યું અને અન્તે કોઇ પણ સાધનથી ભગવાન પ્રાપ્ત થયા નહીં ત્યારે દીન થઇ રુદન કર્યું, એટલે તરત ભગવાન પ્રસન્ન થઇ પ્રકટ થયા. ભગવાને ગોપીજનના ત્યાગની પ્રશંસા કરી, ત્યાર પછી તેમને લીલાનો અનુભવ થયો, ત્યાં પણ સંન્યાસનો વેષ વગેરે હતું નહીં, આ પ્રમાણે કૌંડિન્ય ઋષિમાં અને શ્રીગોપીજનોમાં ત્યાગ સમાન છે તેથી તેમને ગુરુ કહ્યા છે. શ્રીગોપીજન ઉપદેશ કરવાવાળાં નથી પણ તે વિરહથી ત્યાગ કરી પ્રભુની પાસે ગયાં છે. પ્રભુને મેળવવામાં કોઇ સાધન ઉપયોગી નથી પણ નિઃસાધન થઇ દીનતા આવેથી પ્રભુ પ્રત્યક્ષ થાય છે.

**विकलत्वं तथाऽस्वास्थ्यं प्रकृतिः प्राकृतं न हि ।**
**ज्ञानं गुणाश्च तस्यैवं वर्तमानस्य बाधकाः ॥ ९ ॥**
**विकलत्वम्, तथा, अस्वास्थ्यम्, प्रकृतिः, प्राकृतम्, न, हि ।**
**ज्ञानम्, गुणाः, च, तस्य, एवम्, वर्तमानस्य, बाधकाः ॥ ९ ॥**

**विकलत्वम्**-વિકલતા, **तथा**, **अस्वास्थ्यम्**-અને અસ્વસ્થપણું, **प्रकृतिः**-વિરહપણાનો સ્વભાવ છે, **प्राकृतम्**, **न**, **हि**-તે પ્રાકૃત નથીજ, **तस्य**, **एवम्** **वर्तमानस्य**-તેનેજ, એવો ભાવ થયેલાને, **ज्ञानम्**, **च**, **गुणाः**-જ્ઞાન અને ગુણો, **बाधकाः**-બાધક છે.

વિકલતા અને અસ્વસ્થતા એ વિરહપણાનો સ્વભાવ છે, તે પ્રાકૃત નથીજ. તેને—એવા ભાવમાં જે રહેલા છે તેને—જ્ઞાન અને ગુણો બાધક છે. ૯

જેને વિપ્રયોગ ભાવ થયો છે તેને વિકલતા થાય છે. કોઇ જગામાં સ્વસ્થતા રહેતી નથી, તે જ તેનો સ્વભાવિક ધર્મ છે, લૌકિક નથી, કેમકે પુરુષોત્તમનું સ્વરૂપ રસરૂપ છે અને રસ, સંયોગ તથા વિપ્રયોગ એમ બે પ્રકારનો હોવાથી વિપ્રયોગમાં રસપણું છે. જેમ શોકમાં અશ્રુ આવે તેમાં દુઃખપણું છે અને આનન્દમાં અશ્રુ આવે તેમાં સુખપણું છે. આ બન્નેમાં અશ્રુ સમાન છે પણ ફલ સમાન નથી, તેથી વિપ્રયોગમાં દુઃખરૂપપણું નથી. આવી વિકલ અવસ્થામાં રહેલા વિપ્રયોગભાવનાવાળાને સર્વજગત્ ભગવાનનુ શરીર છે અને સર્વત્ર ભગવાન બિરાજે છે એવું જ્ઞાન જતું રહે છે, તેવીરીતે શ્રવણ કીર્તનાદિના વિષયરૂપ જે ભગવાનના ગુણ છે તેવડે વિહ્વલતા થઇ છે તે જતા રહે છે. આવી રીતે જ્ઞાન તથા ગુણનું બાધકપણું છે, તેમ લૌકિક જ્ઞાન તથા મનની સ્વસ્થતાના કારણરૂપ ગુણ પણ વિપ્રયોગ રસના અનુભવમાં તથા ફલમાં બાધક છે. પ્રભુમાં સ્નેહ પૂરો ન થયો હોય ત્યાં સુધી જ્ઞાન અને ગુણો જરૂરના છે, પણ ત્યાર પછી સખ્ય અને આત્મનિવેદન ભક્તિ સિદ્ધ થવામાં વિરહ અગત્યનો હોવાથી તેમાં આ જ્ઞાન અને ગુણો બાધક—વિઘ્નરૂપ—છે એટલે અંતઃકરણમાં જ્યાં સુધી તે રહે ત્યાં સુધી અન્ય સર્વની વિસ્મૃતિ થાય તેવો વિરહ થતો નથી. જ્યારે તેવો વિરહ થાય ત્યારે જ્ઞાન અને ગુણો અંતઃકરણમાં રહી શકતા નથી.

**सत्यलोके स्थितिर्ज्ञानात् संन्यासेन विशेषितात् ।**
**भावना साधनं यत्र फलं चापि तथा भवेत् ॥ १० ॥**

**सत्यलोके, स्थितिः, ज्ञानात्, संन्यासेन, विशेषितात् ।**
**भावना, साधनम्, यत्र, फलम्, च, अपि तथा, भवेत्, ॥ १० ॥**

**संन्यासेन**—સંન્યાસથી, **विशेषितात्**—પ્રબલ થયેલા, **ज्ञानात्**—જ્ઞાનથી, **सत्यलोके**—સત્યલોકમાં, **स्थितिः**—સ્થિતિ (થાય છે) **यत्र, भावना**—જ્યાં ભાવનારૂપ, **साधनम्**—સાધન છે તેને, **फलम्, च, अपि**—ફલ પણ, **तथा, भवेत्**—તેવુંજ થાય છે.

સંન્યાસથી પ્રબલ થયેલા જ્ઞાન વડે સત્ય લોકમાં સ્થિતિ થાય છે, અને જ પુરુષમાં ભાવનારૂપ—ભક્તિરૂપ—સાધન છે તેને ફલ પણ સાક્ષાત્ પ્રભુદર્શનની પ્રાપ્તિરૂપ થાય છે. ૧૦



જ્ઞાનયુક્ત જે સંન્યાસી છે તેની બ્રહ્મલોકમાં સ્થિતિ થઇ બ્રહ્માની સાથે તેનો મોક્ષ થાય છે. તેથી બ્રહ્મલોકમાં જવા સારૂ જ્ઞાનનું મુખ્યપણું છે. અને મનની સ્વસ્થતા ન હોય તો જ્ઞાન સ્થિર થાય નહીં. તેથી મનની સ્વસ્થતા સિદ્ધ કરનારૂં જ્ઞાન જ છે. ભકિતમાર્ગમાં સાક્ષાત્ પુરુષોત્તમનો સંબંધ તેજ ફલરૂપ છે, અને પુરુષોત્તમ રસાત્મક છે તેથી તેમના સંબંધમાં વિપ્રયોગરસાત્મકભાવનું સાધનપણું છે. જ્ઞાન અને મનની સ્વસ્થતાં એ તો ભાવને નાશ કરનારાં છે. તેથી જ્યાં ભાવનારૂપ સાધન છે ત્યાં ફલ પણ છે.

**तादृशाः सत्यलोकादौ तिष्ठन्त्येव न संशयः ।**
**बहिश्चेत्प्रकटः स्वात्मा वह्निवत् प्रविशेद्यदि ॥ ११ ॥**
**तदैव सकलो बन्धो नाशमेति न चान्यथा ॥ ११½ ॥**

**तादृशाः, सत्यलोकादौ, तिष्ठन्ति, एव, न, संशयः ।**
**बहिः, चेत्, प्रकटः, स्वात्मा, वह्निवत्, प्रविशेत्, यदि ॥ ११ ॥**
**तदा, एव, सकलः, बन्धः, नाशम्, एति, न, च, अन्यथा ॥ ११½ ॥**

**तादृशाः**—તેવા પ્રબલ જ્ઞાનવાળા, **सत्यलोकादौ**—સત્યલોક વગેરેમાં, **तिष्ठन्ति, एव**, રહે છે જ, **न, संशयः**—તેમાં સંશય નથી, **बहिः, चेत्**—બહાર જો, **प्रकटः**—પ્રકટ, **स्वात्मा**—પોતાનો આત્મા, **वह्निवत्**—અગ્નિની માફક, **यदि, प्रविशेत्**—જો પ્રવેશ કરે, **तदा, एव**—ત્યારેજ, **सकलः, बन्धः**—સમસ્ત બન્ધન, **नाशम्, एति**—નાશ પામે છે, **च, अन्यथा, न**—અને બીજા પ્રકારે નહીં.

તેવા પ્રબલ જ્ઞાનવાળા સંન્યાસીઓ સત્યલોક વગેરેમાં રહે છેજ, તેમાં સંશય નથી. ( ભકિતમાર્ગમાં તો ) જેમ લાકડામાં સર્વત્ર રહેલો અગ્નિ મંથનથી જો પ્રકટ થઇ પાછો લાકડામાં પ્રવેશ કરે ત્યારે લાકડું મટીને અગ્નિરૂપ થાય છે, તેવી રીતે સર્વત્ર વ્યાપ્ત પોતાનો આત્મા ભાવના વડે બહાર પ્રકટ થઈને પાછો અંદર પ્રવેશ કરે ત્યારેજ સમસ્ત સાંસારિક બન્ધન તૂટી જાય છે. બીજા કોઇ પ્રકારે નહીં. ૧૧½

સંન્યાસયુકત જે જ્ઞાની છે તે નિષ્કામ હોય તો સત્યલોકમાં રહે છે. સકામ હોય તો બીજા લોકમાં જાય છે, તેમાં સંશય નથી. તેથી જ્ઞાનમાર્ગમાં મુક્તિ મળ-

વામાં વિલમ્બ થાય છે અને ભક્તિમાર્ગમાં તો જેમ સઘળા લાકડામાં અગ્નિ વ્યાપક થઈ રહેલો હોય છે પણ તે અગ્નિ જેમ લાકડાને બાળવામાં સમર્થ નથી તેમ અન્તરમાં રહેલા અન્તર્યામી પ્રભુ, અન્તરના દોષ બાળવાં ઇચ્છા કરતા નથી પરન્તુ લાકડાનું મંથન કરવાથી તેમાં ગુપ્ત રહેલા અગ્નિ બહાર પ્રકટ થઇ ફરી અન્તરના અગ્નિને મળી લાકડાને બાળી ભસ્મ કરે છે, તેમજ ગુપ્ત રહેલા અંતરાત્મા પ્રભુ પૂર્ણ વિરહવડે પ્રકટ થયેલ પ્રભુ પાછા અન્તર્યામી સાથે મળે છે ત્યારે અન્તરના સઘળા દોષોને બાળી નાખે છે અને પ્રતિબન્ધો દૂર કરીને ભગવદ્રૂપપણું આપે છે. આવું ફલ સિદ્ધ કરવામાં બીજો પ્રકાર નથી

**गुणास्तु सङ्गराहित्याज्जीवनार्थम् भवन्ति हि ॥ १२ ॥**
**गुणाः, संगराहित्यात्, जीवनार्थम्, भवन्ति, हि ॥ १२ ॥**

**गुणाः, तु**–ભગવદ્ગુણો તો, **संगराहित्यात्**–( વિરહભાવના વાળાને ) ભગવત્સંગ ન હોવાના કારણે, **जीवनार्थम्**–જીવન ટકાવી રાખવા માટે, **हि, भवन्ति**–નક્કી ઉપયોગ થાય છે.

ભગવદ્ગુણો તો વિરહભાવના વાળાને–લૌકિક આસક્તિ વિનાનાઓને–જીવન ટકાવી રાખવા માટે નક્કી ઉપયોગ થાય છે. ૧૨

જીવ જ્યારથી છૂટો પડયો છે ત્યારથી તેને ભગવાનનો સંગ નથી, પરન્તુ જ્યારે તેને ભગવાનના વિયોગની સ્ફૂર્તિ થાય છે ત્યારે તેને વિયોગનું દુઃખ થાય છે. તેવા સમયમાં તેની સ્વસ્થતા સારૂ ભગવાનના ગુણગાન ગાવા વિના બીજું સાધન નથી, તેથીજ ગુણગાનને જીવન ટકાવી રાખવારૂપ કહ્યા છે.

**भगवान् फलरूपत्वान्नात्र बाधक इष्यते ।**
**स्वास्थ्यवाक्यं न कर्तव्यं दयालुर्न विरुध्यते ॥ १३ ॥**
**दुर्लभोऽयं परित्यागः प्रेम्णा सिध्यति नान्यथा ॥ १३½ ॥**
**भगवान्, फलरूपत्वात्, न, अत्र, बाधकः, इष्यते ।**
**स्वास्थ्यवाक्यम्, न, कर्तव्यम्, दयालुः, न, विरुध्यते ॥ १३ ॥**
**दुर्लभः, अयम्, परित्यागः, प्रेम्णा, सिध्यति, न, अन्यथा ॥ १३½ ॥**



**भगवान्**–શ્રીભગવાન, **फलरूपत्वात्**–ફલરૂપ હોવાથી તે, **अत्र बाधकः**–અહી વિઘ્નકર્તા, **न इष्यते**–નહીં કહેવાય, **स्वास्थ्यवाक्यम्**–( ભકતને ) સ્વસ્થતા થાય તેવું વાકય કહેવાનું, **न कर्तव्यम्**–( ભગવાનને ) કર્તવ્ય નથી, **दयालुः**–તે દયાળુ છે, **न विरुध्यते**–દયાલુતાની વિરુદ્ધ કોઈ કાર્ય કરતા નથી, **अयम् परित्यागः**–આ પરિત્યાગ, **दुर्लभः**–દુર્લભ છે, **प्रेम्णा सिध्यति**–તે પ્રેમથી સિદ્ધ થાય છે, **अन्यथा, न**–બીજે પ્રકારે નહીં.

શ્રીભગવાન ફલરૂપ છે, તેથી તે અહીં વિઘ્નકર્તા નથી. ભક્તને સ્વસ્થતા થાય તેવું વાકચ કહેવાનું ભગવાનને કર્તવ્ય નથી, કેમકે ભગવાન દયાળુ છે, તે દયાલુતાની વિરુદ્ધ નથી થતા. આ પરિત્યાગ દુર્લભ છે, તે પ્રેમથી સિદ્ધ થાય છે, બીજે પ્રકારે નહીં .૧૩½

ભક્તિમાર્ગમાં શુદ્ધ ભક્તોના પ્રતિબન્ધોનો નાશ જે તે વખતે કરવાનો હોય છે તેથી વિરહદશાવાળાને સ્વસ્થતા થાય તેવું વાકય ભગવાન કહેજ નહીં. વિરહથી તીવ્રતાપ થતાં પાપજનિત દુઃખ ભોગવવાનું પ્રારબ્ધ નિવૃત્ત થાય છે, અને તે પાપ નિવૃત્ત થયા પછી હૃદયમાં ભગવાનનો આવિર્ભાવ થવાથી તેમના સુખ વડે પુણ્યરૂપ પ્રારબ્ધસુખ ભોગવવાનું હોય તે નિવૃત્ત થાય છે, કેમકે એ ભાવ ઘણો ઉત્કટ હોય છે. આવી સ્થિતિવાળાને સ્વસ્થતાવાળાં વચનો ભગવાનને કરવાં યોગ્ય નથી. તેવાં વચનો કહે તો ફલપ્રાપ્તિમાં પ્રતિબન્ધ કરનારાં થાય છે, અને ફલપણું સિદ્ધ થાય નહીં.

**ज्ञानमार्गे तु संन्यासो द्विविधोऽपि विचारितः ॥ १४ ॥**
**ज्ञानार्थमुत्तराङ्गं च सिद्धिर्जन्मशतैः परम् ।**
**ज्ञानं च साधनापेक्षं यज्ञादिश्रवणान्मतम् ॥ १५ ॥**
**ज्ञानमार्गे, तु, संन्यासः, द्विविधः, अपि, विचारितः ॥ १४ ॥**
**ज्ञानार्थम्, उत्तरांगम्, च, सिद्धिः, जन्मशतैः, परम् ।**
**ज्ञानम्, च, साधनापेक्षम्, यज्ञादिश्रवणात्, मतम् ॥ १५ ॥**

**ज्ञानमार्गे, तु**,–જ્ઞાનમાર્ગમાં તો **संन्यासः**–સંન્યાસ, **द्विविधः, अपि**–બે પ્રકારથી પણ, **विचारितः**–વિચાર કરેલો છે, **ज्ञानार्थम्**–જ્ઞાનને માટે વિવિદિષા સંન્યાસ, **उत्तरांगम्, च**,–અને વિદ્વત્ સંન્યાસ છે, **परम्, सिद्धिम्**–પરંતુ તેની સિદ્ધિ, **जन्मशतैः**–સેંકડો જન્મ પછી છે, **ज्ञानम्, च**–અને જ્ઞાનને

**साधनापेक्षम्**-સાધનની અપેક્ષાપણું છે, **यज्ञादिश्रवणात्**-તે યજ્ઞાદિના શ્રવણથી **मतम्**-માનેલું છે.

જ્ઞાનમાર્ગમાં તો સંન્યાસના બે પ્રકારથી વિચાર કરેલો છે. (૧)-જ્ઞાન-પ્રાપ્તિ સારૂ વિવિદિષા સંન્યાસ,-વિશેષે કરીને જ્ઞાન મેળવવાની ઇચ્છાથી ઘરનો ત્યાગ કરાય તે અને (૨)-વિદ્વત્ સંન્યાસ-જ્ઞાન થયા પછી ઘરનો ત્યાગ કરાય તે. એવી રીતના છે, પરન્તુ તેની સિદ્ધિ સેંકડો જન્મ પછી છે. જ્ઞાનને સાધનની અપેક્ષાપણું યજ્ઞાદિના શ્રવણથી માનેલું છે. ૧૫

પહેલામાં-જ્ઞાનની ઉત્પત્તિમાં-સર્વ સાધનની અપેક્ષા રહે છે, કેમકે નિષ્કામને પણ યજ્ઞાદિ કરવાનું કહેલું છે. તેથી કેવલ શમ દમાદિ કરીને જ્ઞાન થતું નથી, પણ આશ્રમાનુસાર કર્મ થાય તો જ્ઞાન પ્રાપ્ત થાય છે. બીજામાં.-વિદ્વત્ સંન્યાસમાં-પણ જ્ઞાનથીજ મોક્ષ થાય છે, અને તેમાં મુકિતનું અંગપણું છે. જ્ઞાનવાળાને ઘણા જન્મના અંતે શરણાગતિ છે અને શરણાગતિમાં ભકિતપણું છે. તેથી ભકિતવિના જ્ઞાન મુકિતનું સાધન નથી. અને યજ્ઞ ચિત્તની શુદ્ધિનું કારણ છે, તેથી તે નિષ્કામ કર્યો હોય તોજ ચિત્તની શુદ્ધિ કરે છે. એવો નિષ્કામ યજ્ઞ કરે ત્યારે ચિત્તશુદ્ધિ થાય અને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

**अतः कलौ स संन्यासः पश्चात्तापाय नान्यथा ।**
**पाषण्डित्वं भवेच्चापि तस्माज्ज्ञाने न संन्यसेत् ॥ १६ ॥**
**सुतरां कलिदोषाणां प्रबलत्वादितिस्थितिः ॥ १६$\frac{1}{2}$ ॥**

**अतः, कलौ, सः, संन्यासः, पश्चात्तापाय, न, अन्यथा ।**
**पाषण्डित्वम्, भवेत्, च, अपि, तस्मात्, ज्ञाने, न, संन्यसेत् ॥१६॥**
**सुतराम्, कलिदोषाणाम्, प्रबलत्वात्, इति, स्थितिः ॥ १६$\frac{1}{2}$ ॥**

**अतः**-તેથી, **कलौ**-કલિયુગમાં, **सः, संन्यासः**-તે સંન્યાસ, **पश्चात्तापाय**-પશ્ચાત્તાપ કરાવે છે, **अन्यथा, न**-બીજા પ્રકારે ફલદાતા નથી, **च, अपि**-અને **पाषण्डित्वम्**-પાખંડીપણું, **भवेत्**-થાય છે, **तस्मात्, ज्ञाने**--તેથી જ્ઞાનમાર્ગમાં, **न संन्यसेत्**-સંન્યાસ ગ્રહણ નહીં કરવો, **कलिदोषाणाम्**-કલિયુગના દોષોનું



**प्रबलत्वात्**-પ્રબલપણું હોવાથી, **सुतराम्**-વિશેષે કરીને, **इति स्थितिः**-એ પ્રમાણેનો નિર્ણય કરેલો છે.

તેથી કલિયુગમાં જ્ઞાનમાર્ગીય સંન્યાસ પશ્ચાત્તાપ કરાવે છે. બીજા પ્રકારે ફલ-દાતા નથી. અને વળી તે પ્રકારના સંન્યાસથી પાખંડીપણું થાય છે. તેથી જ્ઞાનમાર્ગમાં સંન્યાસ લેવો તે કોઇ પ્રકારે યોગ્ય નથી. તેમાં કલિયુગના દોષોનું પ્રબલપણું હોવાથી વિશેષે કરીને એ પ્રમાણેનો નિર્ણય કરેલો છે. ૧૬$\frac{1}{2}$

જ્ઞાનમાર્ગમાં સંન્યાસનું અકર્તવ્યપણું નક્કી છે, કારણ કે વિવિદિષા સંન્યાસમાં સાધનની અપેક્ષા ઘણી છે. તે વિના જ્ઞાન થાય નહીં, અને સંન્યાસ કરે તો પશ્ચાત્તાપને માટેજ છે, એટલુંજ નહીં, પણ તેમાં પાખંડીપણું હોય છે, કેમકે જો શમદમાદિ સિધ્ધ થયાં ન હોય અને સંન્યાસ લીધો હોય તો ભિક્ષાદિની શુધ્ધિના અભાવે અન્નદોષથી અંતઃકરણમાં મલિનતા વધારે થવાથી કામક્રોધાદિ થાય છે અને ધર્મમાંથી પતિત થવાય છે. વિદ્વત્સંન્યાસનો તો કલિયુગમાં સંભવજ નથી, તેથી તેનો નિષેધ કર્યો છે. પ્રતિષ્ઠા મેળવવા સારૂ સંન્યાસ ગ્રહણ કરે તો સંન્યાસાશ્રમના ધર્મ નભી શકતા નથી, એટલે વેષમાત્રમાંજ સંન્યાસનો અંત હોવાથી તેમાં માત્ર પાખંડીપણુંજ હોય છે, તેથી જ્ઞાનમાર્ગમાં સંન્યાસ ગ્રહણ કરવો નહીં. જ્ઞાનમાર્ગમાં આવી રીતે સંન્યાસ બાધક છે, તથાપિ આગ્રહનો સંન્યાસ કલિદોષના પ્રબલપણાને લીધે તો પતનરૂપ છે. ભક્તિમાર્ગમાં પ્રભુમાં પ્રેમ થયા પછી તો સ્વતઃ ત્યાગ સિદ્ધ થાય છે, તેમાં સંન્યાસની જરૂર નથી.

**भक्तिमार्गेऽपि चेद्दोषस्तदा किं कार्यमुच्यते ॥ १७ ॥**
**अत्रारम्भे न नाशः स्याद् दृष्टान्तस्याप्यभावतः ।**
**स्वास्थ्यहेतोः परित्यागाद् बाधः केनास्य सम्भवेत् ॥ १८ ॥**

**भक्तिमार्गे, अपि, चेत्, दोषः, तदा, किम्, कार्यम्, उच्यते ॥१७॥**
**अत्र, आरम्भे, न, नाशः, स्यात्, दृष्टान्तस्य, अपि, अभावतः ।**
**स्वास्थ्यहेतोः, परित्यागात्, बाधः, केन, अस्य, सम्भवेत् ॥ १८ ॥**

**भक्तिमार्गे अपि**-ભક્તિમાર્ગમાં પણ, **चेत्, दोषः, तदा**-જો દોષ હોય તો, **किम्, कार्यम्**-શું કરવું તે, **उच्यते**-કહેવામાં આવે છે, **अत्र, आरम्भे**-અહીં આરંભમાં, **नाशः, , न स्यात्**-નાશ થતો નથી, **दृष्टान्तस्य, अपि**-વળી એવા

દૃષ્ટાન્તનો, **अभावतः**-અભાવ હોવાને લીધે (તેમાં નાશ નથી), **स्वास्थ्यहेतोः**-સ્વસ્થતા લાવનાર કારણોના, **परित्यागात्**-પરિત્યાગને લીધે, **केन, अस्य**-કોનાથી આના, **बाधः**-બાધ-વિઘ્નની, **संभवेत्**-સંભાવના છે?

ભક્તિમાર્ગમાં જો પરિત્યાગ કરવામાં (કલિ વગેરેથી પ્રાપ્ત થતો) દોષ આવતો હોય તો શું કરવું તે કહેવામાં આવે છે. અહીં આરંભદશામાં, પરિત્યાગ કરવામાં નાશ થતો નથી. વળી એવા દૃષ્ટાન્તનો પણ અભાવ છે, તેથી પણ તેમાં નાશ નથી. સ્વસ્થતા લાવનાર કારણો-ભિક્ષા વગેરે-નો ત્યાગ કરવાથી, પછી કોનાથી આના વિઘ્નની સંભાવના છે? ૧૮

ત્યાગનો આરંભ કરવાવાળો ભક્ત અલૌકિક ભગવદ્‌ભાવવડે પૂર્ણ હોય છે, એટલે તેને દુઃસંગની સંભાવના નથી, અને દુઃસંગ જેવો નાશ કરનાર બીજો કોઇ નથી. આવી રીતે ભગવદ્‌ધર્મના આરંભમાં ભલે નાશ થતો નથી, તથાપિ દેહરક્ષા સારૂ ભિક્ષાદિની આવશ્યકતા હોવાથી ફલમાં વિલંબરૂપ બાધ થાય તે કેવી રીતે નિવૃત્ત થાય, તેના સમાધાનમાં કહે છે કે ત્યાગ કરવાવાળાને લૌકિક સ્વસ્થતાના કારણરૂપ ચારે વર્ણમાં ભિક્ષાનોજ ત્યાગ કર્યો છે, અને [illegible] ચંદન વગેરેનો પણ ત્યાગ છે, તો પછી શાનાથી બાધ થવાનો છે? કેમકે ભગવાનના વિપ્રયોગના તાપથી ભક્તિમાર્ગીય ત્યાગ થાય છે, તે તાપકલેશની નિવૃત્તિ બહારના પદાર્થોથી થતી નથી.

**हरिरत्र न शक्नोति कर्तुं बाधां कुतोऽपरे ।**
**अन्यथा मातरो बालान् न स्तन्यैः पुपुषुः क्वचित् ॥ १९ ॥**
**हरिः, अत्र, न, शक्नोति, कर्तुम्, बाधाम्, कुतः, अपरे ।**
**अन्यथा, मातरः, बालान्, न. स्तन्यैः, पुपुषुः, क्वचित् ॥ १९ ॥**

**अत्र**-અહીં, **हरिः**-ભગવાન, **बाधाम्**, **कर्तुम्**-વિઘ્ન કરવાને, **न**, **शक्नोति**-શક્તિમાન નથી, **कुतः**, **अपरे**-તો પછી કાલ વગેરે બીજા તો ક્યાંથીજ હોય?, **अन्यथा**-જો એમ ન હોય તો, **मातरः**-માતાઓ, **बालान्**-બાલકોને, **क्वचित्**-કોઈ પણ વખતે, **स्तन्यैः**-સ્તનના દૂધથી-ધાવણથી, **न, पुपुषुः**-પોષણ કરે નહીં.

અહીં ભગવાન પોતે પણ આ પરિત્યાગ કરવામાં વિઘ્ન કરવાને શકિતમાન નથી, તો પછી કાલ વગેરે બીજાઓ તો ક્યાંથીજ વિઘ્ન કરી શકે? જો ભગવાન



બાધ કરે તો માતાઓ કોઇ પણ વખતે પોતાના બાલકનું ધાવણથી પોષણજ ના કરે. ૧૯

ભકિતમાર્ગીય પરિત્યાગમાં વિઘ્ન કરવા કોઇ શકિતમાન નથી. ભગવાન ભક્તના ભાવને અધીન છે, તે ભક્તનું અશક્તપણું જાણીને વિઘ્ન કરતા નથી, કેમકે સ્વધર્મને ઉત્પન્ન કરનારા તથા તેની રક્ષા કરવાવાળા ભગવાન છે. તે જો બાધા કરે તો બાલકને ઉત્પન્ન કરનારી તથા તેનું રક્ષણ કરનારી માતા પણ પોતાના બાલકનું ધાવણના દૂધથી પોષણ ના કરે.

**ज्ञानिनामपि वाक्येन न भक्तं मोहयिष्यति ।**
**आत्मप्रदः प्रियश्चापि किमर्थं मोहयिष्यति ॥ २० ॥**
**ज्ञानिनाम्, अपि, वाक्येन, न, भक्तम्, मोहयिष्यति ।**
**आत्मप्रदः, प्रियः, च, अपि, किमर्थम्, मोहयिष्यति ॥ २० ॥**

**ज्ञानिनाम्**-જ્ઞાનિઓના, **वाक्येन, अपि**-વાક્યોથી પણ, **भक्तम्**-ભક્તને, **न, मोहयिष्यति**-મોહ કરશે નહિ, **आत्मप्रदः**-આત્માનું દાન કરનારા, **प्रियः, च, अपि**-અને વળી પ્રિય, **किमर्थम्**-કેવા પ્રકારે, **मोहयिष्यति**-મોહ કરશે?

જ્ઞાનિઓના ઉપદેશવાકયોથી પ્રભુ પોતાના ભક્તને મોહમાં નાંખશે નહીં, કેમકે તે પોતાના સ્વરૂપનું દાન કરનારા અને વળી પ્રિય છે. તે કેવા પ્રકારે ભકતને મોહ કરે? ના જ કરે. ૨૦

જ્ઞાનિઓને માયા મોહ કરે છે એમ વાકય છે, ભક્તને મોહ કરે છે એવું વાકય નથી. સ્વરૂપાનંદ આપનારા ભગવાન ભકતને શા સારૂ મોહ કરે? તેના કાર્યમાં વિલંબ થવાનું પણ પ્રભુ સહન કરે નહીં. જ્યાં સ્વરૂપાનંદ કરવાની ઇચ્છા હોય ત્યાં જ્ઞાનીને પણ માયાથી રક્ષા કરે છે.

**तस्मादुक्तप्रकारेण परित्यागो विधीयताम् ।**
**अन्यथा भ्रश्यते स्वार्थादिति मे निश्चिता मतिः ॥ २१ ॥**
**तस्मात्, उक्तप्रकारेण, परित्यागः, विधीयताम् ।**
**अन्यथा, भ्रश्यते, स्वार्थात्, इति, मे, निश्चिता, मतिः ॥ २१ ॥**

**तस्मात्**-માટે, **उक्तप्रकारेण**-ઉપર કહેલા પ્રકારથી, **परित्यागः**-સંન્યાસ, **विधीयताम्**-કરવો, **अन्यथा**-નહીં તો જો એમ ન કરે તો, **स्वार्थात्**-ભગવદ્-વિરહાનુભવ અને ભગવત્પ્રસાદરૂપ સ્વાર્થથી, **भ्रश्यते**-નષ્ટ પામે છે, **इति, मे, मतिः**-એમ મારી મતિ, **निश्चिता**-નિશ્ચયવાળી છે.

માટે ઉપર કહેલા પ્રકારથી ભકતોએ પરિત્યાગ, સંન્યાસ, કરવો. જો એમ ન કરે તો સ્વાર્થ-ભગવદ્‌વિરહાનુભવ અને ભગવત્પ્રસાદ-ગુમાવી બેસે છે એમ મારી દૃઢ બુધ્ધિ છે. ૨૧

ઉપર જણાવેલી રીતિથી બીજી રીતિ પ્રમાણેનો સંન્યાસ કરવાવાળો પતિત થાય છે. બીજા પ્રકાર દોષવાળા છે અને અસંભવિત છે. જો એવો અધિકાર ન હોય છતાં પણ સંન્યાસ કરે તો તે સ્વાર્થથી ભ્રષ્ટ થાય છે.

**इति कृष्णप्रसादेन वल्लभेन विनिश्चितम् ।**
**संन्यासवरणं भक्तावन्यथा पतितो भवेत् ॥ २२ ॥**
**इति, कृष्णप्रसादेन, वल्लभेन, विनिश्चितम् ।**
**संन्यासवरणम्, भक्तौ, अन्यथा, पतितः, भवेत् ॥ २२ ॥**

**इति**-આ પ્રમાણે, **कृष्णप्रसादेन**-શ્રીકૃષ્ણની કૃપાથી, **वल्लभेन**-શ્રીમદાચાર્યજીએ, **भक्तौ**-ભક્તિમાર્ગમાં, **संन्यासवरणम्**-સંન્યાસનો અંગીકાર, **विनिश्चितम्**-નિશ્ચય કર્યો છે, **अन्यथा**-આજ્ઞા વિના સંન્યાસ ગ્રહણ કરે તો. **पतितः**-પતિત, **भवेत्**-થાય.

આ પ્રમાણે શ્રીકૃષ્ણની કૃપાથી શ્રીમદ્‌વલ્લભાચાર્યજીએ ભકિતમાર્ગમાં સંન્યાસનો અંગીકાર નિશ્ચય કર્યો છે. આજ્ઞા વિના સંન્યાસ ગ્રહણ કરે તો પતનજ થાય. ૨૨

ભગવાનના વિરહ વડે જેનો આત્મા આતુર હોય તેજ તેમની કૃપાથી ત્યાગનું સ્વરૂપ જાણી શકે છે. સંન્યાસ ભગવાનના વરણરૂપજ છે, અને પ્રભુભક્તિ વિના સંન્યાસ કરે તો પતિત થાય છે. ગ્રન્થના આરંભમાં પરિત્યાગનો વિચાર કરવામાં અવેલો છે અને સમાપ્તિમાં ઉપર પ્રમાણેનો ત્યાગ કરવાનો કહેલો છે.



પછી ભગવાનની કૃપા વડે સંન્યાસનો નિશ્ચય કરવાનું જણાવે છે. તેથી એમ સૂચિત થાય છે કે આચાર્યચરણને દેહદેશપરિત્યાગ માટે ભગવાનથી બે આજ્ઞા થઈ હતી. તે પ્રમાણે નહીં કરવાનો પશ્ચાત્તાપ થયો હતો. ત્યાં જ્યારે લોકપરિત્યાગ વિષયની ત્રીજી આજ્ઞા થઇ તે સમયે વાકયાર્થનો વિચાર કરી જે પ્રકારની આજ્ઞા થયેલી તે પ્રમાણે આચાર્યજીએ કર્યું. તેથી ભગવાન પ્રસન્ન થયા અને લોકપરિત્યાગ-એટલે સંન્યાસ એમ તેમના હૃદયમાં સ્ફુરણ કર્યું અને સંન્યાસગ્રહણ કરવાનો નિશ્ચય કર્યો. ભગવાને સંન્યાસની સ્ફુરણા કરવાથીજ આચાર્યજીએ ત્રિદંડ સંન્યાસ ધારણ કરેલો છે. એક માસ અનશન વ્રત કર્યું, આઠ દિવસ મૌનવ્રત રાખ્યું, તેથી દેશત્યાગ અને દેહત્યાગરૂપ બે આજ્ઞા સિદ્ધ થતાં દેશત્યાગ એવી રીતે કર્યો. આ દેશ અને દેહ યૌગિક અર્થમાં વપરાયલા હતા અને તેના અર્થ દિશ્-અતિદાન કરવું, તે પરથી દેશ શબ્દ થાય છે, અને દેશત્યાગ એટલે અતિદાનનો ત્યાગ છે. શ્રીમદ્‌ભાગવતની સૂક્ષ્મ ટીકા નિવૃત્ત થવાથી પોતે એ ટીકારૂપ અતિદાનનો ત્યાગ કર્યો હતો, એટલે દેશત્યાગ થયો હતો. તેમજ દિહ્-વૃદ્ધિ પામવું, તે પરથી દેહ થાય છે. માધવભટ્ટ કાશ્મીરી આચાર્યશ્રીના લેખક હતા, તેમના લેખોથી સર્વ ગ્રન્થાદિની વૃદ્ધિ થતી હતી. તેની નિવૃત્તિ થઇ એટલે વૃદ્ધિરૂપ દેહનો ત્યાગ થયો. તે બન્ને ત્યાગ શ્રીભગવાનેજ કરાવેલા છે અને બન્ને આજ્ઞા તેમણેજ સિદ્ધ કરાવેલી હતી, પણ પોતે તે પાળવા પ્રયત્ન કર્યો ન હોતો. તેનો તેમને પશ્ચાત્તાપ હતો, તે કેમ નિવૃત્ત થાય એમ વિચાર કરતાં ત્રીજી આજ્ઞા લોકત્યાગ બાબતના વિચારથીજ ભગવાન નિવૃત્ત કરશે એવો નિશ્ચય કરી પોતાની અવસ્થાના સૂચનપૂર્વક ત્યાગના નિરૂપણની પ્રતિજ્ઞા કરી આ ગ્રન્થ પ્રકટ કરેલો છે, અને સંન્યાસનું સ્વરૂપ પૂર્ણ રીતે દિગ્દર્શન કરાવેલું છે.

**इति श्रीमद्वल्लभाचार्यप्रकटितः संन्यासनिर्णयः सम्पूर्णः ॥ १४ ॥**

**इति**-આ પ્રમાણે, **श्रीमद्वल्लभाचार्यप्रकटितः**-શ્રીમદ્‌વલ્લભાચાર્યજીએ પ્રકટ કરેલો, **संन्यासनिर्णयः**-સંન્યાસનિર્ણય, **सम्पूर्णः**-સમ્પૂર્ણ થયો.

આ પ્રમાણે શ્રીમદ્‌વલ્લભાચાર્યજીએ પ્રકટ કરેલો સંન્યાસનિર્ણય નામનો ગ્રન્થ સમ્પૂર્ણ થયો. ૧૪

**॥ श्रीकृष्णार्पणमस्तु ॥**




# ૧૫–નિરોધલક્ષણ

**ગ્રન્થપરિચય**–શ્રીમદાચાર્યજીએ નિરોધલક્ષણ નામના ગ્રન્થમાં નિરોધની પ્રથમ મધ્યમ અને ઉત્તમ દશા, તેનાં સાધન અને ફલનું નિરૂપણ કરેલું છે. નિરોધ એટલે પ્રપંચને ભૂલી જઇને ભગવાનમાં આસક્તિ થાય તે.

(૧) નિરોધની પ્રથમ દશા–જ્યારે હું પ્રભુનો દાસ છું, મને પ્રભુનો વિયોગ થયો છે એમ સમજવામાં આવે, ત્યારે હજારો વર્ષોનો પ્રભુનો વિયોગ પડવા સંબંધી સ્મૃતિવડે અંતઃકરણમાં થતા તાપથી દુઃખ થાય તેમ ઇચ્છા કરવી. (૨) સાધન–ભગવાનના પ્રકટ થવામાં એવું દુઃખ સાધનરૂપ છે, માટે મોટાઓની કૃપાવડે ભગવાન દયા કરે ત્યાં સુધી ભગવાનના નામોનું કીર્તન કરવું. (૩) ફલ-કીર્તનથી લજ્જા છૂટી જવાથી પ્રપંચની વિસ્મૃતિ વધારેને વધારે થાય છે અને તે પ્રભુમાં સ્નેહની વૃદ્ધિ કરે છે.

(૧) મધ્યમ દશા–વિરહના તાપકલેશ પછી અંતઃકરણના દોષો, સંસારની આસક્તિ, નાશ પામે છે. પ્રભુમાં આસક્તિ થઈ કોઈ પણ પ્રકારે પ્રભુનાં દર્શનથી જે સુખ થાય તેની ઇચ્છા કરવી. (૨) સાધન–પ્રભુનાં ગુણગાન કરવાં. (૩) ફલ–હૃદયમાં બિરાજતા પ્રભુ અનુગ્રહ કરી બહાર પ્રકટ થાય છે.

(૧) ઉત્તમ દશા–પ્રભુ સાક્ષાત્કાર થયા પછી પાછા હૃદયમાં બિરાજે છે ત્યારે ફલરૂપ વિરહદશા પ્રાપ્ત થાય છે. (૨) સાધન–કેવલ પ્રભુકૃપા, પ્રભુનાં ગુણગાન કરવાં. ગુણોનાં કીર્તન ,સાંભળીને પ્રભુ પૂર્ણ કૃપા વડે નિજ જનને અંદર અને બહાર રસમય કરે છે અને ભગવદાનન્દ પ્રકટ કરે છે. ભક્તોએ કરેલાં ગુણગાન અને કીર્તન, શ્રવણ કરવાની પ્રભુની ઇચ્છા હોય ત્યાં તેમને ગુણ-ગાનમાં પ્રવૃત્તિ કરાવે છે. જ્યાં એવી ઇચ્છા પ્રભુને થતી નથી ત્યાં ભક્તોને ભાવનામાત્રમાં પ્રવૃત્તિ કરાવે છે.

મર્યાદામાર્ગીય ભક્ત માટે સાધન–સંસારાવેશ થયેલી ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો. તેમ કરતાં ઇન્દ્રિયો ખળભળાટ મચાવે તો તેમના હિત માટે પોતાની સર્વ વસ્તુઓનો પ્રભુમાં વિનિયોગ કરવો. ભગવાનના સામર્થ્યથી વૈરાગ્ય

સ્થિરતાથી રહે છે. પ્રભુના ગુણગાનથી હરિસુખનો સ્પર્શ થવાથી દુઃખનું ભાન થશે નહીં. મત્સર અને લોભનો ત્યાગ કરી સર્વદા પ્રભુનાં ગુણગાન કરવાં.

પુષ્ટિમાર્ગીયભકત માટે સાધન-હરિમૂર્તિનું નિરન્તર ધ્યાન કરવું, એટલે તે સાક્ષાત્ ભગવાન છે એમ સમજી ધ્યાન કરવું. સ્વરૂપભાવથી દર્શન, સ્પર્શ, ચક્ષુ અને ત્વચાનાં કાર્યો થઈ શકે છે. જે ઇન્દ્રિયોનો ભગવદ્વિનિયોગ સ્પષ્ટ ન જણાય ત્યારે તેનો નિગ્રહ કરવો.

નિરોધની ઉત્તમતા-નિરોધની બરાબરી કોઈ મન્ત્ર, સ્તોત્ર, ઉપાસના, તીર્થ વગેરેથી થઈ શકતી નથી. તેથી મંત્રનો જપ, સ્તોત્રનો પાઠ વગેરે જે સેવાનાં અંગ છે તે સેવાના અનવસરમાં કરવાં યોગ્ય છે અને નિરોધજ સર્વોત્તમ છે એમ દર્શાવેલુ છે.

**यच्च दुःखं यशोदाया नन्दादीनां च गोकुले ।**
**गोपिकानां तु यद् दुःखं तद् दुःखं स्यान् मम क्वचित् ॥१॥**
**यत्, च, दुःखम्, यशोदायाः, नन्दादीनाम्, च, गोकुले ।**
**गोपिकानाम्, तु, यत्, दुःखम्, तत्, दुःखम्, स्यात्, मम, क्वचित् ॥१॥**

**गोकुले**-શ્રીગોકુલમાં, **यशोदायाः**-શ્રીયશોદાજીને, **च**-અને, **नन्दादीनाम्**, શ્રીનંદરાયજી વગેરેને-**च**-અને સંબંધવાળાં બીજાંઓને, **यत्, दुःखम्**-જે દુઃખ આપ્યું છે અને, **गोपिकानाम्**-શ્રીગોપિકાઓને, **यत्, दुःखम्**-જે દુઃખ થયું છે **तत् दुःखम्**-તે દુઃખ, **मम, क्वचित्**-મને કયારેક, **स्यात्**-થાઓ.

શ્રીગોકુલમાં શ્રીયશોદાજીને અને શ્રીનંદરાયજી વગેરેને અને તેમના સંબંધવાળાં બીજાંઓને ( પરમ ફલ આપવા વાળા શ્રીપ્રભુએ ) જે દુઃખ આપ્યું છે, પુનઃ (તેથી પણ ઉત્કૃષ્ટ) શ્રીગોપીજનોને જે દુઃખ થયું તે દુઃખ મને કયારેક થાઓ. ૧.

નિરોધ-પ્રપંચને ભૂલી ભગવાનમાં આસકિત થાય તે. આવો નિરોધ શોધવાવાળા ભકતને, દુઃખ થવાનો સંભવ છે. તેથી તે મેળવવા સર્વ રીતે ઉત્કંઠા કરવી. શ્રીયશોદાજી અને શ્રીનંદરાયજી વગેરેને પુત્રોત્પત્તિ, તે પછી શ્રીપ્રભુનું લાલન પાલન, ક્રીડા અને અવલોકન વગેરે નાના પ્રકારના મનોરથરૂપ. શ્રીગોપીજનોને



શ્રીપ્રભુ પ્રકટ થવાની આશાથી થયેલા મનોરથરૂપ અને પ્રકટ થયા પછી પૂતનાની ક્રૂર દૃષ્ટિ, તેનું પોતાનું પતનરૂપ થવું તે, ક્રીડામાં આસકિતથી ભોજન કરવામાં વિલંબ થાય તે રૂપ લીલા, અને એવી અનેક લીલાઓ ભગવાને કરીને ભકતોને પ્રપંચ ભૂલાવી પોતામાં આસકિત કરેલી હતી. તેથી ભક્તનો નિરોધ થવામાં આવી લીલાઓ વખતે જે દુઃખ થયું હતું તેવું દુઃખ મને કોઈક વખત પણ થાવ. અર્થાત્ જે ભક્તો પ્રભુના બાલભાવમાં આસકત છે, જે કિશોરભાવમાં આસકત છે તથા જે પ્રૌઢભાવમાં આસકત છે તે સર્વનું દુઃખ જોઇને તે નિવારણ કરવાને તેવા તેવા બાલ, કિશોર અને પ્રૌઢરૂપથી ભગવાન તે તે ભાવને અનુસાર સુખ આપવાને પ્રકટ થાય છે. માટે ભગવાનના પ્રકટ થવામાં એવું દુઃખજ સાધનરૂપ છે. તેથી એવા દુઃખની ઇચ્છારૂપ નિરોધ એજ ત્યાગી ભકતોમાં નિરોધની પ્રથમ દશા છે. તે ભકિતની વૃદ્ધિનું લક્ષણ સમજવું.

**गोकुले गोपिकानां तु सर्वेषां व्रजवासिनाम् ।**
**यत् सुखं समभूत तन्मे भगवान् किं विधास्यति ॥ २ ॥**
**गोकुले, गोपिकानाम्, तु, सर्वेषाम्, व्रजवासिनाम् ।**
**यत्, सुखं, समभूत्, तत्, मे, भगवान्, किम्, विधास्यति ॥ २ ॥**

**गोकुले**-શ્રીગોકુલમાં, **गोपिकानाम्**,-શ્રીગોપીજનોને, **तु, सर्वेषाम् व्रजवासिनाम्**-વળી સર્વ વ્રજમાં રહેનારાઓને, **यत्, सुखम्**-જે સુખ, **समभूत्**-સારી રીતે થયું, **तत्, मे**,-તે સુખ મારા, **भगवान्**-ભગવાન, **किम्, विधास्यति**-શું કરશે. ?

શ્રીગોકુલમાં શ્રીગોપીજનોને, વળી સર્વ વ્રજમાં રહેનારાઓને, જે સુખ સારી રીતે થયું તે સુખ મારા ભગવાન શું મને આપશે ? ૨

પ્રથમ બતાવેલાં દુઃખો પ્રભુના પ્રાકટયમાં કારણ છે. કારણરૂપ દુઃખ પહેલાં થયા પછી પ્રભુ પ્રકટે છે, તે પછી બધું સુખરૂપ થાય છે. પ્રભુએ બાળલીલા, કુમાર લીલાઓ ભકતના મનોરથ પૂર્ણ કરવા સારૂ કરેલી છે તે સુખરૂપ છે, ત્યાર બાદ વિપ્રયોગ થયા પછી પણ પ્રભુની લીલાનું સ્મરણ કરવાથી તાદાત્મ્ય થઇ જતાં દુઃખનું ભાન રહેતું નથી. તેથી સર્વથી વિલક્ષણ વિપ્રયોગાત્મક સુખ શ્રીગોપીજનોને અને વ્રજવાસીઓને સારી રીતે મળ્યું હતું. તે સુખ અતિ દુર્લભ છે, તો પણ સર્વ-

સામર્થ્યવાન પ્રભુએ જેમ ભકતોને આપ્યું તેમ પોતાના સામર્થ્યથી મને આપશે. પ્રભુની આ લીલાઓ પ્રપંચ (જગત)ને ભૂલી જવા માટે અને ભક્તનો નિરોધ કરવા માટે હતી. વિરહાવસ્થામાં જે તાપક્લેશ થાય તેનાથી અંતઃકરણમાં રહેલા દોષો નિવૃત્ત થાય છે, અને પ્રપંચમાંથી આસક્તિ મટી પ્રભુમાં થાય છે. તે ત્યાગી ભક્તોમાં ઉત્તમ અધિકારીનું ભક્તિની વૃદ્ધિનું લક્ષણ છે.

**उद्धवागमने जात उत्सवः सुमहान् यथा ।**
**वृन्दावने गोकुले वा तथा मे मनसि क्वचित् ॥ ३ ॥**
**उद्धवागमने, जातः, उत्सवः, सुमहान्, यथा ।**
**वृन्दावने, गोकुले, वा, तथा, मे, मनसि, क्वचित् ॥ ३ ॥**

**वृन्दावने**-શ્રીવૃન્દાવનમાં, **वा**, **गोकुले**-અથવા શ્રીગોકુલમાં, **उद्धवागमने**-ઉધ્ધવજી પધાર્યા ત્યારે, **यथा**-જેવો, **सुमहान्**-અત્યન્ત મોટો, **उत्सवः**, **जातः**-ઉત્સવ થયો, **तथा**, **मे**-તેવો મારા, **मनसि**, **क्वचित्**-મનમાં કોઈક વાર થાઓ.

શ્રીવૃન્દાવનમાં અથવા શ્રીગોકુલમાં ઉધ્ધવજી પધાર્યા ત્યારે જેવો અત્યન્ત મોટો ઉત્સવ થયો તેવો મારા મનમાં કોઈક વાર થાઓ. ૩

ભગવદ્‌ભાવવાળા અને શ્રીપ્રભુનો સંદેશ લઈ આવનાર ભકત ઉદ્ધવજી ઉત્સવરૂપ છે. ભગવદીયનું આગમન અને પ્રભુનો સંદેશ એ બધું અલૌકિક હોવાથી અત્યન્ત મોટો ઉત્સવ શ્રીવૃન્દાવનમાં શ્રીગોપીજનોને અને શ્રીગોકુલમાં માતાપિતાને થયો છે. તેમ ભગવદીયોએ પ્રભુના સંબંધવાળા ભકતના સમાગમમાં સાક્ષાત્ પ્રભુ પધારેલા છે એવો ઉત્સાહ સર્વ પ્રકારથી રાખવો જોઇએ. અંતઃકરણ પ્રભુવિષયમાં પૂર્ણ આસકત થતાં પ્રભુ બહાર પ્રકટ થઈ દર્શન આપે છે અને ફરીથી હૃદયમાં બિરાજે છે ત્યારે ભક્ત કૃતાર્થ થાય છે. આવા સ્મરણ,, ઉત્સવ વગેરેની ઇચ્છા એજ પોતામાં તેવી ભક્તિની વૃધ્ધિને દર્શાવનાર નિરોધનું લક્ષણ છે. અને ઉપર કહેલા ભાવની આકાંક્ષા શ્રીવ્રજનાથના સ્વરૂપમાં આસકત થયેલા ભકતોનેજ થાય છે.

**महतां कृपया यावद् भगवान् दययिष्यति ।**
**तावदानन्दसन्दोहः कीर्त्यमानः सुखाय हि ॥ ४ ॥**
**महताम्, कृपया, यावत्, भगवान्, दययिष्यति ।**
**तावत्, आनन्दसन्दोहः, कीर्त्यमानः, सुखाय, हि ॥ ४ ॥**



**महताम्**, **कृपया**-મોટાઓની કૃપાથી, **यावत्**, **भगवान्**-જ્યાં સુધી ભગવાન, **दययिष्यति**-દયા કરશે, **तावत्**-ત્યાં સુધી **कीर्त्यमानः**-કીર્તન કરવા યોગ્ય, **आनन्दसंदोहः**-આનંદના સમુદાયરૂપ પ્રભુ, **हि सुखाय**- નિશ્ચય સુખરૂપ થાય છે.

મોટાઓની કૃપાથી જ્યાં સુધી ભગવાન દયા કરશે, ફલદાન કરશે, ત્યાં સુધી કીર્તન કરવા યોગ્ય આનંદરૂપ પ્રભુ નિસ્ચય સુખરૂપ થાય છે. ૪

પ્રથમ શ્રીપ્રભુ કીર્તનમાં સુખ આપે છે, પછી દયા કરીને ભકતને સ્વસ્વરૂપમાં એકતાન કરી દે છે. પુષ્ટિમાર્ગમાં વ્રજભકતો મોટા છે. તેમની કૃપાથી ભગવાન સ્વસ્વરૂપમાં એકતાન કરી દે ત્યાંસુધી સ્મરણપૂર્વક પ્રભુનામોનું કીર્તન કરવું. પ્રભુની લીલાકીર્તન વડે જે સુખ થાય છે તે પોતામાં વ્યસનના ઉત્કર્ષરૂપ નિરોધ દર્શાવનાર છે. કીર્તનમાં લજ્જા છૂટી જવાથી અને પ્રપંચની વિસ્મૃતિ વધારેને વધારે થવાથી આ અનુભવ થાય છે.

**महतां कृपया यद्वत् कीर्तनं सुखदं सदा ।**
**न तथा लौकिकानां तु स्निग्धभोजनरूक्षवत् ॥ ५ ॥**
**महताम्, कृपया, यद्वत्, कीर्तनम्, सुखदम्, सदा ।**
**न, तथा, लौकिकानां, तु, स्निग्धभोजनरूक्षवत् ॥ ५ ॥**

**यद्वत्**-જેવી રીતે, **महताम्**-મોટા પુરુષોની, **कृपया**-કૃપાથી, **कीर्तनम्**-ભક્તોએ કરેલું લીલાવિષયક ભગવદ્‌ગુણોનું કીર્તન, **सदा**, **सुखदम्**-નિરંતર સુખ આપનારૂં છે, **तथा**-તેવી રીતે, **लौकिकानाम्**-લૌકિક પુરુષોનું કીર્તન **तु**, **न**-તો સુખ આપતું નથી, **स्निग्धभोजनरूक्षवत्**-જેમ ઘીવાળું ભોજન બધી ઇંદ્રિયોનું પોષણ કરે છે તેમ લુખા ભોજનથી થતું નથી, અર્થાત્ સુખ આપતું નથી.

જેવી રીતે મોટાંઓની કૃપાથી તેમણે કરેલું લીલાવિષયક ભગવદ્‌ગુણોનું કીર્તન નિરન્તર સુખ આપે છે તેમ લૌકિકપુરુષોએ કરેલું લૌકિક વિષયનું કીર્તન સુખ આપતું નથી. જેમ ઘીવાળું ભોજન બધી ઇંદ્રિયોનું પોષણ કરે છે તેમ લુખા ભોજનથી થતું નથી, અર્થાત્ સુખ આપતું નથી. ૫

મોટાંઓ-અંતરંગ ભકતો-ની કૃપાથી ભગવાનના ગુણોનું શ્રવણ થયું હોય તે સંશયછેદક હોવાથી મનનદ્વારા અંતઃકરણ શુદ્ધ થઈ ભગવદાસક્તિ-

વાળું થઈ પ્રભુમાં સ્નેહની વૃદ્ધિ કરે છે. લૌકિક-દોષવાળા પ્રપંચ-માં આસક્ત લોકોએ કરેલું લૌકિક વિષયનું કીર્તન સુખ આપતું નથી. હર્ષથી રૂવાંટી ઉભી ન થાય, ચિત્ત દ્રવે નહીં, આનન્દના અશ્રુની ધારા વહે નહીં એવી ભક્તિ થાય નહીં ત્યાં સુધી હૃદય કેમ શુદ્ધ થાય? પ્રભુમાં સ્નેહ એજ ખરો સ્નેહ છે. પ્રપંચમાં સ્નેહ એ તો ખોટો ભાસ છે. માટેજ પ્રભુઆસક્તિથી થતા કીર્તનને ઘીવાળા ભોજન જેવું અને પ્રપંચઆસક્તિથી થતા લૌકિક કીર્તનને લુખા ભોજન જેવું ગણે છે.

**गुणगाने सुखावाप्तिर्गोविन्दस्य प्रजायते ।**
**यथा तथा शुकादीनां नैवात्मनि कुतोऽन्यतः ॥ ६ ॥**
**गुणगाने, सुखावाप्तिः, गोविन्दस्य, प्रजायते ।**
**यथा, तथा, शुकादीनाम्, न, एव, आत्मनि, कुतः अन्यतः ॥ ६ ॥**

**गोविन्दस्य**-શ્રીભગવાનના, **गुणगाने**-ગુણગાન કરવામાં, **यथा**, **सुखावाप्तिः प्रजायते**-જે પ્રકારનું સુખ થાય છે, **तथा**-તેવા પ્રકારનું સુખ, **शुकादीनाम्**-શ્રીશુકદેવજી વગેરેના, **आत्मनि**-હૃદયમાં, **न**-નથી થતું (તો), **अन्यतः**-બીજી કઈ રીતે-જ્ઞાન અને ભક્તિ વિના બીજા કયા હેતુથી, **कुतः**-ક્યાંથી થાય?

ગોવિન્દના ગુણગાનમાં જે સુખની પ્રાપ્તિ છે તે નિર્ગુણમાં નિષ્ઠા-વાળા શ્રીશુકદેવજી વગેરેના હૃદયમાં પણ થતી નથી, તો બીજી કોઈ રીતે તો ક્યાંથી જ થાય? અથવા શુકાદિને ગોવિન્દના ગુણગાનમાં જેવું સુખ થયું તેવું સુખ તેમને નિર્ગુણના ધ્યાનમાં પોતાના આત્માને વિષે થયેલું નથી, તો બીજાને પણ ક્યાંથી થાય? ૬

શુકદેવજીએ કહ્યું છે કે જો કે પોતે નિર્ગુણમાં નિષ્ઠાવાળા છે તથાપિ ભગવાનની લીલાઓ વડે તેમનું ચિત્ત આકર્ષાયું છે અને પોતે શ્રીમદ્ભાગવત શીખ્યા છે. તેથી એમ સૂચિત થાય છે કે આત્મસુખથી પણ ભગવદ્ગુણગાનમાં અધિક આનન્દ છે. ભગવદ્ગુણગાનના અભ્યાસવાળું અંતઃકરણ થતાં અધિક સુખની પ્રાપ્તિ થાય છે.

**क्लिश्यमानाञ्जनान् दृष्ट्वा कृपायुक्तो यदा भवेत् ।**
**तदा सर्वं सदानन्दं हृदिस्थं निर्गतं बहिः ॥ ७ ॥**



**क्लिश्यमानान्, जनान्, दृष्ट्वा, कृपायुक्तः, यदा, भवेत् ।**
**तदा, सर्वम्, सदानन्दम्, हृदिस्थम्, निर्गतम्, बहिः ॥ ७ ॥**

**क्लिश्यमानान्**-પોતાની પ્રાપ્તિમાટે કલેશ પામતા, **जनान्**-ભકતજનોને **दृष्ट्वा**-જોઇને, **यदा**, **कृपायुक्तः**-જ્યારે કૃપા વાળા, **भवेत्**-થાય, **तदा**-ત્યારે, **हृदिस्थम्**-હૃદયમાં રહેલા, **सर्वम्**-સર્વાંશપૂર્ણ, **सदानन्दम्**-પરબ્રહ્મ શ્રીકૃષ્ણ **बहिः**-બહાર, **निर्गतम्**-પ્રકટ થાય છે.

પોતાની પ્રાપ્તિને માટે કલેશ પામતા ભકતોને જોઇને જ્યારે પ્રભુ કૃપા કરે ત્યારે હૃદયમાં રહેલા સર્વાંશસંપૂર્ણ પરબ્રહ્મ શ્રીકૃષ્ણ પરમાત્મા બહાર પ્રકટ થાય છે. ૭

કીર્તન કરનારા ભકતોની ઉપર શ્રીભગવાનની કૃપા થાય છે ત્યારે ભાવનાની પ્રબલતાથી સર્વની અંદર રહેલા પ્રભુનું પ્રાકટ્ય બહાર થાય છે, અને તે વખતે ભગવાનનો સાક્ષાત્કાર થવાથી ભકતના તાપકલેશ નાશ પામે છે, અને ભકત પૂર્ણ આનન્દ પ્રાપ્ત કરે છે. આ મધ્યમ નિરોધની સિદ્ધિ કહેવાય છે.

**सर्वानन्दमयस्यापि कृपानन्दः सुदुर्लभः ।**
**हृद्गतः स्वगुणाञ्छ्रुत्वा पूर्णः प्लावयते जनान् ॥ ८ ॥**
**सर्वानन्दमयस्य, अपि, कृपानन्दः, सुदुर्लभः ।**
**हृद्गतः, स्वगुणान्, श्रुत्वा, पूर्णः, प्लावयते, जनान् ॥ ८ ॥**

**सर्वानन्दमयस्य**-સંપૂર્ણ આનન્દમય પ્રભુનો, **अपि**-પણ, **कृपानन्दः**-કૃપારૂપી આનન્દ, **सुदुर्लभः**-અત્યન્ત દુર્લભ છે, **हृद्गतः**-હૃદયમાં રહેલા પ્રભુ, **स्वगुणान्**-પોતાના ગુણોને, **श्रुत्वा**-ગવાતા સાંભળીને, **पूर्णः**-કૃપાપૂર્ણ થઇને **जनान्**-ભકત જનોને, **प्लावयते**-રસથી પૂર્ણ કરે છે.

સંપૂર્ણ આનન્દમય પ્રભુનો પણ કૃપારૂપી આનન્દ અત્યન્ત દુર્લભ છે. હૃદયમાં રહેલા પ્રભુ પોતાના ગુણો ગવાતા સાંભળીને કૃપાથી પૂર્ણ થઇને ભકત-જનોને રસથી પૂર્ણ કરે છે. ૮

મુક્તિ આદિનો આનન્દ સાધન વડે મળે છે અને પ્રભુકૃપારૂપી આનન્દ પ્રભુ દાન કરે તો જ મળે છે. એવા પ્રભુ મળવા સંબંધી ઇચ્છાથી વિરહ તાપ થાય છે. તેથી ભકતો પરસ્પર ગુણગાન કરે છે. અને તે શ્રવણ કરીને હૃદયમાં બિરાજેલા પ્રભુ પૂર્ણ કૃપા વડે બહાર પ્રકટ થઈ અંદર અને બહાર રસથી વ્યાપ્ત કરે છે. ભગવદાનંદ થયા વિના કીર્તન થઈ શકતાં નથી. માટે જ એ અતિ દુર્લભ છે, તેથી જ તે ફલાત્મક નિરોધનું લક્ષણ છે.

**तस्मात् सर्वं परित्यज्य निरुद्धैः सर्वदा गुणाः ।**
**सदानन्दपरैर्गेयाः सच्चिदानन्दता ततः ॥ ९ ॥**
**तस्मात्, सर्वम्, परित्यज्य, निरुद्धैः, सर्वदा, गुणाः ।**
**सदानन्दपरैः, गेयाः, सच्चिदानन्दता, ततः ॥ ९ ॥**

**तस्मात्**-ભાવના કરતાં ગુણગાનથી ભગવાન વધારે પ્રસન્ન થાય છે તેથી, **सर्वम्**-સમ્પૂર્ણ, **परित्यज्य**-ત્યાગ કરીને, **निरुद्धैः**-પ્રપંચનું વિસ્મરણ કરીને ભગવદાસક્તિ વાળા થઇને, **सदानन्दपरैः**-હૃદયમાં રહેલી લીલાસૃષ્ટિમાં એકતાન થઇ, **सर्वदा**, **गुणाः**-સદા પ્રભુના ગુણો, **गेयाः**-ગાવા, **ततः**-તેથી, **सच्चिदानन्दता**-સત્, ચિત, આનંદપણું એની મેળે જ પ્રાપ્ત થાય છે.

ભાવના કરતાં ગુણગાનથી ભગવાન વધારે પ્રસન્ન થાય છે તેથી સર્વનો (પ્રપંચમાં મમતાબુદ્ધિનો) ત્યાગ કરીને પ્રપંચવિસ્મૃતિપૂર્વક ભગવદાસક્તિ-વાળા થઇને, હૃદયમાં રહેલી સૃષ્ટિમાં એકતાન થઇને સદા પ્રભુના ગુણોનું ગાન કર્યાં કરવું. એથી એને મેળે જ બીજા કોઇ સાધન વિના સત્, ચિત્ અને આનન્દ-પણું પ્રાપ્ત થાય છે. ૯

ભગવાનના ગુણગાનથી સંસારના દુઃખોની નિવૃત્તિ અને બ્રહ્મબોધ એ અવાંતર ફલ મળે છે અને નિરોધની પ્રાપ્તિ થાય છે.

**अहं निरुद्धो रोधेन निरोधपदवीं गतः ।**
**निरुद्धानां तु रोधाय निरोधं वर्णयामि ते ॥ १० ॥**
**अहम्, निरुद्धः, रोधेन, निरोधपदवीम्, गतः ।**
**निरुद्धानाम्, तु, रोधाय, निरोधम्, वर्णयामि, ते ॥ १० ॥**



**रोधेन**-સંસારાવેશ રહિત થઇને ઈંદ્રિયનિગ્રહ કરીને, **अहम्**-હું, **निरुद्धः**-ભગવદાસકત થઈ, **निरोधपदवीम्**-નિરોધના માર્ગને, **गतः**-પ્રાપ્ત થયો છું, **निरुद्धानाम्**-સંસારમાં નિરોધની ઇચ્છાવાળા ભકતોના, **रोधाय**-નિરોધને માટે **ते**-તને, **निरोधम्**-નિરોધનું, **वर्णयामि**-વર્ણન કરૂં છું.

સંસારાવેશરહિત થઇને, ઇંદ્રિયનિગ્રહ કરીને હું ભગવદાસક્ત થયો છું, અને નિરોધના માર્ગને પ્રાપ્ત થયો છું, અને સંસારમાં નિરોધની ઇચ્છાવાળા ભક્તોના નિરોધને માટે-સંસારાવેશરહિત કરવાને-તને નિરોધનું વર્ણન કરૂં છું. ૧૦

શ્રીમદાચાર્યચરણ આ પ્રમાણે નિરોધના વર્ણનની પ્રતિજ્ઞા કરીને તેનું વર્ણન કરતાં એવા ભક્તોને ઉપયોગી નિરોધનું સ્વરૂપ કહે છે.

**हरिणा ये विनिर्मुक्तास्ते मग्ना भवसागरे ।**
**ये निरुद्धास्त एवात्र मोदमायान्त्यहर्निशम् ॥११॥**
**हरिणा, ये, विनिर्मुक्ताः, ते, मग्नाः, भवसागरे ।**
**ये, निरुद्धाः, ते, एव, अत्र, मोदम्, आयान्ति, अहर्निशम् ॥ ११ ॥**

**हरिणा**-શ્રીહરિએ, **ये**, **विनिर्मुक्ताः** જેમનો વિશેષે કરીને ત્યાગ કર્યો છે, **ते**, **भवसागरे**-તે બધા ભવસાગરમાં, **मग्नाः**,-ડુબી ગયા છે અને **ये**-જે **निरुद्धाः**-ભગવાનમાં નિરોધ પામ્યા છે, **ते**-તેઓ, **एव**, **अत्र**-જ અહીં-ગુણગાનમાં, **अहर्निशम्**-રાત્રિ દિવસ, **मोदम्**, **आयान्ति**-આનંદ પ્રાપ્ત કરે છે.

શ્રીહરિએ જેમનો-સંસારમાં રચ્યા પચ્યા રહેનારાઓનો-ત્યાગ કર્યો છે તેઓ ભવસાગરમાં ડુબી ગયા છે, અને જે ભગવાનમાં નિરોધ પામ્યા છે-સંસારની બાબતમાં ભૂલી ગયેલા અને ભગવદ્વિષયમાં મગ્ન રહેલા છે-તેઓ પ્રભુના ગુણગાનમાં રાત્રિ દિવસ આનન્દ પ્રાપ્ત કરે છે. ૧૧

ગુણગાન અને ભાવનામાં સંસારાવેશ થવો તે ભગવાને અંગીકાર કર્યો નથી. સંસારાવેશથી વિરુદ્ધ ગુણગાન અને ભાવ, ભાવનામાં અહર્નિશ આનન્દની પ્રાપ્તિ થવી તે નિરોધ પામેલા ભક્તનું સામાન્ય લક્ષણ છે.

**संसारावेशदुष्टानामिन्द्रियाणां हिताय वै ।**
**कृष्णस्य सर्ववस्तूनि भूम्न ईशस्य योजयेत् ॥१२॥**

**संसारावेशदुष्टानाम्, इन्द्रियाणाम्, हिताय, वै ।**
**कृष्णस्य, सर्ववस्तूनि, भूम्नः, ईशस्य, योजयेत् ॥ १२ ॥**

**संसारावेशदुष्टानाम्**-સંસારના આવેશથી દુષ્ટ થયેલી, **इन्द्रियाणाम्**-ઇંદ્રિયોના, **हिताय**-હિતને માટે, **ईशस्य**-સર્વ ઇન્દ્રિયોને નિયમમાં રાખનાર ઈશ્વર, **भूम्नः**, સર્વત્ર વ્યાપક, **कृष्णस्य**-પુરુષોત્તમને વિષે, **सर्ववस्तूनि**-સર્વ વસ્તુઓ, **वै**-નિશ્ચયજ, **योजयेत्**-જોડવી.

સંસારના આવેશથી દુષ્ટ થયેલી ઇન્દ્રિયોના હિતને માટે સર્વ ઇંદ્રિયોને નિયમમાં રાખનાર ઈશ્વર, સર્વત્ર વ્યાપક શ્રીપુરુષોત્તમને વિષે સર્વ વસ્તુઓ નિશ્ચય જ જોડવી, ભગવાન સાથે સંબંધ કરવો, વિનિયોગ કરવો, ૧૨

નિરોધનું સુખ લેવાની ઇચ્છાથી જેમનો પુષ્ટિમાર્ગમાં અંગીકાર થયો છે તેવા જીવને અન્ય સાધનમાં પ્રવૃત્તિ નિવૃત્તિ હોતી નથી. તેથી વિષયભોગાદિમાં અહંતા મમતાવાળી ઇંદ્રિયોનો નિગ્રહ કરવો, અથવા સંસારાવેશમાંથી છોડાવી શ્રીકૃષ્ણમાં જોડવી તે ઇંદ્રિયોની સાર્થકતા છે.

**गुणेष्वाविष्टचित्तानां सर्वदा मुरवैरिणः ।**
**संसारविरहक्लेशौ न स्यातां हरिवत् सुखम् ॥ १३ ॥**
**गुणेषु, आविष्टचित्तानाम्, सर्वदा, मुरवैरिणः ।**
**संसारविरहक्लेशौ, न, स्याताम्, हरिवत्, सुखम् ॥ १३ ॥**

**मुरवैरिणः**-મુર નામના દૈત્યના શત્રુ-શ્રીભગવાનના, **गुणेषु**-ગુણોમાં, શ્રીગોવર્ધનધારણ વગેરે લીલાઓમાં, **सर्वदा**-નિરન્તર, **आविष्टचित्तानाम्**-જેમનું ચિત્ત એકતાન થયું છે એવા ભકતોને, **संसारविरहक्लेशौ**-અહંતામમતાત્મક સંસાર અને પ્રભુના વિરહથી થતો કલેશ, **न स्याताम्**-થતો નથી, **हरिवत्**-પ્રભુની માફક, **सुखम्**-સુખ થાય છે.

મુરદૈત્યના વૈરી પ્રભુના ગુણોમાં-લીલાઓમાં-નિરન્તર જેમનું ચિત્ત આસક્ત છે એવા ભક્તોને અહન્તામમતાત્મક સંસાર અને વિરહથી થતો કલેશ નહીં થાય, પણ પ્રભુની માફક સુખ થાય છે. ૧૩



ભાવ ભાવના કરનારા ભક્તોને દુઃખની આશંસા અને સુખની આકાંક્ષા હોવાથી અને ભગવાન અમારૂં સ્મરણ કરે એવી આકાંક્ષા હોવાથી વિરહથી થતું દુઃખ વિશેષ થાય છે, તેથી જ તેમનો જલદી લય થાય છે. ગુણગાન કરનારા ભક્તોને તો સંસારાવેશનો અભાવ હોવાથી લૌકિક દુઃખ થતું નથી. પ્રભુના વિરહની સ્ફૂર્તિ થતાં અંતર્નિષ્ઠા થાય છે. ભાવના કરનાર અને ગુણગાન કરનારા ભક્તોમાં આ પ્રમાણેનો ભેદ છે.

**तदा भवेद् दयालुत्वमन्यथाऽक्रूरता मता ।**
**बाधशङ्कापि नास्त्यत्र तदध्यासोपि सिद्ध्यति ॥ १४ ॥**
**तदा, भवेत्, दयालुत्वम्, अन्यथा, अक्रूरता, मता ।**
**बाधशंका, अपि, न, अस्ति, अत्र, तदध्यासः, अपि, सिद्ध्यति ॥१४॥**

**तदा, भवेत्**-ઉપર કહ્યા પ્રમાણે થાય ત્યારે **दयालुत्वम्**-દયા સમજવી, **अन्यथा**-એમ ન થાય ત્યારે-ચિત્તમાં પ્રભુના ગુણોનો આવેશ ન થાય તો, **अक्रूरता**-અઘાતકતા-ભક્તિમાર્ગમાંથી પડે નહીં એટલો હેતુ, **मता**-માન્યાં છે, **अत्र**-અહીં અક્રૂરતામાં **बाधशंका**-નિરોધમાંથી પતન થવાની શંકા, **अपि, न, अस्ति**-પણ નથી અને, **तदध्यासः**-ભગવદાસકિત, **सिद्ध्यति**-સિદ્ધ થાય છે.

ઉપર કહ્યા પ્રમાણે થાય ત્યારે પ્રભુની કૃપા સમજવી. તેમ ન થાય તો-પ્રભુના ગુણોનો આવેશ ન થાય તો-ભક્તિના માર્ગમાંથી પડાય નહીં એટલું થાય. અહીં નિરોધમાંથી પડવાના કોઇ પ્રકારના બાધની શંકા કરવી નહીં, ( અને પ્રભુસ્મરણ થાય તો પણ ) ભગવાનમાં અધ્યાસ સિદ્ધ થાય છે. ૧૪

ભગવાનના ગુણગાનમાં પ્રવૃત્તિ થાય ત્યારે તેમની કૃપા સમજવી. પ્રભુના ગુણગાનમાં ચિત્તનો આવેશ ન થાય તો સતત આસક્તિથી ભગવાનમાં ચિત્તનો અધ્યાસ સિદ્ધ થાય છે. ભગવાનના અજ્ઞાનથી નિરોધ જતા રહેવાની શંકા કરવી નહીં, તેમજ ભાવનાની પ્રબલતાથી નિરોધનો લય થઇ જશે એ પણ ન સમજવું.

**भगवद्धर्मसामर्थ्याद् विरागो विषये स्थिरः ।**
**गुणैर्हरेः सुखस्पर्शान्न दुःखं भाति कर्हिचित् ॥ १५ ॥**

**भगवद्धर्मसामर्थ्यात्, विरागः, विषये, स्थिरः ।**
**गुणैः, हरेः, सुखस्पर्शात्, न, दुःखम्, भाति, कर्हिचित् ॥ १५ ॥**

**भगवद्धर्मसामर्थ्यात्**-ભગવાનના ધર્મોના સામર્થ્યથી, **विषये**-વિષયોમાં, **विरागः**-વૈરાગ્ય, **स्थिरः**-સ્થિર થાય છે, **गुणैः**-પ્રભુના ગુણગાનથી, **हरेः**,-**सुखस्पर्शात्**-પ્રભુના સુખનો સ્પર્શ થવાથી, **दुःखम्**, **कर्हिचित्**-દુઃખ કોઈ પણ સમયે, **न भाति**-જણાતું નથી,

ભગવાનના ધર્મોના સામર્થ્યથી વિષયોમાં વૈરાગ્ય સ્થિર થાય છે. પ્રભુના ગુણગાનથી, હરિસુખનો સ્પર્શ થવાથી દુઃખ કોઇ પણ સમયે જણાતુ નથી, દુઃખનું ભાન થતું નથી. ૧૫

પ્રભુનો ધર્મ ગુણગાનદ્વારા અંતઃકરણમાં પ્રવેશ કરવાનો છે. તે સામર્થ્ય વડે પ્રાકૃત વિષયમાં અને પ્રાકૃતપણાથી ભક્તને વૈરાગ્ય થાય છે. જેને જેના ગુણમાં આસક્તિ થાય તેને તેનામાં આસક્તિ થાય તે પ્રમાણે ભગવાનના ગુણમાં આસક્તિ થવાથી ભગવાનમાં આસક્તિ દૃઢ થાય છે. તેથી ગૃહ પર અરુચિ, ઘરમાં રહેનારાઓના બાધકપણાનું અને અનાત્મપણાનું ભાન થાય છે. એ પ્રમાણે પ્રભુનું ગુણગાન તે આસક્તિવાળા ભક્તના નિરોધનું લક્ષણ સમજવું.

**एवं ज्ञात्वा ज्ञानमार्गादुत्कर्षो गुणवर्णने ।**
**अमत्सरैरलुब्धैश्च वर्णनीयाः सदा गुणाः ॥ १६ ॥**
**एवम्, ज्ञात्वा, ज्ञानमार्गात्, उत्कर्षः, गुणवर्णने ।**
**अमत्सरैः, अलुब्धैः, च, वर्णनीयाः, सदा, गुणाः ॥ १६ ॥**

**एवम्**-એ પ્રમાણે, **गुणवर्णने**-પ્રભુના ગુણોનું ગાન કરવામાં **ज्ञानमार्गात्**-જ્ઞાનમાર્ગથી, **उत्कर्षः**-ઉત્તમતા, **ज्ञात्वा**-જાણીને **अमत्सरैः**-ઈર્ષ્યાનો ત્યાગ કરીને, **अलुब्धैः**-લોભરહિત થઇને, **सदा**-નિરન્તર, **गुणा**-પ્રભુના ગુણો, **वर्णनीयाः**-વર્ણન કરવા.

એ પ્રમાણે પ્રભુના ગુણગાનમાં જ્ઞાનમાર્ગથી ઉત્તમતા જાણીને, ઈર્ષ્યાનો અને લોભનો ત્યાગ કરીને સર્વદા પ્રભુના ગુણગાન કરવા. ૧૬



પારકાનો ઉત્કર્ષ સહન ન કરવો તે માત્સર્ય કહેવાય છે, તેમાં સૌહાર્દ ન હોય તેથી પ્રભુનું ગુણગાન થાય નહીં. માટે માત્સર્ય-ઈર્ષ્યા-નો ત્યાગ કરવો. લોભમાં પૈસાના સંચયનું જ જ્ઞાન રહે છે, તેથી તેવા મનમાં ભગવદાવેશ શાનો હોય? ભગવદાવેશ ન થાય, એટલું જ નહીં પણ ભગવદ્ભક્તને તો તેથી સર્વસ્વની હાનિ થાય છે. માટે ઈર્ષ્યા અને લોભનો ત્યાગ કરવો અને નિરન્તર પ્રભુના ગુણ ગાવા.

**हरिर्मूर्तिः सदा ध्येया सङ्कल्पादपि तत्र हि ।**
**दर्शनं स्पर्शनं स्पष्टं तथा कृतिगती सदा ॥ १७ ॥**
**हरिमूर्तिः, सदा, ध्येया, संकल्पात्, अपि, तत्र, हि ।**
**दर्शनम्, स्पर्शनम्, स्पष्टम्, तथा, कृतिगती, सदा ॥ १७ ॥**

**हरिमूर्तिः**-શ્રીભગવાનની મૂર્તિ-સ્વરૂપનું, **सदा**-નિરન્તર, **ध्येया**-ધ્યાન કરવું, **हि**-કેમકે, **संकल्पात्**-સંકલ્પમાત્રથી, **तत्र**, **सदा**-ત્યાં-મૂર્તિમાં સદા **दर्शनम्**-દર્શન, **स्पर्शनम्**-સ્પર્શ, **स्पष्टम्**-સ્પષ્ટ થાય છે, **तथा**, **कृतिगती**-તે પ્રમાણે હાથ પગનાં કાર્યો પણ સ્પષ્ટ થાય છે.

શ્રીભગવાનના સ્વરૂપનું નિરન્તર ધ્યાન કરવું, કેમકે સ્વરૂપમાં ભગવદ્ભાવથી દર્શન, સ્પર્શ-ચક્ષુ અને ત્વચાનાં કાર્ય-સ્પષ્ટપણે થઈ શકે છે, તે પ્રમાણે હાથ પગનાં કાર્ય પણ ભગવદ્વિનિયોગમાં આવે છે. ૧૭

**श्रवणं कीर्तनं स्पष्टं पुत्रे कृष्णप्रिये रतिः ।**
**पायोर्मलांशत्यागेन शेषभागं तनौ नयेत् ॥ १८ ॥**
**श्रवणम्, कीर्तनम्, स्पष्टम्, पुत्रे, कृष्णप्रिये, रतिः ।**
**पायोः, मलांशत्यागेन, शेषभागम्, तनौ, नयेत् ॥ १८ ॥**

**श्रवणम्**-શ્રવણ, **कीर्तनम्**-કીર્તન, **स्पष्टम्**-સ્પષ્ટ થાય છે, **कृष्णप्रिये**, **पुत्रे**-કૃષ્ણ જેને પ્રિય છે એવા પુત્રની કામનામાં, **रतिः**-પ્રીતિ કરવી, **पायोः**-પાયુ-ગુદા ઇંદ્રિયનુ કાર્ય, **मलांशत्यागेन**-મળત્યાગ કરવા વડે, **तनौ**-ભગવાનમાં વિનિયોગ થતાં શરીરમાં, **शेषभागम्**-ગૌણ ભાવને, **नयेत्**-પ્રાપ્ત કરાવવો.

શ્રવણ, કીર્તન પણ સ્પષ્ટપણે થઈ શકે છે. કૃષ્ણ જેને પ્રિય છે એવા પુત્રની કામનામાં પ્રીતિ કરવી. ગુદા ઇન્દ્રિયનું કાર્ય જે મલાંશ ત્યાગ કરવો તે વડે તેને શરીરમાં ગૌણભાવ પ્રાપ્ત કરાવવો. ૧૮

જે ભક્ત ભગવાનમાં વ્યસન પ્રાપ્ત કરવાને પ્રયત્ન કરતો હોય તેણે જે ભગવત્સ્વરૂપની પોતે સેવા કરતો હોય તેનું નિરન્તર ધ્યાન કરવું, એટલે તે સાક્ષાત્ ભગવાન છે એમ સમજવું કારણ કે અભિન્નપણાના વિચારથી દર્શન, સ્પર્શ, ચક્ષુ અને ત્વચાનાં કાર્ય સ્વરૂપદર્શન અને સ્વરૂપસ્પર્શથી સ્પષ્ટપણે ભગવત્સંબંધી સિદ્ધ થાય છે. મળ અંશનો ત્યાગ કરીને તે શિવાયના શરીરનો બાકીનો ભાગ તથા તેને પોષણ કરતી દરેક વસ્તુને પ્રભુસેવામાં ઉપયોગી થવાનું કાર્ય કરે છે ઉપર પ્રમાણે ઇંદ્રિયો શિવાય પેટ, મસ્તક, છાતી વગેરે શરીરનાં બીજાં અવયવો પણ પ્રભુપરાયણ ઇંદ્રિયોને મદદ કર્તા થાય છે, તથા દડવતાદિ દ્વારા પ્રભુસેવામાં ઉપયોગી થાય છે એવી ભાવના કરવી. ૧૭–૧૮.

**यस्य वा भगवत्कार्यं यदा स्पष्टं न दृश्यते ।**
**तदा विनिग्रहस्तस्य कर्तव्य इति निश्चयः ॥ १९ ॥**
**यस्य, वा, भगवत्कार्यम्, यदा, स्पष्टम्, न, दृश्यते ।**
**तदा, विनिग्रहः, तस्य, कर्तव्यः, इति, निश्चयः ॥ १९ ॥**

**यस्य वा**–જે ઈંદ્રિયનું અથવા, **भगवत्कार्यम्**–ભગવત્સંબંધી કાર્ય, **यदा, स्पष्टम्**–જ્યારે ખુલ્લી રીતે, **न, दृश्यते**–જણાતું નથી, **तदा तस्य**–ત્યારે તેનો, **विनिग्रहः कर्तव्यः**–વિશેષ નિગ્રહ કરવો, **इति, निश्चयः**–એવો નિશ્ચય છે.

જે ઇંદ્રિયનો અથવા ઇંદ્રિયોનો ભગવદ્વિનિયોગ સ્પષ્ટ ન જણાય ત્યારે તેનો અથવા તેમનો નિગ્રહ કરવો એમ નિશ્ચય છે. ૧૯

નાક અને જિહ્વાના વિનિયોગનો પ્રકાર કહેલો નથી, તેથી જે ઇંદ્રિયોનો ભગવાનમાં ઉપયોગ ન થાય તેનો નિગ્રહ કરવો આવશ્યક છે જો નિગ્રહ ન કરે તો વિષયરૂપી શત્રુઓમાં પડી સંસારાવેશરૂપી મહાન અનર્થ થાય, માટે નિગ્રહ જરૂરનો છે. આ પ્રમાણે કરવાથી ઉદ્વેગની નિવૃત્તિ થતાં ધીમે ધીમે સેવા આધિદૈવિકી થાય છે.

**नातः परतरो मन्त्रो नातः परतरः स्तवः ।**
**नातः परतरा विद्या तीर्थं नातः परात् परम् ॥ २० ॥**



**न, अतः, परतरः, मन्त्रः, न, अतः, परतरः, स्तवः ।**
**न, अतः, परतरा, विद्या, तीर्थम्, न, अतः, परात्, परम् ॥ २० ॥**

**अतः, परतरः**–આ સાધનસમુદાયથી વધારે ઉત્તમ, **मन्त्रः, न**–મન્ત્ર નથી, **अतः, परतरः**–આથી ઉત્તમ, **स्तवः, न**–સ્તોત્ર નથી, **अतः, परातरा**–આથી વધારે સારી, **विद्या, न**–વિદ્યા નથી, **अतः, परात्**–આનાથી બીજું, **परम्, तीर्थम्, न**–ઉત્તમ તીર્થ નથી.

આ સાધનસમુદાયથી વધારે ઉત્તમ ન તો કોઇ મંત્ર, કે સ્તોત્ર નથી. આથી વધારે સારી કોઇ વિદ્યા નથી કે કોઇ તીર્થ પણ નથી. ૨૦

અષ્ટાક્ષર મન્ત્ર કે કૃષ્ણાશ્રય પણ આનાથી વધારે ઉત્તમ નથી, તેમજ ઉપાસના કે ગંગાદિ તીર્થ પણ આ ઉત્તમ સાધન કરતાં વધારે ઉત્તમ નથી. મંત્રોના જપ વગેરે સેવાનાં અંગ કહેલાં છે અને તે સેવાના અનવસરમાં કરવાં યોગ્ય છે. શ્રીકૃષ્ણાશ્રયનું પણ તેમજ છે. વિદ્યા–ઉપાસના–અને તીર્થ ભગવત્કૃપા ન હોય તો બહુ કાલે વિલંબથી ફલ આપે છે.

**इति श्रीमद्वल्लभाचार्यप्रकटितं निरोधलक्षणं सम्पूर्णम् ॥ १५ ॥**

આ પ્રમાણે શ્રીમદ્વલ્લભાચાર્યજીનું પ્રકટ કરેલું નિરોધલક્ષણ સંપૂર્ણ થયું. ૧૫

**॥ श्रीकृष्णार्पणमस्तु ॥**

# १६ सेवाफल

**ગ્રન્થપરિચય**—ભક્તિમાર્ગમાં પુષ્ટિપુષ્ટિ, પુષ્ટિમર્યાદા, અને પુષ્ટિપ્રવાહ એવા ભેદે કરીને પ્રભુ જીવોનો ત્રણ પ્રકારનો અંગીકાર કરે છે, તેથી અધિકારીના ભેદથી ત્રણ પ્રકારની સેવા થાય છે. તેનાં ત્રણ પ્રકારનાં ફલ જણાવ્યાં છે. પ્રતિબન્ધો પણ ત્રણ પ્રકારના છે અને તે નિવારણના ઉપાય નિરૂપણ કરેલા છે.

ફલના પ્રકાર:-પુષ્ટિપુષ્ટિ સેવાનું ફલ અલૌકિક સામર્થ્ય, સર્વાત્મભાવથી પ્રાપ્ત થનારો જે ભજનાનંદ તેનો અનુભવ થાય તે, અત્યંત અન્તરંગ સેવા મળવી તે. પુષ્ટિમર્યાદા સેવાનું ફલ:-શ્રીપુરુષોત્તમમાં સાયુજ્ય. પુષ્ટિપ્રવાહ સેવાનું ફલ:-વૈકુણ્ઠાદિપ્રાપ્તિ અથવા સેવા ઉપયોગી દેહની પ્રાપ્તિ.

પ્રતિબન્ધ:-આ ફલ મળવામાં (૧) ઉદ્‌વેગ (૨) પ્રતિબંધ (જીવકૃત અને પ્રભુકૃત) અને (૩) લૌકિક ભોગ એ ત્રણ વિઘ્નરૂપ છે.

પ્રતિબંધ નાશના ઉપાય:-(૧) ઉદ્વેગ ભગવદ્‌ભાવરૂપી ચિન્તન કરવાથી નાશ પામે છે. (૨) જીવકૃત પ્રતિબંધ બુદ્ધિ વડે ત્યાગ થઇ શકે છે. (૩) લૌકિક ભોગ સેવામાં મન વધારે લગાડવાથી અને ઇંદ્રિયનિગ્રહથી નાશ પામે છે. લૌકિક ભોગનો મન વડે ત્યાગ અથવા ગૃહાદિનો ભગવત્સેવામાં વિનિયોગ થાય તો પણ ભોગાભાવ થાય છે. (૪) ભગવત્કૃત પ્રતિબન્ધ:-તેના નાશ સારૂ કશો ઉપાય નથી. જે જીવને-આવેશી જીવને-ભગવત્કૃત પ્રતિબન્ધ હોય તેને પશ્ચાત્તાપ થઇ સેવા નહીં થવાના કારણે શોક થાય. તેને વિવેકાદિ સાધનો વડે શોકનિવૃત્તિ સારૂ સ્વસિદ્ધાન્તનું જ્ઞાન મેળવવું. તેથી તેનો આસુરાવેશ જતો રહેશે અને તે ભક્તોનો દ્વેષ કરશે નહીં એટલે તેને અક્ષર બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. સહજ આસુરી જીવને જ્ઞાનમાર્ગની સ્થિતિમાં ફલ મળે નહીં તો પણ શરણવાળો જીવ સહજ આસુર થઇ ગયો હોય તો તેને શોકાભાવરૂપી ફલ તો જરૂર મળે છે. અલૌકિક ભોગ તો સેવાના મુખ્ય ફલ રૂપ છે, તે પ્રતિબન્ધરૂપ નથી. સેવાનાં ફલ મળવામાં સાધનનું કે કાલનું નિયામકપણું નથી પ્રભુ પોતે અનુગ્રહ કરીને ફલ આપે છે. તદીય ભક્તો જેમના અંતઃકરણમાં સાધનનું બળ નથી પણ પ્રભુકૃપાનું જ બલ છે તેમણે ફલપ્રતિબન્ધાદિની ભાવના કરવી. તેમને તો પ્રભુ ફલ આપવામાં વિલંબ કરતા નથી. પ્રતિબન્ધનિવારણમાં શ્રીપ્રભુની શરણ



ભાવના વિના બીજાં સાધન હશે એવા અવિશ્વાસરૂપી વિચારો મનમાંથી કાઢી નાખવા અને મન પ્રભુમાં જોડવું.

આ પ્રમાણે શ્રીમદાચાર્યચરણોએ સેવાફલ અને તેના વિવરણમાં ઉપદેશેલું છે.

**यादृशी सेवना प्रोक्ता तत्सिद्धौ फलमुच्यते ।**
**अलौकिकस्य दाने हि चाद्यः सिध्येन् मनोरथः ॥ १ ॥**
**फलं वा ह्यधिकारो वा न कालोऽत्र नियामकः ॥ १$\frac{१}{२}$ ॥**

**यादृशी, सेवना, प्रोक्ता, तत्सिद्धौ, फलम्, उच्यते ।**
**अलौकिकस्य, दाने, हि, च, आद्यः, सिध्येत्, मनोरथः ॥१॥**
**फलम्, वा, हि, अधिकारः, वा, न, कालः, अत्र, नियामकः ॥१$\frac{१}{२}$॥**

**यादृशी**-જે પ્રકારની, **सेवना**-સેવા, **प्रोक्ता**-ઉત્તમ રીતે કહેલી છે, **तत्सिद्धौ**-તેની સિદ્ધિ થવામાં, **फलम्, उच्यते, च**-ફલ કહેવાય છે, **अलौकिकस्य**-અલૌકિકના, **दाने**-દાનમાં, દાનથી, **हि, आद्यः**-પણ મુખ્ય ફલરૂપ, **मनोरथः**-મનોરથો, **सिद्धयेत्**-સિદ્ધ થાય છે, **फलम्**-ફલ મળવામાં, **वा, अधिकारः**-અથવા અધિકાર મળવમાં, **कालः, अत्र**-કાલ અહિં, **नियामकः, न**-નિયામક નથી.

જે પ્રકારની સેવા ઉત્તમ રીતે કહેલી છે તેના સિદ્ધિ થવામાં ફલ કહેવાય છે, અલૌકિકના દાનથી પણ મુખ્યફલરૂપ મનોરથો સિદ્ધ થાય છે. (અલૌકિકનું દાન ન કરે તો) ફલ મળવામાં અથવા અધિકાર મળવામાં કાલ અહિં નિયામક માનેલો નથી. (કેવલ પ્રભુજ તેના નિયામક છે). ૧$\frac{૧}{૨}$

**विवरणम्-सेवायां फलत्रयम् । अलौकिकसामर्थ्यम् । सायुज्यम् ।**
**सेवौपयोगि-देहो वा वैकुण्ठादिषु ।**

**सेवायाम्**-સેવામાં, **फलत्रयम्**-ફલ ત્રણ છે, **अलौकिकसामर्थ्यम्**-અલૌકિક સામર્થ્ય-ઉત્તમફલ, **सायुज्यम्**-સાયુજ્ય-મધ્યમફલ, **वा, वैकुण्ठादिषु**-

અથવા વૈકુંઠાદિમાં, **सेवा-उपयोगिदेहः**–સેવા ઉપયોગી દેહ મળવો તે–સાધારણ ફલ છે.

સેવામાં ત્રણ ફલ છે. (૧) અલૌકિક સામર્થ્ય, (૨) સાયુજ્ય અને (૩) વૈકુંઠાદિમાં સેવા ઉપયોગી દેહ મળવો તે. એમ ઉત્તમ, મધ્યમ અને સાધારણ ફલ છે. (આ ત્રણે ફલ પ્રભુ અલૌકિક રીતે દાન કરે તોજ સિદ્ધ થાય છે.)

ભક્તિ માર્ગમાં પુષ્ટિપુષ્ટિ, પુષ્ટિમર્યાદા, પુષ્ટિપ્રવાહ એવા ભેદ કરીને જીવોના ત્રણ પ્રકારોના અંગીકાર છે, તેથી અધિકારીના ભેદથી ત્રણ પ્રકારની સેવા થાય છે અને તેનાં ફલ પણ ત્રણ પ્રકારનાં ક્રમે કરીને કહેલાં છે.

૧ પુષ્ટિપુષ્ટિ સેવાનું ફલઃ–કેવલ સર્વાત્મભાવથી પ્રાપ્ત થનારો જે ભજનાનંદ છે તેનો અનુભવ થાય તે, અથવા અત્યંત અંતરંગ સેવા મળવી તે. આ ઉત્તમ ફલ છે, તે જીવ વડે સાધ્ય નથી. શ્રી ભગવાનનો અત્યંત અનુગ્રહ થાય ત્યારે તે ફલનું દાન થાય છે. તેના અનુભવની યોગ્યતા કરવા વાળો જે અધિકાર છે તે, અથવા ભગવાનના વિપ્રયોગને સહન કરી શકે તે અલૌકિક સામર્થ્ય કહેવાય છે. તેના દૃષ્ટાન્તરૂપ વ્રજ ભક્તો છે. આ ફલમાં ભગવાન ભક્તના હૃદયમાં પધારે છે.

૨ પુષ્ટિમર્યાદા સેવાનું ફલ–શ્રીપુરુષોત્તમમાં સાયુજ્ય છે. તે પુષ્ટિમર્યાદામાં જેનો અંગીકાર છે તેને થાય છે. કેવળ મર્યાદાવાળાને તો જ્ઞાનાદિવડે અક્ષર બ્રહ્મનું સાયુજ્ય હોય છે, અને પુષ્ટિમાં વિશેષ ફલ એટલું કે તેને શ્રીપુરુષોત્તમમાં સાયુજ્ય છે. આવા સાયુજ્યવાળા ભક્તની સાથે ભગવાનને રમણ કરવાની ઇચ્છા થાય છે ત્યારે પોતે બહાર પ્રકટ થઇ તેમની સાથે રમણ કરે છે, અને રમણદ્વારા ભજનાનંદનું દાન કરી પછી સાયુજ્ય થાય છે, તે મધ્યમ ફલ છે. આ ફલમાં ભક્ત ભગવાનના હૃદયમાં સ્થિતિ કરે છે.

૩ પુષ્ટિપ્રવાહ સેવાનું ફલઃ– વૈકુંઠાદિમાં સેવા ઉપયોગી દેહની પ્રાપ્તિરૂપ છે. તે પુષ્ટિપ્રવાહમાં જેનો અંગીકાર છે તેને મળે છે. અહીં જે વૈકુંઠ કહેલું છે તે ભગવાને શ્રીલક્ષ્મીજીની પ્રાર્થનાથી 'રમા વૈકુંઠ' લોક સિધ્ધ કર્યો છે તેને સમજવું. આ વૈકુંઠમાં કે અક્ષરાત્મક વ્યાપિવૈકુંઠમાં અથવા શ્રીમથુરા, શ્રીવૃન્દાવન કે શ્રી-ગોવર્ધનાદિમાં સેવોપયોગી દેહ, વય, ગુણાદિની પ્રાપ્તિરૂપ અધિકાર તે સાધારણ સેવાનું સાધારણ ફલ છે. આ ફલમાં પ્રભુની સેવામાં ઉપયોગી દેહની પ્રાપ્તિ છે, જેનાથી પ્રભુસેવા થઇ શકે છે અને તેમાં કાલનો અધિકાર નથી



આવી રીતે સેવાનાં ત્રણ ફલમાં કાલની સત્તા નથી. ભગવાન કાલના પણ નિયામક છે જેથી આ ફલ નિત્ય છે, અને ત્રણ પ્રકારના અનુગ્રહથી ત્રણ પ્રકારનાં ફલ મળે છે.

**उद्वेगः प्रतिबन्धो वा भोगो वा स्यात्तु बाधकम् ॥ २ ॥**

**उद्वेगः, प्रतिबन्धः, वा, भोगः, वा, स्यात्, तु, बाधकम् ॥ २ ॥**

**तु**–પણ, **उद्वेगः**—ઉદ્વેગ, **प्रतिबन्धः**—પ્રતિબન્ધ, **वा**, **भोगः**—અથવા ભોગ, **बाधकम्**—વિઘ્નકર્તા, **स्यात्**–થાય છે.

પણ (સેવાના ફલમાં) ઉદ્વેગ, પ્રતિબન્ધ, અથવા ભોગ એ ત્રણ વિઘ્નકર્તા થાય છે. ૨

**विवरणम्–सेवायां प्रतिबन्धकत्रयम् । उद्वेगः प्रतिबन्धो भोगो वा । त्रयाणाम् साधनपरित्यागः कर्तव्यः । भोगो द्विविधः । लौकिकोऽलौकिकश्च । तत्र लौकिकस्त्याज्य एव । अलौकिकस्तु फलानां मध्ये प्रविशति । प्रतिबन्धोऽपि द्विविधः । साधारणो भगवत्कृतश्च । तत्र आद्यो बुद्ध्या त्याज्यः ।**

**सेवायाम्**–સેવામાં, **प्रतिबन्धकत्रयम्**–ત્રણ પ્રતિબન્ધ છે, **उद्वेगः**, **प्रतिबन्धः**–ઉદ્વેગ, પ્રતિબન્ધ, **भोगः**, **वा**–અને ભોગ, **त्रयाणाम्**–તે ત્રણના, **साधनपरित्यागः**–સાધનોનો પરિત્યાગ, **कर्तव्यः** કરવો, **भोगः**, **द्विविधः**—ભોગ બે પ્રકારનો છે, **लौकिकः**, **च**– લૌકિક અને, **अलौकिकः**-અલૌકિક, **तत्र**, **लौकिकः** તેમાં લૌકિક ભોગનો, **त्याज्य एव**–ત્યાગ કરવો જ, **अलौकिकः**, **तु**–અલૌકિક ભોગનો, **फलानाम्**, **मध्ये**--ફલોની મધ્યમાં, **प्रविशति**–પ્રવેશ કરે છે, **प्रतिबन्धः**, **अपि**--પ્રતિબન્ધ પણ, **द्विविधः**--બે પ્રકારના છે, **साधारणः**, સાધારણ, **भगवत्कृतः** **च**–અને ભગવત્કૃત, **तत्र**, **आद्यः**--તેમાં સાધારણ, **बुद्धया**, **त्याज्यः**–બુદ્ધિથી ત્યાગ કરવા યોગ્ય છે.

સેવામાં ત્રણ પ્રતિબન્ધ છે–ઉદ્વેગ, પ્રતિબન્ધ અને ભોગ. તે ત્રણનાં સાધનોનો પરિત્યાગ કરવો. ભોગ બે પ્રકારનો છે. લૌકિક અને અલૌકિક, તેમાં લૌકિક

ભોગનો ત્યાગ કરવો જ. અલૌકિક ભોગ તો ફલોની મધ્યે ફલમાં પ્રવેશ કરે છે. પ્રતિબન્ધ પણ બે પ્રકારનો છે, સાધારણ અને ભગવત્કૃત. તેમાં સાધારણ પ્રતિબન્ધનો બુદ્ધિથી ત્યાગ કરવો.

સેવામાં પ્રથમ વિઘ્નકર્તા-ઉદ્વેગ-દુઃખરૂપ છે. તે અતિભયથી, પાપથી, બુદ્ધિમાં થતી ચંચલતાથી અને અદષ્ટથી ઉત્પન્ન થાય છે. આવો ઉદ્વેગ મનમાં રહે તો સેવામાં ચિત્તજ રહે નહીં, એટલે ભગવાનમાં ચિત્ત પરોવવારૂપ જે સેવા છે તે સિદ્ધ થાય નહીં, તો પછી તેનું ફલ ક્યાંથી મળે?

બીજો વિઘ્નકર્તા-પ્રતિબન્ધ-સેવાથી પ્રતિકૂલ નિગ્રહ. તે સાધારણ અને ભગવત્કૃત એમ ભેદથી બે પ્રકારનો છે. તેમાં સાધારણ પ્રતિબન્ધ સુખદુઃખરૂપ છે. દા. ત. સેવાના સમયમાં લૌકિક, વૈદિકકાર્ય આવી પડે ત્યારે તેનો બુદ્ધિથી ત્યાગ કરવો, એટલે કે તે સેવા પછીના સમયમાં કરવાનો નિશ્ચય કરવો. પુત્રવિવાહાદિ લૌકિકકાર્ય આવે અથવા કાંઈ વૈદિકકાર્ય આવી જાય તેવા સમયે બુદ્ધિ વાપરી તે સેવામાં પ્રતિબન્ધરૂપ ન થાય તેવી રીતે કરવાં અથવા સેવાનાં સમયમાંજ કરવા યોગ્ય આવશ્યક લૌકિક વૈદિકકાર્ય આવી પડે તો શરીરાદિથી તે કાર્ય કરવાં, પણ બુદ્ધિ ભગવત્સેવામાં રાખવી, તે કાર્યમાં રાખવી નહીં. ભગવત્કૃત પ્રતિબન્ધમાં જીવનો ઉપાય નથી, તેથી તેનો ત્યાગ થઇ શકતો નથી. તે વિશે આગળ કહીશું.

ત્રીજો વિઘ્નકર્તા ભોગ છે. તે પણ બે પ્રકારનો છે. તેમાં લૌકિક ભોગ-સુખ દુઃખનો સાક્ષાત્કાર-તે દેહઇન્દ્રિયનિષ્ઠ હોવાથી પ્રતિબંધક છે, અને સ્વભાવથી પ્રાપ્ત છે. લૌકિક ભોગમાં આસક્તિ હોય, જેવો કે અનિવેદિત પદાર્થોનો સ્વદેહપોષણાર્થે ઉપભોગ કરવો વિગેરે વિગેરે હોય ત્યાં સુધી સેવા એકાગ્રતાથી થઇ શકે નહીં. તેથી તે ત્યાગ કરવા યોગ્ય છે. અલૌકિક ભોગ તો સેવાના પ્રથમ ફલ-શ્રેષ્ઠ મનોરથ સિદ્ધિરૂપ-માનેલો છે, અને તે ગ્રહણ કરવા યોગ્ય છે. ભગવત્નિવેદિત પદાર્થનો દાસધર્મ સમજી ભોગ કરવો. પ્રભુનો કેવલ મનથી સંબંધ આત્માદ્વારા થાય છે. તે ત્યાગ કરવા યોગ્ય નથી. આ પ્રમાણે ઉદ્વેગ, લૌકિક ભોગ તથા સાધારણ પ્રતિબંધ એ ત્રણનો ત્યાગ કરવો, અને તે ત્રણના ઉત્પત્તિના કારણરૂપ જે કાંઇ હોય તેનો પણ ત્યાગ કરવો જોઇએ.

**अकर्तव्यं भगवतः सर्वथा चेद् गतिर्न हि ।**
**यथा वा तत्त्वनिर्धारो विवेकः साधनं मतम् ॥ ३ ॥**



**अकर्तव्यम्, भगवतः, सर्वथा, चेत्, गतिः, न, हि ।**
**यथा, वा, तत्त्वनिर्धारः, विवेकः, साधनम्, मतम् ॥ ३ ॥**

**भगवतः, चेत्**-ભગવાનને જો, **सर्वथा**-સર્વ પ્રકારથી, **अकर्तव्यः**-ફલનું દાન કરવાનું ન હોય તો, **हि**-નિશ્ચય, **गतिः, न**-ઉપાયજ નથી **यथा**, જેવી રીતે જે પ્રકારથી, **तत्त्वनिर्धारः**-શુદ્ધાદ્વૈતજ્ઞાનરૂપી તત્ત્વનો નિશ્ચય કરવો. **वा, विवेकः**-અથવા વિવેકને, **साधनम्, मतम्**-સાધન માનેલું છે.

ભગવાનને જો સર્વ પ્રકારથી ફલનું દાન કરવાનું ન હોય તો પછી કાંઇ ઉપાયજ નથી, ત્યારે તો જેવી રીતે જે પ્રકારથી શુદ્ધાદ્વૈતજ્ઞાનરૂપી તત્ત્વનો નિશ્ચય કરવો અથવા વિવેક રાખવો એજ સાધન માનેલું છે.

**विवरणम्-भगवत्कृतश्चेत् प्रतिबन्धः तथा भगवान् फलं न दास्यतीति मन्तव्यम् । तदा अन्यसेवाऽपि व्यर्था । तदा आसुरोऽयं जीव इति निर्धारः । तदा ज्ञानमार्गेण स्थातव्यं शोकाभावायेति विवेकः ।**

**चेत्, प्रतिबन्धः**-જો પ્રતિબન્ધ, **भगवत्कृतः**-ભગવદિચ્છાથી હોય, **तदा, भगवान्**-તો ભગવાન, **फलम्**-ફલને, **न, दास्यति**-આપશે નહીં, **इति, मन्तव्यम्**-એમ માનવું, **तदा**, ત્યારે, **अन्यसेवा, अपि**-અન્યસેવા પણ, **व्यर्था**-વ્યર્થ છે, **तदा, अयम्, जीवः**-ત્યારે આ જીવ, **आसुरः**-આસુર છે, **इति, निर्धारः**-એમ નિશ્ચય છે, **तदा**-તેવા પ્રસંગે, **शोकाभावाय**-શોકના અભાવસારૂ, **ज्ञानमार्गेण**-જ્ઞાનમાર્ગથી, **स्थातव्यम्**-સ્થિતિ કરવી, **इति, विवेकः**-એ વિવેક છે.

જો પ્રતિબન્ધ ભગવદિચ્છાથી હોય તો ભગવાન ફલને આપશે નહીં એમ માનવું. ત્યારે અન્ય સેવા પણ વ્યર્થ છે. ત્યારે આ જીવ આસુર છે એવો નિશ્ચય છે. તેવા પ્રસંગે શોકની નિવૃત્તિ સારૂ જ્ઞાનમાર્ગથી સ્થિતિ કરવી એ વિવેક છે.

જે જીવ ઉપર ભગવાનની વિશેષ કૃપા હોય તેને ભક્તોના દ્વેષાદિ કરવાથી જો ભગવાન સેવામાં પ્રતિબન્ધ કરે તો તે ભગવત્કૃત જાણવો. ભગવાન સર્વસામર્થ્ય-વાળા છે અને સ્વતંત્ર છે. તેમની ઇચ્છા જે જીવની પાસે સેવા કરવાની ન થાય તો પછી તેમાં સર્વ પ્રકારે ફલનો અભાવ જ છે એમ જાણવું. પછી મનમાં એવો વિચાર

આવે કે બીજાની સેવા કરવાથી બીજું ફલ મળશે, પણ જ્યાં ભગવત્કૃત પ્રતિબન્ધ હોય ત્યાં બીજાની સેવા પણ વ્યર્થજ છે, અને બીજા પણ ફલ આપી શકે નહીં. માટે આવો જીવ આસુરી જીવ છે એમ જાણવું. માટે પ્રતિબંધના સ્વરૂપને જાણનારા જે વૈષ્ણવ છે તેમણે દુઃસંગાદિમાં સાવધાન રહેવું, અને જે જીવને સેવામાં ભગવત્કૃત પ્રતિબન્ધ હોય તેને પછી પશ્ચાત્તાપ થઇ સેવા નહીં થવાને લીધે શોક થાય. તેને સારૂ તત્ત્વનિર્ધારના ઉપાયભૂત વિવેકરૂપ સાધન વડે જે પ્રકારે શોકનો અભાવ થાય તેવી રીતે જ્ઞાન રાખવું એજ સાધન છે. તેથી તેનો શોક નિવૃત્ત થશે. આસુરી જીવમાં પણ આવેશી અને સહજ એમ બે ભેદ છે. તેમાં આવેશીને જ્યાં સુધી આવેશ રહે ત્યાં સુધી ભક્તનો દ્વેષ કરે છે. આવેશ જતો રહે ત્યારે તેનો દ્વેષ પણ જતો રહે છે. તેવાઓ માટે જ્ઞાનમાર્ગ વડે સત્યલોકમાં સ્થિતિ છે અથવા અક્ષર બ્રહ્મની પ્રાપ્તિ થાય છે. જે સહજાસુર થઇ ગયો હોય અને સર્વદા ભકત ઉપર દ્વેષ રાખી દ્રોહ કર્યા કરે તેને તો જ્ઞાનમાર્ગની સ્થિતિમાં પણ તે માર્ગનું ફલ મળે નહીં પરંતુ શોકાભાવરૂપી ફલ મળે છે, એટલે, શરણે આવવાવાળો જીવ પણ સહજાસુર થઇ જાય તો પણ તેને શોકાભાવરૂપ ફલ તો થાયજ.

**बाधकानां परित्यागो भोगेप्येकं तथाऽपरम् ।**
**निष्प्रत्यूहं महान् भोगः प्रथमे विशते सदा ॥ ४ ॥**

**बाधकानाम्, परित्यागः, भोगे, अपि, एकम्, तथा, अपरम् ।**
**निष्प्रत्यूहम्, महान्, भोगः, प्रथमे, विशते, सदा ॥ ४ ॥**

**बाधकानाम्**–સેવામાં વિઘ્ન કરનારાનો, **परित्यागः**–પરિત્યાગ કરવો, **तथा**–તેવી રીતે, **भोगे, अपि, एकम्**–ભોગમાં પણ એકનો, **तथा, अपरम्**–તથા બીજો પ્રતિબન્ધ નામે બાધક છે તેનો ત્યાગ કરવો, **निष्प्रत्यूहम्**–વિઘ્ન વિનાનો જે, **महान्, भोगः**–મહા અલૌકિક ભોગ છે તેનો, **प्रथमे**–સેવાના પ્રથમ ફલમાં, **सदा**–નિરન્તર, **विशते**–સમાવેશ થાય છે.

સેવામાં વિઘ્ન કરનારાં સર્વ કારણોનો પરિત્યાગ કરવો યોગ્ય છે. તેવી રીતે લૌકિક અને અલૌકિક ભોગમાં પણ લૌકિક ભોગનો તથા બીજો લૌકિક પ્રતિબન્ધ છે તેનો પણ ત્યાગ કરવો. વિઘ્ન વિના તો જે મહા અલૌકિક ભોગ છે તે સેવામાં અન્તરાયરૂપ નથી. તેનો તો સેવાના પ્રથમ ફલમાં નિરન્તર સમાવેશ થાય છે.



ભોગમાં લૌકિક ભોગ બાધકરૂપ છે, તેમાં સદા વિઘ્નો આવ્યા કરે છે, કેમકે તે દેહપોષણબુદ્ધિથી કરેલો છે. અલૌકિક ભોગ ફલરૂપ છે, એટલે ભગવત્સ્વરૂપાનન્દના અનુભવરૂપ ભોગ કરવામાં આવે તેમાં કાલાદિનો અન્તરાય નથી, તેથી તે નિર્વિઘ્ને સિદ્ધ થાય છે. અલૌકિક ભોગ જીવથી સહન ન થઈ શકે તે સારૂ ભગવાન અલૌકિક સામર્થ્યનું દાન કરે છે. પ્રભુમાં પ્રેમ થયા પછી અપૂર્વ અનુરાગથી વિરહરૂપ દુઃખ થાય છે, તે સહન કરતાં પોતાના સેવ્ય સ્વરૂપમાં કે સ્વપ્નમાં સ્પર્શાદિથી ઉત્પન્ન થતું વિલક્ષણ સુખ થાય છે. તે સેવાના પ્રથમ ફલમાં પ્રવેશ કરે છે, માટે તે ત્યાગ કરવા યોગ્ય નથી.

**सविघ्नोऽल्पो घातकः स्याद् बलादेतौ सदा मतौ ॥ ४$\frac{१}{२}$ ॥**

**सविघ्नः, अल्पः, घातकः, स्यात्, बलात्, एतौ, सदा, मतौ ॥४$\frac{१}{२}$॥**

**सविघ्नः**–(લૌકિક ભોગ) વિઘ્નોવાળો, **अल्पः**–અલ્પ–ક્ષણિક છે, **घातकः**–(લોકકૃત પ્રતિબન્ધ) ઘાતક, **स्यात्**–થાય છે, **एतौ**–તે બન્નેને, **बलात्**–બલપૂર્વક ઘાતક, **सदा**–સદા, **मतौ**–માનેલા છે.

લૌકિક ભોગ વિઘ્નવાળો અને અલ્પ છે. લોકકૃત પ્રતિબન્ધ થાય છે. તેથી તે બન્નેને સદા બલપૂર્વક ઘાતક માનેલા છે. ( એટલે તે સેવાફલમાં અન્તરાય કરનારા છે. તે પ્રબલ થાય તો અહંતામમતાત્મક સંસારમાં સ્થિતિ નક્કી થાય છે, માટે તે ત્યાગ કરવા યોગ્ય છે.)

**विवरणम्–ननु साधारणो भोगः कथं त्यक्तव्य इत्याकांक्षाया–माह सविघ्नोऽल्पो घातकः स्यादिति । सविघ्नत्वादल्पत्वाद् भोगस्त्याज्यः, एतौ सदा प्रतिबन्धकौ ।**

**ननु**–ખરેખર, **साधारणः भोगः**–સાધારણ ભોગ, **कथम्**, **त्यक्तव्यः**–કેમ ત્યાગ કરવો, **इति, आकांक्षायाम्, आह**–આવી શંકા થાય ત્યાં કહે છે, **सविघ्नः, अल्पः**–તે વિઘ્નવાળો અલ્પ, **घातकः**–ઘાતક, **स्यात्, इति**–છે, **सविघ्नत्वात्**–તેમાં વિઘ્નપણું હોવાથી, **अल्पत्वात्**–અલ્પપણું હોવાથી, **भोगः**–ભોગ, **त्याज्यः**–ત્યાગ કરવા યોગ્ય છે, **एतौ**–સાધારણ ભોગ તથા લોકકૃત પ્રતિબન્ધ, **सदा**–હમ્મેશાં, **प्रतिबन्धकौ**–પ્રતિબંધકરૂપ માનેલા છે.

ખરેખર સાધારણ ભોગ કેમ ત્યાગ કરવો આવી શંકા થાય ત્યાં કહે છે કે તે વિઘ્નવાળો, અલ્પ અને ઘાતક છે. તેમાં વિઘ્નપણું અને અલ્પપણું હોવાથી સાધારણ ભોગ તથા લોકકૃત પ્રતિબન્ધ હમ્મેશાં બાધકરૂપ માનેલા છે.

લૌકિક ભોગને કર્માદિનું વિઘ્ન છે અને તે સ્વરૂપથી, ફલથી અને સાધનથી અલ્પ છે અને વિનાશી છે, તેથી તેનો ત્યાગ કરવો. સાધારણ લોકકૃત પ્રતિબન્ધ પાપરૂપ છે. તે મહાદોષરૂપ હોવાથી સેવામાં સિદ્ધિ કરતા નથી, માટે તે ઘાતક છે, ક્ષણે ક્ષણે પ્રતિબન્ધક છે, માટે બુદ્ધિ વડે સર્વથા એ બન્નેનો ત્યાગ કરવો.

**द्वितीये सर्वथा चिन्ता त्याज्या संसारनिश्चयात् ॥ ५ ॥**

**द्वितीये, सर्वथा, चिन्ता, त्याज्या, संसारनिश्चयात् ॥ ५ ॥**

**द्वितीये**-બીજામાં-ભગવત્કૃત પ્રતિબન્ધમાં, **चिन्ता**-ચિન્તા, **सर्वथा, त्याज्या**-સર્વ પ્રકારે ત્યજી દેવી, **संसारनिश्चयात्**-સંસાર ફલ થવાનું છે તે નિશ્ચય છે તેથી.

બીજામાં, ભગવત્કૃત પ્રતિબંધમાં, ચિન્તા સર્વ પ્રકારે ત્યજી દેવી, કારણ કે તેથી સંસાર ફલ થવાનું છે તે નિશ્ચય છે.

**विवरणम्-द्वितीयो भगवत्कृतप्रतिबन्धः । ज्ञानस्थित्यभावे चिन्ताऽभावार्थमाह द्वितीय इति ।**

**द्वितीयः**-બીજો, **भगवत्कृतप्रतिबन्धः**-ભગવત્કૃત પ્રતિબન્ધ છે, **ज्ञान-स्थितिअभावे**-જ્ઞાનમાર્ગમાં સ્થિતિ ન થાય તો, **चिन्ताअभावार्थम् आह**-ચિન્તાના અભાવ માટે કહે છે, **द्वितीये, इति**-બીજામાં સંસારનો નિશ્ચય છે.

ભોગનો બીજો પ્રકાર ભગવત્કૃત પ્રતિબન્ધ છે. જ્ઞાનમાર્ગમાં પણ જો સ્થિતિ ન સંભવે તો તેને માટે ચિન્તા-શોક-ન થવા સારૂ સંસારનો નિશ્ચય કરી લેવો.

જેને ભગવત્કૃત પ્રતિબન્ધ છે તેણે જ્ઞાનમાર્ગમાં સ્થિતિ કરવી એવો ઉપદેશ શોક ન થવા સારૂ કર્યો. હવે જ્ઞાનમાર્ગમાં પણ સ્થિતિ ન સંભવે તો તેને માટે સેવાફલ નથી, તેમજ મુક્તિ પણ નથી; તેને તો પ્રવાહમાર્ગનો સંસારજ છે.



**नन्वाद्येऽदातृता नास्ति ।**

**ननु, आद्ये, अदातृता, न, अस्ति ।**

**ननु**-ખરેખર, **आद्ये**-પ્રથમ પ્રતિબંધ ઉદ્વેગમાં, **अदातृता**-(ભગવાનને) ફલ નહીં દેવાની ઇચ્છા, **न, अस्ति**-નથી.

ખરેખર પ્રથમ પ્રતિબન્ધ ઉદ્વેગમાં ભગવાનને ફલ નહીં દેવાની ઇચ્છા નથી, એટલે ભગવદ્ભાવનરૂપી ચિન્તાનો ત્યાગ ન કરવો, પણ સદા કરવી, કેમકે ઉદ્વેગ માનસિક છે અને માનસીસેવામાં વિસામગ્રીરૂપ છે, એટલે ફલમાં વિલંબરૂપ છે

**विवरणम्-आद्यफलाभावे भगवतोऽदातृत्वं नास्ति । तदा सेवा नाधिदैविकीत्युक्तं भवति ।**

**आद्य-फल-अभावे**-આદ્ય ફલના અભાવથી, **भगवतः**-ભગવાનનું, **अदा-तृत्वम्**-અદાતૃત્વ, **न-अस्ति**-નથી, **तदा**, **सेवा**-ત્યારે સેવા, **आधिदैविकी**, **न**-આધિદૈવિકી નથી, **इति उक्तम्, भवति**-એમ કહેવું થયું.

આદ્ય ફલના અભાવથી ભગવાનનું અદાતૃત્વ નથી, ત્યારે સેવા આધિદૈવિકી નથી એમ કહેવું થયું.

ઉદ્વેગમાં ભગવાન ફલનું દાન નથી કરતા એમ નથી, પણ ભગવાનનું દાતૃત્વ છે, પણ તે વિલંબથી થશે એવું સમજવું. આ પ્રતિબન્ધ નાશ કરવા સારૂ ભગવદ્ભાવરૂપી ચિન્તા સદા કરવી. મુખ્ય ફલ વિના અન્ય ફલ આપવામાં પ્રતિબંધક નથી, માટે ફલવિષયક ચિન્તાનો ત્યાગ કરવો નહીં.

**तृतीये बाधकं गृहम् ॥ ५½ ॥**

**तृतीये**-ત્રીજા પ્રતિબંધમાં, **गृहम्**-ઘર, **बाधकम्**-બાધકરૂપ છે.

ત્રીજા પ્રતિબન્ધ-લૌકિક ભોગ-માં ઘર બાધકરૂપ છે.

**विवरणम्-भोगाभावस्तदैव सिध्यति यदा गृहपरित्यागः ।**

**भोगअभावः**-ભોગનો અભાવ, **तदा, एव**-ત્યારેજ, **सिध्यति**-સિદ્ધ થાય, **यदा**-જ્યારે, **गृहपरित्यागः**-ઘરનો પરિત્યાગ થાય.

ભોગનો અભાવ ત્યારેજ સિદ્ધ થાય જ્યારે ઘરનો પરિત્યાગ થાય. ૫½

લૌકિક ભોગમાં મુખ્ય બાધકરૂપ ઘર છે. જ્યાં સુધી ગૃહસ્થિતિ છે ત્યાં સુધી ભોગનું અસ્તિત્વ છે. ઉદ્વેગ અને સાધારણ પ્રતિબન્ધમાં થોડીક ભકિતવાળો પણ ભગવાનની સેવા કરે તો પણ ત્રીજું ફલ મળે છે, પરન્તુ તે ફલની પ્રાપ્તિમાં લૌકિક ભોગ પ્રતિબન્ધ કરે છે, માટે ભોગરૂપ પ્રતિબન્ધકનો ત્યાગ થઈજ ન શકે, તો ભોગનું મૂલ ગૃહનો ત્યાગ કરવો. અહીં શ્રીકૃષ્ણસેવાનુકૂળ ગૃહનો ત્યાગ કરવાનું કહેલું નથી. જેમનું ઘર સેવા માટે સાનુકૂળ છે તેમને તો ભોગ અલૌકિક છે, પણ જો ભાર્યાદિ પ્રતિકૂલ હોય અને તેમનું પોષણ કરવા સ્થિતિ કરતાં ભોગ આવી પડે તો તે ઘરના ત્યાગ વિના બીજો ઉપાય નથી. ભોગનું બાધકત્વ નિવૃત્ત કરવા ભગવત્સેવામાં સર્વ ઘરનો વિનિયોગ કરે તો પણ ભોગાભાવ થાય છે.

**अवश्येयं सदा भाव्या सर्वमन्यन्न मनोभ्रमः ॥ ६ ॥**

**अवश्या, इयम्, सदा, भाव्या, सर्वम्, अन्यत्, मनोभ्रमः ॥६॥**

**अवश्या, इयम्**-પોતાને અધીન નહીં એવી આ રીતિની, **सदा**-નિરતન્ર, **भाव्या**—ભાવના કરવી, **सर्वम्, अन्यत्**—બીજું સર્વ, **मनोभ्रमः**-મનનો ભ્રમ છે.

આ ફલત્રયી અને પ્રતિબન્ધત્રયી જે પોતાને વશ નથી તેની ભાવના કરવી. બીજું સર્વ મનનો ભ્રમ છે. ૬

ફલ સંપાદન કરવાનું અને પ્રતિબન્ધ નિવારણ કરવાનું ભગવદધીન છે. ભાવના કરવાનું પણ જીવનું સામર્થ્ય નથી, પરંતુ સેવામાં પ્રતિબન્ધ આવી પડે તો ભાવના દૈન્યસિધ્ધિ સારૂ કરવી. ભગવાન જ ફલનુ દાન કરશે અને એજ પ્રતિબન્ધકનું નિવારણ કરશે, મારાથી કંઇ થઇ શકે નહીં, આવા પ્રકારની ભાવનાથી દૈન્ય થાય અને ભગવાન તેથી સંતુષ્ટ થઈ ફલદાન અને પ્રતિબન્ધનિવારણ કરે.

**तदीयैरपि तत् कार्यं पुष्टौ नैव विलम्बयेत् ॥ ६½ ॥**



**तदीयैः, अपि, तत्, कार्यम्, पुष्टौ, न, एव, विलम्बयेत् ॥६½ ॥**

**तदीयैः, अपि**-તદીયોયે પણ, **तत्, कार्यम्**-તે કાર્ય કરવું, **पुष्टौ**-પુષ્ટિમાર્ગમાં, **विलम्बयेत्**-વિલંબ, **न, एव**-નહીંજ કરે.

તદીય જનોએ પણ તે કાર્ય કરવું. પુષ્ટિમાર્ગમાં (ભગવાન) કદી વિલમ્બ કરતા નથી. ૬½

આત્મસમર્પણથી તદીયત્વ પ્રાપ્ત થાય છે, માટે પુષ્ટિપુષ્ટિમાં તદીય જનોએ ફલપ્રતિબન્ધાદિની ભાવના કરવી. તેમને તો ભગવાન ફલ આપવામાં વિલમ્બ કરતા નથી. પુષ્ટિમર્યાદામાં ફલદાન કરે છે, પણ સાધન કરાવીને. હવે જે જીવોનો સાધનદ્વારા ભગવાન ઉધ્ધાર કરવા ઇચ્છે તેને પ્રતિબન્ધ આવી પડે છે, અને ફલદાનમાં વિલમ્બ થાય છે. તેથી તે વિલમ્બ ન થાય તે સારૂ ભાવના કરવાનું કહેલું છે.

**गुणक्षोभेऽपि द्रष्टव्यमेतदेवेति मे मतिः ॥ ७ ॥**

**गुणक्षोभे, अपि, द्रष्टव्यम्, एतत्, एव, इति, मे, मतिः ॥ ७ ॥**

**गुणक्षोभे, अपि**-ગુણક્ષોભમાં પણ, **द्रष्टव्यम्**-જોવું, **एतत्, एव**-એજ, **मे**-મારી શ્રીવલ્લભાચર્યજીની, **इति, मतिः**-એવી મતિ છે.

ગુણને લીધે ક્ષોભ થતાં પણ એજ (ભગવત્કૃતપ્રતિબન્ધ) વિચારવા યોગ્ય છે. એ પ્રમાણે શ્રીમદ્વલ્લભાચાર્યજીની એવી મતિ છે. ૭

ત્રણ ગુણોનો ક્ષોભ થાય ત્યારે મન વિક્ષિપ્ત થાય છે. મનનો વિક્ષેપ ફલમાં પ્રતિબન્ધક છે. ત્યારે એમ ધારવું કે ભગવાન ફલદાનમાં વિલમ્બ કરવાના છે. ગુણક્ષોભની પરંપરા વિચારીએ તો અંતમાં ભગવાનની ઇચ્છા જ આવીને ઉભી રહેશે. માટે ભગવાન જ વિલમ્બ કરવાના છે એવી ભાવના કરીને જ સ્થિતિ કરવી. ભગવાનની શરણભાવના કરવાથી પ્રભુ શીઘ્ર કૃપા કરે છે, અને ગુણક્ષોભ નિવૃત્ત કરે છે.

**कुसृष्टिरत्र वा काचिदुत्पद्येत स वै भ्रमः ॥ ७½ ॥**